# વેદાન્તનો યોગ

અને

# તેનો ઉપયોગ

પ્રયોજક:

**સ્વામી પ્રણવતીર્થ**

પ્રકાશક:

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ

મુક્તમપુર – ભરૂચ

સુધારેલી બીજી આવૃત્તિ
પ્રત ૧૦૦૦
કિંમત રૂા. ૬–૦૦
વિ. સં. ૨૦૨૭
ઈ. સ. ૧૯૭૧

પ્રકાશક :
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
જ્ઞાનસાધન આશ્રમ
પો. મુક્તમ્પુર, જિ. ભરૂચ

મુદ્રક:
કૈવલ્ય શાહ
લિપિની પ્રિન્ટરી
૩૮૦ ગિરગામ રોડ,
મુંબઈ –૨.

# આમુખ

પંડિત નિશ્ચલદાસકૃત હિન્દી ‘ વિચારસાગર ’ અને પંડિત પીતાંબરજીકૃત ‘ વિચાર ચંદ્રોદય ’ વગેરે વેદાન્તની પ્રક્રિયાનાં પુસ્તકો અત્યાર સુધી ખૂબ પ્રચલિત છે. ગુજરાતી ભાષામાં, પણ એના અનુવાદો થયા છે. આ ઉપરાંત પુરબિયા હિંદીમાં અને મધ્યકાલિન ગુજરાતી પદ્યમાં પણ એ અંગે ઘણું લખાયું છે. પરંતુ ઇતરભાષાના કે મધ્યકાલિન ગુજરાતીના માધ્યમદ્વારા આ ગહન વિષયને અત્યારની ગુજરાતી પ્રજા સરળતાથી સમજી શકે નહિ, એ કારણે જ સ્વાભાવિક રીતે એનાથી એ વિમુખ રહે. આપણી પ્રજામાં જિજ્ઞાસાનો અભાવ નથી; પણ એ સંતોષાય એવી વિશદ રીતે વિષયની રજૂઆત થાય એ જરૂરી છે.

વેદાન્તની વાત અનુભૂતદ્વારા પૂર્ણપણે આત્મસાત કરવાની છે. ત્યાં, કેવલ તર્ક અને બુદ્ધિના પાંડિત્યપૂર્ણ વનવગડામાં જિજ્ઞાસુ અટવાય એ ન ચાલે.

સ્વા. શ્રી પ્રણવતીર્થજી પોતાના ‘ પ્રાક્કથન ’માં લખે છે તે પ્રમાણે એમણે, ગુજરાતની છેલ્લી પચ્ચીસીની નવ સંસ્કાર પામેલી, શ્રદ્ધાવાન, અભ્યાસનિષ્ઠ મુમુક્ષુ પ્રજાને, વેદાન્તની બધી પ્રક્રિયાઓને ઝીણામાં ઝીણી યુક્તિઓ સાથે, સરળ થઈ પડે એ રીતે આધુનિક સાહિત્યિક ભાષામાં અને લેખનશૈલીમાં નિરુપવાના ઘણા પ્રયત્નો કર્યા છે, જેમાંનો આ પ્રયત્ન ખૂબ જ સફળ થયો છે. એ બદલ એમને ધન્યવાદ આપીએ એટલા ઓછા.

પ્રથમ આવૃત્તિને સારો આવકાર મળ્યો છે. એની નકલો હવે રહી નથી. એ જ પુસ્તકને સુધારીને ફરી સંસ્થાદ્વારા પ્રકટ કરવાની સંમતિ આપીને સ્વા. પ્રણવતીર્થે સંસ્થાને ઋણી કરી છે.

ગુજરાતની જિજ્ઞાસુ–મુમુક્ષુ પ્રજાને આ પુસ્તક બધી રીતે ઉપકારક નીવડશે એવી અપેક્ષા છે. અસ્તુ.

જ્ઞાન સાધન આશ્રમ<br>પો. મુક્તમ્પુર, જિ. ભરૂચ

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

# પ્રાક્કથન

વેદાન્તદર્શન એટલે શોકભાવથી છૂટવાનું, અર્થાત્ દુઃખભાવથી સર્વથા મુક્ત થવાનું કલાવિજ્ઞાન ( – અં૦, આર્ટ ઍન્ડ સાયન્સ ). એ કલાવિજ્ઞાનનો જે સિદ્ધાન્ત ( અં૦ થિયરી ) છે, તેનો નિકટનો પરિચય થવો, અથવા તો, તેની વિગતે જાણકારી થવી, તે એનો યોગ. અથવા એની સમજ.

ચિત્ત સાથેના તેવા સૈદ્ધાન્તિક યોગમાં, અર્થાત તેની માત્ર શબ્દાર્થ પૂરતી જાણકારીમાં આ વેદાન્તદર્શનની સફલતા નથી. તેના અનુવર્તનની, તેના સ્વાનુભવની, એટલે કે જીવનમાં પ્રતિક્ષણ તેના રીતસરના ઉપયોગની અપેક્ષા વેદાન્ત દર્શન પોતાની સાર્થકતા અર્થે રાખે છે.

તેથી, પ્રાચીન વિષયનું આ પુસ્તકદ્વારા કરાઇ રહેલું પુનરાવર્તન, વેદાન્તની ફિલ્સુફીને જીવવા ઉપર ભાર મૂકવાનો શકય તેટલો સરળ પ્રયત્ન છે; ને એ હકીકત સૂચવવાનો આ ગ્રન્થના નામનો હેતુ છે. અંગ્રેજીમાં કહીએ તો, તેનો અર્થ છે ' ધ થિયરી ઍન્ડ પ્રેકિટસ ઑફ વેદાન્ત ફિલોસૉફી. એક પ્રચલિત લોકોકિત છે કે સૂર્યની નીચે નવું કશું જ નથી ( – ધેર ઇઝ નથિન્ગ ન્યૂ અન્ડર ધ સન ). ખરું છે. સાવ નવું તો, સંસારભરમાં કશું જ નથી થતું કે કરાતું. પરંતુ સુખની વાંછા અર્થાત્ શાંતિની ઝંખના તો, પ્રાચીનત્તમ છતાં નિત્ય નવી, નિત્ય રસભર, નિત્ય નૂતન છે; અને એવો એ એક જ પદાર્થ છે, એવી એ એક જ પ્રવૃત્તિ છે, કે જેના

અનુશીલનથી નથી કોઈ કંટાળ્યું, નથી કોઇ કંટાળતું, નહિ કોઈ કંટાળે!

આ પુસ્તકના લખાણમાં, મહત્વના બે-ચાર મુદ્દા પરત્વે પુનરુક્તિ જેવું લાગશે; પરન્તુ તે ખૂબ જરૂરી હોવાથી ઈરાદાપૂર્વક કરેલી જાણવી. न भवति पुनरुक्त भाषितं सज्जनानाम् (સજજનોનું કહેલું પિષ્ટપેશણ હોય જ નહિ). અને આપણે અહીં આ બાબતમાં પુરોગામીઓને જ અનુસર્યા છીએ. સુખની ખોજની પુનરાવૃત્તિ કોને અખખે પડી છે? અને આ છે તેની જ મથામણ. જેવું અનાદિત્વ સંસાર (-માયા) નું છે, તેવું સંસારગ્રસ્તતાની દુઃખદ ભાસતી સ્થિતિથી ઉગરવાના પ્રયત્નોનું પણ અનાદિત્વ નિઃસંશય છે. ને તેવા પ્રયત્ન માટેના સાધનોની ખોજ પણ એ અનાદિત્વ સાથે સંકળાયેલી છે.

આ જગત અને તેના પરસ્પર સંકળાયેલા દ્વંદ્વભાવો રૂપી સ્વર્ગ તથા પૃથ્વીનું એકંદર યુગલ તો, વેદો કહે છે તેમ धाता यथापूर्वमकल्पयत् એટલે કે, એકંદર સામાન્ય રૂપમાં (-ઈન બ્રોડ આઉટલાઈન્સ) બધું યે પુનઃ પુનઃ તેનું તે જ, જાણે કે, સર્જાયા કરે છે, કલ્પે ને કલ્પે; છતાં, તે જગતની વિગતો તથા તેના નિત્ય વિસ્તરતા પ્રકાર વિશેષોનું વૈવિધ્ય તો શું વર્ણવીએ! એને અનિર્વચનીય કહીને વેદ જેવો સર્વવિદ્ વેદ પણ મૌને વિરમે છે! એ માયાની, ને એ માયાના આશક માનવીની તૃષ્ણાઓની પણ, અહો કેવી શોભે છે ચિત્રવિચિત્રતા!

જીવનની રજૂઆતના પ્રકારો આમ બદલાય છે; બદલાતા રહે છે; કેમકે પ્રત્યેક વ્યકિતની પ્રકટતા તો પોતપોતાના સંસ્કારાનુસાર જ થવાની. ને તે નિત્ય નવીન જ બનવાની; કારણ કે જીવના સંસ્કારો દેશકાળ ને સંજોગો અનુસાર પલટાતા રહે છે. જુઓ,

કે અઢી અબજ માનવીઓમાંથી કોઈ બેના અંગુઠાની છાપો સાવ સરખી નથી હોતીઃ તેનું કારણ એ છે કે, કોઈપણ બે વ્યકિતઓની સંસ્કાર-જનિત પ્રકૃતિઓ સાવ સરખી નથી હોતી. અને સનાતન શાસ્ત્રો એ પરિસ્થિતિને લક્ષમાં રાખીને. એ વૈવિધ્યને બને તેટલી સવડ કરી આપવા માટેનાં સાધનો પણ વિવધ ચીંધે છે. તેમાં અહીં ચીંધેલું સાધન ખાસ કરીને બુદ્ધિમાન વિચારશીલ જિજ્ઞાસુ ઓને વધારે ફાવે છે.

જીવનવિદ્યાના જાણકારો કરે છે, કે या लोकद्वयसाधनी तनुभृतां सा चातुरी चातुरी એટલે કે લોક ચાતુરીની વાતો કરે છે. પરંતુ ખરી ચતુરાઇ એ છે કે જે બંને લોકનો પાર પમાડી શકે. પરન્તુ કેવાં વિપરીત બની ગયેલાં દેખાય છે વર્તમાનકાળનાં ચાતુરીમૂલ્યો ! साधनी (સાધી આપે ) ને સ્થળે बाधनी(ખોઈ આપે) ગોઠવીને પછી વાંચીએ, એવાં જ તો!... એ બધું જે છે, તે ઠીક જ છે, એમ જો કોઈ કહે તો તેને માટે, तथास्तु ! કેમ કે, કોડે કરીને, ઉઘાડી આંખે, મનમૌજથી અને સુખે કરીને દુઃખી થતાં પણ, કોઈ કોઈને ન રોકી શકે હો ! અને નહિ, તો ચાલો વાંચીએ, જાણીએ, ને કરીએ પણ. શું આ સાધનશિરોમણિનાં અનુષ્ઠાન !

જીવનવિજ્ઞાનની આ પાનાંઓમાં કથેલી વસ્તુ કંઈ નવી નથી; સ્વયં જીવનના જેટલું જ એનું પણ જુનાપણું જાણવું. એમાં નવાપણું કંઇ હોય, તો તે છે એ વસ્તુની અહીં થયેલી રજૂઆતની ‘ રામતીરથિયા ’ દૃષ્ટિમાં.

તમે કદાચ પૂછશો, કે એ વળી શું ? તો એનો ઉત્તર છે, કે એ છે એક ડહાપણની, વ્યવહારદક્ષ વિવેકબુદ્ધિના લક્ષણની વાત.

જે વસ્તુ કે જે વિચાર એક અથવા બીજી રીતે જીવનમાં ઉપયોગી ન હોય; જેમાંથી કશું લાભવા જેવું લાભી શકાય નહિ,

એટલે કે જેનાથી માનવીનો કોઇ ને કોઈ શુભ અર્થ સરે એમ ન હોય, તેવી વસ્તુમાં, કે તેના વિચારોમાંયે જીવ ઘાલીને પોતાનાં મહામૂલાં શકિતસમયનો ખરચ શાણો પુરુષ સ્વેચ્છાથી ન કરે-એણે ન કરવો ઘટે. અને બીજે પક્ષે, સમય-શકિતનો ઉપયોગ જેમાં કરવા યોગ્ય હોય, એટલે કે જેનાથી ખરો લાભ થવાપણું હોય, તેમાં એ દિલોજાનથી કરી જાણે, કેમકે સમય-શકિતની બક્ષિસ માનવીને એ માટે જ અપાઇ છે—આત્મોન્નતિના સાધનરૂપે. આ હકીકત ચપટી ધૂળથી માંડીને જીવનવિજ્ઞાન સુધીના સર્વ સ્થૂળ—સૂક્ષ્મ પદાર્થોને સમાન રૂપે લાગુ પડે છે. કારણ કે છેવટ બાકીમાં, આ અને એ, બધું, ઈશ્વર જ ઇશ્વર, બ્રહ્મ જ છે. આ છે વિવેકબુદ્ધિનું લક્ષણ; અને એ છે વેદાન્તતેજપુંજ સ્વામી રામતીર્થના દૃષ્ટિકોણનો મર્મ. એ જેને મંજૂર હોય તેવા સનિષ્ઠ બડભાગીને હું રામતીરથિઓ કહું.

આજથી લગભગ અડધી સદી પહેલાં, વેદાન્તમાર્ગોપદેશનું એક નાનકડું પુસ્તક પંદરેક વર્ષ પહેલાં મારા જોવામાં આવ્યું હતું. એ હવે મળતું નથી. આ વિષયના જિજ્ઞાસુઓની સવડ કાજે, સહેલો કરવામાં ઘણો અઘરો એવા આ વિષયની શકય તેટલી સરળ રજૂઆતનો વિચાર મને ત્યારે સ્ફૂર્યો હતો. યથાકાળ એ મનસૂબો કાગળસ્થ થયો, ને એ પ્રયત્ન આવી રીતે ગ્રન્થરૂપે બહાર પડવા પામ્યો છે.

જો કોઈને પણ આ વિલક્ષણ સુખવિજ્ઞાનને વાપરવાની ગેડ બેસવામાં આ મનોયત્ન ઉપયોગી થઈ પડે, તો મહેનત વસુલ છે, લેખકની, પ્રકાશકની. ને પાઠકનીયે. તેથી, તથાસ્તુ !

**સ્વામી પ્રણવતીર્થ**

# વિષયસૂચી


| સર્ગ | વિષય | પ્રશ્નસંખ્યા | પાનું |
|---|---|---|---|
| ૧ | વિષયનો પરિચય | ૮ | ૧ |
| ૨ | કર્મકાંડ, જ્ઞાન તથા અધિકાર | ૯ | ૧૪ |
| ૩ | પુરુષાર્થ ને મોક્ષજ્ઞાન | ૨૩ | ૨૫ |
| ૪ | સાધનવિચાર | ૧૩ | ૩૯ |
| ૫ | પ્રપંચ-પ્રકૃતિ | ૫ | ૫૦ |
| ૬ | અધ્યારોપ–અપવાદ | ૮ | ૬૨ |
| ૭ | ઇશ્વરનું સ્વરૂપ | ૫ | ૭૫ |
| ૮ | જીવ–ઇશ્વર | ૪ | ૮૭ |
| ૯ | જીવ અને જગત | ૬ | ૯૭ |
| ૧૦ | અધ્યાસનું સ્વરૂપ | ૨ | ૧૦૭ |
| ૧૧ | અધ્યાસ અને વિવેક | ૪ | ૧૨૦ |
| ૧૨ | દેહાધ્યાસ | ૬ | ૧૨૭ |
| ૧૩ | લક્ષણા [૧] | ૪ | ૧૩૪ |
| ૧૪ | લક્ષણાથી અભેદસિદ્ધિ | ૭ | ૧૪૩ |
| ૧૫ | ભયસ્થાન–અનધિકારચેષ્ટા | ૧ | ૧૫૩ |
| ૧૬ | વિવેક સ્થૂલ દેહનો | ૯ | ૧૫૮ |
| ૧૭ | વિવેક–સૂક્ષ્મ દેહનો | ૧૦ | ૧૬૫ |
| ૧૮ | વિવેક–પુણ્યપાપ અને વાસના દેહનો | ૮ | ૧૭૬ |
| ૧૯ | પંચકોશાતીતપણું | ૨૧ | ૧૮૩ |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | ત્રણ અવસ્થાનું સાક્ષીપણું | ૨૦ | ૧૯૩ |
| ૨૧ | અન્વય-વ્યતિરેક-ભ્રાન્તિવિચાર | ૩ | ૨૦૩ |
| ૨૨ | ભ્રાન્તિ–નિવારણ | ૬ | ૨૧૪ |
| ૨૩ | આત્માનાં વિશેષણો | ૧૨ | ૨૨૨ |
| ૨૪ | સામાન્ય અને વિશેષ ચૈતન્ય તથા લયક્રમ | ૧૫ | ૨૩૪ |
| ૨૫ | કર્મના પ્રકારો | ૯ | ૨૪૭ |
| ૨૬ | કર્મફળનો નાશ એટલે | ૭ | ૨૫૯ |
| ૨૭ | પ્રમાણવિચાર | ૮ | ૨૭૩ |
| ૨૮ | પ્રમાણનો પરમાર્થમાં ઉપયોગ | ૧૨ | ૨૮૫ |
| ૨૯ | ઉપસંહાર | | ૨૯૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | [illegible] | ૨૦ | ૧૯૩ |
| ૨૧ | [illegible] | ૩ | ૨૦૩ |
| ૨૨ | [illegible] | ૬ | ૨૧૪ |
| ૨૩ | [illegible] | ૧૨ | ૨૨૨ |
| ૨૪ | [illegible] | ૧૫ | ૨૩૪ |
| ૨૫ | [illegible] | ૯ | ૨૪૭ |
| ૨૬ | [illegible] | ૭ | ૨૫૯ |
| ૨૭ | [illegible] | ૮ | ૨૭૩ |
| ૨૮ | [illegible] | ૧૨ | ૨૮૫ |
| ૨૯ | [illegible] | | ૨૯૮ |

# વેદાન્તનો યોગ

## અને તેનો ઉપયોગ

—:—

## સર્ગ પહેલો : વિષયનો પરિચય

### (૧) "વેદાન્ત" શું, તે સંક્ષેપમાં કહો : અને "દર્શન" કેમ કહ્યું ?

વેદોનો જે અંત છે, એટલે કે વેદોના ઉપદેશો જેમાં પોતાની પરાકાષ્ઠાએ પહોંચે છે, જે કહેવાયા પછી, જીવનના પરમ ધ્યેયના સંબંધમાં શાસ્ત્રો (એટલે કે જ્ઞાનગ્રન્થો પાસે કશું વધારે કહેવાનું રહેતું નથી, તેવા વેદભાગો વેદાન્ત કહેવાય છે. વેદોનો એ સારગર્ભ, વેદોનો એ આત્મા (અર્થાત રસ) છે, ઉપસંહાર (કહેતાં સરવાળો) છે, ને તેમાં જ વેદોના પ્રયોજનની પરિપૂર્ણતા થાય છે. એ વેદભાગોમાં ઉપદેશાયેલા બોધને વેદાન્તશાસ્ત્ર કે વેદાન્તસિદ્ધાન્ત કહેવામાં આવે છે. એમાં ધાતુ છે विद्-જાણવું. વેદો બધું જ કહે છે. તેમાં વેદાન્તશાસ્ત્રો ખાસ કરીને અમુક ખાસ ખાસ બાબતો વિશેષ પ્રકારે રજૂ કરે છે. વેદ શબ્દનો મુદ્દાસર અર્થ છે, માત્ર લૌકિક–વ્યાવહારિક બાબતોમાં જ નહિ પરંતુ ઇહ તેમ જ મરણોત્તર કાળ પરત્વે પણ, અન્ય કોઇ ઉપાયો વડે ન જાણી શકાય તેવી, જીવનના ઉત્તમ લક્ષ્યની પ્રાપ્તિ કરવાની યુક્તિઓ દર્શાવનારું

મહાશાસ્ત્ર." એ લક્ષ્ય શું છે? એ છે નિત્યસુખભાવની સિદ્ધિ, તથા દુઃખભાવની આત્યંતિક નિવૃત્તિ. ટૂંકામાં, સર્વ જ્ઞાનો જેમાં સમાઇ જાય છે, તે વેદ. આ વ્યાખ્યા બરોબર સમજી લેવી જોઇએ, કે જેથી તેના સંબંધમાં કોઇ ભ્રાન્તિ રહેવા ન પામે.

તે વેદના જે ભાગોમાં ઉપર્યુક્ત જીવનલક્ષ્યનું પરમ જ્ઞાન બતાવેલું છે, તેને વેદાન્તો અથવા ઉપનિષદો કહેવામાં આવે છે. ઉપનિષદ શબ્દનો સંક્ષેપમાં અર્થ થાય છે, ઉત્તમઅધિકારીને જ કહેવા યોગ્ય વિદ્યા. તે જ વેદાન્ત શાસ્ત્ર. એ જે રીતરસમ અર્થાત સિદ્ધાંત ઉપદેશે છે, તે અદ્વૈત સિદ્ધાંત કહેવાય છે. સમયના વહેણ સાથે સામાન્ય પ્રાકૃત સંસ્કારવાળા જનસમાજોના હિતાર્થે કેટલાક દયાળુ આચાર્યોએ એ વેદાન્ત શાસ્ત્રનાં કથનોમાંથી પોતપોતાની રુચિ તથા દૃષ્ટિ તેમજ સ્થળ સમય અનુસાર અમુક ખાસ ખાસ અર્થો ઘટાવ્યા, તથા તે દ્વારા ઉપાસના તથા ભક્તિના જુદા જુદા પંથો યોજયા તે કાળે કરીને **સંપ્રદાયો** બન્યા. તેમણે પોતાની વિશિષ્ટ દૃષ્ટિ પ્રમાણે, "અદ્વૈત" શબ્દને અમુક મનગમતાં વિશેષણો જોડીને, એકની એક વાત જુદી જુદી રીતે યથેચ્છ પ્રચલિત કરી.

આજથી લગભગ ૨૦૦૦ વર્ષો પહેલાં **ભગવાન ભાષ્યકારની** સંજ્ઞાથી પ્રસિદ્ધ સ્વામીશ્રી શંકરાચાર્યજીએ, ઉપનિષદો, બ્રહ્મસૂત્રો તથા ગીતા ઉપર ભાષ્યો રચીને, તે સર્વના મૂળ અદ્વૈત સિદ્ધાન્તનો સ્ફોટ કર્યો હતો.[૧] તે પછી ઠીક ઠીક કાળાન્તરે તેમાંથી ઉપર કહેલા ભેદો સંપ્રદાયો રૂપે પ્રગટયા હતા; જેવા કે શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત ઇ૦ પંથો, જે રામાનુજી, વલ્લભી ( પુષ્ટિ ),

૧. પાશ્ચાત્ય વિદ્વાનો શંકર સ્વામીનો ઉદ્ભવ આઠમી સદીમાં બતાવે છે. પરંતુ આચાર્ય સ્વામીએ સ્થાપેલી પીઠોમાં જળવાયેલી શંકરાચાર્યોની પરંપરાનો હિસાબ જોતાં, પીઠોની સ્થાપના ૨૦૦૦ વર્ષ પૂર્વે થયેલી જણાય છે.

નિંબાર્ક, માધ્વ ઇ૦ નામો વડે જાણીતા છે. એ દર્શન ભેદોથી મૂળ શંકરપ્રતિપાદિત દર્શનની વ્યાવૃત્તિ કરવા એટલે કે તેની ચોખવટ થાય તે માટે, તે મૂળ દર્શન કેવલાદ્વૈત કહેવાવા લાગ્યું. બાકી અદ્વૈત તો કેવલ જ હોઇ શકે. કેમકે નહિ તો ત્યાં વ્યાઘાત દોષ થાય. એટલે કે, એકલાનો અર્થ બેકલું કરવા જેવો મામલો આવી પડે.

વેદાન્ત શબ્દ બે રીતે વપરાય છે. (૧) ઉપનિષદમાં બોધેલા અદ્વૈત દર્શનનો સિધ્ધાંત, એવા અર્થમાં, તથા (૨) એ સિધ્ધાંત કથનારાં ઉપનિષદો અથવા ઉપનિષદનાં વચનો. પ્રથમ અર્થમાં વેદાન્તનું બહુવચન ન થતાં, તે એકવચને કથાય છે. ને બીજામાં બહુવચન થઈ શકે છે. એટલે કે, સિધ્ધાન્ત એક જ છે, પણ તેને સમજાવનારા ગ્રન્થો તથા વચનો અનેક છે. દર્શન શબ્દનો અર્થ " ફિલોસોફી " કરવામાં આવે છે, તે ઠીક નથી. આર્યેતર ફિલ્સુફીઓ માત્ર દલીલો તથા બુદ્ધિની રમતની વસ્તુ છે, ને તે અનેક હોય છે. આપણે તો, " જેના અનુસરણથી મોક્ષનો સાક્ષાત અનુભવ થાય તેવી દૃષ્ટિ "ની વાત હોવાથી આપણું શાસ્ત્ર "દર્શન" છે. "દર્શન" એટલે વસ્તુના તત્ત્વનું જ્ઞાન, તેમજ તેનો સાક્ષાત અનુભવ કરવાનું સાધન.

## (૨) ઉપનિષદોમાંથી વેદાન્તદર્શનની સુગ્રથિત યોજના સર્વપ્રથમ કોણે ને ક્યારે તારવી, અને પદ્ધતિસર રજૂ કરી ?

ઉપનિષદોમાં કેટલાંક વચનો પરત્વે પ્રાચીન કાળમાં પણ કરાતા મનફાવતા અર્થોના પ્રતિકાર કાજે તેવાં અમુક સંદિગ્ધ લેખાતાં વચનોના સ્ફોટ તથા તેના એકમાત્ર સત્ય અર્થના

નિર્ણય માટે સર્વ પ્રથમ વ્યાસ મુનિએ યત્ન કર્યો. તેથી, આ દર્શનની વ્યવસ્થાના પ્રથમ પ્રણેતા વ્યાસજી ગણાય. તેમની પૂર્વે પણ તેવા હેતુવાળા ગ્રન્થો રચાયા તો હતા, પરંતુ તે ખોવાઇ ગયા છે. તે ઘણા કાળથી ઉપલબ્ધ નથી. ઉપનિષદોમાં વેરવિખેર પડેલાં ઘણાં વચનો દૃષ્ટિભેદે અર્થભેદમાં તણાય છે. પરંતુ જો પક્ષપાત રહિત મતિથી તેને વિચારવામાં આવે, તો ખબર પડે, કે તેવાં ચાવીરૂપ વચનો ખરું જોતાં પરમ તત્ત્વજ્ઞાનનો જ નિઃસંદેહ ઉપદેશ કરે છે. તેવાં મહત્વનાં વચનોના રહસ્યોને સ્ફુટ કરવા માટે આ પ્રમાણે વ્યાસ મુનિએ જે સૂત્રો રચ્યાં, તે બ્રહ્મસૂત્ર, વ્યાસસૂત્ર, વેદાન્સૂત્ર, ઉત્તરમીમાંસા, શારીરક ઇત્યાદિ વિવિધ નામો વડે ઓળખાય છે; તેમાં બ્રહ્મસૂત્ર સંજ્ઞા મુખ્ય છે. " સુત્ર " એટલે, થોડામાં થોડા શબ્દો વાપરીને વધારેમાં વધારે અર્થ કહેનારાં ટૂંકાંટૂંકાં વચનો.

### (૩) એક જ ગ્રંથનાં એવાં પૃથક નામો પાડવાનું શું કારણ?

કેવલ એવું જે અદ્વૈત બ્રહ્મ, તેનું પ્રતિપાદન કરવાનો એટલે કે તેને સમજાવવાનો એ સૂત્રોનો આશય હોવાથી, બ્રહ્મસૂત્ર; વ્યાસકૃત તેથી વ્યાસસૂત્ર; તેનો હેતુ વેદાન્તસિદ્ધાન્તની સ્પષ્ટતાનો હોવાથી, વેદાન્તસૂત્ર; જૈમિની મુનિએ, સાવ નિરીશ્વર જેવા બની ગયેલા કર્મવાદથી ભરેલો કર્મકાંડ જ સંપૂર્ણ મોક્ષસાધન હોવાનું મનાવવાના હેતુવાળો જે ગ્રન્થ લખ્યો હતો, તેની સંજ્ઞા **મીમાંસા** અથવા ધર્મ**મીમાંસા** હોવાથી, આ જ્ઞાનયોગના સમર્થનનું શાસ્ત્ર તેની અપેક્ષાએ કહેવાયું **ઉત્તરમીમાંસા** અથવા **બ્રહ્મમીમાંસા:** ઉત્તર એટલે ઉત્+તર, અર્થાત વધારે ચડિયાતું, તેમ જ " પછીથી સુધારીને લખાયેલું. અને શરીરના આધારે રહેલા જેવો લાગતો અને તેથી શારીરક પણ કહેવાતો જે આત્મા, તેની પરખ જ આ

સિધ્ધાન્તમાં પરમ પુરુષાર્થ હોવાથી, તે **શારીરક સૂત્ર** પણ કહેવાયું છે. તેની અપેક્ષાએ જૈમિનીની મીમાંસા પૂર્વમીમાંસા કહેવાવા લાગી, કેમકે એ પહેલાં યોજાએલી હતી.

## (૪) એ 'સૂત્ર' શા માટે કહેવાય છે?

પ્રાચીન કાળમાં લેખનમુદ્રણની વ્યવસ્થા જેવું કશું ન હોવાથી, સ્વાધ્યાય–અધ્યયન–અધ્યાપનનું બધું કાર્ય મુખ્યતઃ મૌખિક તથા કર્ણોપકર્ણ શિષ્યપરંપરાએ થતું. તેથી તે કાળના આચાર્ય ઋષિ–મુનીશ્વરો પોતે ભણાવવા ધારેલા વિષયોને વિચારીને તેને અંગે કરવાનાં પ્રવચનો માટે તેની ટૂંકાક્ષરી નોંધો રાખતા, પ્રોફેસરોની લેક્ચર નોટ્સ જેવી. તેમાં પ્રત્યેક વિચારની સ્મૃતિ માટે બહુ જ ટૂંકું, અન્યને તો કર્તા–કર્મ-ક્રિયાપદના ઢંગધડા વિનાનું ભાસે તેવું, પરંતુ આચાર્યોને પોતાને, વિષયના પ્રત્યેક વિચારના પૂર્ણ સંકલનની સ્મૃતિ તાજી કરાવવા માટે પૂરતું થઈ પડે, એવાં વાકયો તેઓ નોંધતા. તેવું પ્રત્યેક વાકય પોતાના અર્થનું માત્ર સૂચન કરાવતું હોવાથી **સૂત્ર** કહેવાતું. તેવા એક-એક વાકચ ઉપર દીર્ઘકાળ સુધી અધ્યયન–અધ્યાપન થતું. વ્યાસજીનાં શ્રુતિઓ પરત્વેનાં તેવાં ટાંચણોનો એક અમુક સંગ્રહ, તે છે આ **બ્રહ્મસૂત્ર** ગ્રન્થ. તેના ઉપર ઘણાં ભાષ્યો, એટલે કે તેનો ફોડ પાડનારાં વિવેચનો લખાયાં: તેમાંનાં જે શ્રીમત્ શંકરાચાર્યની પહેલાંનાં હતાં, તે તો લુપ્ત થયાં છે. એમ, આ વિષયનો પ્રથમવાર સળંગ તર્ક–ન્યાયયુક્ત દલીલો સહિતનો વિસ્તાર વ્યાસજીએ કરેલો કહી શકાય.

જૂના કાળમાં ગ્રન્થનાં કે તેના રચયિતાનાં નામોની પ્રસિદ્ધિ પરત્વે આગ્રહ નહોતો રખાતો, કેમકે અહંનો, મમત્વનો, તથા સંકીર્ણ ( સાંકડા ) સ્વાર્થનો તેવા આચાર્યોમાં અભાવ હતો.

તેથી જે તે સ્થળસમયની આવશ્યકતા પ્રમાણે એક જ ગ્રન્થનાં વખતોવખત જુદાં જુદાં નામો કહેવાતાં હતાં. તેમાં કોઈને અનુચિતતા જેવું નહોતું લાગતું, કેમકે ત્યારે કોઈને પણ નામના, કામના, કે 'કોપીરાઇટ'ની તથનાની કલ્પના સરખી નહોતી.

**(૫) આ બ્રહ્મદર્શન શાસ્ત્રનું સ્વરૂપ સંક્ષેપમાં સમજાવો.**

આ દર્શન શ્રુતિને એટલે કે વેદનાં અને ખાસ કરીને તેમાંનાં ઉપનિષદોનાં વચનોને મુખ્ય મહત્ત્વ આપે છે. આ દર્શન અર્થાત ફિલ્સુફી એવું માને છે, ને પુરવાર પણ કરે છે કે, ઉપલક નજરે જોતાં કર્મકાંડમય ભાસતા મંત્રો સહિત, સંપૂર્ણ વેદોની શ્રુતિઓનું તાત્પર્ય કેવળ બ્રહ્મ પરત્વે જ છે. તે એવું માને છે, એવું દેખે છે, તથા તે દર્શનની સ્પષ્ટતા કરીને તે શાસ્ત્ર, ન્યાય, યુક્તિ તથા અનુભવ વડે તેનું વિશદ એટલે કે બુદ્ધિપુરઃસર સમર્થન કરે છે. વળી, તે મોક્ષ પરત્વે કર્મની મીમાંસાની પારમાર્થિક નિરુપયોગિતા સિદ્ધ કરે છે, તથા બીજે પક્ષે, તેવા મોક્ષ માટે જ્ઞાનનિષ્ઠાની એવી અનિવાર્યતા પણ બતાવી આપે છે, કે જ્ઞાન વિના મોક્ષ નથી, તે નથી જ, એ શાસ્ત્ર સ્પષ્ટ રીતે દર્શાવે છે કે વેદાન્તીનો **ધ્યેય** ( મેળવવાની વસ્તુ ) બ્રહ્મ, **ધર્મ** ( **તેનું સાધન** ) જ્ઞાન, ને **મોક્ષ** કૈવલ્ય ( બ્રહ્મસ્વરૂપતા ) છે; અને ધ્યેય, ધર્મ તથા મોક્ષની કલ્પના પરત્વે આ જે કહ્યું, તેનાથી જે જેટલું ઓછું, તેટલી તે દ્વારા સિદ્ધ થતી પૂર્ણતામાં ઉણપ જાણવી. ટૂંકામાં, અધુરાપણું તેટલું બંધન, ને પૂર્ણપણું તે મોક્ષ.

નામ તથા રૂપ, કે જેમાં સમસ્ત જગત સમાઈ જાય છે, તે લૌકિક વ્યવહારમાં ઉપયોગી, તેમજ આવશ્યક પણ છે: પરંતુ પારમાર્થિક હિતમાં તો, તે સર્વ અનિત્ય અને કલ્પનામય જ હોવાથી, ભ્રમરૂપ, મિથ્યા અને આભાસમાત્ર–એટલે કે તત્કાળ

દેખાવા પૂરતાં જ છે; કેમકે તે સર્વ માયાની એટલે કે પોતાના સ્વરૂપના અજ્ઞાનની રમત છે; જે બધું ઇન્દ્રિયો વડે ખરેખર જણાય-ગ્રહાય છે, તે તેટલા પૂરતું જ સત્ય હોવા છતાં તેની ઇન્દ્રિયગમ્યતા પ્રાયઃ (લગભગ) મૃગજળ, સ્વપ્ન તથા ચલચિત્રના જેવી કૃત્રિમ છેઃ એમાં ફરક ફક્ત ટકવાની મુદતનો છે. એટલે કે, તે વાસ્તવમાં લાંબે ગાળે તો નથી જ. મતલબ કે, એ છે, એ નથી, અને "છે" તથા "નથી"થી ભિન્ન, અર્થાત અનિર્વચનીય છે. અનિર્વચનીય એટલે, જેનું નિર્વચન (એટલે કે જેના સ્વરૂપનો સ્પષ્ટ નિર્ણય) ન થઈ શકે, તે, "આ આવું જ છે, બીજી કોઇ રીતનું નહિ," એવું જેના વિશે ચોક્કસપણે કહી યે ન કહી શકાય, તેવું. "આ" બધું એટલે કે આંગળી ચીંધીને બતાવી શકાય તેવું સમગ્ર જગત હોવાથી, એ બ્રહ્મચૈતન્યનો માત્ર વિવર્ત છે.

## (૬) 'વિવર્ત' એટલે શું ?

મૂળ વસ્તુ જેવી હોય તેનાથી જુદા પ્રકારની ભાસવી તે વિવર્ત. મૂળ વસ્તુમાં ફેરફાર થયેલો ન હોવા છતાં, તેમાં ફેરફાર થયેલો હોવા જેવું જણાવાની ભ્રાન્તિ. દા. ત. અંધારાને લીધે કે આંખની નબળાઇને કારણે, અમુક સંજોગોમાં, ભોંયે પડેલું દોરડું સાપ રૂપે દેખાય, ત્યાં એ સાપ દોરડાનો વિવર્ત એટલે કે ખોટો દેખાડ કહેવાય. પરમાર્થમાં, અવિદ્યારૂપી અજ્ઞાનને લીધે, અવિચળ અને અવિકારી એવો બ્રહ્મ-પરમાત્મામાં, જીવ તથા જગત રૂપે ચલ અને વિકારી જેવો ભાસે, એ સ્થિતિ, તે વિવર્ત. જીવ અને જગત ખરું જોતાં માત્ર અમુક અવિદ્યાજન્ય દૃષ્ટિદોષને લીધે જ સાચાં જેવાં ભાસે છે, તેથી તે બ્રહ્મનો વિવર્ત જ છે, **વિકાર કે પરિણામ નહિ,** એ સિદ્ધાન્ત છે. અને આ બધું તેવું હોવાથી, જીવ તથા

જગત પરમાર્થમાં 'કલ્પિત કાર્ય' અથવા 'કલ્પિત વિશેષ' પણ કહેવાય છે. આ વાતને આગળ ઉપર વિસ્તારીશું.

પોતાના અસલ શુધ્ધ સ્વરૂપનો જરા પણ વિકાર થવા દીધા વિના જ, અર્થાત તેમાં લગીરે ફેરફાર કર્યા વગર, એટલે કે, પોતાના દોરડીપણામાં (તથા બ્રહ્મપણામાં) લવલેશ પણ પરિવર્તન થવા દીધા વિના જ, સર્પ (તથા જગત) રૂપી કાર્યને ઉત્પન્ન કરનારી મૂળ વસ્તુ આ દૃષ્ટાન્તમાં છે દોરડી (અને બ્રહ્મ). સર્પ (તથા જગત) રૂપી વિવર્તનું એ દોરડી (તથા બ્રહ્મ) **ઉપાદાન કારણ** પણ કહેવાય છેઃ કેમકે પેલી (સર્પ તથા જગત આકારે) અન્યથા ભાસતી (ખોટા રૂપે દેખાતી) વસ્તુનું એ જ અધિષ્ઠાન એટલે કે તેનો આધાર છે. તે એટલે સુધી, કે જો એ અધિષ્ઠાન (દોરડી તથા બ્રહ્મ) વિદ્યમાન (હાજર) ન હોય, તો તેમાં થતો પેલો (સર્પ તથા જગત રૂપે) આભાસ પણ ન હોઈ શકે. આ વિવર્તોનાં **નિમિત્ત** કારણો અહીં અનુક્રમે, અંધકાર અથવા નેત્રરોગ, તથા અવિદ્યા છે; કેમકે તેના વડે એ ભ્રમણાઓ ઉપજવા પામે છે. અજ્ઞાન જતાં, ભ્રમણા પણ જાય જ. દોરડીનું અજ્ઞાન જો પ્રકાશ દ્વારા જતું રહે, તો સર્પ તથા તેનો ભય પણ ટળેઃ તેમ, પોતાના અસલ નિર્ભય સ્વરૂપનું અજ્ઞાન જો સત્ય જ્ઞાન વડે નષ્ટ થાય, તો જીવ-જગતના ખરેખરાપણાના ખોટા ખ્યાલ સહિતનો ભવભય પણ સમૂળો ઊડી જાય, સુખદુઃખાદિની ભ્રમણા ટળી જાય, ને એકમાત્ર સત્ય ભગવાનનો નિત્ય સુખદ અનુભવ જ શેષ રહે. એનું નામ મોક્ષ.

## (૭) એ દર્શનનો વિકાસ કેવી રીતે થવા પામ્યો?

એ બાબતની એક કલ્પના આ પ્રમાણે આપણે કરી શકીએઃ ભારતવર્ષમાં પ્રાચીનકાળે અમુક કાળખંડમાં જ્યારે કુદરતની અમુક

અમુક મુખ્ય શક્તિઓને ઉદ્દેશીને યજ્ઞાદિ કર્મો વિશેષપણે પ્રચલિત હતાં, તે સમય-ગાળાને વૈદિક કાળ કહી શકાય. વેદોના કર્મકાંડ ભાગોમાં (—અને વેદોનો મોટો ભાગ વિધિ-નિષેધોથી ભરેલો કર્મકાંડમય જ છે--) વર્ણવેલી ક્રિયાઓ તથા તેનાં સ્વર્ગાદિ ફળો માટેના પ્રયત્નોમાં જ તે કાળે સામાન્ય મનુષ્યજીવનની ઇતિકર્તવ્યતા સમાતી હશે, અને માનવીનું ઇચ્છવા યોગ્ય છેવટનું લક્ષ્ય એ જ મનાતું હશે. તેથી, એવાં કર્મો અમુક વર્ગોમાં કર્તવ્ય "ધર્મ" લેખાતાં હતાં. એ પ્રકારની વિચારપ્રણાલિનું મુખ્ય શાસ્ત્ર, તે જૈમિની મુનિકૃત **ધર્મમીમાંસા** અથવા **પૂર્વમીમાંસા.**

પરંતુ અમુક સંનિષ્ઠ અને વિચારશીલ બુદ્ધિમાન વર્ગોમાં, જેમાં વિષયભોગ મુખ્ય છે એવી એ ફિલસુફી અધૂરી જેવી લાગવા માંડી, ને એ જ વેદોના અલ્પ છતાં સમર્થ ઉપનિષદ્ ભાગોના અભ્યાસને પરિણામે, કર્મકાંડના અતિ આગ્રહ પ્રત્યે તેમનામાં રુચિમાંદ્ય પ્રગટ્યું, અભાવ જાગ્યો. એમાંથી, ભોગ-ભાવની રૂઢ થયેલી માન્યતામાં ધરમૂળની ક્રાન્તિ ઉપજી. ત્યાગવૃત્તિનો નાશ તો માનવમનમાંથી કદી નહતો થયો, પરંતુ કાળબળે કરીને તે દબાયેલી હતી ખરી. હવે તે પવિત્ર બુધ્ધિવૃતિઓ પુનઃ જાગી ને પ્રબળ થતી ચાલીઃ એને પરિણામે લોક પરલોકના ભોગો અંતિમ પ્રાપ્તવ્ય મનાતા ઓછા થવા લાગ્યા, ને વિચારશીલ વર્ગોમાં તે પ્રાપ્તવ્યતાની પસંદગી અમુક અંશે ઔપનિષદિક વિદ્યા અર્થાત્ આત્મવિદ્યા તરફ વળી. એટલે કે, મનુષ્યના ધર્મજીવનનું અંતિમ લક્ષ્ય કર્મકાંડ તથા તે દ્વારા પ્રાપ્ય ઇહ કે પરલોકની સિધ્ધિઓ મટી જઈને, ઔપનિષદિક આત્મજ્ઞાન જ કૈવલ્ય મોક્ષનું સાધન હોવાની પ્રતીતિ થવા લાગી. વેદના પરિપાક તથા તેના છેલ્લા બોલરૂપી જે તત્ત્વ માનવજીવનમાં પરમ સ્થાન ધરાવે છે, તે છે આ વેદાન્તવિજ્ઞાન.

એ શબ્દને બીજી રીતે ઘટાવતાં "વેદના અંતમાં" એટલે કર્મકાંડના અંતમાં, અર્થાત કર્મકાંડાદિ કરી પરવારીને થાકી-હારી ચૂકયા પછી, કંટાળેલો માનવી અંતર્મુખ થતાં, જ્ઞાન એટલે કે જીવ–બ્રહ્મનું અભેદજ્ઞાન કર્મકાંડના વિકલ્પ રૂપે તેની સામે આવીને ઊભું રહે છે. તેથી, વેદાન્ત એટલે ઉપનિષદ્ દ્વારા ઉપદેશાયેલું અભેદજ્ઞાન. જગતનું પારમાર્થિક અસ્તિત્વ પરમપુરુષાર્થ તરીકે તેને સ્વીકાર્ય નથીઃ કેમકે તેને જગત સત્ય નથી લાગતું. તેની પરમ દૃષ્ટિએ, જગત મિથ્યા છે, કેમકે તે પરિવર્તનશીલ તથા નાશવંત છે. કયો શાણો માનવી અનિત્ય, મિથ્યા, ને નાશવંત વસ્તુને હૈયે બાંધે ? બ્રહ્મ–પરમાત્માને વેદાન્ત એક અને અદ્વિતીય રૂપે જાણે છે, તેથી એને તે જ ખપે છે, તેથી ઓછું કે જુદું કંઇ જ નહિ.

## (૮) એવું માનવાથી શો લાભ ?

જીવ અને બ્રહ્મ એક જ તત્ત્વ છે. એટલે કે ઇશ્વર અને જીવ વચ્ચે કશો તાત્ત્વિક ભેદ નથી, એમ માનવાથી માણસના હૃદયમાં ઉત્તમ પુરુષાર્થ સાધવાની ઇચ્છા તીવ્ર બને છે. તેના વડે કરીને માનવ મુખ્યત્વે સ્વમાનપૂર્વક, સ્વાશ્રયથી અને સ્વપરાક્રમથી જ પોતાનું કલ્યાણ પોતે જાતે સાધી શકવાની આશા રાખતો થાય છેઃ તેની દીની તેમજ દુન્યવી, ઉભય દીનતા દૂર થાય છે; એ દેવ-દેવીઓ, પ્રારબ્ધ કે ગ્રહાદિના નિગ્રહઅનુગ્રહની ગરજથી મુક્ત થઇને નિર્ભય બને છે, અને "હું પાપી છું, હું પાપકર્મ કરનારો છું" એવી હીન ભાષા, ભાવના તથા વિચારસરણીનો પ્રયોગ કરતો એ અટકે છે. તેથી, જગતમાં વેદાન્તવિજ્ઞાનનું શાસ્ત્ર માનવતાનું ગૌરવ કરતી એક આશીર્વાદરૂપ વસ્તુ છે. એમાં મોક્ષ માટે કેવળ ઇશ્વર ઉપર કે પોતાના અમુક કોઈ ઇષ્ટ દેવની ઇચ્છા ઉપર જ

માનવીની નિર્ભરતા રહેતી નથી: એટલે કે, અન્ય કોઈકની કે કશાની દયાથી જ મોક્ષ મળવાની અસહાયતાભરી ધારણા તેમાં નથી. "પાપ કરીશ તો ભગવાન દયા કરીને તે માફ કરશે" એવી નિરર્થક પામર આશાઓ સેવવાપણું તેમાં નથી. વેદાન્તશાસ્ત્ર તો જીવને સદૈવ ઉપદેશે છે કે, મનુષ્ય પોતાના સદાચાર તથા સન્નિષ્ઠ અને માનસિક પ્રયત્ન વડે સર્વ દુઃખપાશથી મુક્તિ અવશ્ય મેળવી શકે છે. એ મુક્તિ માત્ર ઈશ્વર કે ગુરુ કે કોઇ દેવદેવીની જ કૃપાથી પ્રાપ્ત થવાયોગ્ય વસ્તુ નથી, પરંતુ એને આશ્રમ, સ્વનિષ્ઠા, સ્વશ્રદ્ધા અને આત્મવિશ્વાસની મુખ્ય અપેક્ષા છે. જેમ જેમ માનસિક શુદ્ધિની એટલે કે અહં-મમતાથી છૂટકારાની માત્રા વધતી જાય, તેમ તેમ જીવ પોતાની સુખસ્વરૂપતાની વધારે નિકટ પહોંચતો રહે છે. ચિત્તશુદ્ધિ વિના એ બ્રહ્મ, એ આત્મા, એ સ્વરૂપસુખ કોઈ રીતે પ્રાપ્ય નથી.

વેદાન્તમાં એવી આશા રખાય જ નહિ, કે અમુક સંજોગોમાં, અમુક કારણને લીધે અમુક હીન કૃત્ય કરી લઇશું તો દયાળુ ભગવાન તે માફ કરશે. એ તો પોકારીને કહે છે કે, પ્રત્યેક કર્મના સંસ્કારનું અધિષ્ઠાન **મન** છે: જો મને એ વસ્તુને પકડી લીધી હોય, કે મેં જે કર્મ કર્યું તે પાપ કર્મ છે, તો તે ખ્યાલનો પ્રભાવ મન ઉપર પાપરૂપે પડવાનો જ. જયાં સુધી સ્વરૂપ-જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા એ સંસ્કાર મનઃપટલ ઉપરથી સમૂળો ભૂંસાઈ જાય નહિ, ત્યાં સુધી, તેને માટે તેવા પાપ કર્મના ફળથી છટકવા માટે કોઈ ઉપાય નથી. પરંતુ નિર્મળ નિર્દોષ ચિત્તને એ છૂટકારો સહજપણે સાધ્ય છે.

વેદાન્ત ઉપદેશે છે કે, આત્મજ્ઞાન મળવાથી (૧) સર્વ દુ:ખભાવ થકી છૂટકારો તથા (૨) સ્વરૂપની પ્રાપ્તિ, એ રૂપે મોક્ષ

સિદ્ધ થઇ જાય છે. એમ, સુખનાં નિષેધમુખ અને વિધિમુખ, એવાં બે પાસાં છે. એમ કહેવામાં વેદાન્તનું મુખ્ય તાત્પર્ય એ છે કે **એકની** મુકિત કોઇ **અન્યના** હાથમાં નથી, પરંતુ એ પ્રત્યેકના પોતાના જ હાથની વાત છે. વેદાન્ત એ હકીકતને સ્વીકારે છે કે, જીવને જ્યાં સુધી એવું ભાન રહે છે કે 'હું કર્મનો કર્તા છું' અને 'કર્મનાં ફળનો હું ભોકતા છું,' ત્યાં સુધી તેને સ્વરૂપજ્ઞાન સંભવતું નથી. **સ્વરૂપજ્ઞાન** એટલે જ "બ્રહ્મ સર્વ લૌકિક ધર્મોથી, સર્વ ક્રિયાથી, સર્વ ફલથી પર છે; તે કર્તા નથી, તે ભોકતા નથી, ને હું પોતે જ તે બ્રહ્મ છું આ બધા 'ધર્મો' તો અંતઃકરણના છે; 'મારા' નહિ, અને એકના (અંતઃકરણના) ધર્મો સાથે બીજાને (મને એટલે કે બ્રહ્મને) શો સંબંધ હોઇ શકે? ૧' —એવું જાણવું, તે. સ્વરૂપજ્ઞાનના અભાવે તે પોતાને અલ્પજ્ઞ તથા અલ્પશક્તિમાન બદ્ધ જીવ માનીને, તથા પોતાની તે કારણે પરાધીનતા કલ્પીને, દુઃખી થયા કરે છે. જ્યારે તેનો એવો દૃઢ જ્ઞાનનિશ્ચય થાય છે, કે 'બ્રહ્મ તો આનંદ સ્વરૂપ છે, હું પોતે સ્વયં બ્રહ્મ જ છું' ત્યારે તે પ્રત્યેક નિર્બળતાથી છૂટી જાય છે; તેનું મનોબળ વધે છે; એને કદી પણ એવો ભ્રમ નથી થતો કે 'હું સ્વભાવથી જ પાપી છું,' પાપનો સ્પર્શ પણ પોતાને થતો હોય, એવું એને લાગતું જ નથી. એવી નિર્દોષ બ્રહ્મભાવનાથી તે સદાચારી બને; બલકે, સદાચારી બન્યા વગર બ્રહ્મભાવના જ થવા પામે નહિ; એ ભાવનાની વૃદ્ધિ સાથે મનોબળ પણ વધે; જીવનમાં તેને સુખભાવના રસરસતા ચમત્કારો લાધ્યા કરે: તે પોતાની વાણીને સત્ય, ને પોતાની ઇચ્છાઓને પૂર્ણ થતી દેખે: ટૂંકામાં, એ સત્યસંકલ્પ બનવા લાગે: સર્વ પ્રાણીઓમાં તે પ્રેમ ભાળે: તેને માટે સ્વચ્છંદવૃત્તિરૂપી મન જેવી કોઇ વસ્તુ નહિ રહેલી હોવાથી, બંધન કરાવે તેવો એક પણ વિકાર એના મનમાં

રહી જાય નહિ. એ જ છે વેદાન્તનું રહસ્ય, અને તેનું ફલ પણ.

તેવો સાધક જ્યારે તે પ્રકારે નિર્ભય બને, ત્યારે વસ્તુતઃ તેને એવું ભાન થાય, કે ' હું અછેદ્ય છું, અદાહ્ય છું; ' અને તેથી, તે સર્વ સ્થળે તથા સર્વ સંજોગોમાં નિશ્ચિન્ત વિચરે, કે વસે. મનુષ્યજીવનનું મોટામાં મોટું પાપ ભય છે. ભીત મનુષ્ય કોઇ કાળે સ્વરૂપદર્શન કરવા પામે નહિ, કેમકે એ સદા ભ્રાન્ત હોવાથી, સદા ભયભીત રહે. પરંતુ સર્વ ભયોના મૂલરૂપ જે ભ્રાન્તિ, તે વેદાન્તમાર્ગે વિચરનાર નિર્ભય પુરુષને હોતી નથી.

# સર્ગ બીજો

## કર્મકાંડ, જ્ઞાન તથા અધિકાર

**(૧) વેદોનો મુખ્ય ભાગ કર્મકાંડ રોકે છે. તેમાં યજ્ઞભાગ મુખ્ય છે. એવા યાજ્ઞિક ભાગના અને ઉપનિષદ્ ભાગના સિદ્ધાન્તો વચ્ચે મુખ્ય ભિન્નતાઓ કઈ કઇ છે?**

ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન યાજ્ઞિક તત્ત્વજ્ઞાન કરતાં વિલક્ષણ (એટલે જુદા જ પ્રકારનું), તેમ જ ઉત્કૃષ્ટ (ચડિયાતું) છે. યાજ્ઞિકોએ જે ઇશ્વરમાં વિશ્વાસ મૂકયો હતો તે ઇશ્વર ( મનોમય તોયે ) શરીરી અવશ્ય હતો, અને તે સ્વર્ગમાં રહેતો હતો. કદાચ તેના શરીરી-પણાની કલ્પનાને અસ્પષ્ટ કહીએ, તોયે “ સ્વર્ગ ” નામને સ્થળે તેનો વાસ તો ખરો જ. ઉપનિષદોના તત્ત્વદર્શનને આ વસ્તુ શબ્દશઃ સત્યાર્થ ન લાગી. પરમ શ્રેયની દૃષ્ટિએ તેને તેમાં દોષ જણાયો. તેના દ્રષ્ટાઓએ વિચાર્યું કે જેટલા શરીરી (=શરીરધારી=રૂપ-વાળા=) સાકાર પદાર્થો હોય છે, તેમાંના પ્રત્યેકમાં છ વિકારો અવશ્યમેવ હોય છે: (૧) જન્મવું, (૨) જન્મ લઇને ટકવું. (૩) વધવું, (૪) વિપરિણામ એટલે કે ફેરફારો થવા. (૫) અપક્ષય=ઘટવું અને (૬) વિનાશ. જો ઇશ્વર આ વિકારોને વશ હોય તો મનુષ્યની સરખામણીમાં તેનામાં ખાસ કશું મહત્ત્વ હોઈ શકે નહિ. પ્રત્યેક શરીરી પદાર્થની કયાંકથી ને કયારે પણ ઉત્પત્તિ થયેલી હોવાની કોઈ અમુક ક્ષણ હોવી જ જોઈએ; અને બુદ્ધિમાન મનુષ્યને તો તેવો “ઉત્પન્ન થયેલો જ” ઇશ્વર ઈષ્ટ કેમ હોય?

તે દ્રષ્ટાઓએ એવું વિચાર્યું કે આ ઇશ્વરનો આવો સંકેત કરવામાં વેદોના યોજક બુધ્ધિમાન પુરુષોનો કંઇક ઉત્તમ ગુહ્ય હેતુ હોવો જોઇએ, અને કર્મકાંડના આવા મર્યાદિત બાહ્યાકાર પાછળ કોઇ મહાન અકુંઠિત બે-હદ સત્ય છુપાયેલું હોવું જોઇએ. એ વિચારતાં, ઉત્ક્રાન્તિના અટલ નિયમ અનુસાર, તેમની નિર્દોષ બુદ્ધિમાં જ્ઞાનની ઉચ્ચતર ભૂમિકા યથાકાળ પ્રગટ થઇ; અને તેવી સમજદારીના આવિષ્કારરૂપ ઉપનિષદોએ નિરાકાર, નિર્ગુણ, અખંડ અને એક સત્‌ચિત્‌સ્વરૂપ બ્રહ્મને જાણ્યો; ને સ્થૂલ કર્મરૂપે થતા યજ્ઞોના લક્ષ્યાર્થો એમણે શોધી કહાડચા, જે આ સિદ્ધાન્તમાં સંપૂર્ણ સમર્થક છે.

**(૨) બ્રહ્મ કેવી રીતે નિરાકાર, નિર્વિકાર, અખંડ અને એક છે?**

બ્રહ્મ એવો હોવાના ઉપનિષદોના સિદ્ધાંતની વ્યાખ્યા ધ્યાનથી જોવાથી એ હકીકત સમજાશે. તેનું વ્યાખ્યાન એવી રીતે પણ થઇ શકે, કે યજ્ઞ એટલે અમુક પ્રકારની વેદવિહિત બાહ્ય ક્રિયાઃ અને કોઇ પણ ક્રિયાનાં ફળ ચારમાંથી એક અથવા વધારે પ્રકારનાં હોય છેઃ (૧) **ઉત્પત્તિ**, (૨) **વિકાર**, (૩) **આપ્તિ અને** (૪) **સંસ્કાર.**

(૧) કુંભારના ઘડતર-કર્મથી ઘડાની ઉત્પત્તિ થાય છે, તેથી તેના કર્મનું ઘટોત્પત્તિ રૂપ ફળ છે.

(૨) એક વસ્તુને બીજી વસ્તુના રૂપમાં ફેરવી નાખવી, તે **વિકાર, દા.ત.** હાર ગળાવીને તેનું કંકણ કરવું, તે સુવર્ણવિકાર, રસોઇ વડે દાણાનું રોટલી રૂપે પરિવર્તન, તે અન્નવિકાર, ઇત્યાદિ.

(૩) **આપ્તિને** પ્રાપ્તિ પણ કહે છે. ક્રિયાવડે મેળવવું તે

આપ્તિ, દા.ત. મુસાફરી કરીને તે દ્વારા પરદેશ પહોંચવું. તેમાં **ગમનનું** ફળ દેશાન્તરની **પ્રાપ્તિ** છે.

(૪) **સંસ્કાર** એટલે નવા ઈષ્ટ તત્ત્વનો પ્રવેશ; છાપ; અથવા અસર. તે બે પ્રકારે થાય છે (૧) મલનિવૃત્તિ સંસ્કાર, જેમકે કપડું ધોવાની ક્રિયા, જેના વડે તે કપડાનો મેલ દૂર થવારૂપી સફાઈ થાય છે, તેવું ચિત્તનું પણ નિષ્કામ કર્મદ્વારા સાફ થવું; એ છે સંસ્કારનું નિષેધમુખ પાસું, અને (૨) ગુણાધાન સંસ્કાર; ધોઇને સ્વચ્છ કરેલા નિર્મળ કપડા ઉપર જ રંગ ચડાવવાથી તે કપડાનો રંગ રોચક થાય: મેલા ઉપર ચડાવવાથી નહિ. તે રીતે, સ્વચ્છ નિરહંકારચિત્ત ઉપર દૈવી સંપત્તિઓની છાપ રૂપી સંસ્કાર પાડવા તે; એને 'ગુણનું ઉમેરણ'; પણ કહેવાય.

**એ ચાર પ્રકાર છોડીને કોઈ પણ કર્મફળ સંભવે નહિ. જો કર્મ જ બ્રહ્મપ્રાપ્તિનું સાધન હોય, તો એ બતાવવું જોઈએ, કે તે કર્મમાંથી આ ચારમાંના કયા પ્રકારનું ફળ થશે.**

જો (૧) એમ કહો કે કર્મથી બ્રહ્મની કે બ્રહ્મપ્રાપ્તિની ઉત્પત્તિ થાય છે, તો તે અસંગત ને અણઘડ વાત થઈ. કેમ કે, બ્રહ્મ --પરમાત્મા તો નિત્ય જ હોઇ શકે, અનિત્ય નહિ; પરંતુ ઉત્પત્તિ તો અનિત્યની જ હોઈશકે, નિત્યની નહિ; કારણ કે જે ઉત્પત્તિશીલ, તે વિનાશશીલ પણ હોય છે. વળી, બ્રહ્મ નિત્ય હોવાથી, તેની પ્રાપ્તિ પણ નિત્ય છે, અનિત્ય નહિ; તેથી, બ્રહ્મની પ્રાપ્તિમાં પણ ઉત્પત્તિરૂપ કર્મફળ અશક્ય હોવાથી ત્યાં કર્મનો ઉપયોગ નથી. (૨) જેમ રાંધવાની ક્રિયારૂપ કર્મથી ચોખામાં નરમપણું, ગળી જવા પણું; વગેરે **વિકાર** થાય છે તેમ, કોઈ પણ કર્મથી બ્રહ્મમાં

વિકાર થતા નથી, કેમકે તે તો સદૈવ સત્ અને જ્ઞાન સ્વરૂપે નિર્વિકાર રહે છે. (૩) **બ્રહ્મ સદા પ્રાપ્ત** જ છે, કદી **પણ** અપ્રાપ્ત નથી, કેમ કે તે તો પ્રત્યેક જડચેતન પદાર્થનો અંતરતમ આત્મા છે, તેથી તેને શોધવા કે મેળવવા કયાંયે જવા-આવવાપણું અથવા તો, કોઈ પણ બાહ્ય ગતિ કરવાપણું નથી હોતું; અને (૪) **સંસ્કાર** રૂપ ફળ પણ બ્રહ્મમાં નથી, કેમકે તે સર્વ ગુણોનું આધાન હોવા છતાં સ્વયં નિર્ગુણ હોવાથી ગુણાધાનરૂપ **સંસ્કારને**, કે (તે નિર્મળ હોવાથી) મલના અપનયનને પણ તેમાં અવકાશ નથી. એમ, બ્રહ્મની પ્રાપ્તિ માટે કર્મ અસ્થાને છે.

વળી, જીવને કર્મનાં ફળ (૧) **જાતિ** (૨) **આયુ** અને (૩) **ભોગ** રૂપે મળે છે. પરંતુ આ ત્રણેયે કે તેમાંનું એકેય, દેહના સંબંધ વગર ન હોઇ શકેઃ ને બ્રહ્મ રૂપરંગરહિત નિરાકાર સર્વ-વ્યાપક તત્ત્વમાત્ર છે. તેથી ફલિત થાય છે કે **કર્મ તો જીવનના, અર્થાત મનના દેહ સાથેના સંબંધ વડે, અને દેહસંબન્ધ અર્થે જ હોઇ શકે છે;** અને દેહ સાથે મનનો સંબંધ થતાં, સંસાર અર્થાત અહંકાર એટલે કે કર્તાભોક્તા ભાવરૂપી અજ્ઞાન હોનું ઉપજવું અનિવાર્ય છેઃ તેથી છેવટમાં, કર્મ કેવળ પારમાર્થિક અજ્ઞાનને લીધે, તેવા અજ્ઞાન વડે, અને તેવા અજ્ઞાનના નિભાવ અર્થે જ હોઇ શકેઃ અને અજ્ઞાન એટલે અવિદ્યા; તેથી **કર્મ એટલે અવિદ્યા જ,** બીજું કંઈ નહિ. કર્મ અને કર્મભાવનું વાસ્તવિક **સ્વરૂપ** એવું છે. જેને શરીરભાવ એટલે 'આ (શરીર) હું' એવો ભાવ થાય છે, તેવાં શરીરભાવધારી શરીરધારીનાં પ્રિય-અપ્રિયનો એટલે કે ગમતાં-અણગમતાંનો નાશ હોતો નથી; મતલબ કે, એવા શરીરીને, કોઇ વસ્તુ ગમતી ને કોઇ અણગમતી, એવું રહેવાનું જ; અર્થાત રાગદ્વેષનો તેને અભાવ નહિ, પણ દઢ

ભાવ રહેવાનો: રાગદ્વેષને કારણે ધર્માધર્મભાવો પણ થવાના જ: તેથી પાપપુણ્ય, તેથી જન્મમરણની પરંપરા, ફરી શરીર, ફરી કર્મ, ફરી રાગદ્વેષ, ફરી ધર્માધર્મ, ફરી શરીર... એમ જન્મમરણનો રૂહેંટ અટકવાનો જ નહિ, ને દુ:ખભાવનો અંત આવવાનો જ નહિ.

વળી 'કર્માનુષ્ઠાનમાં 'હું બ્રાહ્મણ ઇ૦ છું,' 'હું આ કર્મનો કરનારો છું,' 'અમુક કર્મનું મને અમુક ફળ મળશે,' ઇ૦ નાનાવિધરૂપે દૃઢ અભિમાન રહેવાનું જ: કેમકે તે વગર કર્મમાં કોઈ પ્રવૃત્તિ સંભવે નહિ: અને સાટે, તેવાં અભિમાનો હોય ત્યાં સુધી, તે વડે કદી પણ ચિર શાંતિ મળે નહિ. વળી કર્મનાં ફળ પણ નાશવંત અને મિશ્ર જ હોય છે, નિત્ય અને નિર્મળ સુખવાળાં નહિ, એ દેખીતી હકીકત છે.

જે ભેદબુદ્ધિ રાખે, તેના જન્મમરણનો પાર ન આવે, એવું આ ઉપરથી સ્પષ્ટ થાય છે: અને કર્મ કે ઉપાસનામાં ભેદબુદ્ધિ તો રાખવી જ પડે. તે વગર કર્મ–ઉપાસના શક્ય નથી. તેથી, મોક્ષના-હેતુ માટે કર્મ, કે જે ભેદપોષક છે, તેની **લતનો** ત્યાગ જ ઇષ્ટ છે. અહીં કર્મ એટલે વેદપુરાણવાળાં તેમજ આજના મિજાજમાં, લોકસેવા વગેરે શબ્દોથી ઓળખાતી કંતાવવાની પ્રવૃત્તિઓનો વૃતિઓમાં પણ સમાવેશ થઇ જાય છે, એ વિચારીને સમજી લેવું ઘટે.

## (૩) તો પછી જ્ઞાન અને કર્મ એકસહ યોજાય તો ?

**જ્ઞાન** અને કર્મનો તેવો સહસમુચ્ચય પણ થવાયોગ્ય નથી. મોક્ષ માટે જો જ્ઞાનને કોઇ સહકારીની એટલે કે મદદગારની જરૂર કે ગરજ અથવા અપેક્ષા હોય, તો જ તેને કર્મનો સહકાર આવશ્યક હોવાનું કદાચ કલ્પી શકાય. પરંતુ અનેક શ્રુતિઓમાં સ્પષ્ટ રીતે

જ્ઞાનને એકલાને જ સ્વ–સ્વરૂપની પ્રાપ્તિમાં કારણરૂપ કહેલું છે. વળી જ્ઞાન અને કર્મમાં પરસ્પર વિરોધ પણ છે. જ્ઞાનીને સર્વાત્મભાવને લીધે ભેદ ભાસતો નથી, તેથી જ્ઞાન અભેદદર્શી છે, જયારે કર્મઠને હું, મને, ઇ૦ રૂપે દેહાધ્યાસ જન્ય અહંકારને કારણે અભેદ ભાસતો નથી. તેથી કર્મ ભેદદર્શી છે. અંધાર અને પ્રકાશની જેમ, બે વિરોધી વસ્તુઓનો સમસમુચ્ચય અર્થાત તે બેનું સહઅસ્તિત્વ હોઇ શકે નહિ. જયારે જ્ઞાન હોય ત્યારે તેના ફળ સ્વરૂપ અભેદદર્શિતા હોય જ. ત્યાં ભેદદર્શિતાને તથા તેના કારણરૂપ કર્મને અવકાશ જ નથી. કર્મમાં 'હું અમુક ગોત્રનો બ્રાહ્મણ છું,' 'હું અમુક દેશ કે પક્ષનો છું' ઇ૦ પ્રકારનું અભિમાન અનિવાર્ય છે, જયારે જ્ઞાનમાં 'હું કૂટસ્થ,, સર્વ ભેદોથી મુક્ત, વર્ણાશ્રમાભિમાન રહિત, નિર્વિકલ્પ સાક્ષી આત્મા છું' એવું દેહાધ્યાસવિરોધી અભિમાન સ્વાભાવિક છે. એમ, કર્મભાવ તથા જ્ઞાનનો સહજ પરસ્પર વિરોધ એવો ભાસે છે, કે તે બેના એકસહ સમસમુચ્ચયની કલ્પનાનો પણ નિષેધ થઇ જાય છે.

### (૪) "સમુચ્ચય"ની વધારે સમજણ આપો.

સમુચ્ચય એટલે સંયોજનઃ તેના બે પ્રકાર છેઃ-(૧) ક્રમ સમુચ્ચય અને (૨) સમ સમુચ્ચય. (૧) એટલે, કર્મ દ્વારા ક્રમશ અંતઃકરણની શુદ્ધિ, અને તે પછી જ્ઞાનની પ્રાપ્તિ. એમ એકની પછી એક તેના અનુસંધાનમાં બીજું હોવા રૂપી કર્મજ્ઞાનનો સમુચ્ચયઃ એ તો વેદાન્તને ઇષ્ટ છે એટલું જ નહિ, પરંતુ નિષ્કામ કર્મના અનુસરણ દ્વારા તેવી ચિત્તશુદ્ધિ સિદ્ધ થયા વિના જ્ઞાનની પ્રાપ્તિનો તે અસંભવ કહે છેઃ અને (૨) એટલે એ બેનો એકસહ વર્તાવ, જે વેદાન્તને સંપૂર્ણ અગ્રાહ્ય છે, કેમકે તે અનિષ્ટ છે.

તે ઉપરાંત, જ્ઞાનનો સ્વભાવ એવો છે કે ' જે વસ્તુને લગતું જ્ઞાન થયું હોય, તે વસ્તુ તેના વડે જેવી હશે તેવી જ જણાશે; એટલે કે તેનું તેવું જ જ્ઞાન થશે, અન્ય પ્રકારે નહિ: કોઇ પણ જાણવાની વસ્તુને પોતાના લક્ષથી વેગળી રાખીને તે વસ્તુનું યથાર્થ જ્ઞાન કોઇને યે થાય નહિ. તેથી, **જ્ઞાન વસ્તુતંત્ર** ( = વસ્તુને આધીન ) છે. કેમકે વસ્તુ જેવી હોય, તેવું જ જ્ઞાન પણ હોય; અન્યથા નહિ. પરતુ વેદવિહિત કે અન્ય **કર્મ** તેના **કર્તાને** આધીન, તેથી પુરુષતંત્ર છે. કર્તાની ઈચ્છા હોય તો તે અમુક કર્મ અમુક રીતે કરવા, ન હોય તો તે તેમ ન કરવા, તેમ ઇચ્છાનુસાર તેને અન્ય ગમે તે રીતે પણ કરવા સમર્થ છે. જ્ઞાન અને કર્મના સ્વભાવમાં એ રીતનો પણ મોટો ફરક હોવાથી, તે બેનો સહચાર–સમુચ્ચય બની શકે નહિ, કેમકે ફરજિયાત અને મરજિયાત એકસહ ન હોઇ શકે.

વળી, કર્મકાંડના આગ્રહી યાજ્ઞિકો કહે કે છે ( વૈદિક કે ' લોક સેવા ' રૂપી ) યજ્ઞ કરનારને અનંતકાળ સુધી સ્વર્ગનિવાસ ( સુખભાવ ) મળે છે, અને તેથી જ તેઓ કર્મનો આગ્રહ સેવે છે. ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન અર્થાત દર્શન તેનાથી જુદી પરિસ્થિતિ બતાવે છે. તે એવો સિદ્ધાંત આગળ ધરે છે કે, મનુષ્યજન્મ કોઈ ને કોઇ કર્મને કારણે જ થાય છે: પૂર્વ જન્મનાં કર્મો અહીં ભોગ વડે ક્ષીણ થાય છે, ને તે પૂરાં થતાં શરીરનું વિસર્જન થાય છે. જેમ કર્મ વડે પ્રાપ્ત થયેલા આ લોકોના લાભોનો ક્ષય થાય છે, તેમ પુણ્યથી પ્રાપ્ત થતી સ્વર્ગ ઇ૦ લોકસ્થિતિઓ ( ચિત્તની પ્રસન્નતાઓ ) પણ, પુણ્યનો અવિધ પૂરો થયે ( યથાકાળ ) પૂરી થનારી, અને તેથી, અંતે તો ક્ષણજીવી છે, પણ નિત્ય સુખદ નથી. સર્વ દુ:ખની નિવૃત્તિ રૂપ બ્રહ્મપ્રાપ્તિ, નિરંતર સુખભાવ, એવી

વસ્તુ છે કે, જે કર્મના આગ્રહીને યજ્ઞાદિ કે અન્ય આધુનિક પ્રકારનાં પણ કર્મ દ્વારા નહિ, પરંતુ વિવેકસંપન્ન જિજ્ઞાસુને ગુરુદ્વારા જ સિદ્ધ થઇ શકે એમ વેદાન્ત નક્કી કરે છે.

કર્મ અનિત્ય હોવાથી, ફળ પણ અનિત્ય જ હોવાનું. કર્મકાંડ તથા યજ્ઞાદિને વખાણનારી શ્રુતિઓ અજ્ઞાની જનોને ઉદ્દેશી કે અનુલક્ષીને બોધેલા **અર્થવાદો** જ છે, કેમકે વસ્તુતઃ કર્મ અને કર્મફળ નિત્ય અને અક્ષય્ય હોઈ શકતાં નથી.

## (૬) 'અર્થવાદ' એટલે શું ?

અમુક હેતુસર, તથા અથવા અમુક પ્રકારના અધિકારીને ઉદ્દેશીને, જે અમુક વસ્તુની હિમાયત કરવી હોય, તે વસ્તુ પ્રત્યે તેવા સાંભળનારાના ચિત્તમાં સુરુચિ તથા શ્રદ્ધા ઉપજાવવાના હેતુથી અતિશયોક્તિયુકત, અને અન્ય વસ્તુઓની કોઈવાર નિંદારૂપ પણ ભાસે તેવાં, જે સ્તુતિવચનો કહેવામાં આવે, તે "અર્થવાદ" કહેવાય છે. આ ફક્ત યુકિત છે. અને તદનુસાર કહેવાએલું બધું શબ્દશઃ સત્ય હોવાનું માનવાનું નથી. નહિ તો, નાહક અનર્થ થઇ બેસે. પુરાણો તેવા અર્થવાદોથી ભરેલાં છે. વિવેકવિજ્ઞાન તથા સ્વરૂપના જ્ઞાન વડે તેવા અર્થવાદોનો હેતુ પ્રકટ થતાં, તેની યથાર્થ આત્મોન્નતિમાં અમુક રીતની ઉપયોગિતા સમજાઈ જાય છે, ને તેનું સરખું પ્રમાણભાન-સેન્સ ઓફ પ્રપોર્શન. આવે છે.

## (૭) વેદાન્ત જ્ઞાનના અધિકારી કોને કહી શકાય ?

ઉપનિષદો બ્રહ્મજ્ઞાન માટે કે બ્રહ્મની "પ્રાપ્તિ" માટે કર્મની અનિવાર્ય આવશ્યકતા હોવાનું ખંડન ઉપર્યુકત પ્રકારે કરે છે;

પરંતુ મોક્ષપ્રાપ્તિ માટે નિર્દોષ શુભ કર્મને તે નિરુપયોગી નથી માનતાં. ચિત્તની સંશુદ્ધિ સિદ્ધ કરવા માટે તો કર્મોની અનિવાર્ય આવશ્યકતાને તે સ્વીકારે છે. જ્યાં સુધી નિષ્કામ કર્મના શિસ્ત-પાલન ( ડિસિપ્લિન ) વડે સત્ત્વશુદ્ધિ ( = ચિત્તશુદ્ધિ ) બને નહિ, ત્યાં સુધી જ્ઞાનાંકુરનો ઉદય પણ થાય નહિ; અને ચિત્તશુદ્ધિ નિષ્કામ ભાવે યોગ્ય પ્રકારનાં કર્મ કરવાથી જ થાય છે. વૈદિક યજ્ઞાદિ કર્મકાંડનો અધિકાર ત્રૈવર્ણિક સિવાયના બીજા કોઇને નથી હોઈ શકતો. તે કાળે અને તે સંજોગોમાં કદાચ તેવું નિયમન ઇષ્ટ હશે, પરંતુ સાંપ્રત કાળના કર્મપ્રકારો પરત્વે તેવો કોઈ ભેદ શક્ય નથી, તેમ ઇષ્ટ પણ નથી. પણ અહીં તો, આપણે આધ્યાત્મિક અધિકારનો જ વિષય વિચારવાનો છે. બીજા કશાનો નહિ.

## (૮) ત્યારે વર્તમાન કાળમાં વેદાન્તનો અધિકાર કોનો લેખાય ?

વિવેકપૂર્વક સંસારી ભાવનો ત્યાગ, તથા બ્રહ્મમાં દૃઢ સ્થિતિ કરનારા સાચા વૈરાગ્યસંપન્ન મુમુક્ષુ જ વેદાન્તના અધિકારી હોઇ શકે છે. વેદાન્ત એટલે આત્મવિદ્યા: અને આત્મવિદ્યા એટલે, જગતની સત્યતાની દૃષ્ટિને સમૂલ ( = અવિદ્યા સહિત ) દૂર કરીને તેની જગાએ બ્રહ્મદૃષ્ટિની સ્થાપનાની વિદ્યા. જગતના સંસારી ધર્મોમાં જીવ પરોવનારને બ્રહ્મપ્રાપ્તિ ( મોક્ષ )નો અધિકારી કોઇ પણ ઉપનિષદ માનતું નથી. તેવો જીવ તેનો **અધિકારી** થઈ શકે પણ નહિ: પરંતુ અમુક સ્થિતિમાં એ અધિકારનો ઉમેદવાર થઇ શકે ખરો.

જે જીવો તનમનથી કોડે કરીને સાંસારિક વ્યવહારોની પ્રવૃત્તિમાં રચીપચી રહ્યા હોય, તથા ભેદવ્યવહાર જેનું મુખ્ય

માનેલું કર્તવ્ય હોય. તે જીવો, સકલ જગતમાં ને જગતનાં સર્વ પ્રાણીઓમાં રાગદ્વેષથી મુક્ત થઈને સમભાવ કેવી રીતે ધારણ કરી શકે ? અભેદ જ્ઞાન માટે, તેને અનુરૂપ ચિત્તની વૃત્તિ જોઈએ જ; એવી ચિત્તવૃત્તિ ઉપજાવે તેવા સંસ્કારો જોઈએ; તેને અનુસરતા ઉદાર વ્યવહારો જોઈએ; ને તે સર્વને અનુકૂળ વાતાવરણ પણ જોઈએ. આ બધી સામગ્રીને અભાવે પણ જો બ્રહ્મજ્ઞાન કે અભેદજ્ઞાન થઈ શકતું હોત, તો આખું જગત ક્યારનું બ્રહ્મજ્ઞાની બની ગયું હોત. પરંતુ તેવું બનતું નથી. માતાપિતા, પુત્રકલત્ર, પ્રિય-અપ્રિય, વગેરે ભેદમૂલક ભાવનાઓને મમળાવમમળાવ કરનારો ગૃહસ્થાશ્રમી, આ વિદ્યાનો અધિકારી હોઈ શકે નહિ; પરંતુ સાધનચતુષ્ટયસંપન્ન પુરુષ જ તેનો અધિકારી હોય; કેમકે તેવો પુરુષ સંન્યાસી, અથવા સંન્યાસની લગોલગની પરિસ્થિતિમાં આવી ગયેલો જ હોય છે.

## (૯) ‘સંન્યાસી’નો આ સંદર્ભમાં શો અર્થ જાણવો ?

ચાર સાધનોથી સંપન્ન અને મહાપ્રયાસે તેને સિદ્ધ કરનાર મનુષ્ય જ આ વિદ્યાનો અધિકારી છે, તે ઉપર કહ્યું. ગૃહસ્થાશ્રમી ભાગ્યે જ તેવો હોઇ શકે: માટે મુખ્યતયા એ સંન્યાસીનો જ વિષય છે. સંન્યાસી એટલે ફકત ભગવાંધારી પુરુષ જ નહિ, પરંતુ સર્વ વિક્ષેપોને તથા વિક્ષેપોના મૂળરૂપ તેની સંભાવનાને પણ છોડનારા વિદ્વાન, વિરક્ત અને સ્વરૂપસંપન્ન પુરુષ, એવું આ કથનનું તાત્પર્ય જાણવું. જે પુરુષ એ સ્થિતિએ પહોંચ્યો હોય, તે વિરકત હોય જ: અને સામાન્ય રીતે ભગવાંધારણ વડે સંસારીપણાથી પોતાની સ્પષ્ટપણે વ્યાવૃત્તિ કરનાર પુરુષ જ જ્ઞાનાધિકારનું નિર્વહણ કરી શકે છે; તેથી, સંન્યાસી ( લિંગી ) અને સંન્યાસભાવ ( લિંગ ) સમાનાર્થી ગણાયાં છે. ગીતામાં “ સંન્યાસી ” શબ્દને

અર્થ મુખ્યતઃ "આંતરિક સંસારભાવમુક્ત કર્મભાવત્યાગી ગૃહસ્થી" એવો ઉપજે છે. કેમકે ગીતા ગૃહસ્થાશ્રમીઓને ઉદ્દેશીને જ રચાયેલી છે.

ચાર સાધનોનો તથા આ સર્ગમાં વપરાયેલાં કેટલાંક અન્ય પદોનો વિચાર આપણે આગળ ચાલતાં યથાસ્થાને કરીશું.

# સર્ગ–ત્રીજો

## પુરુષાર્થ, મોક્ષજ્ઞાન

**(૧) પહેલાં આપણે એવી મતલબનું કહ્યું કે જીવ અને બ્રહ્મને એક માનવાથી મનુષ્યના ચિત્તમાં પુરુષાર્થ જાગે છે.[૧] એ પુરુષાર્થ શું છે?**

સર્વ પુરુષોની, એટલે કે મનુષ્યમાત્રની, પોતાના પોતે ધારેલા હિત પરત્વેની ઇચ્છાના જે વિષયો, તે પુરુષાર્થો કહેવાય, અર્થાત, પુરુષ એટલે દેહરૂપી નવદ્વાર પુરીમાં વિરાજતો માનવ જીવ; તેના વડે ઈચ્છાતા જે અર્થો (=વિષયો), તે પુરુષાર્થો.

શાસ્ત્રો (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ અને (૪) મોક્ષ, એ ચારને સંક્ષેપમાં પુરુષાર્થો કહે છે, કેમકે સર્વ પ્રકારની માનવસહજ ઇચ્છાઓનો તેમાં સંપૂર્ણ રીતે સમાવેશ થઇ જાય છે. તેમાંના પહેલા ત્રણ ગૌણ, અને ચોથો મુખ્ય છે. આપણા હેતુ માટે, પહેલા ત્રણને એક રીતે ઉપેક્ષીને, બાજુ પર મૂકીને, ચોથો જે મોક્ષ, તેને આપણે આ વેદાન્તના યોગ અને ઉપયોગનો મુખ્ય વિષય બનાવ્યો છે.

**(૨) પહેલા ત્રણ ગૌણ, ને ચોથો મુખ્ય કેવી રીતે?**

આ અર્થોની વિવેકવિજ્ઞાનયુક્ત યોજના આ પ્રમાણે છે; અમુક કામ કરવાયોગ્ય તથા કરવું પડે તેવું હોવાથી, તે કરવાનું જ

---

૧. જુઓ સર્ગ પહેલો, પ્રશ્ન ૮

છે, કેમકે તે શાસ્ત્રાનુસાર આદેશાયેલું કાર્ય **કર્તવ્ય** છે, એમ જાણીને તે કરવામાં આવે, તે **ધર્મ** અર્થાત કર્તવ્યપાલન, તેવા ધર્મનું સમ્યક્‌પાલન થઈ શકે તે ખાતર જ **અર્થ** (–ધન, સંપત્તિ ઇ. સાધનો ) મેળવવાના હેતુથી જ, નહિ કે રાગભોગ ભોગવવાની કામનાથી, **કામ** (=તેવાં **સાધનો** મેળવવાની નિર્દોષ **સહજ** ઈચ્છા) કરવાયોગ્ય છે; અને તેવી ઇચ્છા પણ, માત્ર એવા હેતુથી જ કરવી, ઘટે, કે તેવા અર્થ–કામથી સંપન્ન ધર્મવડે, એ ત્રણેની જેમાં ઇતિ-કર્તવ્યતા થઈ જઈને છેવટે તેમની પણ આવશ્યકતા ન રહે, તેવો **મોક્ષ** (=નિત્ય સ્વરૂપે સ્થિતિ રૂપ નિઃશ્રેયસ ) પ્રાપ્ત થાય. એ જે **મુખ્ય** પ્રાપ્તવ્ય વસ્તુ, તે જ આપણો ગ્રન્થવિષય છે; અને સાધનસંપન્ન જિજ્ઞાસુ એનો અધિકારી છે. ટૂંકમાં, સર્વ જડચેતન પદાર્થ જેને જાણતાં કે અજાણતાં પણ ઝંખે છે, તે અહીં આપણો વિષય છે.

### (૩) સર્વ ઈચ્છાઓના મુખ્ય હેતુરૂપ એવી તે કઇ વસ્તુ છે, કે જેની મનુષ્યમાત્રને ઇચ્છા થાય છે ?

મોક્ષની, એટલે કે સર્વ દુઃખભાવની ‘ નિવૃત્તિ ’ કહેતાં તેમાંથી સંપૂર્ણ છૂટકારો, તથા નિત્ય આનંદની પ્રાપ્તિ, એ જ સર્વ ઇચ્છાઓનો પરમ હેતુ છે, એમ ટૂંકમાં કહી શકાય.

### (૪) ‘ સર્વ દુઃખની નિવૃત્તિ ’ તથા ‘ નિત્ય સુખની પ્રાપ્તિ ’ શેને કહી શકાય ?

મોક્ષનું એ છેવટનું સ્વરૂપ છે. અજ્ઞાન તેમજ તેમાંથી નીપજતાં જરા-મરણાદિક દુઃખોનો બાધ કરવો. દુઃખોની **નિવૃત્તિની** સિદ્ધિ; અને આત્મસ્વરૂપના સાક્ષાત્કારમાંથી પ્રભવતો પરમ આનંદ, કે જેને અનુભવી પુરુષોએ સર્વ આનંદનો શિરમોર કહ્યો છે, તેની નિત્ય સ્થિતિ રહેવી, તે નિત્ય સુખની **પ્રાપ્તિ** છે.

'હું જ કર્તા છું, હું કર્મોનાં ફળોનો ભોકતા છું' એ પ્રકારના પામર અને દુઃખદ અહંકારઅભિમાનરૂપ રાજસી ભાવને ત્યજીને સત્ત્વમય શાંત સ્વ-સ્વરૂપમાં સ્થિતિ કરવી, એ મોક્ષ. કેટલાકો સ્વર્ગ, વૈકુંઠ, હેવન, જન્નત, કૈલાસ ઇત્યાદિ ઊર્ધ્વ લોકસ્થિતિઓને, તથા કોઇ શૂન્યત્વને પણ મોક્ષ કે નિર્વાણ કહે છેઃ પરંતુ વેદાન્તની નજરે તે બધી મરણોત્તર સ્થિતિઓની કલ્પના છે, જેનો કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. તેથી એ વાસ્તવિક મોક્ષ નથી. વેદાન્ત મત પ્રમાણે, સંપૂર્ણ દુઃખભાવનું સમૂળું નિવારણ અને પરમાનંદરૂપ નિત્ય નિરંતર રહેતા સુખની સ્થાપના, એ જ બુદ્ધિમાન મનુષ્યે ઇચ્છવા તથા મેળવવા યોગ્ય મોક્ષનું સ્વરૂપ છે, જે સદેહે પણ સાધ્ય છે.

## (૫) તો પછી ધર્માદિ ચારેયને પુરુષાર્થ કેમ કહ્યા ?

પ્રશ્ન બરોબર છે. વાસ્તવમાં તો, પહેલા ત્રણ **જીવાર્થો** જ છે. તે અન્ય લૌકિક પામર કામનાઓ રૂપે નહિ, પરંતુ કેવળ ચોથાની પ્રાપ્તિના સાધન તરીકે જ હોવાનું જો મનાય, ઇચ્છાય અને અનુસરાય, તો જ તે **પુરુષાર્થ** કહેવાય, નહિ તો તેને **પામરાર્થ** જ જાણવા. પુરુષ એટલે જીવાત્મા, માણસ; તેનો ઉપર કહેલો હેતુ જેનાથી સરે, તે જ પુરુષાર્થઃ અને અન્ય ત્રણ જો તેનાં સાધનો બનતાં હોય, તો જ તે, ઉપલક્ષણથી, પુરુષાર્થ છે; નહિ તો નથી. લૌકિક વ્યવહારમાં પુરુષ એટલે દેહધારી જીવાત્મા, એવો અર્થ જાણીને, આ ચાર અર્થો વડે તેનામાંથી દેહભાવનું અને જીવભાવનું ઉન્મૂલન કરવું, એ ચારેયનું પ્રયોજન થયું.

મોક્ષની જે વ્યાખ્યા કરી, તેમાં, સર્વ દુઃખભાવરૂપી બંધનનું **નિવારણ**, એ મોક્ષનું **નિષેધ્ય** પાસું, અને પરમ આનંદરૂપ

સુખની **પ્રાપ્તિ**, એ તેનું **વિધેય** પાસું કહેવાય. જીવ-બ્રહ્મના અભેદનો અનુભવ, આત્મસાક્ષાત્કાર, અજ્ઞાનભંગ ઇત્યાદિ શબ્દો પણ મોક્ષ સ્થિતિનું સમુચિત વર્ણન કરે છે. વૈષ્ણવી પાંચરાત્ર, પાશુપત, ચાર્વાક, બૌદ્ધ જૈન, ન્યાય, વૈશેષિક, સાંખ્ય, ધર્મ-મીમાંસા, અને વેદાન્ત તથા આર્યેતર દર્શનો પણ મોક્ષનાં વિવિધ પ્રચલિત દર્શનો છે, અને તે, દેશકાલાદિ ભેદને લક્ષમાં રાખીને કહેલાં છે. પરંતુ તે સર્વ ભિન્ન ભિન્ન ભાસતી કલ્પનાઓનું મૂલગત ઉપસંહારી હસ્તિપદતાત્પર્ય, એટલે કે એ બધાનો સાર, એ તો વેદાન્તે કહેલા દર્શનમાં જ છે, કે "દુઃખની કલ્પનાનો સમૂળો બાધ, અને નિર્વિશેષ સુખનો અપરોક્ષ (=પ્રત્યક્ષ નિત્ય) અનુભવ," તે જ પૂર્ણ મોક્ષ, એ જ મુકમ્મલ આઝાદી, સાચું સ્વારાજ્ય, ખરું વૈરાજ્ય, માનવ જીવનનું વાસ્તવિક લક્ષ્ય, **પૂર્ણત્વ** !

## (૬) મોક્ષ શેના વડે થઇ શકે ?

બ્રહ્મજ્ઞાન વડે. પ્રથમ, શાસ્ત્રોક્ત નિષ્કામ ભાવે કરવામાં આવેલાં કર્તવ્ય કર્મો વડે ચિત્તની શુદ્ધિરૂપી ભોંયસફાઇ થાય, અને ત્યાં યોગ્ય ઉપાસના દ્વારા ચિત્તની એકાગ્રતારૂપી પાયો નંખાય: કેમકે તે જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો છે. પરંતુ ઉપર કહ્યા પ્રમાણેનો જે મોક્ષ, તેની ઈમારત તો તત્ત્વના સાક્ષાત્કારરૂપ બ્રહ્મજ્ઞાનથી જ બને છે.

## (૭) 'બ્રહ્મ' એટલે શું ?

એ અર્થનો ધાતુ बृह = વધવું, એવો છે. સર્વથી વધેલું, મહત્તમ, સર્વને પોતાનામાં સમાવનાર, તેમજ છેવટે તે સર્વને શમાવનાર અર્થાત શાંત પાડનાર પણ, તથા સર્વમાં વ્યાપેલું 'જે તત્ત્વ છે,' જેને પોતાને **પોતે** સિવાય બીજું કશું જ વ્યાપી

શકતું નથી. તેઃ આત્મતત્ત્વ, પરમ ચૈતન્ય, પરમ આત્મા, વિભુ; જેના વડે સર્વ કંઇ છે, જેના વડે સર્વ કંઈ **જણાય** છે, તથા **થાય** છે, તેઃ લૌકિક મન-વાણીને અગોચર છે એ તત્ત્વ; એ કહેવાય છે સત્ય-જ્ઞાન-અનન્ત, એનું સ્વરૂપ વર્ણવાય છે ચતુર્વિધઃ-**નિષ્પ્રપંચ,** અસંગ, પરિપૂર્ણ, અને ચેતન; મનુષ્યમાત્રનું છેવટનું મૂળ સ્વરૂપ, કે જેની પ્રાપ્તિ પછી બીજું કશું હોઇ શકે જ નહિ તેઃ કેવળ રસરૂપ આત્મા, જે ત્રણ પ્રકારની ઉપાધિઓને લીધે **વિરાટ, હિરણ્યગર્ભ** અને **ઈશ્વર** પણ કહેવાય છે. એની બીજી વ્યાખ્યાઓ આગળ ચાલતાં પ્રસંગાનુસાર આવશે. ટૂંકામાં જેને જાણવું, અને જાણીને તદ્રુપ થઇ જવું-તે જ, તદ્ઙ્ગીભૂત થઇ જવું, એ જ ઈશ્વરદર્શન છે, એ જ પરમપદ છે, એ જ મોક્ષ છે, એ જ "સ્થિતિ" છેઃ તે સર્વ તત્ત્વોનું તત્-ત્વ**છે.**

## (૮) 'બ્રહ્મજ્ઞાન' એટલે શું?

'મારો આત્મા બ્રહ્મથી અભિન્ન છે' અથવા 'હું બ્રહ્મ છું,' એ પ્રકારનું અનુભવસિદ્ધ જ્ઞાન બ્રહ્મજ્ઞાન કહેવાય છે, અને તે જ મોક્ષના હેતુરૂપ છે. પોતાનું સ્વરૂપ એટલે કે 'હું' એટલે કોણ ? આ બધું જે છે, તે અસલ ખરેખર શું છે ? એ બધું સમ્યક્પણે જાણવું. તે બ્રહ્મજ્ઞાન. સમસ્ત વેદાન્તશાસ્ત્રોનો એકમાત્ર હેતુ એ છે કે, તેના વિધિસર અભ્યાસ વડે નિર્મલ હૃદયવાળો એટલે કે અહંમુક્ત જિજ્ઞાસુ પોતાના ખરા સ્વરૂપને જાણે, પોતાને લગતી બીજી ખોટી ભ્રમણાઓને લીધે ઊભા થતા રાગદ્વેષોથી એ છૂટી જાય, અને તેને જીવતાં જીવત જ તેવા બ્રહ્મજ્ઞાન ( =આત્મજ્ઞાન ) દ્વારા એ રાગદ્વેષમાંથી નીપજતા દુઃખભાવની સમૂળી નિવૃત્તિ તથા અક્ષય સુખની પ્રાપ્તિ થાય, એનાં કર્મબંધનો તૂટી જાય, ને એને ફરીથી જન્મવાની એટલે કે શરીરના પડયા પહેલાં કે તે

પછીથી પણ દુઃખભાવમાં ફસાવાની પરાણે ફરજ પડવાપણું ન રહે. બ્રહ્મના જ્ઞાનની બે કક્ષાઓ કહેવાય છેઃ—

પ્રારંભિક (૧) પરોક્ષ અને છેવટની (૨) અપરોક્ષ

## (૯) 'પરોક્ષ બ્રહ્મજ્ઞાન' એટલે શું ?

'બ્રહ્મ સચ્ચિદાનંદસ્વરૂપ છે,' તથા "આત્મસ્વરૂપે હું તે જ છું," એવો શાસ્ત્ર તથા ગુરુનાં વચનોમાં વિશ્વાસ રાખીને, શ્રવણ તથા મનન દ્વારા નિઃસંદેહ નિશ્ચયપૂર્વક એ પ્રમાણે જાણવું, તે પરોક્ષ બ્રહ્મજ્ઞાન. અર્થાત, 'બ્રહ્મ નથી' એવું, બ્રહ્મ જેવું કશું જ નહિ હોવઃની ભ્રાન્તિરૂપ, એટલે કે બુદ્ધિ ઉપર રહેલું, બ્રહ્મના અજ્ઞાનરૂપ **અસત્ત્વાપાદક આવરણ** નામનું ઢાંકણુ જે જ્ઞાન વડે ખસી જાય, તેવા બ્રહ્મજ્ઞાનને "પરોક્ષ" કહેવામાં આવે છે. એ સ્થિતિ અદ્વૈતાનુભવમાં ઉપયોગી છે, ને તેની પ્રસ્તાવના છે.

## (૧૦) એ 'અસત્ત્વાપાદક આવરણ'ની ફરીથી સમજ આપો.

'બ્રહ્મ જેવું કશુંયે નથી,' એવો જે બ્રહ્મ પરત્વે અસત્-ભાવ તે અસત્ત્વ, અને તેવા ભાવને સંઘરનાર તથા તેનું આપાદક એટલે કે તેને ઉપજાવનારું અજ્ઞાનરૂપ જે બુદ્ધિનું આવરણ, તે અસત્ત્વાપાદક આવરણ કહેવાય છે. તેનાથી પરમાત્મામાં નાસ્તિકતા ઉપજે છે, તેની **નિવૃત્તિ** થવી, એટલે તેનો નાશ થવો, અર્થાત બ્રહ્મ સત્ય છે અને જગત્ મિથ્યા છે એવા દૃઢ આસ્તિક નિશ્ચયની મનમાં પ્રતિષ્ઠા થવી, એ તેવા પરોક્ષ જ્ઞાનની સિદ્ધિનું ફળ છે.

## (૧૧) પરોક્ષ બ્રહ્મજ્ઞાન ક્યારે બરોબર થયું કહેવાય ?

બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુનાં વચન અને વેદાન્તશાસ્ત્રના આદેશ અનુસાર, બુદ્ધિમાં બ્રહ્મસ્વરૂપનો વિચારપૂર્વકનો દૃઢ અફર

સૈદ્ધાન્તિક નિશ્ચય થાય, કે પરમાત્મા છે, છે, ને છે જ; અને તે નિશ્ચય ઉત્તમ પ્રકારે મનમાં ઠસે, ત્યારે પાકું પરોક્ષ જ્ઞાન થયું લેખાય. અર્થાત, શાસ્ત્રોએ કહ્યું છે તેવું બ્રહ્મ હોવાની ચિત્તમાં દૃઢ નિષ્ઠા થાય, તે સ્થિતિ પરોક્ષ બ્રહ્મજ્ઞાનની કહેવાય. એ જ ખરી આસ્તિકતા છે.

## (૧૨) 'અપરોક્ષ' બ્રહ્મજ્ઞાન એટલે ? અને તે કેવી રીતે થાય ?

પરોક્ષ જ્ઞાનનિશ્ચય થયા પછી, એટલે કે બ્રહ્મ પરત્વેની સૈદ્ધાન્તિક નિષ્ઠા દૃઢ થયા પછી, સાધનસંપન્ન જિજ્ઞાસુને **મહાવાક્યના** પદ્ધતિપુરઃસર અભ્યાસ દ્વારા એવું સમજાઇ જાય છે, કે 'એ બ્રહ્મ જે છે, ને બીજુ કોઇ નહિ પણ સ્વરૂપે હું પોતે જ છું.' એવું જ્યારે થાય, ત્યારે આ બધું જ કેવળ એકરસ ભગવાન–બ્રહ્મ હોવાનો તેવા જિજ્ઞાસુને જાત–અનુભવ થાય છે. પ્રથમ તો, યોગ્યતાવાળા સાધકને બ્રહ્મના તેવા રૂપ વિષે મનમાં થોડો સંદેહ રહે છે, ને તેના ચિત્તમાં અજાણતાં પણ પાછલા અનેક ભવોમાં પડી ગયેલી ટેવને તેમજ પ્રતિકૂળ સોબતને કારણે પણ, દ્વૈતની એવા ખ્યાલ રૂપે છાંટ રહી જાય છે; અથવા કોઈ કોઇ વાર તેને એવું લાગે છે કે ભગવાન કોઈ જુદી વસ્તુ છે, ને હું તથા જગત્ તેનાથી અલગ એવી કોઈ જુદી વસ્તુઓ છીએ. તેથી, તેનો અભેદનો અનુભવ દૃઢ નથી હોતો; પરંતુ અભ્યાસ તથા વૈરાગ્ય વડે તે ક્રમશઃ દૃઢ થઇ જાય છે. એ કારણે બ્રહ્મજ્ઞાન **અદૃઢ** અને દૃઢ એમ બે ક્રમિક પ્રકારે કહેવાય છે.

## (૧૩) 'મહાવાક્યો' શું છે ?

જીવ–બ્રહ્મનો અભેદ કહેનારાં અમુક મુખ્ય વચનોની એ સંજ્ઞા છે. પ્રત્યેક વેદનું એક એક, એમ તેવાં ચાર મહાવાક્યો

પ્રસિદ્ધ છેઃ (૧) ઋગ વેદનું प्रज्ञानं ब्रह्म (૨) યજુર્વેદનું अहं ब्रह्मास्मि (૩) સામવેદનું तत्त्वमसि અને (૪) અથર્વવેદનું अयमात्मा ब्रह्म એ આત્મ-વિજ્ઞાનનું સાક્ષાત્ અપરોક્ષ જ્ઞાન કરાવનારાં સાધનો છે.

વેદાન્તવાક્યોના બે પ્રકાર છે. તેમાંનો એક આ ને બીજા પ્રકારનાં વચનો **અવાન્તર** વાક્યો કહેવાય છે; તે પરમાત્મા તથા જીવાત્માના સ્વરૂપને કહેનારાં તથા તે રીતે ચિત્તમાં મહાવાક્યોના સંપૂર્ણ બોધની ભૂમિકા બાંધી આપનારાં વચનો છે. તેની સંખ્યા અનેક છે.

## (૧૪) 'અદૃઢ' અપરોક્ષ જ્ઞાન શેને, કહે છે?

બ્રહ્મ અને આત્માનો બુદ્ધિ વડે નિશ્ચય થયો ખરો, પરંતુ તે નિશ્ચયમાં સ્વાનુભવને અભાવે **અસંભાવના** અને **વિપરીત ભાવનાનો** અંશ રહી જવો, તે. તેવી સ્થિતિમાં, 'વેદાન્તોમાં જીવ બ્રહ્મનો અભેદ પુરવાર કર્યો છે કે ભેદ? અને જીવ-બ્રહ્મનો અભેદ સત્ય છે, કે તેમનો ભેદ?' એ બે પ્રકારે ચિત્તમાં થતા સંશયને શાસ્ત્રની પરિભાષામાં **અસંભાવના** કહે છે, બીજી રીતે કહીએ તો, 'બ્રહ્મ ન હોવાનો સંભવ છે, અને જીવ તથા બ્રહ્મ તત્ત્વતઃ પણ જુદાંજુદાં હોવાનો સંભવ છે,' એવી રીતની સંદેહ-યુક્તતાની, અથવા તો 'બ્રહ્મ ન પણ હોય, તથા જીવ અને બ્રહ્મ એક ન પણ હોય, એ બનવા જોગ છે' એવી સંશયવૃત્તિની એ એ સંજ્ઞા છે. અને 'બ્રહ્મનો જીવથી ભેદ સત્ય છે; આત્મા દેહાદિરૂપ જ છે, બીજું કંઈ નહિ, દેહાદિ પ્રપંચ સત્ય છે, તથા આત્માનો તેનાથી અભેદ હોઈ શકતો નથી,' એ પ્રકારે માનવું, વસ્તુના સાચા અંતર્ગત અસલ સ્વરૂપનો ત્યાગ કરીને

તેના વિશે તેનાથી જુદા પ્રકારનો ખ્યાલ કરી બેસવું, તે વિપરીત અર્થાત્ સત્યથી ઉલટો નિશ્ચય એટલે કે **વિપરીત ભાવના છે.** દા. ત. નાળીયેર કહેતાં, છોડાં છોતરાં સહિતનું ટોપરું; તેમાં કોઈના કહેવાથી, નાળીયેરના સાચા સ્વરૂપને તે ટોપરૂં જ માનવું, અને તેનાં અન્ય આવરણોને ખોટાં જ જાણવાં, એ નાળીયેરનું દઢ પરોક્ષજ્ઞાન. તે પછી, તે વાતની સ્વાનુભવથી ખરાખરી કરી લેવી, એટલે કે તે એવું હોવાનું પ્રત્યક્ષ કરી લેવું, તે તેનું દઢ અપરોક્ષ જ્ઞાન થયુ ; અને જાતે અનુભવ કર્યા છતાં, કોઈના કહેવાથી કે અન્ય કારણથી ટોપરૂંજ નાળીયેરનું સત્ય સ્વરૂપ હોવા બાબત મનમાં સંદેહ રહી જવો, એ અદઢ અપરોક્ષ જ્ઞાન થયું, જે વારંવારના અભ્યાસ તથા જાતે પ્રત્યક્ષ પ્રયોગો કરવા રૂપ નિદિધ્યાસન વડે કરીને, દઢ પાકું થઈ શકે છે.

## (૧૫) અદઢ અપરોક્ષ જ્ઞાન થવાનું શું કારણ ?

દઢતા થવામાં નડતા કેટલાક અંતરાયોને લીધે તેવું બને છે. તે અંતરાયો છે :-

(૧) અન્તઃકરણમાં રહેલા પાછલા ભવોના વારસારૂપ **મલવિક્ષેપ** દોષ.

(૨) બ્રહ્મના અદ્વૈતપણાનો અસંભવ હોવાની માન્યતા તથા,

(૩) ભેદવાદી અર્થાત્ પામર પુરુષોની સંગત; એવું વખતોવખત ડગમગી જતું જ્ઞાન અપરોક્ષ છતાં અદઢ છે. તેવું અદઢ બ્રહ્મજ્ઞાન પણ એકજ રીતે થાય છે; જિજ્ઞાસુની પોતાની જાતમહેનત. તથા ગુરુમુખે મહાવાકયના સરહસ્ય શ્રવણ-થીજ. એમાં જે અદઢતાનો ભાગ રહે છે, તે જિજ્ઞાસુની

પોતાની જ આન્તરિક ત્રુટીઓને લીધે રહી જાય છે, નહિ કે ગુરુ કે શાસ્ત્રનાં વચનોમાં કોઇ ન્યૂનતા હોવાને લીધે.

**(૧૬) 'મલવિક્ષેપ દોષો' એટલે ?**

અહીં **મલ** એટલે અંતઃકરણનો અહંમમતારૂપી મેલ જાણવાનો છે. પુરુષની ઉન્નતિને આડે આવનારી અનુચિત ચિત્તવૃત્તિ- એને મેલ કહે છે. અંતઃકરણના મલના પ્રકારો ત્રણ :-

(૧) **વાસના;** એક તો પૂર્વજન્મમાં પૂર્ણ ન થતાં ચિત્તમાં અધુરી રહી ગયેલી પારાવાર ઇચ્છા-કામના-તૃષ્ણાઓ ભારોભાર રહે છે; અને તેમાં વળી, પૂર્વના સંસ્કારો અનુસાર ચાલુ ભવમાં નવી વાસનાઓ ઉમેરાતી જાય છે; તેને લીધે જન્મ-મરણના ફરજિઆત ચક્કરમાંથી જીવનો છૂટકારો થઇ શકતો નથીઃ

(૨) **ચંચલતા;** ઇન્દ્રિયોના નાનાવિધ વિષયોમાં ચિત્તનું ભટકવું, અને

(૩) **સ્વરૂપાજ્ઞાન:** એટલે કે 'હું ખરેખર કોણ છું, શું છું, એ હું જાણતો નથી' એવો ભ્રમ કે જેને લીધે ગોથાં ખાતો જીવ ભવોભવ પોતાને જ ઢૂંઢતો ભટક્યા કરે છે.

આમાંના (૨)ને વિક્ષેપ પણ કહેવામાં આવે છે, કેમકે તેને લીધે ધ્યાન, જપ, ઇત્યાદિમાં ચિત્ત સ્થિર થઇ શકતું નથી, પરંતુ બીજા કોઇ ખાસ અમુક વિષય કે વિષયો તરફ તે દોડી જાય છે, એને લીધે જ 'આ એ, પેલું......' એમ સંસાર વિસ્તાર પામે છે. (વિ=વિશેષ પ્રકારે, ક્ષેપ-ફેંકાવું, પ્રસરવું) એ **બાહ્યવિષયાકાર વૃત્તિ પણ** કહેવાય છે; તેને લીધે આત્મશ્રેયમાં ચિત્તની એકાકારતા રહેતી કે ઠરતી નથી; એકાગ્રતા વગર ઇહ

કે અન્ય લોકોમાં પણ, નથી થઇ શકતી કશાની યે સિદ્ધિ, ને સંસાર રહે છે વિસ્તરતો.

આ દોષ ચિત્તમાંથી દૂર થવા પામ્યા ન હોય ત્યાં સુધી ઇશ્વર–અનુગ્રહથી ગુરુદ્વારા, શાસ્ત્રોની સહાયથી અને આત્મકૃપા ( = સ્વ પ્રયત્ન ) વડે પ્રાપ્ત થયેલું બ્રહ્મજ્ઞાન પણ, લપસણું ને અદૃઢ રહી જાય છે.

## (૧૭) અદૃઢ અપરોક્ષજ્ઞાનનું પણ કંઈક શુભ ફળ તો હોવું જ જોઈએ. તે કેવું હોઇ શકે?

તેના ફળરૂપે તેવા મુમુક્ષુને ઉત્તમ લોકની એટલે કે ઉચ્ચ પ્રકારની સુખદ ચિત્તસ્થિતિ આવી મળે છે. બીજે ભવે તેવા જીવાત્માનો તેજસ્વી કુળમાં, અથવા જો તે જીવને સાથે સાથે નિષ્કામતા પણ પ્રાપ્ત હોય તો, જ્ઞાનીના કુળમાં જન્મ થાય છે. કેમકે જીવનની ઉત્ક્રાન્તિના અટલ નિયમાનુસાર, આત્મ-વિકાસને રૂંધતા અજ્ઞાનના નાશથી જીવાત્માને જ્ઞાન વડે આગળ વધવા અવકાશ તથા અનુકૂળતા મળતાં, તે આપોઆપ ઉચ્ચ કક્ષાઓને પામતો, પૂર્ણત્વ તરફ નિઃસંશય આગળ ધપ્યા કરવાનો જ.

## (૧૮) દૃઢ અપરોક્ષ બ્રહ્મજ્ઞાન કોને કહેવું?

આત્મા હશે કે નહિ? ન પણ હોય; ન જ હોઇ શકે; નથી જ: બ્રહ્મ ખોટું છે ને જગત જ સાચું છે, ઇ૦ તરંગો રૂપી ને અસંભાવના તથા વિપરીત ભાવનાઓ, તેનાથી મુકત થવું, તથા બ્રહ્મ અને આત્માના અભેદનો ચિત્તમાં પાકો અસંદિગ્ધ અનુભવનિષ્ઠ નિશ્ચય થવો, તે દૃઢ અપરોક્ષ જ્ઞાન.

**(૧૯) એ કેવી રીતે, ને શાથી થાય ?**

આચાર્યમુખે મહાવાક્યનું સરહસ્ય શ્રવણ યથાયોગ્ય પ્રકારે કરીને, તેનું મનન તથા નિદિધ્યાસન કરવાથી, સાધન-સંપન્ન મુમુક્ષુને તેની પ્રાપ્તિ થાય છે. તેમાં ઉપર જણાવેલી **કૃપાઓ** મુખ્ય ભાગ ભજવે છે.

**(૨૦) એ 'કૃપાઓ' તે શું છે ?**

(૧) આત્માની ઉત્ક્રાન્તિ માટેની મનુષ્ય દેહ, સદ્‌ગુરુ વગેરે ઉત્તમ સામગ્રી મળવી, તે **ઈશ્વરકૃપા:**

(૨) શાસ્ત્રના અર્થોને સમજીને ધારણ કરી શકવા, તે **વેદકૃપા;**

(૩) શાસ્ત્ર અને સ્વાનુભવ પ્રમાણે યથાર્થ ઉપદેશ મળવો તે **ગુરુકૃપા,** અને

(૪) શાસ્ત્ર અને ગુરુનાં વચનો અનુસાર અવિરત ધૃતિઉત્સાહ-પૂર્વક પ્રયત્ન કરીને સાધનસંપન્ન થઈ શકવું તે **આત્મકૃપા,** અર્થાત જાતમહેનત.

**(૨૧) તેવા જ્ઞાનથી શું પ્રાપ્ત થાય ?**

આત્માનું એટલે કે સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી **અભાનાપાદક આવરણની,** અને ચિત્તની ચંચળતા, તથા તેનું કારણ જે અવિદ્યા અર્થાત અજ્ઞાન, તેની, તેના વિક્ષેપરૂપ કાર્ય સહિત નિવૃત્તિ થવાથી, સ્વરૂપ બ્રહ્મની પરખરૂપ મોક્ષ, મુમુક્ષુને આપમેળે સિદ્ધ થાય છે. 'બ્રહ્મની પ્રતીતિ થતી નથી, એ દેખાતું નથી, એ પ્રકારનું **અ-ભાન** અર્થાત્ અપ્રતીતિને ઉપજાવનાર તથા સંઘરનાર જે

અજ્ઞાન–આવરણ, તે પરિભાષામાં **અભાનાપાદક આવરણ** કહેવાય છે.

**(૨૨) આવરણનું સ્વરૂપ જરા વિગતે કહો.**

વેદાન્ત શાસ્ત્રને સમજવા માટેની યુક્તિઓ અથવા રીતોને **પ્રક્રિયા** કહેવામાં આવે છે. તેવી પ્રક્રિયાઓમાં એક લઇએઃ– જીવની એવી સાત અવસ્થાઓ કહેવામાં આવે છે કે જેને લીધે આત્માને જીવભાવ (અર્થાત્ પોતે જન્મ મરણ પરિવર્તનશીલ કર્તા-ભોક્તા, સુખીદુઃખી વગેરે ભાવોથી ભરેલો સંસારી જંતુ હોવાનો ભાવ) લાગુ પડે છે. આ બધી અવસ્થાઓ વ્યષ્ટિને લાગેલી (અને તેથી "અવિદ્યા" કહેવાતી) **માયાના** જ પ્રકારો છે. (૧) પોતાના અસલ સ્વરૂપનું **અજ્ઞાન**, અને તેને લીધે ઊભું થવા પામતું (૨) આવરણ, અર્થાત્ સ્વરૂપભાનને આડે નડતો ઓછાડ; તેનું એક રૂપ છે **અસત્ત્વાવરણ**, એટલે કે બ્રહ્મની સત્તા (=હયાતી=સત્ ત્વ) છે જ નહિ, ને ઈશ્વર જેવું કશું છે જ નહિ, એવા પ્રકારની અજ્ઞાનમૂલક માન્યતા; અને બીજું છે **અભાનાવરણ** જેની વ્યાખ્યા આપણે પાછળ કરી ચૂકયા છીએ તે, સત્ય જ્ઞાનને ઢાંકતો અજ્ઞાનનો પ્રકાર; (૩) **વિક્ષેપ** (જેની ચર્ચા પણ થઈ ચૂકી છે) એટલે કે અહંતાનાં આવરણો વડે ખરી વસ્તુનું જ્ઞાન ઢંકાઇ જતાં, અજ્ઞાનનું પ્રાબલ્ય નિરંકુશ વધીને તેના પરિણામે સંસારી-ભાવ વિસ્તરતો જાય, તે સ્થિતિ; સુખદુઃખનો ભાવ કરાવનારો, દેહમાં હું–ભાવ રખાવનારો 'જીવ હું છું' એવો ખ્યાલ, જેને લીધે જીવ સંસારમાં સ્વ–ખુશીથી રચ્યોપચ્યો, તેને વિસ્તારતો, અને વિસ્તારના વધારા સાથે સ્વરૂપજ્ઞાનથી વધારે ને વધારે વેગળો ખસતો રહે છે.

આ થયાં **આવરણો;** અને તે પછી આવે છે અજ્ઞાનરૂપ

અવિદ્યાનાં એ આવરણોના નિવારણની અવસ્થાઓ; (૪) **અસત્ત્વાવરણનિવૃત્તિ:** બ્રહ્મ-પરમાત્માનું અસ્તિત્વ ન હોવાની માન્યતારૂપી જે અજ્ઞાન, તેનો શ્રુતિનાં સામાન્ય અવાંતર વાક્યો દ્વારા નાશ થવાની સ્થિતિ, (૫) **અભાનાવરણનાશ;**-એ પરમતત્ત્વનો અનુભવ નહિ થવા દેનારા અજ્ઞાન-ઢાંકણનો, મહાવાક્યના યથાયોગ્ય શ્રવણથી નાશ થયો તે સ્થિતિ, (૬) **વિક્ષેપનિવૃત્તિ** અથવા **શોકાપગામ,**-પોતે કર્તાભોક્તા હોવાના અહંકારરૂપી નાહકનો મોડ માથે લઈને ફરનારો અહંકાર સ્વરૂપ જે સંસારીભાવ, તે મટી જવાની, તથા તેમ થવાથી દુ:ખભાવનો નાશ થવાની સ્થિતિ; અને (૭) **નિરંકુશ તૃપ્તિ,**-આત્મજ્ઞાનની દૃઢતા, જેમાં મુમુક્ષુ રાગદ્વેષાદિ દ્વંદ્વોથી છૂટીને જીવન્મુક્ત બની રહે તે સ્થિતિ.

**(૨૩) એવું દૃઢ અપરોક્ષજ્ઞાન સિદ્ધ થયું ક્યારે કહેવાય ?**

શરીર ઈ૦ માં હું-ભાવના જ્ઞાનનો બાધ કરીને, સર્વવ્યાપક સર્વાન્તર્યામી **પરમાત્મા** બ્રહ્મના, તથા દેહમાં વસતા જણાતા **આત્માના** પરસ્પર અભેદનું અનુભવસિદ્ધ પ્રત્યક્ષ-અપરોક્ષજ્ઞાન થાય, ત્યારે તે સિદ્ધ થયું, એટલે કે કદી વિચલિત ન થવા પામે તેવું જામ્યું કહેવાય, તે સયુક્તિક વિચારવડે કરીને જ બની શકે છે, નહિ કે કોઇ પણ કર્મ-ક્રિયા વિધિથી.

## સર્ગ ચોથો

## સાધનવિચાર

### (૧) 'વિચાર' એટલે શું ?

આત્મા અર્થાત્ નિત્ય=સત્ય, અને અનાત્મા એટલે અનિત્ય=મિથ્યા, એ બેને એક બીજાથી ભિન્ન કરીને જાણવા તથા એ બેનું સાવ તાત્ત્વિક જુદાપણું બુદ્ધિપૂર્વક સમજવા માટેની મનની મહેનત,–તેનું નામ વિચાર.

### (૨) એવો વિચાર કયા હેતુથી, એટલે કે શેના વડે સિદ્ધ થાય?

પાછળ કહેલી ચાર કૃપાઓ વડે, એટલે કે એવી અનુકૂળતાઓ તથા પુરુષાર્થના સંયોગવડે. ( જુઓ સર્ગ ૩, પ્રશ્ન ૨૦ ).

### (૩) એનું ફળ શું ?

પોતાના મૂળ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપી દૃઢ અપરોક્ષ બ્રહ્મજ્ઞાન, કે જે સંપૂર્ણ દુઃખભાવના નાશનું, નિત્ય-નિરન્તર સુખભાવની સ્થિતિનું, અને કર્મબંધનથી મુક્તિરૂપી મોક્ષનું સીધું કારણ છે.

### (૪) આ 'વિચાર'નો અવધિ એટલે કે તેની પરિપૂર્ણતા ક્યારે જણાય ?

દૃઢ અપરોક્ષ બ્રહ્મજ્ઞાનની સિદ્ધિ થયે; કેમકે તે પછી કશું પણ કરવા કે વિચારવાનું નથી રહેતું. એ છે પરમ પુરુષાર્થનો પૂર્ણવિરામ.

## (૫) 'વિચાર'નો વિષય શો સમજવો ? એટલે કે, શેનો વિચાર કરવો ?

(૧) હું કોણ છું ? (૨) બ્રહ્મ શું છે ? (૩) આ બધું, દેહ, જગત્, ઈ૦ સકલ ભાસમાન પ્રપંચ, શું છે ? એ ત્રણ બાબતોનો.

## (૬) એ ત્રણનું સાધારણ સ્વરૂપ શું છે ?

હું અને બ્રહ્મ, ઉભય, એટલે કે (૧) અને (૨), ચૈતન્ય સ્વરૂપ છે, અને પ્રપંચ એટલે (૩), સ્વભાવે **જડ** છે. **સમષ્ટિ**, વ્યષ્ટિ; સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહો તથા એની અવસ્થાઓ અને તેમના ધર્મો, એ બધું **પ્રપંચ** કહેવાય છે. કેમકે એ પાંચ મહાભૂતોની યોજનાઓ છે.

## (૭) ચૈતન્ય શું છે ?

(૧) જે ચિત્–સ્વરૂપ એટલે કે માત્ર જાણવારૂપ અર્થાત્ જ્ઞપ્તિ (=જ્ઞાન) રૂપ છે; વળી (૨) સર્વ દૃશ્ય પ્રપંચને જાણનાર સાક્ષી, જે સ્વયં જ્ઞાન છે, તથા (૩) મન, ઇન્દ્રિયાદિક જેને જાણી શકતાં નથી, તેવું જે પરમ તત્ત્વ, તેની એ સંજ્ઞા છે.

તે પરમ તત્ત્વ બે પ્રકારે પ્રકટ થાય છે. (૧) **સામાન્ય ચૈતન્ય** એટલે કે, સૃષ્ટિ તેમજ તેનો પ્રત્યેક પદાર્થ જેને લીધે મન તથા ઇન્દ્રિયો વડે ગ્રાહ્ય બને છે (=જાણી શકાય છે) એટલે કે જે બધામાં સમાન પણે **ભાતિ** ( જણાય છે ) રૂપે રહેલું છે, તથા જેના વડે ઇન્દ્રિયો તથા મન પોતપોતાના વિષયોને 'જાણી' શકે છે, તે રૂપે; અને (૨) **વિશેષ ચૈતન્ય**, એટલે કે અવિદ્યા-

રૂપી જે માનવઅંતઃકરણ, અર્થાત્ વાસના, પૂર્વ સંસ્કારો ઈ૦નું જે અજ્ઞાનસ્વરૂપ જાળું, તેમાં અમુક વિશેષ મનોમય પ્રકારની પ્રવૃત્તિ અર્થે ચિદાભાસ તરીકે વિશેષ રૂપે એ અંતઃકરણને કર્તાભોક્તાભાવમયં સંસારી જીવજન્તુરૂપે સ્ફૂર્તિમાન–પ્રવર્તમાન કરીને તે જીવને કર્મફલભોગના ચક્કરમાં ગતિમાન રહેવા અવકાશ આપે છે તે; એ બન્ને છે તો એકજ અદ્વય નિરપેક્ષ તત્ત્વ; પરંતુ, સ્થળ અને કાર્ય પરત્વે બે રીતે માત્ર **કહેવાય** છે,—જેમ એક જ આકાશને સંજોગાનુસાર આકાશ, ઘટાકાશ ઇ૦ સંજ્ઞાઓ અપાય છે, તેમ.

પદાર્થમાત્રને સ્ફૂર્તિ આપતું, પ્રકટ કરતું તથા પ્રવર્તાવતું આ પરમ–તત્ત્વ " ચેતન " પણ કહેવાય છે; ઉપાધિઓને કારણે તેના જાણે કે ભેદ પડતા હોય એવું ભાસે છે, તે (૧) **ઈશ્વરચેતન;** માયાવિશિષ્ટ બ્રહ્મ; માયાને સ્વેચ્છાપૂર્વક ધારણ કરી રહેલું, જગતના કર્તા–ભર્તા–સંહર્તા-નિયંતારૂપ વિરાટ ઇશ્વર સ્વરૂપ, સમગ્ર સૃષ્ટિના સરવાળારૂપ ચેતન; (૨) **જીવચેતન;** અવિદ્યાવિશિષ્ટ બ્રહ્મ, અર્થાત્ વ્યાવહારિક અને પ્રાતિભાસિક ક્ષેત્રોમાં ( એટલે કે ભ્રાન્તિઓમાં ) પ્રવર્તતું જણાતું ચેતન; **જીવ** એટલે જીવાત્મા, વ્યક્તિગત અંતઃકરણયુક્ત આત્મા. એ જ વસ્તુ પરિભાષામાં બુદ્ધિ, અંતઃ-કરણ, ચિદાભાસ, કર્તાભોક્તા, ફલચેતન, સંસારી વગેરે પણ કહેવાય છે; એ મૂળસ્વરૂપે શુદ્ધ આત્મા બ્રહ્મ છે, પરંતુ અજ્ઞાનને લીધે પોતાને કર્તાભોક્તા, સુખી દુઃખી ઈ૦ માને છે; દેહ વગેરે નાશવંત અનિત્ય પદાર્થોમાં અહંતામમતા કલ્પીને, એ **હું, મારું,** એવી કલ્પના કરીને, નાહક પીડામાં પડે છે; પાપ-પુણ્યની ભ્રમણાઓ વડે કર્મમાં નિરંતર મગ્ન રહીને, એ જન્મમરણની અનિવાર્ય ફરજિયાત ઘટમાળમાં ભમ્યા કરવાની

ભ્રાન્તિ સેવે છે; એ છે વાસનાઓની ગાંઠડીરૂપી અંતઃકરણ, જેમાં ચૈતન્યની છાયા પડતાં એ તેના વડે સ્ફૂર્તિમાન થઈને પ્રારબ્ધના ભોગ માટે યોગ્ય શરીર ધારણ કરીને **સંસારમાં** ભટકે છે. **મલિન-સત્ત્વા** ( એટલે કે અજ્ઞાન રૂપી મેલથી યુક્ત ) **માયા** અર્થાત્ અવિદ્યાના વળગાડને લઈને એ, **સ્વરૂપે** તેનાથી સાવ જુદો હોવા છતાં, પોતાનામાં અલ્પશક્તિમત્તા, અલ્પજ્ઞતા, અથવા અજ્ઞતા, વિવિધતા, પરાધીનતા, અસમર્થતા, દેશકાળવસ્તુથી પરિચ્છિન્નતા ( ઘેરાયેલાપણું ) ઇત્યાદિ ધર્મો ( =લક્ષણો )નું આરોપણ કરીને વિનાકારણ દુઃખી થાય છે. શરીરમાં જીવ બધે વ્યાપેલો તથા તેનાથી સીમિત છે; ત્રણકાળમાં એની મર્યાદા છે; ત્રણ 'અવસ્થાઓ'નાં અભિમાની' એના અભિમાની છે, અને ત્રણ 'શરીરો' એની 'વસ્તુ' એટલે ભોગસામગ્રી તેમ જ તેનાં 'શરીરો' છે; એનું વિવેચન યથાસ્થાને આપણે આગળ ચાલતાં કરીશું.

ઉપાધિભેદે શરીરસ્થ ચેતનના પ્રકાર ત્રણ કહેવાય :—

(૧) **પારમાર્થિક**, તે નિરુપાધિક શુદ્ધ સાક્ષી કૂટસ્થ ચૈતન્ય,

(૨) **વ્યાવહારિક**, જીવ, તે ચિદાભાસ સહિત અંતઃકરણરૂપ અહંકારરૂપે જણાતું ચેતન; અને

(૩) **પ્રાતિભાસિક**, તે વ્યાવહારિક સ્થિતિમાં સ્વપ્નકાલે ભાસતો ભ્રાન્તિરૂપ જીવ.

### (૮) 'ચિદાભાસ' એટલે શું ?

ચિત્=જ્ઞાનરૂપ આત્મા; તેના જેવું જેનું "ભાસવું" થાય છે, પણ તેનાં લક્ષણો જેનામાં નથી એવો ચેતનનો અંતઃ-

કરણમાં ઊઠતો ભણકારો. એમ અંતઃકરણમાં ચિત્=જ્ઞાનશક્તિની જાણે કે છાયા પડવાથી, તે ચેતનવંતુ, ચેતનવાળું, એટલે કે **સ્ફૂર્તિમાન** થાય છે; જીવરૂપે પ્રારબ્ધ વ્યવહાર કરે છે; અને સ્વભાવે પોતે જડ હોવા છતાં, જાણે પોતે જ આત્મસ્વરૂપ ચૈતન્ય હોય એવું અહંકાર વડે તે માને છે; જેવી રીતે સરકારનો નોકર સરકારી-પણાના સાંનિધ્યને લીધે પોતે સરકાર જેવો પોતાને લાગે તથા વર્તે, અથવા જેવી રીતે એન્જીનના હડસેલાથી દોડતો ડબો, પોતે જાતે જઈને દોડતો હોવાનો ભ્રમ સેવી બેસે, તેવું અહીં આનું થવા પામે છે; તે જ જીવ, જેને આપણે પાછળ **વિશેષ ચૈતન્ય** પણ કહ્યું છે.

### (૯) અને 'જડ' શું છે?

જે (૧) પોતાને જાણતું નથી તથા (૨) બીજાને પણ જાણતું નથી, એવું જે અજ્ઞાન, અને તેના કાર્ય એટલે કે તેના પરિણામ રૂપ જે અંતઃકરણશૂન્ય ચેતનારહિત 'નિર્જીવ' ભૂતભૌતિક સૃષ્ટ પદાર્થો–એ બધું જડ છે, 'હું જાણતો નથી' એવા પ્રકારના વ્યવહારના હેતુરૂપ આવરણ–વિક્ષેપની શકિતવાળો જે ભાવરૂપ (અં૦ પોઝિટિવ) અનાદિ પદાર્થ, તે **અજ્ઞાન** છે. આકાશ વગેરે પાંચ ભૂતો તથા તેના કાર્યરૂપ પિંડ–બ્રહ્માંડાદિકનો **ભૂત-ભૌતિકમાં** સમાવેશ જાણવો. અજ્ઞાનને **અનાદિ ભાવ** કહેવાનું મુખ્ય કારણ એ છે, કે એ દશા ક્યારે શરૂ થઇ તેનો કોઈને કશો પત્તો લાગે તેમ નથી.

### (૧૦) ઉપર કહેલા ત્રણ પ્રકારના વિચારનો ઉપયોગ કેવી રીતે થાય?

तत्त्वमसि મહાવાકયમાં રહેલા त्वम् પદ અને तत् પદના

વાચ્ય (=લૌકિક) અર્થ, અનુક્રમે **જીવ** અને **ઇશ્વર** છે; ઉભયની ઉપાધિરૂપ અનુક્રમે જે અવિદ્યા તથા માયારૂપ પ્રપંચ ભાસે છે, તેને રજ્જુસર્પન્યાયે, સ્થાણુપુરુષન્યાયે કે મૃગજલન્યાયે, વિચારપૂર્વક મિથ્યા જાણીને, તેની સત્યતાનો મનવડે ત્યાગ કરવો, એ **પ્રપંચના વિચારનો** ઉપયોગ છે.

પાછળ કહ્યું તેમ, ચિદાભાસયુકત અંતઃકરણ સહિતનુ શરીરવ્યાપી જે કૂટસ્થ ચૈતન્ય, તે એવા અંતઃકરણની ઉપાધિવડે **જીવ** છે. ચિદાભાસયુકત માયાસહિતનું બ્રહ્મચૈતન્ય, તે, માયા ધારણ કરવાને લીધે **ઈશ્વર** છે. ઇશ્વરમાં ધાતુ ઈશ્ (=રાજ્ય કરવું, હકૂમત ચલાવવી) એ છે. જેની હકૂમત સમગ્ર દૃષ્ટાદૃષ્ટ વિશ્વ ઉપર ચાલે છે તે પ્રભુ, વિભુ અર્થાત સ્વેચ્છાથી ધારણ કરેલી શુદ્ધસત્ત્વા માયાયુક્ત બ્રહ્મ; એ જગતનાં ઉત્પત્તિ-સ્થિતિ-લય તથા ભૂતમાત્રના કર્મફલભોગનું નિયમન કરનાર પરમેશ્વર કહેવાય છે. અને બીજે પક્ષે, સમષ્ટિ તથા વ્યષ્ટિરૂપ ત્રણ "શરીરો," પાંચ "કોશ," તથા ત્રણ "અવસ્થા" આદિ, નામરૂપવાળું જે કંઈ છે, તે **પ્રપંચ** છે. તેનો અર્થ થાય છે "પાંચ ભૂતોની પ્રકૃષ્ટ પ્રકારની યોજનાઓ."

"હું આત્મા, તે ખરેખર બ્રહ્મ છું" એ પ્રકારે બ્રહ્મ અને આત્માના અભેદનો વિચાર કરીને, એ સત્યને ખરોખર જાણવું; અર્થાત્ "હું કોણ છું, બ્રહ્મ કોણ છે!" એ સમજવું—એ **વિચારનો** યોગ્ય ઉપયોગ છે.

**(૧૧) એવા વિચારનો અધિકારી કેવો હોય? એણે શું કરવું?**

આવા વિચારનો અધિકારી **ઉત્તમ જિજ્ઞાસુ** હોઈ શકે છે. શમાદિ સાધનોથી સંપન્ન, બ્રહ્મવિત્ આચાર્યના તથા વેદાંત-

શાસ્ત્રનાં વચનમાં પરમ વિશ્વાસવાળો, શ્રદ્ધાવાન, કદી પણ કુતર્ક નહિ કરનારો, સ્વરૂપને જાણવાની ઉત્કટ અભિલાષાવાળો જે અધિકારી, તે **ઉત્તમ જિજ્ઞાસુ.** તેવા ઉત્તમ અધિકારીએ સદ્-ગુરુની કૃપા વડે અદ્વૈતનો બોધ કરનારી પ્રક્રિયાઓનો વિચાર કરીને, "હું બ્રહ્મ છું" એ પ્રકારનો બ્રહ્મ–આત્માનો દઢ અપરોક્ષ અનુભવ સિદ્ધ કરવો, અર્થાત્ પૂર્ણત્વ પ્રાપ્ત કરવું, એ છે મનુષ્યનો પરમ પુરુષાર્થ, જીવનનો ખરો હેતુ.

**(૧૨) અહીં સાધનોથી સંપન્ન થવાની વાત કરી, તે સાધનો કયાં ? અને તેનાથી શો હેતુ સધાય ?**

હૃદયમાં અર્થાત્ બુદ્ધિમાં જ્ઞાનની ગેડ સરખી રીતે બેસે તે માટે, શાસ્ત્રોકત નિષ્કામભાવે કર્તવ્યકર્મોદ્વારા ચિત્તશુદ્ધિ, તથા ઇષ્ટની ઉપાસનાદ્વારા ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત થયા પછી, જ્ઞાન-પ્રાપ્તિની તૈયારી અર્થે સાધકે અનુસરવાનો જે સપ્તવિધ માર્ગ, તે શાસ્ત્રની પરિભાષામાં **સાધન** કહેવાય છે. એ સાત સાધનોનું એક મંડળ છે. એક છે **સાધનત્રયી** નામનું ત્રણનું, ને બીજું છે **સાધનચતુષ્ટય** નામે ચારનું. પહેલાં ત્રણ સાધનો તે:

(૧) **શ્રવણ**=વેદાન્તોનાં વચનો તથા અન્ય સદ્ગ્રંથોના વાચન તથા સત્સંગ ઈ૦ દ્વારા જીવ–બ્રહ્મની એકતાના જ્ઞાનનો ઉપદેશ વાંચવો–સાંભળવો, શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુને મુખે અવાન્તર તથા મહાવાકયોનો યથાયોગ્ય યુકિતપુરઃસર અર્થ સમજવો, અને શાસ્ત્રો શીખવાં, તે;

(૨) **મનન**=ઉપર પ્રમાણે કરેલા શ્રવણના મર્મનું પુનઃપુનઃ ચિંતન વડે સ્પષ્ટીકરણ, અને જીવ-બ્રહ્મના અભેદમાં સહાયક તથા તેના ભેદની બાધક થતી યુકિતઓ વડે અદ્વૈત બ્રહ્મનું અથવા

તો પોતાના અસલ (મૂલ) પારમાર્થિક સ્વરૂપનું ચિત્તમાં નિરંતર સમર્થન કર્યા કરવું તે; અને

(૩) **નિદિધ્યાસન**=એવા આત્મવિચારનો **સજાતીય** એટલે કે સિદ્ધાંતને અનુકૂળ એવો ચિંતનનો પ્રવાહ ચાલુ રાખતાં, તથા **વિજાતીય** અર્થાત પ્રતિકૂળ એવા ચિંતનપ્રવાહને ચિત્તથી વેગળો રાખતાં, છેવટે ચિત્તમાં તેવી સ્વરૂપભૂત એકતાનું સ્વભાવ જેવું નિઃસંશય દૃઢ થઇ જવું, તે. જ્ઞાનનાં આ ત્રણ અંતરંગ સાધનો કહેવાય છે, કેમકે તેના અનુશીલનમાં બાહ્ય જગત્ સાથે સંબંધ ન હોઈ, એ બધી તદ્દન સાધકના પોતાના અંતરની જ બાબતો છે.

પરંતુ તેવી આંતરિક સાધનાની સાવ પહેલાં નહિ, તોયે કંઈક તેના પ્રાસ્તાવિક રૂપે અને બધો સમય તેની સાથે-સાથે જ આચરવાનાં અમુક સાધનો પણ વિચારવાનાં છે. તે છે :-

(૪) **વિવેક**=( वि=વિશેષ પ્રકારે, विच् જુદું પાડવું ) એટલે કે નિત્યાનિત્ય તથા આત્માનાત્મ વસ્તુઓનો ભેદ કરી જાણવો તે. યોગ્યાયોગ્યતાનો નિર્ણય કરીને તથા સારાસાર સમજીને, જે શ્રેયસ્કર હોય તેને જ અનુસરવાની કળવકળ, તેનું નામ **વિવેક**. અધ્યાત્મ પરત્વે એ વિવેક કરવાનો છે પાંચ કોશો, ત્રણ દેહો, ત્રણ અવસ્થાઓ, ઇ૦ નો. તેનો મુદ્દો એ છે કે, જે નિત્ય, સત્ય, યોગ્ય અને સાર હોય તેનું જ ગ્રહણ કરવું, અને તેનાથી જે જુદા પ્રકારનું હોય તેની લત ન કરવી, એટલે કે તેમાં જીવ કદી ન પરોવવો, અર્થાત્ તેમાં રસ ન રાખવો :

(૫) **વૈરાગ્ય**=એટલે આ લોક તથા પરલોકના બધા જ રાગભોગોને પ્રારંભમાં દોષદૃષ્ટિયુક્ત વિવેકવડે નાશવંત જાણવાથી, તે સર્વ પ્રત્યે ચિત્તમાં ઉપજતી નીરસતા, આગ્રહી પ્રીતિનો અભાવ;

તેની દઢતા થતાં, તેવા વિષયોના સંબંધમાં વિમુખતા તેમજ રાગદ્વેષથી રહિતતાની સ્થિતિ; જગતનો સર્વ વ્યવહાર આસક્તિ-રહિત થઇ જવાની ચિત્તસ્થિતિ;

(૬) **ષટ્ સંપત્તિ**=તે છ: ૧. **શમ**=ચિત્તમાં વૃત્તિઓના નિરંકુશ ઉદ્દ્ભવ તથા વેગ ઉપર અંકુશ; ચિત્તવૃત્તિઓનું એકમાં સમીકરણ (sublimation), એટલે કે મનને યથેચ્છ સ્વચ્છંદ બહિર્મુખ ભટકતું અટકાવવું તે, મનોનિગ્રહ ૨. **દમ**=ઇન્દ્રિયોને વિષયોમાં ભટકતી રોકવી તે; તેમને એવી રીતે કાબૂમાં રાખીને તેને પ્રેરતી ચિત્તવૃત્તિઓને શમ–દમના સંયુક્ત ઉપાય વડે અંતર્મુખ રાખવી તે; ૩. **તિતિક્ષા**=સુખદુ:ખ, પ્રિયાપ્રિય, ટહાડતડકો ઇ૦ બધાં દ્વંદ્વોરૂપી દુ:ખોને મન પર ન લેતાં, તેની ઉપેક્ષા કરીને, તેમાંનું જે કાંઇ જે રીતે આવે તેની વગરસંતાપે તથા સાક્ષીભાવે બરદાસ્ત કરવી, તે: ૪ **ઉપરતિ**=એ પ્રકારની શિસ્તને પરિણામે વૃત્તિઓનું સર્વ ભોગવિષયોથી પાછું વળી જવું, તેના સેવન પરત્વે મનની અનિચ્છા થઇ જવી, તે; ૫ **શ્રદ્ધા**=વેદનાં તથા ગુરુનાં વચનોમાં અને સાધનના ધ્યેયમાં, 'તે શ્રેયસ્કર જ છે,' એવો સંપૂર્ણ ભરોસો, તથા તે પરત્વે શંકાસંશયનો અભાવ, અને ૬. **સમાધાન**=એ રસ્તે સાધન કરતાં ચિત્તે સમતા ધારણ કરવી તે; ચિત્તની સ્થિરતા; મન સમત્વવાળું, શાન્ત અને સંશયરહિત નીરાંતવું થઇ જવું, તે; અને ૭. **મુમુક્ષુતા**= સ્વરૂપના સંપૂર્ણ જ્ઞાનાનુભવરૂપી મોક્ષ માટેની અર્થાત્ દુ:ખભાવથી સંપૂર્ણ છૂટકારાની અને નિત્યનિરંતર સુખભાવની સ્થિતિરૂપી પૂર્ણત્વની પ્રાપ્તિ માટેની તીવ્ર ઉત્કંઠા, કે જેના ઉત્તેજન વિના કોઇ પણ મનુષ્ય સાધનની “ કડાકૂટ ”માં પડે જ નહિ; અને સાધનસંપન્નતા વિના જ્ઞાન, કે જ્ઞાનનો લેશ પણ થઇ શકે નહિ, એ દેખીતી હકીકત છે.

આ સાધનો તેમજ તત્સંપન્નતાની સ્થિતિ, ઈહ તેમજ આમુ-

ભિમક, વ્યાવહારિક તેમજ પારમાર્થિક,-ઉભય જીવનહેતુઓની સમ્યક્ સફળતામાં એટલી બધી પ્રસ્તુત અને ઉપકારક છે, કે તેનું તે દૃષ્ટિએ વધારે ઝીણું વિવેચન કરવા યોગ્ય છે.

**(૧૩) આ જે સાત આત્મસાધન કહ્યાં, તે વ્યાવહારિક તેમજ પારમાર્થિક, ઉભય ક્ષેત્રોમાં સમાનપણે ઉપયોગી અને આવશ્યક કેવી રીતે છે?**

ઉપયોગી અને આવશ્યક છે, એટલું જ નહિ, પરંતુ તેના વિના કોઇ પણ કાર્ય યથાયોગ્ય પાર પડી જ શકે નહિ. જુઓ, પ્રથમ લઇએ સાધનચતુષ્ટય-

(૧) **વિવેક**-એટલે સારાસાર નિર્ણયની ગતાગમ. બજારમાં બે પૈસાની વસ્તુ લેતાં પણ, તે માલ દામ પ્રમાણેનો, અને તેયે સારો છે કે નહિ, તેની બુદ્ધિપૂર્વક ચોકસાઈ કરવાની હોય છે; નહિ તો ધબડાઇ જઇએ. એ જ ગુણને પરમાર્થમાં આગળ વધારીને જે નિત્યાનિત્ય તથા આત્માનાત્માના નિર્ણય પરત્વે ન વપરાય, તો બધુ કર્યું કારવ્યું નિરર્થક થઈ પડે.

(૨) **વૈરાગ્ય**-અનિત્ય પરત્વે રસનો અભાવ; અહિતકરનો અસ્વીકાર; એટલે આપોઆપ હિતકરનો સ્વીકાર થયો. નરસા પરત્વે ઉદાસીનતા વ્યવહારમાં હોય જ, એ જ છે વિ-રાગતા, આસક્તિનો અભાવ. તે વિના સ્વચ્છ વ્યવહાર કેમ ચાલે? અને પરમાર્થમાં તો એ પાયારૂપ છે. આ બન્ને સાધનો એકબીજાનાં પૂરક છે.

(૩) **ષટસંપત**-શમ એટલે વિચારોનો સંયમ; દમ એટલે ઇન્દ્રિયોનો સંયમ; ઉપરતિ એટલે ખરેખરી અહિતકર વિષયોના અનુરાગ પરત્વે વિમુખતા, અરુચિ; તિતિક્ષા એટલે જે પરિસ્થિતિ

આવી પડે તેને સમતાથી નિભાવી લેવાની કળવકળ; **શ્રદ્ધા** એટલે આપ્ત તથા શાસ્ત્રોનાં વચનો સાચાં હોવાનો વિશ્વાસ; અને **સમાધાન** એટલે શંકાકુશંકા તથા તર્કને અવકાશ ન રહે તે પ્રમાણેનો જે તે વસ્તુ પરત્વેનો નિર્ણય, જેનાથી ચિત્તને સ્વસ્થતા રહે. જીવનને સફળ, અને કોઇપણ પ્રવૃત્તિને યશસ્વી બનાવવા માટે આ બધા જ ગુણો કેટલા બધા આવશ્યક છે? તે વિના કોઈ પણ કામ ચોકખું ન થઇ શકે.

બીજો ત્રણનો સમૂહ લઇએ—

(૧) **શ્રવણ**-જે વિષય સાથે કામ લેવું હોય, તેને લગતી સંપૂર્ણ માહિતી મેળવવી તે.

(૨) **મનન**-તેની આપણે માટેની યોગ્યતા અથવા અયોગ્યતાના નિર્ણય માટે તેનાં બધાં પાસાંને વિચારી લેવાં, તથા હિતસાધક યુક્તિ તથા તર્ક વડે નિશ્ચય ઉપર આવવું તે.

(૩) **નિદિધ્યાસન**-એ નિશ્ચય એવો દૃઢ બની જાય, કે તેની "ટેવ" પડી જાય, અને સહજ સ્વભાવે તે પ્રમાણે આપોઆપ વરતાઇ જવાય જ, તે.

પરમાર્થમાં, તેમજ વ્યવહારમાં આ પ્રકારની તાલીમ ધ્યેયસિદ્ધિ માટે સમાનપણે ઉપયોગી હોવાનું સ્પષ્ટ છે.

મતલબ કે, ઉભય ક્ષેત્રે **સાધનો** તો એક જ છે. તે ખૂબ કેળવાતાં, ઉભયમાં ઉત્તમ કામ આપે; ને તેની ગેરહાજરી ઉભયમાં વિઘાતક થઈ પડે.

તેથી, જ્ઞાનમાર્ગની મોટીમોટી પરિભાષાથી ગભરાઇ જવાની જરૂર નથી. વ્યવહારમાં જે આવશ્યક છે, તેનાથી પરમાર્થમાં કોઇ જુદાં લક્ષણોની અહીં વાત નથી; એમ ગેડ બેસવાથી, અધ્યાત્મને નામે ભારેખમ થઇ જવાપણું નહિ રહે.

# સર્ગ પાંચમો

## પ્રપંચ પ્રકૃતિ

**(૧) પાછળ પ્રપંચનો અછડતો ઉલ્લેખ થયો, કે પાંચ મહાભૂતોની રચના તે પ્રપંચ, એ મહાભૂતો શું છે ?**

વ્યષ્ટિ અર્થાત વ્યક્તિગત બધા જ પદાર્થો, તેમજ બધા પદાર્થોના સમુદાય-સરવાળા રૂપ **સમષ્ટિ;** એ ઉભય સંપૂર્ણપણે જેમાંથી ઉપજેલી બનાવટો છે, એવાં પાંચ મૂળતત્ત્વોની એ સંજ્ઞા છે. ભૂ=થવું, તેનું ભૂતકૃદંત ભૂત=થયેલાં; સર્વ પ્રથમ ઉપજેલાં-કે જેને કોઈ રૂપરંગઆકાર ન હોવાથી વિશિષ્ટ નામ આપી શકાતું તથી, તેથી ફક્ત **થયેલાં**=ભૂત, એ જ એની સંજ્ઞા છે. એ છે :—

(૧) **આકાશ**=અવકાશ, ખાલીપણારૂપ તત્ત્વ, (અં૦સ્પેઇસ, ઇથર પ્રિન્સિપલ) : જેમાં સંપૂર્ણ વિશ્વની સ્થિતિ છે, અને તેથી જે સર્વનો આશ્રય છે, એવું એ અદૃશ્ય પરંતુ સર્વવ્યાપક વિદ્યમાન તત્ત્વ, જે સૃષ્ટિનો સ્થૂલ સારભાગ છે.

(૨) **વાયુ**=અવકાશ કદી ખાલી રહેતો નથી, એવા પદાર્થ-વિજ્ઞાનના અકાટ્ય નિયમાનુસાર, આકાશ દૃશ્ય પદાર્થોથી સંપૂર્ણપણે ખાલી દેખાતું છતાં સંપૂર્ણપણે ખીચોખીચ જેનાથી ભરેલું છે તે, અદૃશ્ય હવા-તત્ત્વ ( અં૦ ગૅસ પ્રિન્સિપલ ), જે પ્રત્યેક " ખાલી " સ્થાનને ભરેલું રાખે છે.

(૩) **તેજ**=ઉષ્મા, પ્રકાશ તત્ત્વ (અં ૦ લાઈટ-હીટ પ્રિન્સિ-પલ) 'અગ્નિનું સૂક્ષ્મતમ સ્વરૂપ, જે અદૃશ્ય વાયુઓ (દા૦ ત૦ આગ્નેય વાયુ-ઓકસીજન વગેરે) માંથી ઘર્ષણાદિ વડે પ્રકટે છે, અને સ્થૂલરૂપમાં જે પાંચમાં સર્વપ્રથમ દૃષ્ટિગોચરતા ધારણ કરે છે એટલે કે આંખે દેખી શકાય છે, તેવુ તત્ત્વ, અર્થાત્ તેનો સારભાગ.

(૪) **જળ**=જે વાયુ અને ઉષ્માથી પ્રકટે છે તે, દ્રવણતા ગુણરૂપ તત્ત્વ (અ ૦ પ્રિન્સિપલ ઓફ ફ્લુઇડિટી), અને

(૫) **પૃથ્વી**=અથવા ઘનત્વના નિયમરૂપ તત્ત્વ (અં ૦ પ્રિન્સિપલ ઓફ સોલિડિટી).

જેને પંચીકરણ કહેવામાં આવે છે તે ધોરણે એ બધાં મિશ્રિત થાય, ત્યારે જ વ્યવહાર્ય અને ગ્રાહ્ય બને છે, તે વિના નહિ; અને તેમ થતાં સુધી, એ પાંચ તત્ત્વોને **સૂક્ષ્મ** અથવા **અપંચીકૃત મહાભૂતો** કહેવામાં આવે છે, જે તેમના શુદ્ધ સ્વરૂપમાં માત્ર **તત્-ત્વ** એટલે કે સર્વ ઈન્દ્રિયગ્રાહ્ય પદાર્થોના અમૂર્ત શુદ્ધ સારમાત્ર (અં ૦ ફન્ડામેન્ટલ સેન્સ-પ્રિન્સિપલ્સ) છે, અને ઈન્દ્રિયો વડે પકડી શકતાં નથી. તેનું પંચીકરણ થયા પછી જ મિશ્રરૂપે તે પરખાવા-પકડાવા એટલે કે વ્યવહાર કરવાને યોગ્ય બને છે; અને જેને આપણે જોતા હોઇએ, પાંચ ઇન્દ્રિયો તથા મનવડે જેને અનુભવતા હોઈએ, એવું જે લાગે છે, તે સૃષ્ટિ **તેમાંથી** બને છે.

સંપૂર્ણ ઇન્દ્રિગ્રાહ્ય સૃષ્ટિ પાંચ ભોગ્ય વિષયોમાં વહેંચાયેલી છે-શબ્દ, સ્પર્શ, રૂપ (આકાર), રસ (દ્રવર્ણતા) અને ગંધ. તેથી, એ પાંચ ભૂતો તેમના સૂક્ષ્મ રૂપમાં પાંચ ભોગ્ય વિષયોના સારરૂપ ગુણમાત્ર છે. આકાશનો ગુણ છે **શબ્દ**

( સાઉન્ડ ) કેમકે અવાજ પોલાણમાં જ થાય છે; વાયુના ગુણો **શબ્દ** અને **સ્પર્શ** ( ટચ ); તેજના **શબ્દ, સ્પર્શ** અને **રૂપ** ( =દશ્યતા, અં ૦ વિઝિબિલિટી ); જળના **શબ્દ, સ્પર્શ, રૂપ** અને **રસ** (=દ્રવણતા-ફ્લુઈડિટી), ને પૃથ્વીના **શબ્દ, સ્પર્શ, રૂપ, રસ** અને **ગંધ** ( વાસ ધારણ કરવાની શક્તિ) પંચીકૃત ભૂતોમાં એ જ ગુણો મિશ્રરૂપે ઊતરી આવે છે, અને જેમાં જેનું આધિક્ય હોય તેને નામે તે ઓળખાય છે.

આ શબ્દાદિ પાંચ વિષયો પણ તેના સૂક્ષ્મ અવ્યવહાર્ય તાત્વિક ( અં ૦ પ્રિન્સિપલ્સ ) રૂપમાં **તન્માત્રાઓ** કહેવાય છે. કોઇ પણ તત્ત્વ ( એલિમેન્ટ ) તેના શુદ્ધ સ્વરૂપમાં વ્યવહાર્ય નથી, એ પદાર્થવિજ્ઞાનનો સિદ્ધાન્ત છે.

એ અપંચીકૃત મહાભૂતો પ્રાણીના વ્યવહાર–ઉપયોગમાં સૂક્ષ્મ રીતે ૧૭ તત્ત્વોરૂપે આવે છે. અહીં સર્વપ્રથમ એ યાદ રાખવાનું છે કે સમસ્ત **પ્રકૃતિ** ( એટલે કે નિસર્ગ, કુદરત, અર્થાત્ સમસ્ત સરજત, ) સત્ત્વ, રજસ અને તમસ, એ ત્રણ ગુણોની બનેલી છે, ને પ્રત્યેક દષ્ટાદષ્ટ પ્રદાર્થમાં એ ત્રણેય ગુણો, પરિમાણભેદથી પ્રવર્તે છે; કેમકે સ્વયં મહાભૂતો પણ પ્રકૃતિનાં જ અંગો હોઇ, વસ્તુના ત્રણ ગુણોના જ સમુદાયો છે. તેમાંથી જે ૧૦ તત્ત્વો બને છે તે:–

(૧) **શ્રોત્ર** = સાંભળવાની શકિત ( શબ્દગ્રહણ ); એ આકાશમાં રહેલા ત્રણ ગુણોમાંના તટસ્થ એવા સત્ત્વગુણ ( સ્ટેડિનેસ ) નો અંશ છે. સત્ત્વ=સ્થિર જ્ઞાન, અને શ્રવણ એટલે જાણવું, અર્થાત્ જાણવારૂપી શુદ્ધ જ્ઞાન; તેથી, શ્રોત્ર સત્ત્વાંશ છે. એમાં સારા–ખરાબપણું સ્વત: હોઇ શકતું નથી, કેમકે એ શુદ્ધ ગુણ છે. આકાશ=અવકાશ, પોલાણ, ઇથર-એ જ્યાં

હોય ત્યાં જ નાદ સંભવે, નક્કરમાં નહિ. નક્કર લાગતા પદાર્થમાં પણ અવાજ પેદા કરી શકાય છે, પરંતુ તે કહેવાતા નક્કરના પણ અણુઓમાં રહેલાં સૂક્ષ્મ પોલાણોના અવકાશોને લીધે કરી શકાય છે.

(૨) **વાક્**=વાણી, જેમાં ક્રિયા કરવાની હોવાથી, તે આકાશનો રજોગુણ અંશ છે. રજોગુણ ક્રિયા (=ગતિ) સૂચવે છે; અને શબ્દ અથવા નાદ કે ધ્વનિ, આકાશમાં ગતિ કરે છે; તેથી તે કર્મેન્દ્રિય છે, જ્યારે શ્રોત્ર સ્થિર (સ્થિરતા સત્ત્વગુણ હોવાથી) રહીને સાંભળે છે, તેથી તે જ્ઞાનેન્દ્રિય છે.

(૩) **ત્વચા**=સ્પર્શ કે જે વાયુના સત્ત્વગુણનો ભાગ હોઈ, જ્ઞાનેન્દ્રિય છે. અને

(૪) **પાણિ**=હાથ, એટલે કે આદાન-પ્રદાન શકિત, જે માનવીને ક્રિયાવડે પ્રવર્તનાર હોવાથી વાયુનો રજઅંશ કર્મે-ન્દ્રિય છે;

(૫) **ચક્ષુ**=દર્શનશક્તિ; આંખનો ગુણ; આંખ જ્યાં હોય ત્યાં જ સ્થિર રહીને જોતી હોવાથી એ તેજનો સત્ત્વાંશ, જ્ઞાનેન્દ્રિય છે, અને

(૬) **પાદ**=ગમનશક્તિ, પગ જે આગળ-પાછળ જનારું સાધન, ક્રિયાત્મક હોવાથી, તેજનો રજભાગ કર્મેન્દ્રિય છે:

(૭) **જિહ્વા** = રસન, જીભનો ગુણ, સ્વાદ; રસ વિના સ્વાદ હોય નહિ, ને રસ પારખનારી ઇન્દ્રિય જીભ છે, તે પોતાને સ્થાને રહીને પોતાને પ્રાપ્ત થતા રસનું ગ્રહણ કરે છે, તેથી તે જળનો સત્ત્વાંશ જ્ઞાનેન્દ્રિય છે, જ્યારે

(૮) **ઉપસ્થ**=જળના રજોગુણનો ક્રિયાશીલ અંશ હોઇ, ક્રિયામાં પ્રવર્તનારી કર્મેન્દ્રિય છે;

(૯) **ઘ્રાણ**=સુંઘવું, વાસગ્રહણ; એ કાર્ય, નાક જયાં હોય છે ત્યાં રહીને જ કરે છે, તેથી તે પૃથ્વીનો સત્ત્વાંશ, જ્ઞાનેન્દ્રિય છે; અને

(૧૦) **પાયૂ**=પૃથ્વીમય ગંધના ત્યાગનું કર્મ કરનારી, પૃથ્વીનો રજઅંશ કર્મેન્દ્રિય છે.

(૧૧ થી ૧૫) **પાંચ પ્રાણ;–મુખ્ય પ્રાણ, અપાન, વ્યાન, સમાન** અને **ઉદ્દાન;** જે રૂપો વડે શરીરમાં **પ્રાણ** જે ફરજો બજાવે છે તે અનુસાર તેની સંજ્ઞાઓ પડે છે. એનો વિચાર આગળ યથાસ્થાન કરાશે.

એ પાંચેય, સૂક્ષ્મભૂતોના સામૂહિક રજઅંશમાંથી ઉપજેલા છે, કેમકે તે બધા ક્રિયા કરનારા–કરાવનારા, વિવિધ ગતિઓના સ્વામી છે. અને

(૧૬ ને ૧૭) **મન** તથા **બુદ્ધિ;** બધી વૃત્તિઓનું જે ઉદ્ભવ-સ્થાન છે, તે; બધી જ ઇન્દ્રિયોની કાર્યવાઈના રિપોર્ટ સ્વીકાર-નારી કચેરીરૂપી અંતઃકરણનાં બે મુખ્ય ખાતાંઓના એ બે વડા અધિકારીઓ છે. એમાં અનુક્રમે **ચિત્ત** અને **અંહકાર**નો સમાવેશ અહીં માની લીધો છે. એ અંતઃકરણ પાંચે ભૂતોના સત્ત્વાંશમાંથી પ્રગટે છે, અને તે પોતે કહેવાય છે જ **સત્ત્વ,** અર્થાત્ અંતઃકરણ સ્વભાવે કરીને નિર્મળ સત્ત્વ જ છે, જેમાં વાસનાઓ, સંસ્કારો ઇ૦ના રંગ જયારે અને જેમ ભળે છે ત્યારે અને તેમ તેને રંગે એનો રંગ ભાસે છે; જો કે

મૂળરૂપે એ રંગરહિત શુદ્ધ સત્વ જ છે. (અહીં સ્ફટિક, જપાકુસુમનું દૃષ્ટાન્ત અપાય છે.)

આ બધી વિભૂતિઓ સૂક્ષ્મ છતાં જ્ઞેય તત્ત્વો છે, અને તે ૧૭ (અથવા ચિત્ત અને અહંકારને ભિન્ન ગણીએ તો ૧૯) મળી મનુષ્યનો સૂક્ષ્મ (-લિંગ-) અર્થાત જીવાત્માનો સંકેતરૂપ વાસનાદેહ બને છે, જે કર્મફલ-સંસ્કાર-વાસનાની માત્ર અચેતન જડ ગાંઠ છે, એટલે કે આત્માના અજ્ઞાનને લીધે તેને લાગેલો એ વળગાડ છે; જ્યારે જીવાત્માને સાચા સ્વપનું ભાન થાય છે, ત્યારે જીવાત્મા એના તે વળગાડરૂપને જાણી લઈને એને ફેંકી દે છે, ને પોતે જાણે કે પોતાના ખોવાઇ ગયેલા અસલ આત્મબ્રહ્મત્વને, પુઃન પામે છે, જાણે છે. એ બધાં તત્ત્વોનો સાક્ષી, તે સર્વથી નિરાળો આત્મા, જે સર્વને ભાસમાન તથા સ્ફૂર્તિમાન કરનારો છતાં સર્વથી ન્યારો, નિર્લેપ છે, એમ જાણવું, એ પાંચ ભૂતોનો વિવેક છે.

### (૨) આત્મા 'હું' એ બધાથી નિરાળો છે, એવું આપ કહો છો, તે કેવી રીતે?

'હું' એટલે કોણ? આ શરીર? ના; કેમકે એને હું 'મારું શરીર' કહું છું. અને વળી, શરીર જડ છે, જ્યારે હું તેને જાણનારો ચેતન છું, તેથી, હું શરીરથી ભિન્ન, તેનો માલિક હોઇ, કોઇ બીજી જ વસ્તુ છું. તેવું જ ઇન્દ્રિયો મન ઇ૦ સર્વ દેહાદિસંઘાત તથા તેના ઘટકો પરત્વે યોજી લેતાં સ્પષ્ટ વરતાય છે કે હું તે સર્વ જડ પ્રપંચોનો સાક્ષી, સર્વને જોનારો, મન સુદ્ધાંતને જાણનારો, તે સર્વથી ભિન્ન એવું કોઇ ચેતન -બુદ્ધિ તત્ત્વ છું.

અરે, જીવ પણ હું નથી, કેમકે 'મારો જીવ આમ ને મારો જીવ તેમ' એવો આપણે વાણી તથા વર્તનનો વ્યવહાર કરીએ છીએ જ, ને અજાણતાં તોયે જ્ઞાનનાં વેણ ઉચ્ચારીએ છીએ. જીવ પણ વાસના, કર્મફળ, સંસ્કારો ઇ૦ નો જડ સમૂહમાત્ર છે, ને હું તેને પ્રવર્તાવનારો, તદ્દન સાક્ષીભાવે તેનો ઉપયોગ કરનાર ચૈતન્ય, તે સર્વના સત્ત્વ, તે સર્વના રસ રૂપ છું. જ્યારે હું, મારા એ જીવ સાથેના નિકટના સબંધને લઈને, મને પોતાને જીવ માનું છું, ત્યારે અને ત્યાં સુધી જ હું સુખદુઃખનો કર્તા–ભોક્તા મને પોતાને માનીને, દુઃખ દુઃખના દાળિયા થવાની ભ્રમણા સેવું છું. એ જ છે માયા, કે અવિદ્યા, જે કહો તે, એવા ખોટા ખ્યાલો કરાવનારું વિચિત્ર તત્ત્વ.

પરંતુ તત્ત્વના સ્પષ્ટ જ્ઞાન વડે મારાં વિવેકચક્ષુ ઉઘડતાં, તરત જ આ બધા ખેલ-તમાશાનો મારા અસંગ, નિર્લેપ, સુખ રૂપમાં લય કરીને હું સ્વ–બ્રહ્મ–સ્વરૂપમાં દૃઢ સ્થિતિ પામું છું; અને તેવું થવા પામે તે અર્થે જ, મુમુક્ષુએ આ પંચીકૃત પ્રપંચનું પૃથક્કરણ કરી લેવું જરૂરી છે. સર્વ પ્રપંચનું ઉપાદાન કારણ જે માયા, તે પાંચ ભૂતોરૂપી પોતાની જાતમાંથી, અને તે વડે, બધી, રચના' રચે છે.

એ પંચીકરણ ઈત્યાદિ પ્રક્રિયાઓનું અનિત્ય અનાત્મ-સ્વરૂપ ગળે ઉતર્યા વિના, આત્માની તે સર્વથી વ્યાવૃત્તિ વિવેકદ્વારા બુદ્ધિપૂર્વક કળી શકાય નહિ. માટે, પંચીકરણ બરોબર સમજી લેવું જોઇએ, કે જેથી યથાકાળ **લયક્રમની** ફાવટ આવવા પામે. અહીં માત્ર ચાલુ વિષયની સમજ માટે ટૂંકાણમાં આ વ્યાવૃત્તિની પ્રક્રિયાનો ઇશારો કર્યો છે, પરંતુ આગળ ચાલતાં યથાસ્થાને તેની વિગતે વિચારણા તો આપણે કરવાની રહેશે જ. (વ્યાવૃત્તિ એટલે જુદાપણું, અલગતા.)

### (૩) એ પંચીકરણ શું વસ્તુ છે?

પંચીકરણ એટલે પાંચ સૂક્ષ્મભૂતોનું એવી રીતનું મિશ્રણ કે જેના વડે સૃષ્ટિની રચના બની શકે. પાશ્ચાત્ય પદાર્થવિજ્ઞાન પણ એલિમેન્ટ્સની વ્યવહાર્યતા વિશે એ જ કહે છે. દરેક તત્ત્વના બબ્બે ભાગ થાય; તેમાંના દરેકનો અડધો અડધો ભાગ અનામત રહે, ને બાકીના અડધાના ચચ્ચાર ભાગ થાય; અડધાના ચાર, એટલે આખાનો પ્રત્યેક આઠમો ભાગ થયો; એવા પ્રત્યેકના ચચ્ચાર અષ્ટમાંશ થયા; તે પ્રત્યેકના અકકેક અષ્ટમાંશ બીજાઓના પેલા અડધા અનામત સાથે મેળવાય; એમ દરેક તત્ત્વના અડધામાં અન્ય દરેકનો અષ્ટમાંશ મળે :-

આકાશ=આકાશ ૧/૨ + વાયુ ૧/૮ + તેજ ૧/૮ + જળ ૧/૮ + પૃથ્વી ૧/૮ =૧
વાયુ= વાયુ ૧/૨ + આકાશ ૧/૮ + તેજ ૧/૮ + જળ ૧/૮ + પૃથ્વી ૧/૮ =૧
તેજ= તેજ ૧/૨ + આકાશ ૧/૮ + વાયુ ૧/૮ + જળ ૧/૮ + પૃથ્વી ૧/૮ =૧
જળ= જળ ૧/૨ + આકાશ ૬/૮ + વાયુ ૧/૮ + તેજ ૧/૮ + પૃથ્વી ૧/૮ =૧
પૃથ્વી=પૃથ્વી ૧/૨ + આકાશ ૧/૮ + વાયુ ૧/૮ + તેજ ૧/૮ + જળ ૧/૮ =૧

એવી રીતના તત્ત્વોના મિશ્રણ વડે જે મિશ્ર મહાભૂતો થાય તે **પંચીકૃત** પંચમહાભૂત; અને તેના વડે, દશ્યમાન ઈન્દ્રિયગોચર વ્યવહાર્ય સૃષ્ટિ બને. **પ્રક્રિયામાં કહેલાં આ પરિમાણોને (માપોને) અક્ષરશઃ ન પકડી બેસીએ તોયે ચાલે. મૂળ મુદ્દો છે તત્ત્વોના મિશ્રપણાનો, જે આધુનિક પદાર્થ-વિજ્ઞાનમાં પણ તેવોજ સાચો છે.**

### (૪) પ્રાણ, તેનાં કર્તવ્યો અને તેનું સ્વરૂપ શું છે?

પ્રાણ=શ્વાસોચ્છ્વાસ વડે શરીરને સ્ફૂર્તિમાન, ગતિમાન, તથા શક્તિમાન રાખનાર વાયુ. તે એક જ હોવા છતાં, શરીરમાં આવ-

શ્યકતાનુસાર એ જે જે જુદાં કાર્યો કરે છે, તે તે લેખે તેના પાંચ પ્રકાર કહેવાયા છે.

(૧) **મુખ્ય પ્રાણ:** એનું સ્થાન હૃદય અર્થાત્ બુદ્ધિ[૧] ૨૪ કલાકમાં માણસ સરેરાશ ૨૧૬૦૦ શ્વાસોચ્છ્વાસ લે-મૂકે છે, ને તે વડે 'જીવે' છે.

(૨) **અપાન:** તેનું સ્થાન મળસ્થાન, એ મળમૂત્રનો ઉત્સર્ગ કરાવે છે; શરીરમાંથી કચરો કહાડીને સાફ કરે છે, ને અન્નને ઉદરમાં ઉતારવાની ક્રિયા પણ કરે છે.

(૩) **સમાન:** તેનું સ્થાન નાભિ; તે ખાધેલા અન્નના રસને આખા શરીરમાં સરખી રીતે પહોંચાડીને તેને પુષ્ટ કરે છે.

(૪) **ઉદાન:** તેનું સ્થાન કંઠ; ખાધેલાં અન્નજળને તે છૂટાં પાડે છે, ને સ્વપ્ન, હીચકી, છીંક, વગેરે દ્વારા પ્રત્યક્ષ થાય છે, તથા શરીર પડતાં, સૂક્ષ્મ દેહને એ જ ઉત્ (=ઉપર, દેહ બહાર) વહી જાય છે; અને

(૫) **વ્યાન:** તે આખા શરીરની બધી નાડીઓમાં, જ્ઞાનતંતુઓમાં પ્રસરેલો, બધા સાંધાના હલન-ચલનની જવાબદારી સંભાળે છે.

આ પ્રાણો વડે જ બળ, ઇન્દ્રિયોની ગતિ, બુદ્ધિનું ઓજસ્, અને કાર્યશક્તિની પ્રવૃત્તિ થઇ શકે છે; કેટલાક મતમાં, તે પાંચ ઉપ-પ્રાણો રૂપે પ્રવર્તે છે:

(૧) નાગ: સ્થાન હૃદયપ્રદેશ, ઉત્કારની ક્રિયા કરાવનાર.

---

૧. ઑક્સિજનના પૂરવઠા વિના મગજ તત્ક્ષણ શૂન્ય, નિષ્ક્રિય, બેહોશ બની જાય છે; બુદ્ધિ વડે જ પ્રાણોનો યથાયોગ્ય યોગ તેમજ ઉપ-યોગ થઇ શકે છે, અન્ય કશા વડે નહિ. તેથી તે ચેતનની બહુ નજીક છે.

(૨) કૂર્મ : સ્થાન આંખો, આંખની ઉઘાડમીંચની ક્રિયા કરાવનાર.

(૩) કૃકલ : સ્થાન નાક, છીંક વગેરે કરાવનાર.

(૪) દેવદત્ત : સ્થાન કંઠ, ઊલટી વગેરે ક્રિયા કરાવનાર, અને

(૫) ધનંજય : સ્થાન બ્રહ્મરંધ્ર, શરીરનું અવધારણ કરનાર.

પણ, વેદાન્ત મત આ પાંચને પ્રાણાદિ પાંચમાં અંતર્ગત માને છે, ને નિરર્થક કડાકૂટથી દૂર રહે છે.

પ્રપંચનું સ્વરૂપ સંક્ષેપમાં આ પ્રમાણે છે; અને આત્મા તેને **જાણે** છે, આમાં સર્વને તેમ જ પ્રત્યેકને જાણનારો એ આત્મા, તે સર્વથી નિરાળો છે; તેનામાં એમાંની એક પણ વસ્તુ નથી; ને પ્રપંચ તો તેનામાં છે જ નહિ, છતાં જાણે કે બધો પ્રપંચ "આત્મા"માં જ હોય, તેવો લૌકિક દૃષ્ટિને આભાસ થાય છે, જેને કારણે પ્રાણી પોતાના શરીરને કે મનને કે ઇન્દ્રિયાદિકને "હું" કહીને આત્મામાં દેહાદિ પ્રપંચનું તથા દેહાદિ પ્રપંચમાં આત્માપણાનું આરોપણ કરતો ગોથાં ખાય છે. આ સર્વ અચેતન **પ્રપંચ જ પ્રકૃતિ** છે; જડ પ્રકૃતિની તેના ચેતન અધિષ્ઠાન (આધાર, ભગવાન) બ્રહ્મ સાથે એકતા હોવાનો જે ગોટાળો અજ્ઞાનીઓ કરી બેસે છે, તેની આપણે આગળ ઉપર પદ્ધતિપુરઃસર ખબર લઇશું.

## (૫) પ્રકૃતિનું શું સ્વરૂપ છે ?

**પ્રકૃતિ** એટલે ઇશ્વરનું સૃષ્ટિ રચવાનું સ્વેચ્છા રૂપી માધ્યમ, અર્થાત્ ઈશ્વરનો સ્વભાવ; તેને ઇશ્વરનું ઇક્ષણ પણ કહે છે; અથવા, **માયા** તેમજ તેના ફળરૂપ સંપૂર્ણ સ્થૂલ સૂક્ષ્મ સરજત;

પ્રત્યેક પદાર્થનો સહજ સ્વભાવ પણ જેની તેની પ્રકૃતિ કહેવાય છે; તેનું નામ **કુદરત** પણ છે, ઈશ્વરની કારીગરી.

**વ્યષ્ટિમાં,** પ્રકૃતિ એટલે મનુષ્યોનો સ્વભાવ, અર્થાત્ પ્રત્યેક શારીરિક ચેષ્ટાને પ્રેરનારી જે વૃત્તિઓ હોય છે, તેને પ્રેરનારા અંતરના સંસ્કારો.

**સમષ્ટિમાં,** પ્રકૃતિ એટલે પરમાત્માની શક્તિ અથવા ઇચ્છા કે માયા. એ માયા (૧) **પરા,** એટલે કે **સૃષ્ટિ** રચવાની ઈચ્છામાત્રરૂપ શુદ્ધ સાત્ત્વિક ચેતનસ્વરૂપ રચનાસંકલ્પ, અવ્યક્ત કલ્પનામાત્ર, અને (૨) **અપરા** અર્થાત્ સૃષ્ટિ તથા તેના સ્થૂલ પદાર્થોરૂપે વ્યક્ત થતી રજતમગુણોવાળી સરજત,–એવાં બે રૂપે, જાણે કે, જણાય છે. ઇશ્વરીય પ્રકૃતિ આઠ અંશોવાળી કહેવાઇ છે: પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, ( સમષ્ટિ સામુદાયિક )મન, બુદ્ધિ (–સમષ્ટિ બુદ્ધિરૂપી મહત્ તત્ત્વ ) અને અહંકાર.

આમાં વ્યષ્ટિ તેમજ સમષ્ટિ, ઉભય પ્રકૃતિપ્રકારોનો સમાવેશ થઈ જાય છે. એ **અપરા** પ્રકૃતિ છે. ને જીવ છે ઇશ્વરની ઉપર્યુકત **પરા** પ્રકૃતિ, કે જેને નિમિત્તે આ **અપરાનો** સમુદાય ચેતનવંતો થાય છે, એ સમુદાય જીવનુ "ભોગ્ય" છે; અને તે દ્વારા તે કર્મફલાદિ "ભોગવે" છે. એ ભોગ–ભાવ, તે જ સંસારી ભાવ: તે જ અજ્ઞાન; તે જ અવિદ્યા: તે જ કામના; અને તે જ છે સર્વ કલેશભાવનું કારણ.

સ્વભાવે નિસંગ, નિર્લેપ અને શુદ્ધ દેહધારી જીવાત્મા, પોતે ધારણ કરેલા આ દેહને અજ્ઞાનનો માર્યો "હું" માની બેસે છે, ને દુ:ખી થાય છે; તેમ, સર્વથા અસંગ, નિર્વિકાર, નિર્લેપ, નિત્ય બ્રહ્મતત્ત્વમાં જાણે કે આ બધી અવિદ્યાની પ્રકૃતિરૂપી ભૂતાવળ

સાથેસાથ પ્રવર્તમાન હોય, એવું એને જણાય છે; સૃષ્ટિ "રચાયા"ના ક્રમની કહેવાતી અનેક પ્રક્રિયાઓનાં વર્ણનો કરતાં, વેદાન્તો પણ, આપ્તકામ એવા સાક્ષી નિરપેક્ષ બ્રહ્મમાં સર્જન કરવાની અપેક્ષારૂપી કામના પ્રકટવાની તથા તેના ફલરૂપે પ્રપંચના ઉદ્ભવની કથાઓ, અજ્ઞાની જનો ઉપર દયા રાખીને કહે છે. કેમકે એક વાર વ્યજ્ઞાનની કક્ષાએ ઉતર્યા વિના, જ્ઞાની પુરુષ પણ એ અજ્ઞાનીના અજ્ઞાનનું નિરસન કેવી રીતે કરી શકે ?

આ પ્રમાણે શુદ્ધ બ્રહ્મમાં પ્રથમ સૃષ્ટિકામનાની કલ્પના થતી, પછી પ્રપંચ ઇ૦નું **આરોપણ** થતું, અને તે પછી તેની બાદબાકી કરાતી, વેદાન્તોમાં જોવામાં આવે છે. એ પ્રક્રિયાને **અધ્યારોપ** ( અથવા ઉત્સર્ગ ), ને **અપવાદ** કહેવામાં આવે છે. સમગ્ર આધ્યાત્મિક શાસ્ત્ર આ પ્રક્રિયા વડે જ બ્રહ્મના સત્યત્વ અને જગતના પારમાર્થિક મિથ્યાત્વને સિદ્ધ કરે છે, ને જીવાત્માનું શ્રેય સાધે છે.

उत्सर्गेणापवादेन ऋषिभिः कपिलादिभिः ।
अध्यात्मचिन्तामाश्रित्य शास्त्राण्युक्तानि भारत ॥

( કપિલ આદિ ઋષિઓએ, અધ્યાન્તત્મવિદ્યાના ચિત્તનો આશ્રય લઇને, હે ભારત ! ઉત્સર્ગ–અપવાદની યુક્તિ દ્વારા શાસ્ત્રો કહ્યાં છે. )

# સર્ગ છઠ્ઠો

## અધ્યારોપ—અપવાદ

**(૧) હમણાં આપે કહ્યા તે "આરોપ" અને "અપવાદનું" શું સ્વરૂપ છે!**

**આરોપ** એટલે, જે જેનામાં ન હોય, તેવા કશાકની તેનામાં કલ્પના કરવી, તે; અર્થાત્ જ્યાં જે ન હોય ત્યાં તેનું આરોપણ; જેમ કે બીજગણિતમાં, કોઇ સંખ્યા શોધી કાઢવાની હોય ત્યારે, તેમાં પ્રથમ ક્ષ નામની વસ્તુનું આરોપણ કરવામાં આવે છે. એને **અધ્યારોપ** કહેવાય છે (અધિ=ચારે તરફથી, સંપૂર્ણપણે, સર્વ-પ્રકારે, આરોપણ કરવું તે). એમ અધ્યારોપ કરીને પછી, એ અધ્યારોપ ખોટો છે, એમ પુરવાર કરવું, તે તેનો **અપવાદ**. અમુક વસ્તુ અમુક પદાર્થમાં નથી, એમ સીધે સીધું કહેવાથી અમુક સંજોગોમાં કોઈ તેને ન પણ માને; ત્યારે, પ્રથમ તે પદાર્થમાં તે વસ્તુ હોવાની **શકયતા** સિદ્ધ કરી આપીને, તે દ્વારા સામા માણસની તે વસ્તુના **અનસ્તિત્વ** પરત્વે બુદ્ધિપૂર્વક ખાતરી કરી આપવાની એ પ્રબળ યુક્તિ છે.

દાoતo, અમુક અંધારા ઓરડામાં 'ભૂત છે' એવું કોઇ બાળકના મનમાં કોઈ કારણે ઠસી ગયું હોય, ત્યારે, 'એમાં ભૂત નથી' એમ માત્ર વાચિક કથનથી કે પછી ધામધમકીથી પણ ભૂત ત્યાં ન હોવાની પ્રતીતિ બાળકને ન થઇ શકે. તેવે પ્રસંગે શાણો

વડીલ તેને કહે, હા ભાઈ, મેં પણ સાંભળ્યું છે કે તેમાં ભૂત છે, માટે લાવો, આપણે બે જણ ફાનસ લઈને જોઈએ તો ખરા, કે ભૂત ખરેખર છે, કે પછી કોઈએ ખાલી આપણને બનાવવા ગપ મારી છે. એ જો હશે તો જરૂર દેખાશે, ને નહિ હોય તો નહિ દેખાય.' એકલું જતાં ડરતું બાળક મોટેરા સાથે ખુશીથી અંધારામાં જાય; ત્યાં એ વડીલ પુરુષ ફાનસને અજવાળે ઓરડાનો ખૂણેખૂણો ભૂત માટે જોઈ વળવાની ચેષ્ટા કરે, ને છેવટે કહે, 'જોયું ને, ભાઈ, આ તો આપણી મશ્કરી કરવા કોઈએ ભૂતની ગપ હાંકી. અહીં ભૂત હોત તો ફાનસ વડે દેખાત, પણ કંઈ દેખાયું?' બાળકને ત્યાં ભૂતના અનસ્તિત્વની અનુભવપૂર્વક ખાતરી થઈ જાય; ભૂતના વાચિક ઇન્કાર માત્રથી તો, તેવી ભ્રમણા નષ્ટ થવાને બદલે તેની ગાંઠ એ બાળકના ચિત્તમાં કદાચ વધારે દૃઢ થવા પામત. એમ, ભુતના આરોપ વડે જ, ભૂતનું નિરસન અને સત્ય સ્થિતિનું પ્રસ્થાપન થાય છે. તેવું જ અધ્યાત્મના અધ્યારોપનું છે.

બીજગણિતમાં પણ, જોઈતી રકમ ક્ષ છે, એમ સ્વીકારીને, બીજગણિતના જ સિદ્ધ નિયમો લાગુ પાડીને બતાવવામાં આવે છે, કે જોઇતી રકમ અન્ય કંઇ છે, પરંતુ ક્ષ તો નથી જ, જો કે ક્ષ ના આરોપણ દ્વારા જ ક્ષનું નિરસન અને ખરી રકમનું સ્ફોટન થવા પામે છે. વેદાન્તશાસ્ત્રમાં, સ્વરૂપ–સિદ્ધાંતની બુદ્ધિપૂર્વક તથા અનુભવસિદ્ધિ ગમ પાડવા માટે, અધ્યારોપ- અપવાદની પ્રક્રિયા ઘણી મહત્ત્વની છે. તે પ્રમાણે બ્રહ્મમાં પ્રપંચનો અધ્યારોપ પ્રયત્નપૂર્વક કરવામાં આવે છે.

**(૨) શુદ્ધ, નિષ્કલ, નિર્વિક્ષેપ, નિર્વિકાર આત્મા–બ્રહ્મમાં કલા, વિક્ષેપ તથા વિકારસ્વરૂપ 'પ્રપંચનો અધ્યારોપ' કેવી રીતે થાય છે.**

પ્રથમ તો, 'બ્રહ્મમાં જગત ખરેખર (સત્ય) છે' એમ જ કહેવું; અને તે પછી, 'વાસ્તવમાં જગત છે જ નહિ,' એમ પુરવાર કરવું, અને તે દ્વારા એકમાત્ર બ્રહ્મની જ અદ્વિતીય સત્યતા સિદ્ધ કરવી, એ અધ્યારોપ-અપવાદની પ્રસિદ્ધ વેદાન્તપ્રક્રિયા છે; તે દ્વારા દૃશ્ય જગતને બાધવડે બાદ કરતાં, સત્=અસ્તિત્વ અને ચિત્=જાણવાપણું જ જે શેષ રહે છે, તે જ બ્રહ્મ છે, એમ વેદાન્ત-શાસ્ત્ર સાબીત કરી આપે છે. એમાં અધ્યારોપ આ રીતે થાય છે:-

અનાદિ, શુદ્ધ, વિકલ્પ રહિત અદ્વિતીય બ્રહ્મમાં અનાદિ પ્રકૃતિની કલ્પના છે. પ્રકૃતિને અનાદિ કહી, કેમકે તે ક્યારે નહોતી એ કહી શકાય તેમ છે જ નહિ; અને વળી 'સ્વભાવ'ના અર્થમાં, મનુષ્યની કે કોઇ પણ પદાર્થની પ્રકૃતિ (દા. ત. અગ્નિની ઉષ્ણ-તાની), તે મનુષ્યના કે તે પદાર્થના પ્રારંભથી માંડીને તેના અંત સુધી વિદ્યમાન હોય છે; તેવું જ પરમાત્મતત્ત્વના સંબંધોમાં પણ હોવું ન્યાયપુરઃસર છે; પરંતુ પરમાત્મ સત્=ચિત્ ભગવાનને કોઇ આદિ નથી, તેથી તેની પ્રકૃતિનો પણ આદિ અર્થાત્ આરંભ કોઇ કાળે થયો હોય એમ કેવી રીતે કહી શકાય ? તેથી, પ્રકૃતિ **અનાદિ** છે. પરંતુ તે **અનંત** નથી, કેમકે પ્રકૃતિ પ્રત્યક્ષ સ્ફુટ રીતે વિદ્યમાન ન હોય ત્યારે પણ, નિષ્કલ કેવલ બ્રહ્મની વિદ્યમાનતા અખંડ રહે છે, જ્યારે પ્રકૃતિ તો તેના ધારણ કરનારથી ભિન્ન સ્વતંત્ર હોઇ શકતી જ નથી. જેમ, માણસ ઊંઘતો હોય ત્યારે તેની પ્રકૃતિ વિદ્યમાન નથી, છતાં માણસ વિદ્યમાન હોય; પરંતુ માણસ વગર પ્રકૃતિ નહોઈ શકે.

એમ, પ્રકૃતિના બ્રહ્મ સાથેના નિરન્તર સંબંધને લીધે તેનો બ્રહ્મ સાથે **તાદાત્મ્ય સંબંધ** (=તદ્રૂપતા અથવા તે જ હોવાપણું) છે. તદાત્મપણું તે તાદાત્મ્ય, બ્રહ્મસ્વરૂપતા. એ તદ્રૂપતા પ્રકૃતિમાં

માત્ર બ્રહ્મ સાથેના તેના સંયોગને લીધે કલ્પાએલી છે. બ્રહ્મ અને તેની પ્રકૃતિ, એ બે હોવારૂપી ખ્યાલ કપોલકલ્પિત જ છે, કારણ કે શકિત કદી પણ શકિતમાનથી, ને ગુણ કદી ગુણવાનથી ભિન્ન ન હોઇ શકે. સારું કે નરસું, કોઈ ને કોઇ સારા કે નરસા તત્ત્વ, પદાર્થ કે પ્રાણી સાથે, તે તત્ત્વ કે તે પ્રાણી રૂપે જ હોઇ શકે; ને તે ગુણ ક્રિયા દ્વારા જ જણાય. તેવું જ શકિતનું પણ છે. છતાં, ઈન્દ્રિયગ્રાહ્ય ન હોય તેવી વસ્તુને સમજવાનું સામાન્ય બુદ્ધિને અઘરું પડે છે, તેથી, શકિત જાણે કે ભિન્ન પદાર્થ હોવાની કલ્પના કરાય છે, અને સાથોસાથ એવી ભિન્નતાની કલ્પના સહિતનાં **પુરુષ-પ્રકૃતિનો અભેદ** પણ મનાય છે. કેમકે એકવાર અલ્પ બુદ્ધિની કક્ષાએ ઊતર્યાં વગર તે બુદ્ધિને તેની અલ્પતાથી સરલતાથી મુક્ત કરી શકાતી નથી.

ઉપર જે કહ્યું કે જેના આરંભનો નિર્ણય અશકય હોય, તે અનાદિ કહેવાય; એ ન્યાયે અમુક મતો અનુસાર, વ્યવહારપક્ષે અનાદિ પદાર્થો ૬ લેખાયા છે: (૧) **શુદ્ધ, બ્રહ્મ-પરમાત્મ તત્ત્વ** (૨) **પ્રકૃતિ, અર્થાત્ અવ્યાકૃત;** (૩) **એ બેનો સંબંધ;** (૪) **ઈશ્વર;** (૫) **જીવ** ( કેમકે જીવભાવનો આરંભ કયારે થયો એ ઈશ્વર સિવાય અન્ય કોઇએ જાણવું અશકય છે ), અને (૬) **ઈશ્વરજીવનો ભેદ.** અથવા, બીજી રીતે, (૧) **જીવ;** (૨) **ઈશ;** (૩) **શુદ્ધ ચેતન;** (૪) **અજ્ઞાન** (૫) **અજ્ઞાન તથા ચેતનનો સંબંધ** ( જેમાંથી ઈશ્વરત્વ અને જીવત્વનો ઉદ્‌ભવ છે), અને (૬) **જીવ-ઇશ્વરનો શુદ્ધ ચેતનથી ભેદ.** વળી, નિત્ય નિરંતર વહેતો, સંસરતો, પરિવર્તનરૂપી ગતિ કરતો **સંસાર,** અર્થાત્ જગતરૂપી પ્રપંચ પણ, વ્યવહારપક્ષે અનાદિ કહેવાય છે. અલબત્ત એ બધું આપેક્ષિક એટલે અન્ય વધારે અલ્પકાલિન પદાર્થોની

અપેક્ષાએ જ એટલે કે તેની સરખામણીમાં જ 'અનાદિ' છે, નિરપેક્ષ (અં૦ એબ્સોલ્યૂટ) નહિ. તે તો એક જ હોય.

**(૩) 'કલ્પિત' શેને કહેવાય?**

નિત્યત્વ, નૈરંતર્ય તથા સ્થૈર્યના ધોરણે જે વસ્તુનું અસ્તિત્વ હોતું નથી, એટલે કે એ ધોરણે તપાસતાં જે ઓછું ઊતરે, તે બધું નાશવંત તથા પરિવર્તનશીલ, અને તેથી, ખ્યાલી તરંગ જેવું મિથ્યા કલ્પિત છે; કેમકે તે બધું સ્વપ્નમાં ભ્રાન્તિથી ભાસતા પદાર્થોના જેવું છે; તેમાં ફરક માત્ર વધારે-ઓછા જેવા ભાસતા ટકાઉપણાનો છે; અને તે ટકાઉપણું પણ સાપેક્ષ હોવાથી મિથ્યા છે. વહેલું મોડું પણ જે નાશ પામવાનું, તે છેવટે તો મિથ્યા જ છે; એથી પારમાર્થિક દૃષ્ટિએ તો અપરા પ્રકૃતિરૂપી સંપૂર્ણ વ્યાવહારિક પ્રપંચ કલ્પિત અને મિથ્યા ઠર્યો; અને કલ્પિત વસ્તુ સાથેનો સંબંધ પણ કલ્પિત જ હોઇ શકે, એ જરા'ક વિચાર કરવાથી તરત સમજાશે; દા૦ ત૦, તડકામાં છીપમાં ભાસતી ચાંદીનો તે છીપ સાથેનો સંબંધ.

**(૪) પ્રકૃતિનો તેવો સંબંધ બ્રહ્મ સાથે થવાથી, બ્રહ્મ-ચૈતન્ય વડે સ્ફૂર્તિમાન થતી પ્રકૃતિમાં ઈશ્વર, જીવ, તેમ જ જડ જગત, એ ત્રણેયે સંભવે છે, એવું ઉપર્યુક્ત કથનથી સમજાય છે. આ બાબત એવી મહત્ત્વની છે કે તેનો જરા વધારે સ્ફોટ થવો જોઇએ; તે કરી આપશો?**

માયા કહો, અજ્ઞાન કહો, કે અવિદ્યા, એ બધું છે તો મૂળ એક જ—કોઈ ને કોઇ કારણથી થતી ભ્રાન્તિ! ભ્રમણા! પરંતુ તે ભ્રાન્તિ–માયાના પ્રવર્તનમાં, એટલે કે એ કયાં અને કેવી રીતે

લાગુ પડે છે તે બાબતમાં, ફેર જેવું જણાય છે; સત્ત્વ એટલે સ્થૈર્ય, એટલે કે જ્ઞાનનો ગુણ. તેના ગતિમાન થવાથી જ, તેમાં સ્પંદન થવાથી જ, 'કરવું' એવી વૃત્તિ ઉપજે છે. જેમ ધ્યાનસ્થ માનવીના સ્થિર નિ:સ્પંદન ચિત્તમાં કંઈક 'કરવાનો' વિચાર-સ્પંદન થતાં, તરત મનની ને તદનુસાર, શરીરની ક્રિયા પ્રકટે છે, તેમ સમતોલ અવ્યક્ત પ્રકૃતિમાં તેવું 'કરવું' વૃત્તિ પ્રગટતાં, ક્રિયારૂપ ગતિ, તથા તેનાથી રજોગુણી સૃષ્ટિસર્જન થાય છે; અને એવું સકલ રજોગુણીસર્જન સત્ય સ્વરૂપના અજ્ઞાનથી ઓતપ્રોત છે, કેમકે સત્ય સ્વરૂપનું અજ્ઞાન જ, શેખચલ્લીની જેમ, સર્જનની કલ્પનાનું કારણ છે. એમ, રજોગુણ વડે ગતિમાન એટલે ક્રિયાત્મક થયેલી પ્રકૃતિને સત્ત્વ કે તમ, એમાંથી એક પ્રત્યે ઝોક લેવાનો રહે છે–કાં તો એ ઉન્નત થાય, કે અવનત. નિસર્ગનો એ નિયમ છે કે કોઈ પણ વસ્તુ એક ક્ષણ પણ યથાસ્થિત સ્થિર રહી શકતી નથી; તેમાં પ્રતિપળ વિકાર–પરિવર્તન થયા જ કરે છે; પછી તે વિકારને ઉન્નતિ કહો કે અવનતિ; એ જ સંસારનું ખરું રૂપ છે.

બ્રહ્મ જયારે પોતાને વિસ્તારવાની, એટલે કે રજોગુણી 'ઈક્ષણ' વડે પોતાનામાં નાના પ્રકારના આભાસો ઉત્પન્ન કરવાની પોતાની પ્રકૃતિને ગતિમાન કરવા ઇચ્છે, ત્યારે, તેવી ઇચ્છા સહિતનું એ બ્રહ્મતત્ત્વ **ઈશ્વર** સંજ્ઞાને પામે છે. જેવી રીતે કે, એક પુરુષ, નામે દેવદત્ત, જયારે વેપારની ઈચ્છા કરે, ત્યારે તેને, પોતાનું અસલ દેવદત્તપણારૂપ સ્વરૂપ જરાપણ બદલ્યા વિના જ 'વેપારી' સંજ્ઞા પ્રાપ્ત થાય છે. સર્જનરૂપી કલ્પનાનો કરનારો ઈશ્વર હોવાથી, એ તે સર્જનનો માલિક છે, નિયંતા છે, તથા તેનાથી અલિપ્ત, તેને જાણનારો, સંપૂર્ણ, સર્વજ્ઞ, સર્વવિત્ છે. તેથી, તેની પ્રકૃતિ અર્થાત માયા **શુદ્ધસત્ત્વા** એટલે કે, કામનારૂપી રજતમથી રહિત

નિર્મળ સત્ત્વગુણમયી જ્ઞાનસ્વરૂપા છે, જે તેણે સ્વેચ્છાથી અંગીકાર કરેલી છે—જેવી રીતે કે દેવદત્તનું વેપારીપણું-ત્યારે તે ઇશ્વરી માયા કહેવાય છે.

અહીં એ રીતે, બ્રહ્મમાં માયાનો આરોપ થયો—જેવી રીતે કે દેવદત્તમાં વેપારીપણાનો થયો, અને એ તે કારણે ' વેપારી ' સંજ્ઞા પામ્યો. તેને તેવી રીતે જાણનારા લોકો, એ ફક્ત ' વેપારી જ છે, ' એમ મનમાં ગાંઠ વાળીને, તેના વ્યાપક દેવદત્તપણાને અવગણે છે, અને દેવદત્ત એટલે ' વેપારી જ ' એવી અવિદ્યામય ભ્રમણામાં પડીને, દેવદત્તના તેની સર્વે સ્વી-કૃત ઉપાધિઓને આવરતા સંપૂર્ણ સ્વરૂપના પરિચયનો ખરો લાભ લેવાનું ચૂકી જાય છે. આ થઈ બ્રહ્મની માયાની બીજી રજસૂપ્રધાના સ્થિતિ.

અને તેની જે ત્રીજી સ્થિતિ કહેવાય છે, તે તમઃપ્રધાના છે. પ્રકૃતિના ઇન્દ્રિયગોચર આવિર્ભાવ ( પ્રકટપણા ) રૂપી ઘણા પદાર્થોમાં તમોગુણનું એટલે કે નરી જડતાનું પ્રમાણ અત્યંત હોઇ, તે એના સત્ત્વ-રજ ભાગને દાબી દે છે. એવા પદાર્થમાં પણ તેના આત્મા રૂપે ચૈતન્ય તો, ' ભાતિ ' રૂપે પણ, હોય છે જ; પરંતુ તેનો જડતાની સાથે પ્રગાઢ સંયોગ હોવાથી, તે આત્મા જ જાણે કે જડ સ્વભાવયુકત બની ગયેલો ભાસે છે; જ્યાં તેવું હોય છે, ત્યાં પ્રકૃતિ જડતારૂપ **તમ** તરફ ઝૂકી ગયેલી દેખાય છે. તેને પરિણામે, તેવા જડ પ્રકૃતિયુકત પદાર્થો પોતે જ જડ અથવા અચેતન ગણાય છે, જેવી રીતે કે સૂર્યનાં કિરણોને કારણે ભાસતાં ઝાંઝવાંને લીધે રેતીમાં જળ કલ્પાય છે, તેવી રીતે, તે સમયે બ્રહ્મમાં અચેતનતાનો આરોપ થાય છે, અને એ રીતે, સાચી હકીકતના અજ્ઞાનને લીધે, પ્રકાશમાં અંધકારના આરોપ સમી ઘટના બનતી હોવાનું કલ્પાય છે.

એવું બધું થવું-એટલે કે, એવું થવા જેવું લાગવું, એનું જ નામ **માયા** છે; કેમકે, જે બનવા યોગ્ય ન હોય, તે બનતું લાગવું, એ માયાનું સ્વરૂપલક્ષણ છે.

**(૫) માયાના સંયોગ વડે અકર્તા બ્રહ્મમાં સૃષ્ટિકર્તાપણું ભાસવારૂપી કલ્પાતા વિકારનું સ્વરૂપ કેવું છે?**

જરા'ક પુનરુક્તિના જોખમે પણ, આ બાબતનો ખુલાસો આપણે અવશ્ય કરી લઇએ. અહીં આપણે જેને દેખીએ-અનુભવીએ છીએ, એ વ્યાવહારિક જગતનો આરંભ ઈશ્વરસૃષ્ટિથી થાય છે. એની સત્તા વ્યાવહારિક છે. સત્તા=અસ્તિત્વ, હોવાપણું, તેના ત્રણ પ્રકાર મનાય છે.

(૧) **પારમાર્થિકી સત્તા**=પરમ જ્ઞાનના અર્થમાં, સર્વમાં ઓતપ્રોત એકમાત્ર સર્વસ્વરૂપ આત્મતત્ત્વરૂપ 'હોવાપણું,' જેમાં બીજી બધી વિશિષ્ટ હયાતીઓ સમાઇ જાય છે, ને જેને લીધે બધાં જ અસ્તિત્વોનું અસ્તિત્વ સંભવે છે.

(૨) **વ્યાવહારિકી સત્તા**=જેની **સાથે** જેના **વડે** તથા જેના**થી** વ્યવહાર થઈ શકે છે તે, જાગ્રત્ અવસ્થામાં જણાતી જગતની નાનાવિધ હયાતીઓ, ઉત્પન્ન થયેલા બધા દૃષ્ટાદૃષ્ટ દુન્યવી પદાર્થો, વ્યવહારોપયોગી જગત, અને એને ભોગવનારો જીવ, અને

(૩) **પ્રાતિભાસિકી સત્તા**=ભ્રમ રૂપે પ્રતીત થતું તથા ઈન્દ્રજાળની નજરબંદી જેવું ભાસતું માયાવી અસ્તિત્વ, જે માત્ર વ્યાવહારિકનો પ્રતિભાસ છે, ને જ્ઞાન થતાં ઊડી જાય છે.

**(૬) પરંતુ વ્યાવહારિકી સત્તા પણ જ્ઞાન થતાં ઊડી નથી જતી?**

સુંદર પૂછ્યું. પારમાર્થિકની અપેક્ષાએ વ્યાવહારિક પણ

ભ્રાન્તિ, અને પારમાર્થિકનો પ્રતિભાસ જ છે; અને વ્યાવહારિકીની અપેક્ષાએ પ્રાતિભાસિકી હયાતીઓ ડબલ ભ્રમની વ્યાવહારિકતાના મોટા **મૂલ** ભ્રમની અંદર નાના પ્રાતિભાસિક **તૂલ** ભ્રમો છે.

સ્વભાવે (૨) અને (૩) એક જ છે. ફેર એટલો કહેવાય-તે પણ વ્યવહારની જ દૃષ્ટિએ, કે વ્યાવહારિક પદાર્થો સ્થૂલ પાંચ ભૂતોના બનેલા હોઈ, થોડો સમય ટકે છે, જ્યારે (૩) વાળા ભ્રમો કેવળ કલ્પનામય તથા હવારૂપ જ હોવાથી તેનાં રૂપો (૨) ની અપેક્ષાએ અતિ અલ્પજીવી છે. વસ્તુતઃ ઉભય અનિત્ય ને ભરોસો કરવા અયોગ્ય જ છે; તેથી, વાસ્તવમાં તો, બે જ સત્તાઓ છે, (૧) અને (૩); પરંતુ જીવને જૂઠો જૂઠો તોયે વ્યવહાર પ્રાપ્ત થયો છે; અને ઈશ્વરેચ્છાથી સહજપ્રાપ્ત વ્યવહારનું નિર્વહન સુંદર પ્રકારે થવું જ જોઇએ; તેથી, પ્રાતિભાસિક અસ્તિત્વની બે કક્ષાઓ સર્વપ્રથમ ભાષ્યકાર શ્રી શંકરાચાર્ય સ્વામી**એ** પોતાનાં ભાષ્યોદ્વારા યોજી આપીને જગત્ ઉપર મહત્ ઉપકાર કર્યો; કેમકે એમણે વેદાન્ત અવ્યાવહારિક હોવાની મોટી નિંદાને એ યુક્તિવડે કરીને ટાળી આપી છે.

ભ્રમના વ્યાવહારિક તથા પ્રાતિભાસિક સ્વરૂપોમાં ઉપર કહ્યા પ્રમાણે ફરક માત્ર જે તે દેખાવના ટકવાના કાળ પૂરતો, આપેક્ષિક જ છે. ઊંઘમાંથી જાગનાર સંસારીને માટે સ્વપ્નની દુનિયા મિથ્યા છે. અજ્ઞાન-ઊંઘમાંથી જાગનાર જ્ઞાનીને જગત્ બાહ્ય દૃષ્ટિએ ભાસ્યા કરતું હોય તોયે, અર્ધ-જાગ્રતમાં ભાસ્યા કરતા સ્વપ્ન જેવું અથવા ઝાંઝવાંના જળ જેવું, સંપૂર્ણ મિથ્યા છે.

અસ્તુ; પાછા ચાલુ વિષય ઉપર આવીએ. ઇશ્વરસૃષ્ટિનાં મંડાણ, બ્રહ્મના માયાસંયોગ વડે થાય છે, તે આપણે જાણ્યું; વળી આપણે જાણ્યું કે બ્રહ્મ-પરમાત્માએ સ્વેચ્છારૂપી આપમેળે

ધારણ કરેલી સત્ત્વપ્રધાના ત્રિગુણમયી પ્રકૃતિના પરિધાનથી આ ઘટના બની છે, જગતનાં ઉત્પત્તિ–સ્થિતિ–લયનું તથા પ્રાણીમાત્રના કર્મફલભોગનું નિયમન અર્થાત **ઈશન** કરતું એ ઇશ્વરતત્ત્વ છે, કે જે સર્વ **ઇશો**=શાસકોમાં **વર**=શ્રેષ્ઠ એવું શાસક તત્ત્વ છે. એના 'ધર્મો' છે સર્વશકિતમત્તા, સર્વજ્ઞતા, સર્વવ્યાપકતા, એકતા (–કેમકે એ સર્વાધિપતિ ઇશ્વર બે ન હોઇ શકે), સ્વાધીનતા, સમર્થતા, પરોક્ષતા, (–કેમકે એ ઇન્દ્રિયગોચર નથી, પરંતુ જેવી રીતે રાજતંત્રના સંચાલન ઇ૦ ના અસ્તિત્વ ઉપરથી વ્યવહાર-ક્ષેત્રમાં આપણી 'સરકાર' નામક અદૃષ્ટ વસ્તુના અસ્તિત્વનું પ્રબળ અનુમાન થાય છે, તેવી રીતે સૃષ્ટિની હયાતી તથા તેના શાસન ઉપરથી તેના અનિવાર્ય ઇશ્વર–સરકારરૂપી મોટા શાસકની, અનુમિતિ ન્યાયે, અટકળપૂર્વકની પ્રતીતિ થવા પામે છે), અને **માયા**ઉપાધિમત્તા (–કેમકે શુદ્ધસત્ત્વા માયા તેની ઉપાધિ છે). જગતરૂપે સ્થૂલ આકારે પ્રકટ નહિ થયેલી એવી, ઇજનેરના ચિત્તમાં રહેલી ઇમારતની યોજના જેવી અવ્યાકૃત માયા ઇશ્વરનો **કાર્ય-પ્રદેશ** છે; સત્ત્વ–રજ–તમ ગુણો એની **વસ્તુ**, એટલે કે સૃષ્ટિ રચવાની સામગ્રી છે; વિરાટ, હિરણ્યગર્ભ, અને અવ્યાકૃત બીજ-રૂપે ઇશ્વરત્વ તેનાં **શરીરો** છે; વૈશ્વાનરસૂત્રાત્મા–અંતર્યામી નિયામક તેના ઈશપણાના અભિમાની છે. એટલે કે, જે તે કાર્ય અંગે ઇશ્વરને આમાંની જે તે સંજ્ઞા અપાય છે.

પ્રથમ બ્રહ્મે ઇચ્છ્યું, અથવા કહો કે ધાર્યું, કે 'હું એક છું, તે બહુ ભાસું–થાઉં' ત્યાંથી લઇને, પ્રાણી કલ્પીને તેમાં પોતે 'પ્રવેશ' કર્યો, ત્યાં સુધીનું સૃષ્ટિકાર્ય ઇશ્વરનું કાર્ય અથવા **ઈશસૃષ્ટિ** કહેવાય છે.

'પ્રવેશ કર્યો' એટલે? ઘડામાં માટીનો જેમ પ્રવેશ હોય

છે, તે પ્રકારે; દરેક માનવીનો પોતે કરેલી કલ્પનામાં કે પોતાના સ્વપ્નામાં જે રીતે પોતાનો જ પ્રવેશ હોય છે, તેમ ઇશ્વરપુરુષની કલ્પનામાં ઇશ્વરનો નહિ તો બીજા શેનો પ્રવેશ હોય? અને પ્રવેશ ન હોય તેવું કેમ જ બને? એ રીતે જાણવું.

એ ઈશ્વરસૃષ્ટિ સાવ નિર્દોષ અને સુંદર છે. પરંતુ મનુષ્ય પોતાની વૃત્તિઓ અનુસાર તેનો જેવો ઉપયોગ કરે છે તેવા, તેનામાં સારા કે નરસાપણાના આરોપ એ પોતાની પામર વાસનાઓનો માર્યો કરે છે. એનો અર્થ એ થયો કે, કેવળ બ્રહ્મથી માંડીને, તે જીવને સચેત બુદ્ધિયુક્ત કરવા સુધીનું કાર્ય ઇશ્વરનું છે. એના ઉપર મનુષ્યનો કાબૂ નથી. અને તે પછી, માનવી પોતાનાં કર્મફળ ભોગવતો, પૂર્વ સંચિત સંસ્કારો પ્રમાણે વર્તતો, આગળ પોતાની ગતિ જેવી કરવી હોય તેવી કરવા, એટલે કે પોતાનું ભાવિ–પ્રારબ્ધ પોતે ઘડવા, કુલ મુખત્યાર છે. તેમ છતાં, જગત તથા જગતના પદાર્થોમાં એ સારા–નરસા ઇ૦ની ભેદદૃષ્ટિઓ આરોપીને, તેને એ નાહક વગોવે છે; અને 'ઈશ્વર બધું કરાવે છે' એમ કહેતો, પોતાના ખામુખા કરેલા દોષોનો ટોપલો ઇશ્વરને માથે ઢોળવાના પ્રયત્નો આદરે છે. પરંતુ તેવી ચેષ્ટાથી છેતરાવાનું કોને રહે છે?

આ બધું, બ્રહ્મમાં ઈશ્વરતારૂપી પ્રપંચના આરોપનું પરિણામ છે; અને એ એક જ ઈશ્વરસંજ્ઞક સંકલ્પના નિર્વહણ માટે, ત્યાંથી આગળ વિસ્તરે છે અધ્યારોપોની અનંત હારમાળા......! એક જુઠાણાને નિભાવવા કેટલાં બીજાં જુઠાણાં ઊભાં કરવાં પડે છે, તે કોણ નથી જાણતું? એ જ પરિસ્થિતિ આ વિષયમાં પણ જાણવી.

આપણે જોયું તેમ, સ્વેચ્છાથી ઉપજાવેલી જ્ઞાન–વિજ્ઞાનરૂપી માયા, અને અજ્ઞાનસ્વરૂપા તમઃપ્રધાન અવિદ્યા, એ ઉભયને ધારણ

કરીને, તે બેના સંયોગ વડે ઇશ્વર જગત્ રચે છે–કહો કે, તેવા સંયોગોદ્વારા જગત 'ઉપજે' છે.

## (૭) ઇશ્વરની માયા કેવી રીતે જ્ઞાનવિજ્ઞાનરૂપ હોય છે?

જેમ કોઈ ઇજનેર જે ઇમારતની રચનારૂપી માયા કલ્પે, તેની પ્રત્યેક વિગતનું સંપૂર્ણ જ્ઞાન–વિજ્ઞાન તેને જ હોય, અન્ય કોઇને નહિ, તેવી રીતે, ઇશ્વરનો કલ્પ (કલ્પના) સંપૂર્ણ જ્ઞાન સહિતનો જ હોય. અન્ય કોઇને તે કલ્પ-રચનાનું તેવું જ્ઞાન–વિજ્ઞાન હોઇ શકે નહિ; જાદુગરની જાદુની યુક્તિઓ જેવું !...અને કલ્પના તો બધી ખોટી જ હોય, તેથી આ કલ્પના કરવામાં, ઈશ્વરીય સૃષ્ટિમાં સ્વેચ્છાસંજ્ઞક માયા, ને કલ્પનાવિસ્તારરૂપી અવિદ્યા, ઉભય રહેલાં છે. તેમાં, માયા-ઉપાધિવડે (ઘડાનો જેમ કુંભાર કર્તારૂપ નિમિત્ત હોય છે તેમ) ઇશ્વર જગતનું **નિમિત્ત** કારણ તથા અવિદ્યા ઉપાધિને લીધે, (ઘડાનું જેમ માટી કારણ હોય છે તદ્દનુસાર,) એ જ ઇશ્વર દૃશ્યમાન જગતનું **ઉપાદાન** કારણ બનતો જણાય છે. એમ, એ જગતનું **અભિન્ન-નિમિત્તોપાદાન** કહેવાય છે.

## (૮) એ 'કારણોમાં' ફરક શું છે?

કારણ મુખ્યત્વે બે પ્રકારનાં હોય છે. (૧) **નિમિત્ત;** અને (૨) **ઉપાદાન.** નિમિત્ત એટલે સાધનરૂપ, જેવાં કે ઘડાની ઉત્પત્તિમાં કુંભાર, ચાકડો, ટપલો ઈત્યાદિ; (૨) **ઉપાદાન** એટલે વસ્તુમાં ઓતપ્રોત પદાર્થ કે જેના વગર તે પદાર્થ હોઇ શકે નહિ, જેવું કે ઘડાનું માટી, કંકણનું સોનું, ઇત્યાદિ. ઉપર કહેલી પ્રક્રિયા પ્રમાણે ઈશ્વર જગતના ઉભય કારણરૂપ છે.

માયા એટલે સ્વેચ્છારૂપી પ્રકૃતિ; એનું **અધિષ્ઠાન** અર્થાત્ આધાર, એ પ્રકૃતિનો ધારણ કરનાર સ્વયં પરમાત્માબ્રહ્મ છે;

માયા તેમાં વસનારી **આધેય** વસ્તુ છે; એ ઉભયનો સંયોગ, તે ઈશ્વરત્વ. અવિદ્યાનું અધિષ્ઠાન પણ એ જ બ્રહ્મચેતન છે, કેમકે ચેતન વગર અવિદ્યા અર્થાત અજ્ઞાન પણ કેવી રીતે હોઇ કે સ્ફુરી શકે ? ત્યાં, એટલે કે દેહમાં, વ્યાપી રહેલું જે બ્રહ્મ છે, તેની સંજ્ઞા '**કૂટસ્થ**' આત્મા છે. અવિદ્યારૂપ અંતઃકરણને તે ગતિ-સ્ફૂર્તિ આપે છે, એટલે કે, તેમાં પોતાની છાયા અથવા પ્રતિબિંબ નાંખે છે, અર્થાત્ પોતાની અસર તેને પહોંચાડે છે, ત્યારે કર્તા-ભોક્તા ભાવ સહિતના જીવભાવ સાથેનો એનો સંયોગ જીવાત્મા અર્થાત્ અલ્પજ્ઞ જીવની સંજ્ઞા પામે છે. એ રીતે જીવ ઇશ્વરનો 'અંશભૂત સનાતન' વસ્તુ છે.

# સર્ગ–સાતમો

## ઇશ્વરનું સ્વરૂપ

### (૧) 'ઈશ્વરત્વ'નો પરિચય કરાવવા માટે શાસ્ત્રોમાં કઈ ખાસ યુક્તિઓ યોજવામાં આવી છે?

તે માટે વેદાન્તાચાર્યોએ અનેક યુક્તિઓ યોજી, અને અનેક પ્રક્રિયાઓ બતાવી છે. તેમાંની કેટલીક આ રહી:—

(૧) શુદ્ધ ચૈતન્યને આશ્રિત જે મૂલપ્રકૃતિ માયા, તેમાં જે ચેતનનું પ્રતિબિંબ, તે ઈશ્વર.

(૨) જગત્‌ની જે મૂળ પ્રકૃતિ, તે પોતાની મેળે બે રૂપ ધારણ કરે છે. એક માયાનું ને બીજું અવિદ્યાનું. માયામાં પડતું ચૈતન્યનું પ્રતિબિંબ ઈશ્વર એટલે કે ઈશ્વરીય કલ્પના, તે માયા. માયા એટલે શુદ્ધસત્ત્વપ્રધાના ઈશ્વરીય મૂળ પ્રકૃતિ, અને અવિદ્યા એટલે કે માનવીય મલિન સત્વપ્રધાનાતુલ પ્રકૃતિ.

(૩) જગતને સર્જવાના સામર્થ્યવાળી જે વિક્ષેપશક્તિ-પ્રધાના ( એટલે કે વિસ્તાર કરવાના સ્વભાવવાળી ) મૂળ પ્રકૃતિ, તે માયા, તેમાં ચેતનનું પ્રતિબિંબ, સ્ફૂર્તિનો દેખાડ, તે ઇશ્વર.

(૪) માયામાં પડતા ચૈતન્યના પ્રતિબિંબમાં પ્રતિબિંબત્વ ધર્મ ( એટલે કે પ્રતિબિંબ પણું ) રહે છે. એનાથી સંયુક્ત ચૈતન્ય તે ઈશ્વર.

આ ચારેયે **વાદ** (=મત)માં બિંબ તથા પ્રતિબિંબનો અભેદ માન્યો છે. બિંબ સત્ય છે; તે બિંબ સ્વયં પ્રતિબિંબરૂપે પ્રતીત થાય છે; તેથી પ્રતિબિંબ પણ સત્ય જ છે, મિથ્યા નથી. તે પ્રતિબિંબમાં, પ્રતિબિંબત્વ રૂપી **ધર્મ** જ ભ્રમ છે, એટલે પ્રતિબિંબ પોતે સ્વ-રૂપે કરીને તો સત્ય છે; કેમકે ઉપર કહ્યા પ્રમાણે બિંબ જ પ્રતિબિંબ રૂપે પ્રતીત થાય છે, પણ પ્રતિબિંબપણાનું ભાસતું લક્ષણ જ ખોટું છે; કેમકે વસ્તુતઃ જ્યારે પ્રતિબિંબ જેવી કોઇ **વસ્તુ** જ બિંબથી જુદા અસ્તિત્વવાળી નથી, તો પ્રતિબિંબપણાનો **ધર્મ** ક્યાંથી હોઈ શકવાનો? મતલબ કે 'એ પ્રતીત થાય છે' એવું લાગવું જ ખોટું છે, માયા અર્થાત છલના, એટલે કે ભ્રમ છે.

આ મત પ્રમાણે, ચૈતન્યનું પ્રતિબિંબ "ઇશ્વર" થયું, અને ઇશ્વરનું પ્રતિબિંબ "જીવ." તેથી ઇશ્વર અને જીવ, ઉભય પ્રતિબિંબ છે. તેથી મુમુક્ષુએ પ્રાપ્ત કરવા યોગ્ય નથી જીવ, તેમ નથી ઇશ્વર પણ, કારણ કે કોઈપણ મુમુક્ષુ પ્રતિબિંબ મેળવવા ન ઇચ્છે, પણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપતાની પ્રાપ્તિ જ ઇચ્છે, જીવ શુદ્ધ ચૈતન્ય નથી, તેમ ઇશ્વર પણ તેવો નથી, તેથી, આ રીતે તે ઉભય અપ્રાપ્તવ્ય છે.

જો કે ઉપર કહ્યા પ્રમાણે બિંબ અને પ્રતિબિંબમાં અભેદ છે. તેથી, જેમ બિંબ શુદ્ધ ચેતન પ્રાપ્તવ્ય છે તેમ જ પ્રતિબિંબભૂત ઇશ્વર પણ પ્રાપ્તવ્ય થઈ શકે છે, છતાં તે પ્રાપ્તવ્યપણું પણ ઉતરતી કક્ષાનું થાય; અને બિંબત્વાદિ ધર્મોથી રહિત શુદ્ધ બ્રહ્મ-પરમાત્મા જ વેદાન્તનું પ્રતિપાદ્ય ધ્યેય હોવાથી, એ જ ખરું પ્રાપ્તવ્ય છે; તેનાથી ઓછું કશું યે નહિ.

જે ઉપાધિ (અવિદ્યા)ને લીધે જીવાત્મા પ્રતિબિંબ બને છે, તે ઉપાધિનો નાશ થઇ શકતો હોવાથી, અન્ય પ્રતિબિંબ (=ઇશ્વર)

સાથે તેનો અભેદ હોતો નથી,--જેમ ઘટાકાશ અને શરાવાકાશ; તેમાં ઘડામાં આકાશ હોય ત્યાં સુધી શરાવાકાશ સાથે તેનો અભેદ ન હોઈ શકે; પણ મૂળ જે બિંબ છે તે (–પરમ બ્રહ્મ) સાથે તેનો અભેદ થાય છે,—જેવી રીતે કે ઉપર્યુક્ત ઉભય ઘટાકાશ તથા શરાવાકાશનો આકાશ સાથે તાત્ત્વિક અભેદ તો છે જ. બીજું દૃષ્ટાન્ત લઈએ. બે ઘડામાં સૂર્યનાં પ્રતિબિંબ પડતાં હોય, ને તેમાંના એક ઘડારૂપી ઉપાધિનો નાશ થાય, તો તે ઘડામાં જે સૂર્યનું પ્રતિબિંબ છે તેનો અભેદ બીજા ઘડાવાળા સૂર્યપ્રતિબિંબ સાથે હોતો નથી, પરંતુ સ્વયં સૂર્ય સાથે જ હોય છે; તેમ, અવિદ્યા અથવા અંતઃકરણરૂપ ઉપાધિમાં પ્રતિબિંબભૂત જીવ, તેનો શુદ્ધ ચૈતન્ય સાથે જ અભેદ હોઇ શકે, બીજા પ્રતિબિંબરૂપ ઇશ્વર સાથે નહિ, એવું આ ચાર વાદોનું તાત્પર્ય છે.

**(૨) વિદ્યાના ઉદય પછી (અવિદ્યા) ઉપાધિનો નાશ થતાં, જીવભાવનો તેના લયરૂપે નાશ થાય છે, એવો વેદાન્તસિદ્ધાન્ત છે. તો પછી, જીવભાવનો લય થયે તે ચૈતન્ય ઈશ્વરભાવને પામે છે? કે પછી સ્વરૂપે, એટલે ચૈતન્ય રૂપે જ અવસ્થિત રહે છે? હમણાં જ કહેલા બિંબ-પ્રતિબિંબ-વાદોમાં ઇશ્વરભાવની પ્રાપ્તિનો નિષેધ છે, તેને જ છેવટનો અભિપ્રાય માનવાનો છે, કે અન્ય કોઇ વાદ છે?**

જે પ્રમાણે જીવભાવ ઉપાધિથી કલ્પાયેલો છે, તે પ્રમાણે ઇશ્વરભાવ પણ તેવો જ છે. જયારે જીવને વિદ્યાની પ્રાપ્તિ થાય છે, ત્યારે સકલ પ્રપંચનો તેને માટે સંપૂર્ણ બાધ–નાશ થાય છે. (બાધ એટલે સમૂળો નાશ.)

**જીવભાવ અને ઇશ્વરભાવ, ઉભયનો સમાવેશ પ્રપંચમાં જ થઇ જાય છે.** તેથી, બ્રહ્મજ્ઞાનીની દૃષ્ટિમાં જેમ જીવભાવ નથી રહી જતો, તેમ તેમાં ઇશ્વરભાવ પણ રહેવા પામતો નથી; તેથી, જીવભાવનો લય ( નાશ ) થતાં, તે જીવ ઇશ્વરભાવને ન પામતાં નિર્વિશેષ ચૈતન્ય રૂપે જ વ્યવસ્થિત છે.

જે લોકો જીવો જુદાજુદા હોવાનું માને છે, તેમનાં મત–મતાંતરો અનેક છે. અનેકજીવવાદમાં પણ એક એવો મત છે કે જેવી રીતે જીવ ચિત્ ( ચૈતન્ય ) નું પ્રતિબિંબ છે, તેમ ઇશ્વર પણ છે; તેથી, જે જીવની અવિદ્યાનો નાશ થયો હોય તે જીવ પ્રતિબિંબરૂપ ઈશ્વરથી નહિ પણ શુદ્ધ ચૈતન્યથી અભેદ પામે.

તાત્પર્ય એ કે, ઉપાધિ તો અનેક છે, પણ ચૈતન્ય એક છે. એક જ દેવદત્ત વેપારી બાપ, પુત્ર, પતિ, મિત્ર ઈ૦ અનેક પ્રકારની ઉપાધિઓ ધારણ કરે; પણ તે ઉપાધિઓનો ધારણ કરનારો તે તો એક જ છે; એ રીતે, એક જ ચૈતન્ય અનેક ઉપાધિઓમાં પ્રતિબિંબિત થાય છે. જેમ વેપાર, મિત્રત્વ ઇ૦ માં એક જ દેવદત્તના દેવદત્તત્વની છાયા પડે છે, પરંતુ તેમાંના-કશામાં તે આખો સમાઇ જતો નથી તેમ તે કશામાંએ અંશતઃ પણ પ્રવેશતો નથી, કેમકે તે ઉપાધિઓ જતાં એ નષ્ટ કે ખંડિત થતો નથી, પણ નિર્લેપ પૂર્ણ દેવદત્ત જ શેષ રહે છે; તેમ જ અંતઃકરણમાં કે માયાસંજ્ઞક ઉપાધિઓમાં બ્રહ્મની **છાયા પડે** છે એમ કહેવાય છે, અને તેમાં તેનો પૂર્ણતઃ કે અશંતઃ પણ સ્વતઃ પ્રવેશ નથી; કેમકે એ ઉપાધિઓ આગમાપાયી (આવવા-જવાના સ્વભાવવાળી) છે, ને બ્રહ્મચૈતન્ય તેનાથી પર, અલિપ્ત–નિર્વિકાર–નિરંજન–નિત્ય રહે છે. દોરડામાં સાપ ભાસે ત્યારે સાપનો દોરડામાં લગીરે પ્રવેશ હોતો નથી, પરંતુ અંધારું ગયે સાપનો બાધ-નાશ થઈ જતાં, દોરડું જેવું

ને તેવું અસંગ વિકારહિત રહે છે, ને સાપનો અભેદ તેની સાથે થઇ જાય છે.

વેપારમાંના દેવદત્તની ઉપાધિ જે વેપાર, તે વેપાર જતો રહેતાં, એ વેપારગત દેવદત્તની એકતા મિત્રત્વવાળા દેવદત્તમાં નથી થઈ જતી, પણ સ્વયં નિરુપાધિક દેવદત્ત સાથે જ તેનો અભેદ છે; મિત્રત્વથી યુકત દેવદત્તનું મિત્રત્વ ટળતાં તેનું પણ તેમ જ છે... એ દષ્ટાંત અહીં બોધપ્રદ થશે.

બ્રહ્મ–ચૈતન્ય પણ, દેવદત્તની જેમ, ઘણી ઉપાધિઓને લીધે (જેની દષ્ટિ સર્વગ્રાહી સંપૂર્ણ દેવદત્તમય ન હોય તેવાઓને) અનેક હોવા જેવું ભાસે છે; અને ઉપાધિ જતાં, ઉપાધિમાં પ્રતિબિંબિત થયેલો જીવ બિંબભાવે જ ઠરશે.

બીજું દષ્ટાંતઃ–જેવી રીતે દર્પણોમાં એક જ મુખ પ્રતિબિંબિત થતું હોય, અને તેમાંથી એક દર્પણને ખસેડી લેવામાં આવે, તો તે દર્પણવાળું પ્રતિબિંબ મૂળ બિંબ અર્થાત મુખ રૂપે જ સ્થિર રહે છે, બીજા દર્પણવાળા પ્રતિબિંબમાં ઘુસી જતું નથી. ગમે તેટલાં પ્રતિબિંબો હોવા છતાં સ્વયં બિંબ તે સર્વથી સુરક્ષિત છે, ને પ્રત્યેક પ્રતિબિંબ અન્ય પ્રતિબિંબોથી સુરક્ષિત છે. એવું જ જીવોનું સમજવાનું.

**(૩) આ તો પરમ અર્થની વાત થઇ, કે જે પ્રપંચથી પર છે. પરંતુ તર્ક વડે વ્યાવહારિકરૂપે જગતકર્તા તરીકે ઈશ્વરનું સ્વરૂપ કેવું જાણવું ?**

સ્થૂલ જગતનો કર્તા જીવ તો હોઈ શકે જ નહિ. જગતમાં એવા અનંત પદાર્થો છે, જેની રચનાનો હેતુ હજી સુધી કોઇ પામી

શકયું નથી, ને તે વિષે માત્ર મસમોટું અચરજ જ રહ્યું છે. તેથી, જીવથી ભિન્ન અનંત શકિતમાન અનંત જ્ઞાનવાન કોઇ ચેતનતત્ત્વની જ આ કૃતિ છે, એ નિશ્ચિત છે, એને આપણે **ઇશ્વર** કહ્યો.

આપણે જોઈ ગયા તેમ, શુદ્ધ ચૈતન્ય તો કર્તાપણા, નિયંતાપણા ઈ૦ ધર્મોથી મુક્ત છે, તેથી તે જગતનું નથી કર્તા કે નથી નિયંતા. આ બધી ધાંધલ **માયોપહિત** (–માયાની ઉપાધિયુકત) ચેતન કર્યા કરે છે; તે જ ઇશ્વર છે. એ ઇશ્વર કોઈનું **કાર્ય** નથી, ને તેનો કોઇ કર્તા નથી. તે અનાદિ છે, પણ અનંત નથી. એનો કોઇ કર્તા મનાતો નથી, કેમકે જે અનાદિ મનાયો છે, તેના કર્તાને કોણ જાણે ? તેના પહેલાં જેનું અસ્તિત્વ હોય તે ! તેવું તો કોઇ હોઇ શકે નહિ !

**(૪) ભલે તેનો કોઈ અન્ય કર્તા ન હોય, પણ એ પોતે પોતાનો કર્તા હોવાનું માનવામાં શો વાંધો છે? અન્ય સર્વને ઉપજાવનાર ઈશ્વર પોતાને કેમ ન ઉપજાવી શકે?**

અહીં, તર્ક–ન્યાયની ભલભલાને ગોટાળે ચડાવતી, છતાં ખરું જોતાં સાવ સરળ રમત ચાલે છે; જો એમ મનાય કે ઇશ્વર પોતે પોતાને જન્માવે છે, તો **આત્માશ્રય** દોષનો પ્રસંગ આવશે. स्वस्य स्वापेक्षापादकः आत्माश्रयः એવો પ્રસંગ કે જેમાં પોતાની પોતાને જ અપેક્ષા હોય, તે આત્માશ્રય કહેવાય છે. એ એક **દોષ** ( અં૦ ફેલેસી ) છે. એ દોષ જયાં હોય ત્યાં તે ઉત્પત્તિ અને જ્ઞપ્તિ (=જ્ઞાન )માં બાધક હોય છે; એટલે કે પદાર્થની ઉત્પત્તિ બને નહિ, ને તેના વિષે જ્ઞાન થવા પામે નહિ. બાધક એટલે અડચણ કર્તા–રોકનાર. મોટા મોટા શબ્દોથી નહિ ગભરાતાં, ધીરજથી કામ લેવાની આ વિષયમાં જરૂર છે.

ધારો કે એવો પ્રશ્ન પૂછાયો કે 'આ ઘડાને કોણે ઉપજાવ્યો ?' જો તેનો એવો જવાબ અપાય કે 'એને એણે પોતે ઉપજાવ્યો છે,' તો એમ થયું કે પોતે પોતાને ઉપજાવ્યો. એ આત્માશ્રય દોષ થયો, કેમકે ત્યાં પોતાની ઉત્પત્તિમાં પોતાની અપેક્ષા (ગરજ) રહે છે, એટલે કે, એ પોતે પોતાનું કારણ બને છે. પણ નિયમ એવો છે કે, કારણ પોતાથી ઉપજતા કાર્યથી 'અવ્યવહિત પૂર્ણક્ષણવર્તી' હોવું જોઇએ, એટલે કે જે સમયે કાર્ય ઉપજે તેનાથી પહેલાંના (એ કાર્યની હાજરી વગરના) કાળમાં તેવા કાર્યનું કારણ વિદ્યમાન હોવું જોઈએ. દા૦ ત૦, क અને ख નામની બે ક્ષણો; ख ક્ષણમાં કોઇ કાર્ય ત્યારે જ ઉત્પન્ન થાય, કે જ્યારે તે કાર્યને ઉપજાવનારું કારણ તેના પહેલાંની क ક્ષણમાં હાજર હોય, કે જે क ક્ષણમાં કાર્યની હયાતી નથી. પણ આ ઘડાના પ્રસંગમાં તો તેવું ન થયું. ઘટ ઉપજ્યા પહેલાં પણ તે તેમાં રહ્યા ! તેથી, ઘડો તે રીતે ઉપજી શકે જ નહિ. પહેલેથી જ ઉપજેલા ઘડાનું વળી ઉપજવું કેવું ? ને ઉપજે નહિ, તો જણાય શું ?

એ રીતે, જો ઈશ્વર પોતાનો જ જનક (=ઉપજાવનાર) હોય, તો જન્ય (=ઉપજનાર) ઈશ્વરથી અવ્યવહિત (=ઈશ્વર ન હોય ત્યાર પહેલાંની પૂર્વ) ક્ષણમાં જનક (ઇશ્વર) ની હયાતી જ ન હોઈ શકે. તેથી, ઈશ્વરનો ઉત્પાદક ઈશ્વર સ્વયં ન બની શકે. બેટો ઉપજ્યા પહેલાં બાપની હયાતી જરૂરી હોય જ ને !

આ બધું લાગે છે ગોટાળા ભરેલું, પણ સાવ વ્યાવહારિક સરળ વાત છે, કે કોઈ પોતે પોતાને જન્મ ન આપી શકે, પણ જન્માવનારું જન્મનારથી કોઇ અન્ય હોવું જ જોઈએ, અને તે જન્માવનારની હયાતી તે જન્મનારના જન્મ પહેલાં હોવી જ જોઇએ.

અને જો આત્માશ્રય દોષને લીધે ઈશ્વર પોતાને ઉપજાવી ન શકે, તો એમ કેમ ન માનવું, કે ઈશ્વરનો જનક કોઈ બીજો ઈશ્વર હશે ? તો ત્યાં એવી શંકા ઉભી થશે, કે એ બીજા ઈશ્વરનો જનક કોણ ? જો એને માટે ત્રીજો ઈશ્વર કે ત્રીજી કોઇ વ્યક્તિ સ્વીકારીએ, તો વળી સવાલ રહેશે, કે તેને કોણે ઉપજાવ્યો ? એમ અસંખ્ય અનન્ત ઇશ્વરોની કલ્પના કરવી પડે.

એક ઈશ્વર क, અને બીજો ख; क ને કોણે ઉપજાવ્યો ? ख એ. તો ख ને કોણે ઉપજાવ્યો ? તો કે કોઈ જુદા ઈશ્વરે. ત્યાં પૂછાશે કે એ જુદો ઇશ્વર કયો ? પહેલો જ, કે પછી કોઇ ત્રીજો ? જો क ઇશ્વરને જ ख નો પણ જનક માનીએ, તો **અન્યોન્યાશ્રય** દોષ ઉપજે. જન્ય અને જનક, બેટો ને બાપ, ઉભયને જો ઉપજવા માટે એકબીજાની પરસ્પર ગરજ ( =અપેક્ષા ) રહે, તો ત્યાં આ દોષ ઉપજે; અને ત્યાં ઉત્પત્તિ તેમજ જ્ઞાન, ઉભયને વાંધો પડે. ઉપરના દૃષ્ટાંતમાં, क નો જનક ख, ને ख નો જનક क થાય, ત્યાં એ દોષ આવ્યો, કેમકે બંને જનક, અને બંને જન્ય થાય. અને જો એ બે ઈશ્વરો મળીને એકબીજાને ઉપજાવે છે એવું કોઇ કહે, તો ત્યાં બન્નેનો બાધ થઈ જશે; કોઇ જ નહિ ઉપજે !

જો એમ કોઈ કહે કે ख નો જનક क નહિ પણ કોઈ ત્રીજો ग ઈશ્વર છે, તો **ચક્રક** દોષ આવે—ચક્કરમાં પડાય. 'स्वापेक्षणीयापेक्षित सापेक्षानु बन्धनः प्रसंगः चक्रकम् । ' જ્યાં **સ્વ** નો કોઈ અપેક્ષણીય હોય, એટલે કે **સ્વ**ને ઉપજવા માટે કોઇ અન્યની ગરજ રહેતી હોય, અને જેની ગરજ રહેતી હોય તેને વળી અન્યની ગરજ રહે, અને તેવી જેની ગરજ થઇ, તેને **સ્વ**ની ગરજ રહે, એ ચક્રક દોષ,' એવી એ દોષની વ્યાખ્યા છે.

દા૦ ત૦, ' આ ઘડો કોણે ઉપજાવ્યો ? ' એનો ઉત્તર એવો

પડે, કે 'આ ઘડાએ ઉપજાવેલો જે બીજો ઘડો, તે બીજા ઘડાએ ઉપજાવેલો જે ત્રીજો ઘડો, તે ત્રીજા ઘડાએ આ પહેલો ઘડો ઉપજાવ્યો છે,' તો આ દોષ થયો. જો આ ઘડો તેણે ઉપજાવેલા ઘડાએ ઉપજાવેલો હોય, તો તેવો આ ઘડો, આ ઘડાથી ઉપજેલા ઘડાથી જુદો હોવો જોઇએ. કેમકે જન્યને જનકની અપેક્ષા રહે જ; ઉપજાવનાર વગર ઉપજનાર ઉપજે નહિ, અને જન્યજનક (=ઉપજનાર–ઉપજાવનાર) જુદા જ હોય. જો આ ઘડાના જન્યના જન્યથી આ ઘડો જન્ય હોય, તો આ ઘડાથી ઉપજેલો જે બીજો ઘડો, તેનાથી ઉપજેલો જે ત્રીજો ઘડો, તેનાથી પહેલો ઘડો જુદો જ હોય, કેમકે ત્રીજો ઘડો પહેલાનું કારણ છે.

क, ख ને ग, એ ત્રણ ઇશ્વરોમાં क નો જનક ख, ને ख નો ग છે; તો ग નો કોણ ? જો તેનો જનક क કહો તો ચક્રક દોષ થયો, કેમકે ग નો જનક ख થતાં એનું એ ચક્કર ચાલ્યું, જે અશક્ય છે, કેમકે તે રીતે કોઇની ઉત્પત્તિ થાય નહિ, જગત નિરીશ્વર થઇ જાય.–કેવળ મૂર્ખતાને લીધે !

ચક્રકના ભયથી જો ચોથો घ કલ્પાય, તો घ નો જનક કોણ ? च: લો च નો કોણ ?...એમ અનંત પરંપરા ચાલવાથી, **અનવસ્થા** દોષ થાય. કોઈ પણ અમુક ચોક્કસ વસ્તુની સજાતીય વસ્તુપરંપરા કલ્પવામાં વિરામ ન હોય, ત્યાં એ દોષ બને. એ પણ વસ્તુની ઉત્પત્તિમાં તેમજ તેના યથાર્થ જ્ઞાનમાં પ્રતિબંધક છે. દા૦ ત૦, ઈશ્વર; તેનો સજાતીય બીજો ઈશ્વર, તેનો સજાતીય ત્રીજો, તેનો ચોથો...એમ ધારા અટકવાની નથી. ને ઈશ્વરનો નિર્ણય થઇ શકવાનો નહિ.

જો એનાથી બચવા क, ख, ग, घ, અને च માંથી ગમે તેને

ઈશ્વર માની લેવામાં આવે, તો **વિનિગમનાવિરહ** દોષ આવે. अन्यतर पक्षपातिनी युक्तिर्विनिगमना, 'બે, કે ત્રણ, કે અનંત સજાતીય વસ્તુઓમાંથી કોઈ એકને જ ખાસ કારણ વિના અમુક નામ આપી દેવાય, તો ત્યાં કઈ યુક્તિથી, કયા ખાસ કારણસર આ નામ તેને અપાયું, ને બીજા કોઈને નહિ, એવા પ્રશ્નનો જો કોઇ યોગ્ય ઉત્તર હોય, તો ત્યાં **વિનિગમના** થઇ કહેવાય; અને જો યોગ્ય ઉત્તર ન હોય, તો **વિનિગમનાવિરહ** થાય. વિરહ એટલે અભાવ. એ ન્યાયે, અહીં આ ઈશ્વરસમૂહમાંથી જો ફક્ત क ને ઈશ્વર માની લેવાય, તો પ્રશ્ન એ થાય, કે ફકત क ને જ એવું પદ આપવાનું કોઇ ખાસ કારણ છે ખરું ? ख ને કેમ ન આપવું ? અને ख ને આપો, તો ग ને કેમ નહિ ? આ પ્રશ્નનો કોઇ યોગ્ય ઉત્તર નથી; એટલે આ દોષ થયો.

એમ. વગરયુકિતએ એટલેકે વાજબી કારણ બતાવ્યા વિના, કોઇ ઇશ્વર માની લેવાય ત્યારે, પણ સવાલ ઉઠે કે 'જો યુકિત વિના જ क ને ઇશ્વર માનવો હોય તો ख ને કેમ નહિ ? ग ને કેમ નહિ ?...' એમ, કોને ઇશ્વર માનવો, ને કોને નહિ, તેનો નિયમ ન રહેવાથી **ઇશ્વરહાનિ** થાય, ઈશ્વર જાણે કે રખડી પડે, જે બુદ્ધિમાનોને ગમે નહિ.

પહેલાં કલ્પાયેલા બધા ઈશ્વરોનો લોપ કરવો, તે **પ્રાગ્લોપ** કહેવાય. દા૦ ત૦, અહીં જો क થી च સુધીની પરંપરામાં અમુક એક સ્થળે અટકી જાઓ, તો च આગળ અટકેલા હોવાથી च ને જ ઇશ્વર માનવો રહ્યો, અને તેના પહેલાં क થી घ સુધીના જે કલ્પાયેલા, તે બધાને ઉરાડી દેવા પડે.

આ બધા દોષોના ઉપદ્રવને લીધે, ઇશ્વરનો કોઈ કર્તા કે જનક નથી એમ માનવું જ નિર્દોષ અને તેથી, ઇષ્ટ છે.

## (૫) ઈશ્વરત્વનાં ખાસ લક્ષણો શું ગણાય ?

કોઈ વસ્તુને ઓળખાવવા માટે તેનું **લક્ષણ** બતાવવું જ જોઇએ. લક્ષણના બે પ્રકારો છે. (૧) **તટસ્થ;** અને (૨) **સ્વરૂપ.** कदाचिक्त्वे सति व्यावर्तकत्वं तटस्थ लक्षणम् અનિયતરૂપે થઇને જે વ્યાવર્તક હોય તે તટસ્ય લક્ષણ.' વ્યાવર્તક એટલે એક વસ્તુને બીજી વસ્તુઓથી અલગ પાડી આપનાર "ધર્મ," અર્થાત્ વિશેષ પ્રકારનો ગુણ. તેવો ધર્મ કોઇ પદાર્થમાં કોઇવાર નિશ્ચિત નિયમ રૂપે રહે છે, ને કોઇવાર ચોક્કસ રૂપે, 'કદાચિત્' રહે છે. આ બીજા પ્રકારના ધર્મવડે "તટસ્થ લક્ષણ બને છે. દા૦ ત૦, પૃથ્વી પરત્વે, 'ગંધવત્ત્વ' એટલે કે વાસ હોવી, એ પૃથ્વીનું લક્ષણ છે, એ ગુણ પૃથ્વી તત્ત્વને જળ, વાયુ ઈ૦ બીજી વસ્તુઓથી અલગ પાડે છે. એ ગુણ પૃથ્વીમાં કાયમ નથી હોતો, તેથી તે પૃથ્વીમાં માત્ર **કાદાચિત્ક** (કદાચિત્ **રહે**નારો) છે.

અને (૨) 'स्वरूपं सद् व्यावर्तकं स्वरूपलक्षणम्' 'જયા સ્વરૂપ પોતે જ લક્ષણ બને, ત્યાં તે સ્વરૂપ લક્ષણ.' જેમ 'પૃથ્વીત્વ' એ પૃથ્વીનું લક્ષણ છે. પૃથ્વીપણું પૃથ્વીનું સ્વરૂપ છે, ને તે જળ, તેજ, વાયુ તથા આકાશથી પૃથ્વીને ભિન્ન પાડનારું "વ્યાવર્તક" પણ છે. ગંધ વિનાની માટી હોઈ શકે. પણ માટીપણા વિનાની માટી કદી ન હોય, તેથી માટીપણું, એ માટીનું સ્વરૂપ લક્ષણ થયું. જેમ માણસનું માણસાઈ.

એ રીતે, ઇશ્વરનું **સ્વરૂપ** લક્ષણ ઇશ્વરત્વ, ઇશન કરવાપણું, **સર્વ**શક્તિમાનપણું ઇત્યાદિ જે છે, તે પાછળ કહેવાઇ ચૂકયું છે. **એનું તટસ્થ** વ્યાવર્તક લક્ષણ जगत्कर्तृत्वे सति जगदुपादानत्वम्' જે જગતનો કર્તા પણ હોય, અને જગતનું ઉપાદાન પણ હોય,'

એટલે કે જગતનું અભિન્ન નિમિત્તોપાદાન હોય, તે ઇશ્વર. ઇશ્વરમાં આ બે બાબતો રહેલી છે. અથવા સૃષ્ટિ-સ્થિતિ-લય કારણત્વમ્ જે સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયનું કારણ હોય તે ઇશ્વર,' એ લક્ષણ પણ યોજાય.

આ લક્ષણે ઈશ્વર, જાણવો.

# સર્ગ આઠમો

## જીવ-ઇશ્વર

### (૧) 'જીવનું સ્વરૂપ' તર્કદૃષ્ટિની વિગતે કહો.

જીવનું સ્વરૂપ એક રીતે તો પાછળ કહેવાઈ ચૂકયું છે; તે એ સ્થળે અહીં ફરીથી જોઈ જવું, ને તે પછી આગળ ચાલવું. એટલું ધ્યાનમાં રાખવું, કે જીવનું ક્ષેત્ર અવિદ્યા છે. વિદ્યા (=જ્ઞાન) થતાં જ જીવભાવ છૂટી જાય છે. જીવનું કાર્ય છે, જાગ્રત અવસ્થા રૂપ અજ્ઞાનથી માંડીને જ્ઞાન (=મોક્ષ) સુધીનું બધું જ. કેમકે ઇશ્વરે મનુષ્યને વિવેક નામક વિશિષ્ટ બુદ્ધિ આપેલી હોવાથી, પોતાના જીવનનો તે યથેચ્છ ઉપયોગ કરવા, ન કરવા કે અન્યથા કરવા, અને પોતાનાં પ્રારબ્ધાદિ ઘડવા કે ન ઘડવા પણ મુકત છે, સમર્થ છે.

ઈશ્વર અને જીવ, ઉભય, કલ્પિત અને સાપેક્ષ (એટલે કે એકબીજાની સરખામણીએ), તોયે **અનાદિ** છે; પરંતુ ઉભય **સાન્ત** એટલે કે અંતને પાત્ર છે; જીવત્વનો અંત આવે, જ્ઞાન દ્વારા મોક્ષ થયે; ને ઈશ્વરત્વનો અંત આવે, મહાપ્રલય પછી વિશ્વ ન રહેતાં, ઈશનત્વનો લોપ તથા માયા-ઉપાધિનું શમન થયે. અને ત્યારે ઉભય પુનઃ કેવલ બ્રહ્મસ્વરૂપ છે.

### (૨) શાસ્ત્રો જીવના સ્વરૂપને વર્ણવતાં કઈ યુકિતઓ યોજે છે?

જરા પુનરુક્તિ થશે; પરંતુ આવા મૂલગત મહત્વના વિષયમાં પુનરુકિત અનિવાર્ય, અને ઘણી વાર ઈષ્ટ પણ છે.

આ વિષયને વિચારતા પહેલાં જાણી લેવું જોઇએ કે, જેમ બ્રહ્મ અનાદિ છે, તેમ જીવભાવ પણ તેવો છે. અનાદિ માયાના સંસર્ગને કારણે તેનું તેવું અનાદિત્વ છે. તે **ક્યારથી** અનાદિ છે, એ પ્રશ્ન જ નિરર્થક છે, અતિપ્રશ્ન છે; પરંતુ, એ અનાદિ જીવભાવને સમજવા–સમઝાવવા માટે ભિન્ન ભિન્ન પ્રક્રિયાઓ યોજાઇ છે ખરી. કોઈ પણ વિદ્વાન એમાંની કોઈ એકને જ ખરી ન કહી શકે, કેમકે એ બુદ્ધિની રમત છે, ને જેની જેટલી તર્કબુદ્ધિ પહોંચે, તેટલું તે ખેલે. પરંતુ એ સર્વનું તાત્પર્ય એક જ છે. તેથી, જીવ પરત્વે કે અન્ય કોઈ પ્રશ્ન પરત્વે અનેક રીતો કે વાદો વાંચવામાં આવે, ત્યાં મુંઝાવાની જરૂર નથી. તેમાંથી જે તમને ફાવે, એ તમારું! પ્રશ્ન છે, માત્ર નિષ્ઠાનો, આશયનો.

જે સમયે નિત્ય ચૈતન્ય પોતાના સ્વરૂપને પોતાની જ માયા-રચના વડે ભૂલે છે, પોતાને ઓળખી શકતું નથી, ને પોતે રચેલી સંસાર–યોજનામાં પોતે જ જાણે કે મુગ્ધ થાય છે, ત્યારે તેનું નામ **જીવ** પડે છે. વાસ્તવમાં તે નથી ભૂલતું કે નથી મુગ્ધ થતું, પરંતુ જીવત્વને સત્તાસ્ફૂર્તિ આપીને તેનો જાણે કે સંગ કરી રહેવાથી, તે તેવું ભૂલતું કે મુગ્ધ થતું ભાસે છે. (અહીં જપાકુસુમ –સ્ફટિકનું દૃષ્ટાંત વિચારી શકાય,) તે પોતાના સ્વરૂપને, પોતાના નિષ્કલ સચ્ચિદાનંદત્વને કેવી રીતે 'ભૂલે છે,' અને કઈ રીતે જીવ 'બને છે,' તે જાણવાની પ્રક્રિયાઓમાંની કેટલીક આ રહી:–

(૧) સર્વ ભૂતો (એટલે કે ઉપજેલા પદાર્થો)ની ઉત્પત્તિ કોઈને કોઈ કારણમાંથી જ થાય છે. કોઈ પણ પદાર્થની ઉત્પત્તિ

માટેનાં કારણોની જે ચર્ચા પાછળ થઈ છે, તેને અહીં આપણે આગળ ચલાવવાની છે. તેનાં કારણોના અહીં ત્રણ પ્રકાર કહીશું; **નિમિત્ત, ઉપાદાન** અને **સાધારણ,** વેદાન્તમાં સંપૂર્ણ ભૂતો તથા ભૌતિક પદાર્થોનું ઉપાદાન કારણ ઈશ્વરેચ્છારૂપી માયા છે, જે અનાદિ અને અનિર્વચનીયા છે; જે સત્ નથી, અસત્ નથી, ઉભય નથી. જેના સ્વરૂપનો ચોક્કસ નિર્ણય ન થઈ શકે, તે અનિવર્ચનીય કહેવાય. ત્રણ કાળમાં જેનો બાધ ન થઈ શકે તે **સત્**, બાધ એટલે આત્યંતિક અથવા સમૂળો નાશ. જેનો કોઇ કાળે પણ બાધ થાય, તે, એટલે કે જે અનિત્યક હેતાં મિથ્યા હોય, તે **અસત્**, માયા સત્ નથી, કેમ કે જ્ઞાન વડે એ બાધયોગ્ય છે. એ અસત્ નથી, કેમ કે વંધ્યાપુત્ર, ગગનકુસુમ, સસલાનાં શીંગડાં ઇ૦ જે ખરેખર અસત્ છે તેની કદી પ્રતીતિ થતી નથી. તે દેખાતું નથી. પણ આની તો થાય છે જ; એ ખરોખર દેખાય છે તે કારણે, એ તેવી છે તેથી, જ તેને સત્ અને અસત્ ઉભયથી વિલક્ષણ માનવી પડે છે, માયાની આવરણશક્તિને લીધે જ જીવો ભિન્ન ભિન્ન ભાસે છે. બ્રહ્મ+સ્વરૂપતાનું આવરણ કરનારી આવરણ-શક્તિઓ, કર્મફલ–સંસ્કારાદિન ભેદોને લીધે, પ્રત્યેક જીવ દીઠ ભિન્ન છે; તેથી, જે જીવને જ્ઞાન થાય છે તે જીવનાં જ આવરણ હટે છે, તેની જ અવિદ્યાનો નાશ થાય છે. તેની જ ઉપાધિ ઉડે છે, ને એ જ સ્વરૂપભૂત બિંબરૂપે સ્થિત રહે છે. તેની કશી અસર અન્ય કોઇ પણ જીવની અવિદ્યા ઉપર પડતી નથી.

પાછળ માયાની **આવરણ** અને **વિક્ષેપ** શક્તિઓની ચર્ચા થઈ ચૂકી છે. વિક્ષેપથી જગત ઉપજે તથા વિસ્તરે છે; અને આવ-રણથી, પદાર્થોનું સ્વરૂપ છાનું રહે છે, ઢંકાય છે, જેને લીધે 'પરમાત્મા નથી, તે દેખાતો નથી,' ઇ૦ વિચારોનો વ્યવહાર

થાય છે. તે ચિત્તસ્થિતિ આવી આવરણશક્તિનો પ્રતાપ છે. માયા તો એક જ છે, તેના કોઈ ભાગ–અવયવ નથી; છતાં, પોતાની આ બે પારાવાર શક્તિઓને લીધે જ તે અનંત વિસ્તાર તથા અનંત આવરણથી યુકત દેખાય છે, અને તેના જુદા જુદા ભાગો હોવા જેવું જણાય છે.

માયાના આવા પ્રદેશો (=અંગો) ને જ અવિદ્યા કહેવામાં આવે છે; તેની વિવિધતાનો પાર નથી. જેમ મિષ્ટતા એક જ અને નિરવયવ હોવા છતાં, આ઼઼઼ા ઇ૦ વિવિધ પદાર્થો તથા વિવિધ ક્રિયાઓના સંયોગને લીધે, મીઠાઇઓનો પાર નથી, તેથી એમ લાગે છે કે જાણે મિષ્ટતાઓ અનેક અને પાર વિનાની છે, તેવું અહીં પણ જાણવું.

એમ, પરિચ્છિન્ન (=મર્યાદાયુકત), તથા અનંત 'પ્રદેશો' (ક્ષેત્રો) વાળી, અને આવરણ–વિક્ષેપ શકિતઓથી યુકત માયા –અવિદ્યામાં ચિત્‌નું (ચૈતન્યનું) જે પ્રતિબિંબ, તે જ **જીવ.** આ પ્રતિબિંબનું સ્વરૂપ પાછળ સમજાવાઇ ચૂકયું છે.

(૨) સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણોની સમાન અવસ્થારૂપ મૂળ પ્રકૃતિ, તે શુદ્ધ સત્ત્વપ્રધાના માયા, અર્થાત્ અવિદ્યા; તેમાં ચિત્ (ચૈતન્ય)નું પડતું પ્રતિબિંબ, તે જીવ.

(૩) અંતઃકરણમાં પડતું ચૈતન્યનું પ્રતિબિંબ તે જીવ.

(૪) જેમ ઘડાના આકાશ (અવકાશ)માં રહેલું જળ, (क) તેમાં રહેલું (મેઘ અને નક્ષત્રો ઇ૦ સહિતનું પ્રતિબિંબિત) મુખ્ય આકાશ, અને (ख) ઘડામાં રહેલું ઘટાકાશ, એ બન્ને 'જળાકાશ' કહેવાય છે, તેમ, કૂટસ્થમાં કલ્પિત જે અંતઃકરણ. તેમાં પ્રતિબિંબિત ચૈતન્ય અને કૂટસ્થ, એ બન્ને મળીને 'જીવ' અથવા જીવાત્મા કહેવાય છે; અને એને જ શાસ્ત્રો **સંસારી** કહે છે.

'આભાસ અંતઃકરણથી યુકત **કૂટસ્થ** ચૈતન્ય' જ અહીં જીવ થયો. તેમાં ચિત્‌ના આભાસથી યુકત અંતઃકરણ (વાસનાગ્રંથિ) **વિશેષણ** ભાગ, અને કૂટસ્થ (સાક્ષી) **વિશેષ્ય** ભાગ છે, કેમકે તે આની ઉપાધિ એટલે કે તેને વળગેલી વસ્તુ અર્થાત્ તેનું વિશેષણ છે.

તાત્પર્ય એ કે, ઘડામાં સર્વને ધારણ કરી રહેલું જે આકાશ, તે કૂટસ્થ નિર્લેપ સાક્ષી; તેમાં ભરેલું ઘડાનું જે જળ, તે કલ્પિત અંતઃકરણ અર્થાત્ બુદ્ધિ; અને તે અંતઃકરણમાં વાદળ-નક્ષત્ર-યુકત આકાશરૂપ જે પ્રતિબિંબિત ચૈતન્ય, તે 'જીવ, કહેવાતો ચિદાભાસ. એટલે કે, જીવ કોઈ એકલી વસ્તુનું નામ નથી, પણ કૂટસ્થ સાક્ષી આત્મા, અંતઃકરણ અને ચિદાભાસ, એ ત્રણ મળીને એની યોજના છે. **જીવ ભાવમાં** વાસનાગ્રંથિરૂપ અતઃકરણ જ ઉપાધિ છે.

(૫) ઈશ્વરને બિંબ કહેવાય; તેનું અજ્ઞાનરૂપી માયામાં પ્રતિબિંબ તે જીવ. અંતઃકરણ અજ્ઞાનનું જ પરિણામ છે. એ અજ્ઞાનમાં પ્રતિબિંબિત જીવ અંતઃકરણમાં વિશેષરૂપે દશ્યમાન થાય છે, એટલે અંતઃકરણને લીધે જ તે જીવમાં જાણનાર, કરનાર ઇ૦ ધર્મોની એટલે કે લક્ષણોની પ્રકટતા થાય છે.

તાત્પર્ય એ કે, જીવત્વની ઉપાધિ અજ્ઞાન તો છે જ, પણ તે બે રૂપે છે. (क) અજ્ઞાનરૂપે અને (ख) અજ્ઞાનના પરિણામ અંતઃકરણરૂપે.

(૬) જેમ ઘડાથી ઘેરાયેલું (ઘટાવચ્છિન્ન) આકાશ 'ઘટાકાશ' કહેવાય છે, તેમ જ અંતઃકરણાવચ્છિન્ન ચૈતન્ય 'જીવ' અથવા જીવાત્મા કહેવાય છે. ઘડાથી ઘેરાએલા આકાશમાં જેમ કોઈ પ્રકારનો સ્વરૂપવિકાર ન થતો હોવા છતાં તે મહાકાશથી ભિન્ન

જેવું ભાસે છે, તેમ જ અંતઃકરણથી અવચ્છિન્ન ચેતનમાં પણ કોઇ પ્રકારનો વિકાર ન થતો હોવા છતાં તે શુદ્ધ ચૈતન્યથી ભિન્નની પેઠે જીવરૂપે ભાસે છે.

(૭) અજ્ઞાનનો આશ્રય લઇને રહેલું જેવું ભાસતું ચૈતન્ય 'જીવ' કહેવાય છે. અજ્ઞાન કેવી રીતે નાનાવિધ છે, એ તો પાછળ કહેવાઇ ચૂક્યું છે. તેથી, આ મંતવ્યમાં જીવને પણ નાનાવિધ જ માન્યા છે; એટલે કે એક-એક જીવ પોતપોતાનું આગવું જગત્ રચી લે છે. જીવની ઉપાધિ અજ્ઞાન છે, તેથી અજ્ઞાનની ઉપાધિવાળો જીવ જગતનું ઉપાદાન કારણ છે. જગતરૂપી જંજાળ જીવ જ ઊભી કરે છે.

વેદાન્તીઓના એક વર્ગે કૂટસ્થ, બ્રહ્મ, જીવ, ઇશ્વર, એમ ચાર ચૈતન્યપ્રકાર યોજ્યા છે. કોઇએ જીવ, ઇશ્વર અને શુદ્ધ ચૈતન્ય, એમ ત્રિવિધની કલ્પના કરી છે. મૂળ વસ્તુની ગેડ બેસવા -બેસાડવા માટે જેને જે રીત ગોઠી ગઇ, તે તેણે બોધ આપવા કાજે ગ્રહી છે. આ **અવચ્છેદવાદમાં** તો જીવ અને ઇશ્વર, એમ બે જ પ્રકારની ચૈતન્ય-કલ્પના છે. તેમાં, જ્ઞાનનો આશ્રય જે ચૈતન્ય, તે ઇશ્વર, ને અજ્ઞાનનો આશ્રય જે ચૈતન્ય તે જીવ કહેવાય છે. હવે સરળ શબ્દોમાં વાત કરીએ.

એક ચિત્રકાર છે, દિવસના અજવાળામાં તે ચિત્ર દોરે છે. સામાન્ય નજરે જોતાં, ચિત્રનો દોરનાર એ ચિત્રકાર એકલો જણાય છે, પરંતુ ખરું જોતાં એવું નથી. સૂર્યનો પ્રકાશ જ એ ચિત્ર દોરવાનું એને માટે શક્ય બતાવે છે. તે વિના ચિત્ર દોરાય જ નહિ. સૂર્યને ચિત્રના આ લેખન સાથે કશી જ નિસબત નથી છતાં, તેના સહારા વિના ચિત્રાલેખન બને જ નહિ. તેથી ત્યાં ચિત્રકારની ચિત્રદોરવાની આવડત, વત્તા સૂર્યનો પ્રકાશ, એ

બે મળીને જ ચિત્રાલેખન બને છે. પ્રકાશને કોઇ લક્ષમાં લેતું નથી, તેથી તેની અનિવાર્યતા મટતી નથી. ને ચિત્રકાર ન હોય તો યે પ્રકાશ તો નિત્ય વિદ્યામાન રહે છે.

તે રીતે, સંસ્કારોનું જાળું તે જીવ, એને જ અંતઃકરણ કહેવામાં આવે છે. પરંતુ તે પોતે પ્રકાશ-ચેતનહીન, જડ છે. સર્વવ્યાપક જે ચૈતન્ય-પરમેશ્વર બ્રહ્મ તત્ત્વ છે, તેની દૃષ્ટિ તેના ઉપર પડવાથી જ જીવ ચેતનવંતો, સળવળતો થઇને પ્રવર્તી શકે છે, એ સર્વસામાન્ય ચેતનાદાયક તત્ત્વ, તે "આત્મા" જીવ તો કાળે કરીને, પ્રારબ્ધ પૂરૂં થતાં, ઉડી જાય છે, ને પ્રવર્તતો હોય ત્યારે પણ, તેનામાં ફેરફાર થયા કરે કરે છે. એ હોય ત્યારે તે ન હોય ત્યારે પણ એ આત્મતત્ત્વ તો સદા વિદ્યમાન જ રહે છે. "જીવ" પ્રવર્તે છે, માત્ર તેને આશરે. એવો ચેતનનો જે આશરો તે જ ચેતનનું 'પ્રતિબિંબ," ચેતનની "છાયા," ચેતનનો અંતઃકરણમાં "આભાસ," "ચિત્‌ના આભાસથી યુક્ત અંતઃકરણ" ઇ૦ શબ્દો વડે અહીં વર્ણવાય છે.

જેમ કે, યંત્ર ગમે તેવું સુંદર હોય, પરન્તુ તેમાં "પાવર" આવે તોજ તે પ્રવર્તી શકે. ત્યાં કામ એ યંત્ર કરતું દેખાય, પરંતુ જાણકાર ઇજનેર જાણે છે, કે ખરૂં જોતાં કામ કરે છે "પાવર" જ એવું વાસનાગ્રંથિ જીવ, ને તેના "પાવર" આત્માનું જાણવું "યંત્ર જ કામ કરે છે" એવું સમજવું, તેનું નામ જ "અવિદ્યા," "સ્વરૂપનું અજ્ઞાન" "માયા" વગેરે કહેવાય છે.

યંત્ર છે, "પાવર" તે વળગેલી એક "ઉપાધ," વળગાડ. તે જીવ અથવા અંતઃકરણ છે પરમ સર્વવ્યાપક ચૈતન્ય તત્ત્વને વળગેલી જેવી લાગતી ઉપાધિ. એ ઉપાધિ વિદ્યમાન હોય ત્યારે, ને ખરી પડે ત્યારે પણ, આત્મતત્ત્વ નિત્ય, અવિચળ, જેવું ને તેવું

વિદ્યમાન જ છે. તેથી, પ્રત્યેક "જીવાત્મા"નું ખરૂં અંતર સ્વ-રૂપ અવિચળ આત્મા જ છે, "જીવ" નહિ. આત્મા મૂળ પદાર્થ (બિંબ)ને જીવને એ પ્રવર્તાવે ત્યારે, "જીવમાં પડતું તેનું પ્રતિબિંબ" એ રીતે એ કહેવાય છે. જગતને પ્રવર્તાવે, ત્યારે તેને "ઇશ્વરમાં પડતું પ્રતિબિંબ" કહેવાય. વળી કોઇ વાર ઇશ્વરને બિંબ, જે તે જીવનો પ્રવર્તાવે ત્યારે 'જીવમાં પડતી ઈશ્વર-બિંબની છાયા કે આભાસ' પણ કહેવાય છે.

શબ્દોનું જાળું ધીરજથી ઊખેળતાં, મૂળગત સીધી વાત ઉપસી આવશે, કે "જીવ"ને "આત્મા"ના યુગલમાં જ ખરો "હું," એ ઝબકારતો જીવ નહિ, પરંતુ તેને ધારણ કરનાર આત્મા અર્થાત્ બ્રહ્મ જ છે, ને જીવભાવ માત્ર અજ્ઞાનજન્ય ભ્રમણામાંથી ઉપજતી બલા છે. કે જેનો જ્ઞાનવડે બાધ કરવો, એ ખરો મોક્ષ છે.

**(૩) 'અજ્ઞાન' એટલે જ્ઞાનનો અભાવ, કે બીજું કંઇ? એ તો અભાવાત્મક, માત્ર ભાવનો નિષેધ થયો (-અં૦નેગેશન).**

અજ્ઞાન અ-ભાવ (અં૦ નેગેટીવ) રૂપ નથી, પણ ભાવ (અં૦-પૉઝિટીવ રૂપ છે. એ ભાવરૂપ અજ્ઞાનના સંબંધથી ચૈતન્ય સ્વયં સ્વના રૂપને જાણતો નથી. એક જ ચૈતન્ય, જ્યાં તે અજ્ઞાન-વશ નથી ત્યાં, ઈશ્વર છે, અને જ્યાં અજ્ઞાનને વશ છે, ત્યાં તે જીવ છે. એટલે, એક જ ચૈતન્ય અજ્ઞાતત્વવિશિષ્ટ (નહિ જાણી શકાવાપણું જેનામાં છે તે) રૂપે. અજ્ઞેય ઈશ્વર, અને અજ્ઞાતૃત્વ-વિશિષ્ટ (નહિ જાણી શકવાપણું જેનામાં છે તે) રૂપે અજ્ઞાની જીવ છે. અજ્ઞાન અનાદિ છે. અજ્ઞાન નાનાવિધ છે. તેનાથી ભિન્ન માયા નામક કોઇ વસ્તુ નથી. જીવની ઉપાધિ અજ્ઞાન જ છે, અને ઈશ્વરની ઉપાધિ પણ અજ્ઞાન જ છે, તેમાં ફેર માત્ર એટલો,

કે ઇશ્વરે અજ્ઞાનને સ્વેચ્છાથી ધારણ કર્યું છે, ને જીવ ભ્રમણાથી તેને વશ વર્તે છે.

**(૪) અજ્ઞાનરૂપ ઉપાધિ જો એક જ છે, તો ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા તથા ભિન્ન ભિન્ન ધર્મોવાળા 'જીવભાવ' અને 'ઇશ્વરભાવ' એક જ ઉપાધિથી કેવી રીતે થઈ શકે?**

જેમ સૂર્યે ઉપજાવેલાં વાદળાં સૂર્યને જ ઢાંકતાં હોય તેવું જણાય છે, તેમ ઇશ્વરકલ્પિત અજ્ઞાન જાણે કે ઇશ્વરને જ ઢાંકે છે, તિરોહિત કરે છે. "તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઇ દેખે નહીં," એ રીતે જ ઇશ્વર અજ્ઞાનનો વિષય બને છે. વાસ્તવમાં વાદળથી સૂર્ય ઢંકાતો નથી, ડુંગર તરણાથી ઢંકાતો નથી. ને ઇશ્વર અજ્ઞાનનો ખરેખર વિષય બનતો નથી. પરંતુ આવા આભાસથી થતા **વિષયતા-સંબંધથી**, અજ્ઞાન ઇશ્વરનું "અવચ્છેદક," એટલે કે ઇશ્વરમાં રહેલી તેની **ઉપાધિ** હોય છે; અને તે અજ્ઞાન જીવમાં **રહે** છે, તેથી, જીવ તે અજ્ઞાનનો **આશ્રય** બને છે ( કેમકે કર્મફલ-સંસ્કાર, કર્તા–ભોકતાભાવ ઇ૦ રૂપી જે જીવ, તેનોજ અજ્ઞાનને આશ્રય હોઇ શકે ). અને તેથી, **આશ્રયતા–સંબંધથી**, અજ્ઞાન જીવના સ્વરૂપનું અવચ્છેદક ( =તેની ખાસ ઉપાધિ ) અર્થાત્ તેનું લક્ષણ છે. ટૂંકામાં, જીવ તેના અજ્ઞાનરૂપી લક્ષણને લીધે જ "જીવ" છે, અને જીવ, પોતાના અજ્ઞાનનો વિષય ઇશ્વરને બતાવે છે, ને તેથી ઇશ્વર તેમ હોવા છતાં તેને અજ્ઞેય માની બેસે છે.

એ મતમાં અવિદ્યા કે અજ્ઞાનનો **આશ્રય**, ઇશ્વર નહિ, પણ માત્ર જીવ જ છે. ઇશ્વર તો ફક્ત તેનો **વિષય** છે. લોકમાં **તુલા** અવિદ્યાથી ઉપજતા ચાંદીના આભાસના સ્થળમાં અવિદ્યાનો વિષય છીપ બને છે; અને તે અવિદ્યાનો વિષય બનેલી છીપ

ચાંદીને ઉત્પન્ન નથી કરતી, પરંતુ અવિદ્યા જેને આશ્રયે રહે છે તે જીવ જ, તે અવિદ્યાની સહાયથી, ચાંદીની કલ્પના કરે છે; તેમ ઇશ્વર પણ **મૂલા** અવિદ્યાનો માત્ર "વિષય" છે, તેથી તે, છીપ જેમ ચાંદીને ઉત્પન્ન કરતી નથી તેમ, જગતને ઉત્પન્ન કરતો નથી, પરંતુ જીવ જ પોતપોતાની અવિદ્યાની સહાયથી પોતપોતાના કર્મફલ-સંસ્કારને અનુરૂપ પોતપોતાના જગતની કલ્પના કરે છે.

આ રીતે, આ મતમાં શુદ્ધ ચૈતન્ય જ ઈશ્વર કહેવાય છે. એ જ ઈશ્વર નાના પ્રકારના જીવોનું, અને તે જીવોની વિવિધ અવિદ્યાઓના કાર્યરૂપ પ્રપંચ વગેરેનું અધિષ્ઠાન એટલે કે તેનો આધાર બને છે, અર્થાત, જીવ એ બધું નાહક પેલા ઈશ્વરમાં જ કલ્પે છે. એમ પરાણે અધિષ્ઠાન બનવાથી જ, ઈશ્વર ફક્ત ઉપચાર પુરતો, એટલે કે કહેવા પુરતો જ જગતનું કારણ છે; કેમકે જગતનું ખરું કારણ તો જીવ પોતે છે.

આ મતમાં **દૃષ્ટિસૃષ્ટિવાદ** મનાય છે; 'જેવી દૃષ્ટિ, તેવો દેખાવ,' એવો એનો અર્થ છે. જેમકે, જીવને આશ્રયે રહેલી તુલા અવિદ્યાથી રચાયેલી ચાંદી જ્યાં સુધી જોવામાં આવે છે, ત્યાં સુધી જ તેની રચના હોય છે. ચાંદીની દૃષ્ટિ પૂર્વે, કે તે દેખાતી બંધ થાય પછી, તે ચાંદી હોતી નથી; એવી રીતે, જે વસ્તુ દૃષ્ટિમાં જ્યારે, ને જેવી રીતે, જ્યાં સુધી આવે છે, **ત્યાં** સુધી તે વસ્તુ **ત્યારે તેવી** છે. દૃષ્ટિમાં આવતાં પૂર્વે કે દૃષ્ટિમાંથી નીકળી ગયા પછી તે પદાર્થ નહોતો, ને નથી રહેતો. દા૦ ત૦, એક જ માણસ મને કોઈ ખાસ કારણસર સારો લાગ્યો, ત્યારથી તે મારે માટે સારો છે, અને એ ખાસ કારણ જતાં અથવા તેથી ઉલટા પ્રકારનું કારણ ઉપજતાં જ્યારે એ મારે માટે સારો મટી ગયો, ત્યાર પછી એ સારો નથી રહેતો. જો કે ખરૂં જોતાં એ તો બધો સમય જે છે તે જ હોય છે.

# સર્ગ—નવમો

## જીવ અને જગત

**(૧) આ "દૃષ્ટિ-સૃષ્ટિવાદની" ગેડ સારી રીતે બેસે તેવું લાગે છે. એનું સ્વરૂપ શું છે ?**

એમાં સમસ્ત જગત તથા તેના બધા જ પદાર્થો પ્રાતિભાસિક છે. (–પાછળ આપણે વાસ્તવમાં **સત્તાના** બે જ પ્રકારો હોવાનો ઉલ્લેખ કરી ચૂક્યા છીએ.) પ્રાતિભાસિક પદાર્થ જ્યારે જ્ઞાત એટલે કે જણાએલો અથવા ભાસમાન હોય છે, ત્યારે જ તેની સત્તા અર્થાત્ હયાતી હોય છે. અજ્ઞાત પ્રાતિભાસિકની સત્તા જ નથી હોતી. વ્યાવહારિક પદાર્થ તો, જણાયો હોય કે ન જણાયો હોય તોયે, પોતાનું કામ કર્યે જવા સમર્થ હોય છે જ; કેમકે તે ભૂતોવડે ઘડાયેલો છે; પરંતુ પ્રાતિભાસિક પદાર્થ જો અજ્ઞાત હોય, તો પોતાનું કાર્ય કરી શકે નહિ.

દોરડીમાં જો સાપ ન દેખાયો, તો તે ભય ઇ૦ ઉપજાવી શકે જ નહિ; પરંતુ દોરડી તો, ન દેખાઇ હોય તોયે, ઠેસે આવવા, કશું બાંધવા ઇ૦ કાર્યો આપી શકે છે. એ આ વાદનું બીજ છે. તે પ્રમાણે આ મિથ્યા જગત્ જેવી રીતે, જ્યારે, જ્યાં સુધી ભાસે છે, તેવી રીતે ત્યારે અને ત્યાં સુધી જ એ તેને અનુરૂપ ફળ આપી શકે છે; અન્યથા નહિ; કેમ કે તે જગત ઈશ્વર-ચૈતન્ય (છીપ) રૂપી અધિષ્ઠાનમાં પ્રતિભાસિત (ચાંદી જેવું) છે.

એમ, પ્રત્યેક જીવ પોતપોતાના અજ્ઞાનથી, અને તે પ્રમાણેની જ, સૃષ્ટિ રચી લે છે; તેથી જ, દેવદત્તના અજ્ઞાને કલ્પેલો સાપ યજ્ઞદત્તને નથી દેખાતો, પણ દેવદત્તને જ દેખાય છે. અને વસ્તુતઃ, દોરડી તો ઉભયને માટે વિદ્યમાન છે જ. તેથી જેના અજ્ઞાનથી જે વસ્તુ કલ્પાય, તે વસ્તુ તેને જ ભાસે; જેવી રીતે કે, ઊંઘતા માણસને દેખાતી સ્વપ્નની વિશાળ સૃષ્ટિ તેની પાસે રહેલા જાગતા કે ઊંઘતા અન્ય માણસને નથી દેખાતી.

જ્યાં ઘડો એક, અને તેને જોનારા દસ છે, ને એ એક જ ઘડાને દસે જણ એક જ એટલે કે ઘડારૂપે જ જુએ છે, ત્યાં વસ્તુતા એક નહિ પણ દસ ઘડા છે, ને 'જે ઘડો દેવદત્તે દીઠો તે જ મેં પણ જોયો છે' એવી જે પ્રત્યભિજ્ઞા (જાણકારી) હોય છે, તે તો બધા ઘડાઓની સજાતીયતાને લીધે ભ્રાન્તિથી, એટલે કે બધા ઘડા એક જ ઘટજાત હોવાને લીધે, થાય છે. એટલે કે, બધા "ઘડાપણું" દેખે છે; પરંતુ પ્રત્યેક જોનારને દેખાતો વ્યકિતગત ઘડો બીજાઓને દેખાતા વ્યકિતગત ઘડાઓથી જુદો, પોતાનો આગવો છે.

ફરીથી અહીં યાદ કરીએ કે ઈશ્વરની ઉપાધિ અવ્યાકૃત પ્રકૃતિ એટલે કે ઇશ્વરેચ્છા રૂપી માયા, એક જ છે, અને તે માયા ફક્ત **આપેક્ષિક** વ્યાપક છે ( જુઓ નીચે ), તેથી, તેનો ધારણ કરનારો ઈશ્વર એક જ છે; જીવની ઉપાધિ અવિદ્યા નાનાવિધ સ્વરૂપવાળી, માયામાં રજતમ ગુણો ભળવાથી વધતા વિસ્તારવાળી, ને જીવોના સંસ્કારો પ્રમાણે વૃત્તિઓ તથા વૃત્તિઓને અનુસરતા નાનાવિધ પ્રકારો ધારણ કરનારી છે; અને પરિચ્છિન્ન અર્થાત મર્યાદાવાળી, એટલે કે અવ્યાપક છે. અજ્ઞાન અમુક જ બાબતોમાં, અમુક પ્રકારે, ને અમુક રીતે જ વ્યાપે છે, સર્વત્ર

નહિ; તેથી, તેને ધારણ કરનારા જીવ પણ સંસ્કારશરીર ભેદે નાનાવિધ, ઘણા તથા પરિચ્છિન્ન અર્થાત મર્યાદિત છે.

## (૨) ઈશ્વરત્વનું 'આપેક્ષિક વ્યાપકપણું' કહ્યું, તે શું?

જે બીજા કશાની સરખામણીમાં એટલે કે તેની અપેક્ષાએ વ્યાપક હોય, અને તેવી રીતે અન્ય કશાની અપેક્ષાએ પરિચ્છિન્ન (=સાંકડું) પણ હોય, તે સાપેક્ષ અથવા આપેક્ષિક વ્યાપક કહેવાય, જેમકે ઘડા ઇ૦ની અપેક્ષાએ ઘર વ્યાપક છે, કેમકે તે ઘડા ઇ૦ને વ્યાપીને પોતાનામાં સમાવી શકે છે; પણ ગામની અપેક્ષાએ તે પરિચ્છિન્ન (=સાંકડું) છે; કેમકે, તે ગામથી વ્યપાય છે; તેથી તે ઘટાદિની તથા ગ્રામાદિની અપેક્ષાએ આપેક્ષિક વ્યાપક છે. તે પ્રમાણે, પૃથ્વી વગેરે દૃષ્ટ પદાર્થોની અપેક્ષાએ માયા વ્યાપક, તે સર્વને વ્યાપીને પોતાનામાં ધારણ કરનાર, પરંતુ બ્રહ્મની અપેક્ષાએ તે પરિચ્છિન્ન છે, કેમકે પોતે તેનામાં સમાય ને શમાય પણ છે. તેથી, માયા આપેક્ષિકવ્યાપક કહેવાય. ને પરબ્રહ્મને હિસાબે માયાયુક્ત ઇશ્વરત્વ પણ તેવું જ થયું.

એમ, શાસ્ત્રો ઇશ્વર-જીવના અનાદિ કલ્પિત ભેદ બતાવે છે. નિરપેક્ષ વ્યાપક તો કેવળ બ્રહ્મસંજ્ઞક પરમાત્મા સત્-ચિત્, તત્ત્વ ભગવાન જ છે.

## (૩) જીવ ઈશ્વરનો, અથવા કહો કે પરમાત્માનો, અંશ કહેવાય છે; તેમ અવિદ્યા શેનો અંશ કહેવાય? એટલે કે એ શેમાં શમે, ને શેમાંથી નીસરે છે? અને એનું નીસરવું કેવી રીતે થાય છે?

સૃષ્ટિની રચનાની પૂર્વે પ્રલયકાળમાં, સર્વ જીવોની ઉપાધિ અવિદ્યા (=કર્મફલ-સંસ્કાર-વાસનાજન્ય જીવત્વની ભ્રમણા-)

જીવોનાં કર્મો સહિત અવ્યાકૃત ઇશ્વરી માયામાં લીન થઇને મહાસુષુપ્તિમાં સમષ્ટિ બીજરૂપે રહે છે; અને સૃષ્ટિ 'ઉત્પન્ન' થવા સમયે, એ ઈશ્વરીય તત્ત્વમાંથી જીવો, અને ઇશ્વરીય માયામાંથી ફલોન્મુખ અવિદ્યાઓ, ફરી પાછી નીસરીને પ્રવર્તે છે. એ જ 'સૃષ્ટિ' છે. જાગ્રત પહેલાંના નિત્ય-પ્રલયરૂપ સુષુપ્તિકાળે ફરી પાછું એ બધું જ સમષ્ટિ અજ્ઞાનમાં શમી જાય છે, સંકેલાઇ જાય છે; અને ત્યારે, આનંદરૂપ બ્રહ્મથી માયારૂપ સૃષ્ટિનું જુદાપણું નથી અનુભવાતું, કેમકે બધું જ એક પ્રાજ્ઞત્વમાં એક સ્વરૂપ થઇ જાય છે; એટલે કે, તે ઇશ્વરીય માયામાં બીજરૂપે રહે છે. મહા-પ્રલય કાળમાં સૃષ્ટિની કલ્પના જ ન હોવાથી, સ્વયં ઈશ્વરત્વ બ્રહ્મમાં સંકેલાઈ જાય: તેથી, સૃષ્ટિની પૂર્વે સજાતીય, વિજાતીય કે સ્વગત, એવા કોઈ પણ ભેદ વગરનું અદ્વિતીય સત્-ચિત્-આનંદ સ્વરૂપ કેવલ બ્રહ્મ જ અવશિષ્ટ રહે છે. એ મહાપ્રલય કાળમાંથી પુનઃ જીવોનાં કર્મો તથા સંસ્કારો ફલોન્મુખ થતાં, ફલ ભોગવવાનો તેમનો સમય આવતાં, ઇશ્વર, હિરણ્યગર્ભ અને સમષ્ટિ જાગ્રતરૂપ વિરાટ, તથા વ્યષ્ટિરૂપે પ્રાજ્ઞ, તૈજસ, વિશ્વ... એમ સૃષ્ટિ પરંપરા થતાં, એ સર્વનું જે પુનઃ નીસરવું, તેને **સૃષ્ટિ** કહેવામાં આવે છે.

ફળ પામવા માટે પાકીને તૈયાર થયેલાં જીવોનાં કર્મોને નિમિત્તે, પુનઃ તે બ્રહ્મને "સૃષ્ટિનો વિચાર કરવાપણું" પ્રકટે છે, એમ શ્રુતિ કલ્પના કરે છે. એ બ્રહ્મની ઇચ્છા, તે જ માયા અથવા **જ્ઞાનશક્તિ;** જેમ માણસ આંખ મીચીને મનોમય અમુક પદાર્થો ઈ૦ની ઇચ્છા કરે, તેમ ઇશ્વરનું આ જાણવું; અને એ ઈચ્છા ક્રિયાત્મક બનતાં ઇચ્છેલો પદાર્થ આકાર લઇને નજર સામે પ્રકટ થવા રૂપી ક્રિયા બનવી, તે ઈશ્વરની **ક્રિયાશક્તિ.** મનુષ્ય પણ પોતાની જ્ઞાનશક્તિથી પદાર્થની અમુક રૂપે ઈચ્છા કરે છે,

ને પછી દિવાસ્વપ્ન કે રાત્રિસ્વપ્નને કાળે મનોમય, તથા જયાં શક્ય હોય ત્યાં જાગ્રતકાળે સ્થૂલરૂપે પણ, વ્યાવહારિક જગતમાં તે ઈચ્છાને ક્રિયાશક્તિ વડે પ્રકટાવીને પ્રત્યક્ષ કરે છે. એમ, સૃષ્ટિ બ્રહ્મની કલ્પનાથી ભાસવા લાગે છે, ઈશ્વરત્વ પુન: સ્થપાય છે, ને જીવો પોતપોતાનાં કર્મવાસના અનુસાર તે સૃષ્ટિને નાનારૂપે, જાણે કે, અનુભવે છે. જેમ માનવની સ્વપ્નસૃષ્ટિમાં તેના સ્વપ્નપુરુષો તે સૃષ્ટિને સાચી જ માને, અને તે સૃષ્ટિના મિથ્યાત્વનો તે કાળે તેને ખ્યાલ પણ ન હોય, તેમ, ઈશ્વરીય કલ્પના–સ્વપ્નરૂપ વ્યાવહારિક જગતના સ્વપ્નપુરુષો માટે તે જગત સાચું જ જણાય છે, ને તે પ્રમાણે તેઓ તેમાં ભ્રમિત થઇને વર્તે છે.

જેમ સ્વપ્નમાં અર્ધતંદ્રાની સ્થિતિમાં કોઇ વાર માણસને સ્વપ્ન ચાલતું હોય, અને પોતે તેને જોતો તથા તેને સ્વપ્નરૂપે જાણતો હોવા છતાં, તેમાં પોતે પણ સંડોવાયેલા જેવો રહીને સાથોસાથ તેના સાક્ષીપણાથી પણ ગંમત માણે છે, તેમ જ્ઞાની પુરુષો સંસારને, તેમ જ સંસારના એક અંગ તરીકે ચેષ્ટા કરતાં પોતાનાં તન–મનને પણ, ઇશ્વરના સ્વપ્નપુરુષ રૂપે પામી ગયેલો હોવા સાથે, તેમાં ઇશ્વરની અથવા કહો કે પ્રારબ્ધની ઇચ્છા અનુસાર ચેષ્ટા કરે છે, ને તેમ કરતો પોતાને જોતો, સાક્ષી દૃષ્ટા તરીકેની તેની ગંમત પણ નિર્લેપપણે માણે છે.

સંસારનું એવું સ્વરૂપ સમજી ગયેલો જ્ઞાની મનુષ્ય જ જીવન્મુક્ત છે; ઇશ્વરના સ્વપ્નના નિર્વાહ સુધી તેની ઇચ્છાને વશ વર્તતા જગતના તથા પોતાના શરીરદ્વયના નિર્વાહને થવા દેતો, નટ તેમજ પ્રેક્ષક પણ એકસહ બનવાનો અપૂર્વભૂત અદ્ભુત લહાવો એ જ લઇ જાણે છે.

શાસ્ત્રો 'સૃષ્ટિ'ની અનેક પ્રક્રિયાઓ–પદ્ધતિઓ બતાવે છે.

તેનો સાર એ છે કે, બ્રહ્મની 'ઈચ્છા થતાં, તેની સ્વાભાવિકી જ્ઞાન-ક્રિયાબલરૂપી માયાશક્તિ પોતાનું શુદ્ધ સમતોલ શાંત જ્ઞાનસ્વરૂપ છોડી દઈને સળવળે છે, અને તે પોતે અવકાશ (=આકાશ) રૂપ બને છે. અર્થાત સૃષ્ટિ થવાને **અવકાશ** આપે છે, અને પોતાને પ્રવર્તાવનાર બ્રહ્મને તે ઈશ્વરરૂપે બતાવવા માંડે છે.

એમ, એક વાર આરંભ થયો, કે પછી તરત જ પ્રકૃતિના અટલ વિકાસ ( = ઉત્ક્રાંન્તિ, અં૦. ઈવોલ્યુશન ) નિયમાનુસાર, તેમાંથી ક્રમશઃ વાયુ, તેજ, જળ અને પૃથ્વીનાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ નામના ગુણો રૂપી તત્ત્વો પ્રકટે છે; તેનાં પંચીકરણ થાય છે; અને પછી તો સૃષ્ટિરૂપી અવિદ્યા-માયા વિસ્તર્યાં જ કરે છે, ને સમષ્ટિ તથા વ્યષ્ટિરૂપ સ્થૂલ સરજતની લીલા ચાલે છે. તેમાં, સમષ્ટિ સ્થૂલ, સૂક્ષ્મ તથા કારણ રૂપ પ્રપંચનો અભિમાની **ઈશ્વર**, ને વ્યષ્ટિ દેહસૃષ્ટિનો અભિમાની **જીવ** કહેવાયો. **અભિમાની** એટલે, "આ હું છું" "આ મારું છે, મને છે..." એવી કલ્પના કરનાર. આ બે અભિમાનીઓમાં મુખ્ય અંતર એ છે કે, ઈશ્વર સર્વજ્ઞ, તથા માયાની કલ્પનાનો કરનારો તેથી માયાનો સ્વામી હોવાથી, નિત્ય શુદ્ધ-બુદ્ધ-મુક્તસ્વભાવ છે, જ્યારે જીવ એ કલ્પનાનું પૂતળું કર્મફલનો કર્તા, ભોક્તા જ હોવાથી અલ્પજ્ઞ, અનિત્ય, દોષયુક્ત, અજ્ઞાની અને બદ્ધ સ્વભાવનો છે.

આ પ્રકારે શુદ્ધ બ્રહ્મમાં પ્રપંચનો **અધ્યારોપ** છે.

### (૪) એ અધ્યારોપને સાચો કહેવો કે ખોટો?

વ્યાવહારિક સાપેક્ષ દૃષ્ટિએ તો સાચો જ; કેમકે સ્વપ્ન વગેરે પ્રાતિભાસિકની સરખામણીએ તેને વ્યવહાર પૂરતો સાચો જ માનવો રહ્યો. પરંતુ પારમાર્થિક મૂલ્યાંકનમાં તે અનિત્ય, પરિવર્તનશીલ, અવિશ્વસનીય, ને નાશવંત હોવાથી, કસ વગરનો

છે; વધારે પડતો ગળે વળગાડવા જેવો તો એને ન જ કહી, કે માની શકાય. ક્ષણભંગુરતા તથા અન્ય કારણોને લીધે, પરમાર્થમાં એ સાવ ખોટો એટલે કે મિથ્યા છે જ. દોરડીમાં સાપનો ભ્રમ, કે જેમાં "દોરડી તો જાણે છે જ નહિ, ને સાપ જ છે" એવું ભાસે છે, અને દર્પણમાં દેખાતા પ્રતિબિંબને લીધે તે સાપ તથા તે પ્રતિબિંબનું દશ્ય રૂપ, એ ઉભય વસ્તુઓ ખરી હોવાનો ભ્રમ થાય છે, એ જાણીતી હકીકત છે; તેના જેવો, આ પ્રપંચનો ભ્રમમાં થતો અધ્યારોપ તત્ત્વતઃ જૂઠો છે, ખોટો છે, મિથ્યા છે...જોત જોતામાં ઊડી જવાનો છે; અને પછી, શેષ રહેવાનું છે, એક જ પેલું અસલ બ્રહ્મ, સચ્ચિત્ પરામાત્મ ભગવાન. તત્ત્વતઃ એ ભગવાન જ એક સત્ય છે, અને સંપૂર્ણ પ્રપંચ તેનામાં થતો હોય તેવું કેવળ અજ્ઞાનથી, જાણ કે, જણાય છે; કેવી રીતે? જેમ નજરબંદીથી પ્રેક્ષકને ઇન્દ્રજાળના ખેલના પદાર્થો ખરેખર થતા અને ટકતા જણાય છે, તે, રીતે.

**(૫) આ અધ્યારોપ ક્યારે, ને શા માટે થયો હશે? બ્રહ્મમાં જીવત્વરૂપી અજ્ઞાનનો પ્રથમ સંચાર કેમ થયો, એવા પ્રશ્નનો ઉકેલ શો જાણવો?**

એ પ્રકારનો વિચાર કરવો, એ "કાગડાના દાંત કેટલા? મૃગજળનું પાણી ઊનું હશે કે ટાઢું?" ઈ૦ ની પેઠે નિરર્થક હોવાથી, તે અતિપ્રશ્ન કહેવાય છે. પ્રથમ તો, જો જીવત્વ સાચેસાચ ક્યારેક શરૂ થયું જ હોય, તો તે "ક્યારે થયું" એ જોનારું કોઈ, તેના થતા પહેલાં વિદ્યમાન હતું નહિ; ને "કેમ થયું" તે જાણનાર પણ કોઈ નહતું. એટલે, એનો સાક્ષી કોણ? મતલબ કે, એ બાબતમાં બુદ્ધિમતાની મર્યાદામાં રહીને જે અટકળો કરવામાં આવે, તે બધી સમાન રૂપે સંભવિત કે અસંભવિત છે. તેથી તો,

આપણાં શાસ્ત્રોમાં સૃષ્ટિનો કોઇ અમુક જ વિધિ હોવા પરત્વે આગ્રહ ન રાખતાં, આચાર્યોએ જે જે સ્થળે જેવો વિષયનો સબંધ હોય, તે પ્રમાણેના તે તે સ્થળે નાનાવિધ અનેક સૃષ્ટિ-ક્રમવિધિ કહ્યા છે.

બીજું, એ વાત જાણ્યાથી કે જણાવ્યાથી આપણી સામે પ્રત્યક્ષ ઊભેલા દુઃખભાવના હાઉથી મુક્ત થવાના પ્રશ્નના ઉકેલમાં કશી મદદ થનાર નથી; બલકે, તેવી નિરર્થક ભાંજઘડ કરવામાં, કરવાજેવું દુઃખનાશનું કામ રહી જશે, ને ગમે તેમ કે ગમે તે રીતે ઉપજેલો જીવભાવ પોતાના રાહે ધમધોકાર દુઃખ દેવાના પોતાના ક્રમમાં દૃઢ રહેશે. મનુષ્યયોનિનો મુખ્ય પ્રશ્ન છે, એ જીવભાવરૂપી ડાઘથી એકવાર કોઈપણ ઉપાયે છૂટવાનો; તેને કામ મંમં સાથે છે, ટપટપ સાથે નહિ. તેથી, શાણા પુરુષો વિચાર કરે, કે "એ ડાઘ ગમે ત્યારે, ને ગમે તેમ આવ્યો હોય, પરંતુ **આવ્યો તો છે જ,** તે એક વાર દૂર થવો જ જોઇએ; તેથી, એ હેતુ કેવી રીતે પાર પડે?" એ પાર પડચા પછી નીરાંતે કેમ–કચારનો વિચાર થઇ રહેશે! એ ખરી વ્યવહારકુશળતા છે; અને વેદાન્તવિદ્યા વાસ્તવમાં નરી બુદ્ધિયુક્ત વ્યવહારકુશળતા જ છે.

સંક્ષેપમાં, અધ્યારોપ કચારે થયો, કેમ થયો, કોણે કર્યો, ઈત્યાદિની લપ છોડીને, એ દુઃખદ ભ્રાન્તિની નિવૃત્તિ કેવી રીતે થાય, ને તેનો અપવાદ કેવી રીતે કરવો, એ જાણવામાં, અને જાણીને પછી તેનામાં એકાગ્રતા પૂર્વક લાગી જઇને પરમ પુરુષાર્થ સિદ્ધ કરવામાં બુદ્ધિમાન મનુષ્ય વગરવિલંબે લાગી જાય.

**(૬) એ નિવૃત્તિ, અર્થાત્ દુઃખના મૂળરૂપ જગતની સત્યતાના અધ્યારોપનો 'અપવાદ,' કેવી રીતે થાય?**

એકમાત્ર બ્રહ્મજ્ઞાનથી. ( એનું સ્વરૂપ વર્ણવાઇ ચૂકચું છે. )

અન્ય કોઇ પણ હુન્નર, કલાકૌશલ, વિદ્યાવિજ્ઞાન, બુદ્ધિચાપલ્ય, તર્ક, અહંકારમય બાહોશી, કે કોઇ પણ કર્મક્રિયાથી દુઃખભાવરૂપ સંસારમયતાનો બાધ તથા તેના ફલરૂપ આત્યંતિક સુખભાવની પ્રાપ્તિ બની શકે તેમ નથી. બ્રહ્મજ્ઞાનથી પ્રકૃતિની ભ્રમણા ટળે છે, પ્રકૃતિ અને બ્રહ્મના સંબંધની નિવૃત્તિ થાય છે (–એટલે કે "પરમાત્માની પ્રકૃતિરૂપ આ સંસાર ખરેખર સાચો છે" એવી ભ્રાંતિ ટળે છે), જીવભાવ તથા ઇશ્વરભાવની પણ સંકીર્ણતા પરવારી જાય છે; જ્ઞાની તો સર્વ પ્રપંચનો કેવળ નિર્લેપ સાક્ષી, તથા તે સર્વની સાથે અસંગપણે વ્યવહાર કરનારો, શાન્ત સ્વસ્થતાના યોગને સાધે છે; કારણ કે, તત્ત્વતઃ જીવ–ઈશ્વરનો ભેદ ઊડી જવાથી, સ્વયં બ્રહ્મસ્વરૂપતાને એ પરખી પાડે છે; તેથી, માની લીધેલો કર્મ ઇ૦ નો બંધ નાબૂદ થતાં, તેને નિત્ય નિરંતર સુખ આનંદસ્વરૂપ મોક્ષ પ્રાપ્ત જ છે. એવી સકલ સંસારિત્વની નિવૃત્તિ, તે **અપવાદ.**

એક વાર દોરડામાંથી સાપની ભ્રમણા ઊડી ગઇ, પછી તે દોરડું સાપ જેવું ભલેને દેખાયા કરે, તોયે તેને સાપ માની શકાતો નથી, અને તે કેવળ દોરડું જ જણાય છે; એ થયો સાપનો બાધ; તે રીતે, સ્વાત્મામાં આ પ્રપંચનો ભાસ સત્યજ્ઞાનના પ્રકાશ વડે ખોટો હોવાનું પરખાઈ જતાં, તે ભલેને તે પછી પણ સ્થૂલ રીતે ભાસ્યા કરે તોયે, તેની સાથે રમતની જેમ વ્યવહાર કરતા જ્ઞાનીને તે કદી પણ છેતરી શકતો નથી. તે તો, પ્રપંચના બાધ પછી પોતાને સ્વાત્મરૂપ, એ બધી ઇન્દ્રજાળને જાણનારું, જોનારું, કેવળ એકમાત્ર શેષ રહેતું બ્રહ્મ જ જાણે છે, ને તેની સમતા કશાથી પણ ડગતી નથી.

તેથી, એ બ્રહ્મજ્ઞાન કેવી રીતે થાય, તેની જ ફિકર બુદ્ધિમાન

માણુસે કરવી રહે છે. પાછળ આપણે કહી ગયા તેમ, તેવા જ્ઞાન માટેની પ્રથમ તૈયારી રૂપે, સાધક પુરુષે, સન્નિષ્ઠા વડે સાધન-શુદ્ધિની, નિષ્કામ કર્મવડે ચિત્તશુદ્ધિની, તથા ઉપાસના ઇ૦ વડે એકાગ્રતાની પ્રાપ્તિ કરવાની છે; કેમ કે તે વિના અહંકારનો નાશ નથી, અને અહંકારના નાશ વગર કોટિ ઉપાયે નિત્યસુખ પ્રાપ્ય નથી; બલકે તે વગરની નિત્ય સુખની આશાને, રેતી પીલીને તેલ મેળવવા જેવી, કે મૃગજળથી તરસ છીપવા સરખી, નિરર્થક જાણવી.

જ્યારે આ અધ્યારોપ ચિત્તમાં દૃઢ થઇ જાય, ત્યારે તેને **અધ્યાસ** કહે છે; અને જીવાત્માના ઉત્કર્ષનો એ જ મોટામાં મોટો શત્રુ છે.

## સર્ગ–દસમો

### અધ્યાસનું સ્વરૂપ

**(૧) 'અધ્યાસ' શ્રેયનો બાધક કેવી રીતે છે?**

જીવ, બ્રહ્મથી કોઈ ભિન્ન તત્ત્વ નથી, બન્નેનો તત્ત્વતઃ અભેદ છે; તે છતાં, એ બેની ભિન્નતા હોવાની ચિત્તને પ્રતીતિ કરાવ્યા કરનારું કોણ છે? 'હું જીવ છું,' 'પરમેશ્વર મારા કરતાં શ્રેષ્ઠ, મારો સ્વામી છે, ને હું તેનો સેવક છું,' 'હું બદ્ધ છું ને પરમેશ્વર મુક્ત છે,' 'મારે આત્મા–પરમાત્મા–પરબ્રહ્મ મેળવવું છે,' ઈત્યાદિરૂપે દ્વૈતભાવમય ભેદની પ્રતીતિ શાથી થાય છે?...કેવળ અધ્યાસથી! તેથી, તે શ્રેયસ્‌નો દુશ્મન નંબર એક છે.

કર્મજન્ય સ્વર્ગાદિ બધાં જ ફળોને વેદાન્ત ક્ષણભંગુર માને છે, તેથી, તત્ત્વતઃ તેવી કોઈ પ્રાપ્તિ મનુષ્યજીવનનો ધ્યેય મનાઇ નથી. સ્વર્ગપ્રાપ્તિ કે સુખમય સંસારી સ્થિતિ મનુષ્યનો ધ્યેય હોવાની કલ્પના વેદાન્તે બદલી નાંખી છે; તે બતાવી આપે છે કે, જગત કે જગતની કોઈ પણ વસ્તુ **સ્થાયી** નથી, એટલું જ નહિ પણ મૂળમાં સાચી જ નથી, ને તેનાં સુખોમાંનું એકપણ નિત્ય કે શુદ્ધ નથી. તે છતાં, તેને સ્થાયી અને સાચી માનીને તેને માટે ફાંફાં મરાવનારી વસ્તુ ફક્ત **અધ્યાસ** છે.

**(૨) જે વસ્તુ નથી હોતી તેની પ્રતીતિ પણ નથી થતી, જેવાં કે સસલાંનાં શીંગડાં ઈ૦. જો જગત જ ન**

**હોય, તો તે પણ દેખાવું જોઇએ નહિ; પરંતુ તે દેખાય છે; તેનું શું કારણ ?**

એનું કારણ છે **અધ્યાસ.** મિથ્યાકલ્પિત જગત પરત્વે એક ઉપયોગી વ્યવસ્થા છે, જેનો ઉલ્લેખ આપણે પાછળ કરી ચૂકયા છીએ. તેને અહીં વિસ્તારીએ. તે અનુસાર વસ્તુઓના ત્રણ પ્રકાર સ્વીકારવામાં આવ્યા છે: (૧) **પારમાર્થિક; (૨) વ્યાવહારિક;** અને (૩) **પ્રાતિભાસિક.**

(૧) ત્રિકાલાબાધિત એટલે ત્રણે કાળની અસરથી મુક્ત એવું, પરમ સત્ય જ પારમાર્થિક હોઈ શકે; અને તે કેવલ બ્રહ્મ જ છે.

(૨) જાગતિક પ્રપંચ, એટલે કે વ્યાવહારિક વસ્તુસમુદાય, કે જે અનંત છે; જે ફકત વ્યવહાર પૂરતું જ હોય, તે વ્યાવહારિક કહેવાય; આકાશ ઇ૦ પારમાર્થિક નથી, પણ તેની સાથે મનુષ્યથી વિવિધ પ્રકારના વ્યવહાર થઇ શકે છે, તેથી તેની સત્તા એટલે કે તેની હયાતી વ્યાવહારિકી છે.

(૩) કોઇ દોષને કારણે જે વસ્તુ; પોતે સાચે સાચ હોય તેનાથી જુદી રીતની જણાય, અને લૌકિક પ્રમાણથી તેનો "બાધ" થઇ શકે, તે કહેવાય પ્રાતિભાસિક પદાર્થ. તેનાં થોડાં દષ્ટાંતો જોઇએ:—

રાત્રે સ્વપ્નમાં મોટો અજગર દેખાય છે; તે સ્વપ્નદ્રષ્ટાને ગળવા લાગે છે. એ ગભરાઇને ચીસ પાડે છે કે 'મને અજગર ખાય છે;' પછી ઝબકીને જાગે છે, તો દેખે છે કે અજગર બજગર ત્યાં નથી, ને કશું જ નથી, પણ પગમાં કપડું લપેટાઇ ગયું છે. જાગતાંની સાથે એ ઓછાડમાંથી અજગર ઉડી જાય છે, એટલે કે તેનો બાધ થાય છે, સ્થૂલ રીતે "નાશ" નહિ.

એક મહાદેવનું મંદિર છે. તેનો ભાવિક પૂજારી છે. તેનો નિત્યનિયમ છે કે પરોઢીએ વહેલા ઊઠીને મહાદેવજીની પૂજા કરવી. શિવરાત્રિનું પર્વ આવ્યું છે. મધરાતે તેને સંકલ્પ થયો કે ભગવાન આશુતોષનું પૂજન કરવું. એ અંધકારમાં શિવમંદિરે ગયો. વગડાનું મંદિર, તેમાં કંઇ દીવાબત્તીનું સાધન નહિ. એ જઈને આસને બેસે છે, ને મહાદેવજીને સ્નાનાદિ કરાવવા હાથ લંબાવે છે, ત્યાં શિવલિંગને લપેટાઇને પડેલો સાપ એણે દીઠો. તરત હાથ પાછો ખેંચી લઇને વિચાર કરે છે કે સાપ ખસે એટલે પૂજનવિધિ શરૂ કરું, પણ સાપ ખસતો નથી. પૂજારી ભગવાનને પ્રાર્થના કરે છે કે 'ભગવન્! આપની પૂજામાં આવો અંતરાય શા માટે મૂકો છો? ઘણી વાર થઇ;' પણ સાપ હટતો નથી.

ગોરાણીને ફિકર થઇ કે વગડામાં મંદિર છે, મધરાત તો થઇ ગઇ, ને હજી ઘેર કેમ ન આવ્યા? છેવટે ચિન્તાતુર થઇને એ ફાનસ લઇને પતિની ખબર કહાડવા જાય છે, ત્યાં જઈને જુએ છે, તો બ્રાહ્મણ હાથ જોડીને બેસી રહ્યો છે. જેવું ફાનસનું અજવાળું પડે છે, તેવો તે ચોંકે છે-'અરે, આ તો ગઇ કાલે જળાધારી બાંધતાં વધેલો દોરડાનો ટૂકડો જ આવી રીતે પડેલો છે, સાપ નથી! મેં મૂર્ખે વિનાકારણ ડરીને પૂજનનો સમય બગાડયો!'

તે પછી એ વારંવાર અંધારામાં સાપ જેવા દેખાયા કરતા દોરડાને જુએ છે, પરંતુ તેના સાપ જેવા દેખાવથી એ કદી પણ છેતરાતો નથી-એ તો તેને દોરડું જ જાણે છે.

એક જણ પહેલી જ વાર સમુદ્રતટે જાય છે. બપોરનો સમય છે. ત્યાં એને દૂરથી કશુંક ચળકતું દેખાય છે;-જાણે નરી ચાંદી. એના મનથી કે કોઈ બાવરો ફરવા આવ્યો હશે તેની કોઇ ચાંદીની વસ્તુ પડી ગઈ હશે. હાશ, આપણે ઠીક ફાવ્યા! એ ઝટઝટ તે

ચાંદી ઉપાડવા જાય છે. પાસે પહોંચતાં જ એ બોલી ઊઠે છે. 'અરે, આતો છીપ છે! તડકામાં ચળકતી હતી, ને દૂરપણાને લીધે એમાં ત્રિકોણપણું, એની પીઠની કાળાશ વગેરે નહોતાં દેખાતાં! હું તો ભરમાઈ ગયો!' તે પછી એ ગમે ત્યારે ત્યાં જાય, ને એને એ છીપ ચાંદી જેવી ભાસે, તોયે તેને છીપ જ જાણીને એ તે તરફ લક્ષ આપતો નથી.

એક પ્રવાસી રેતીના રણમાં જઇ પહોંચ્યો. ધુમ ધીકતા તાપમાં એ તરસ્યો થયો. આસપાસ જોતાં, એને દૂર સુંદર સરોવર જળથી છલોછલ ભરેલું દેખાયું એને કાંઠે વૃક્ષો હતાં, તેની છાયા જળમાં પડતી હતી. એ તે તરફ દોડયો. પણ જેમ એ નજીક જાય તેમ સરોવર છેટું ભાગે! એ હાંફળો ફાંફળો દોડે છે, ને દુઃખી થાય છે. છેવટે સરોવર અલોપ થઇ ગયું, ને પ્રવાસી તરસે હેરાન થયો.

ત્યાર પછી એ જયારે જયારે રણમાં હોય, ને મૃગજળ ભાસે, ત્યારે તરસ્યો હોવા છતાં તે એ તરફ જોતો જ નથી, બલકે બીજા તરસ્યા મુસાફરો તેનામાં લોભાય છે ત્યારે તેમને વારે છે. જે પ્રવાસી તેનું નથી માનતા, તે જાતે અનુભવી કષ્ટે કરીને એ જળના સૂકી રેતી તથા તડકારૂપી સત્યસ્વરૂપને જાણીને, પોતે પણ પેલા અનુભવીની જેમ ભ્રાન્તિરહિત સુખે વિચરે છે. આમાં શેખચલ્લીના સંસારનો પ્રકાર પણ વિચારાય.

અહીં અજગર, સાપ, ચાંદી, જળ કે સંસાર કશું જ નહોતું; તોયે ઓછાડ, દોરડી, છીપ અને રેતી તથા કલ્પનામાં તે શેનાથી ભાસ્યાં? ઓછાડમાં અજગરના, દોરડામાં સાપના, છીપમાં ચાંદીના, તપ્ત વાલુકામાં જળના તથા વાસનાની કલ્પનામાં સંસારના, **અધ્યાસથી.**

એ જણાતી પાંચેય વસ્તુઓ પ્રાતિભાસિક છે.

જે પદાર્થમાં કોઈ બીજા પદાર્થની પ્રતીતિ થાય, તે **અધિષ્ઠાન**, તેમાં પ્રતીત થતો ખોટો પદાર્થ **અધ્યસ્ત**, અને અધિષ્ઠાનમાં અધ્યસ્ત જેને લીધે ભાસે, તે **અધ્યાસ.** તેનું શાસ્ત્રોકત લક્ષણ છે, ' અધિષ્ઠાનથી વિષમ, એટલે કે સાવ જુદા પ્રકારની સત્તાવાળો જે અવભાસ, તે અધ્યાસ, ' દોરડીમાં સાપ દેખાયો, તેથી દોરડી અધિષ્ઠાન, સાપ અધ્યસ્ત, અને સર્પદર્શનની ભ્રાન્તિ અધ્યાસ. દોરડું વ્યાવહારિક પદાર્થ છે, કેમકે આપણે તેનો લૌકિક વ્યવહાર વડે ઉપયોગ કરી શકીએ છીએ, અને તે અમુક સમય ટકે પણ છે. તેમાં ભાસતો સાપ પ્રાતિભાસિક છે, કેમકે અજવાળું થતાં તે સાવ ઊડી જાય છે, અને ઊઠયા પહેલાં કે તે પછી પણ સાપ તરીકેનો વ્યવહાર તેનાથી કે તેના પ્રત્યે તેના દ્રષ્ટાથી, થઈ શકતો નથી. અધિષ્ઠાન અને અધ્યસ્તનાં અસ્તિત્વો (=સત્તા હયાતીઓ) ભિન્ન ભિન્ન છે. દોરડારૂપ વ્યાવહારિક અધિષ્ઠાનના અસ્તિત્વથી સાપરૂપ અધ્યસ્તની પ્રાતિભાસિક સત્તા જુદી છે, તેથી તે દોરડામાં સાપનો ' અવભાસ ' કહેવાય છે. આ બન્ને સત્તાઓ વિષમ છે, પણ સમ (=સમાન ) નથી. તેથી, દોરડારૂપ વ્યાવહારિક સત્તાવાળા અધિષ્ઠાનથી પ્રાતિભાસિક સર્પ વિષમસત્તાવાળો છે, અને તેથી, તે અવભાસ અથવા પ્રતિભાસ, **અધ્યાસ** કહેવાય છે.

તેવું જ છીપ અને ચાંદીનું ઘટાવી લેવું. ત્યાં એ છીપની વ્યાવહારિક સત્તાથી ભિન્ન એવી એ પ્રાતિભાસિક સત્તાવાળી ચાંદીનો અધ્યાસ છે; તેવું જ ઊની રેતી રૂપી વ્યાહારિક સત્તાવાળા અધિષ્ઠાનમાં જળરૂપી પ્રાતિભાસિક અધ્યસ્તનો અધ્યાસ છે.

*વ્યાવહારિક પદાર્થમાં સામાન્ય રીતે બે વસ્તુઓ જણાય છે,

*અહીંથી માંડીને 'અન્યતરા ધ્યાસ' સહિતનો ભાગ આ પુસ્ત કના પ્રથમ વાચનમાં પડતો મૂકવામાં વાંધો નથી.

(૧) **એ વસ્તુ** અને (૨) એ વસ્તુનું **જ્ઞાન;** દા૦ ત૦ ઘડો, અને ઘડાનું જ્ઞાન, ઘડો ન હોય, તો ઘડાનું જ્ઞાન પણ ન હોય. આ બન્ને વ્યાવહારિક છે. અધ્યાસના સ્થળમાં, સાપ અને સર્પજ્ઞાન, રજત અને રજતજ્ઞાન, જળ અને જળજ્ઞાન, એમ બે–બે વસ્તુઓ એક સાથે ઉપજે છે. તે ઉભયને સત્ય ન કહી શકાય, કેમકે એ નિત્ય અને ત્રિકાલાબાધિત નથી; તેને અસત્ય પણ ન કહી શકાય, કેમકે એ દેખાય તો છે જ; તેથી સત્ય અને અસત્યથી વિલક્ષણ એવી અનિર્વચનીય વસ્તુ, તથા તેનું જ્ઞાન, ઉભય ત્યાં ઉપજે છે. તેથી, અધ્યાસના બે પ્રકાર પડે છે:—

(૧) અર્થાધ્યાસ અને (૨) જ્ઞાનાધ્યાસ. આ બધું વેદાન્તનો હેતુ સિદ્ધ કરવામાં ખાસ ઉપયોગી નથી, છતાં તેનાથી માહિતગાર થવું ને રહેવું જોઇએ ખરૂં. એ અભ્યાસનો વિષય છે.

(૧) **અર્થાધ્યાસ**ના પ્રકાર ઘણા છે. જેવા કે ૧. સંબંધમાત્રનો અધ્યાસ; ૨. સંબંધવિશિષ્ટ સંબંધીનો અધ્યાસ: ૩. કેવળ ધર્મનો અધ્યાસ; ૪. ધર્મવિશિષ્ટ ધર્મીનો અધ્યાસ; ૫. અન્યોન્યાધ્યાસ અને ૬. અન્યતરાધ્યાસ.

૧. **સંબંધમાત્રનો અધ્યાસ,** અથવા **કેવલ સંબંધાધ્યાસ:-** બધા અધ્યસ્ત પદાર્થો ભ્રમસ્થળમાં એટલે કે અધ્યાસના સ્થળમાં ઉત્પન્ન થાય છે. જો કે અધ્યસ્ત કહેલા પ્રાતિભાસિક પદાર્થો ખરેખર ઉત્પન્ન થતા હોય, તો સાપ "ઉપજે છે," ચાંદી "ઉત્પન્ન થાય છે" વગેરે પ્રકારે તેની ખબર પડવી જોઈએ; પણ તે પડતી નથી. પરંતુ રીતસરનું "આ સાપ છે. આ ચાંદી છે." એવું લાગે છે. શા માટે?

ચાંદીમાં છીપ અને છીપપણું (=શુકિતવૃત્તિ, એટલે કે શુકિતમાં

રહેતું શુક્તિત્વ ) એ બેનો **તાદાત્મ્ય સંબંધ** (=જાણે કે એ બે એક જ હોય તેવો તે બેનો સંબંધ ) અધ્યસ્ત હોય છે, અર્થાત્ છીપ અને છીપપણું, એ બન્નેનો એ દેખાતી ચાંદીમાં, એ બે જાણે એક જ હોય તેવો; તાદાત્મ્ય સંબંધ રહે છે; એટલે કે તે બન્ને ચાંદી તથા ચાંદીપણું જ છે, એ રીતના સંબંધનો છીપમાં અવભાસ થાય છે. એટલે, છીપમાં જે ઇદન્તા=આ-પણું છે, તેનો સંબંધ ચાંદીમાં (આ=ચાંદી, એમ) અધ્યસ્ત કલ્પાય છે; તેથી, "આ ચાંદી છે" એવી પ્રતીતિ થાય છે. તેમ જ, શુક્તિ પોતે અસિદ્ધ (=ખોટી) વસ્તુ તો નથી જ, બલકે પહેલેથી જ એ વ્યવહારપ્રસિદ્ધ છે; તેથી, તેમાં જેમ **શુક્તિત્વ** ધર્મ રહે છે તેમ તેમાં **પ્રાક્સિદ્ધત્વ-ધર્મ** પણ રહે છે, કેમકે તે પહેલેથી જ સિદ્ધ કહેતાં વિદ્યમાન છે. એ પ્રાક્સિદ્ધત્વ ધર્મના સંબંધનો પણ ચાંદીમાં અધ્યાસ થાય છે (-જાણે કે " એ ચાંદી હમણાં દેખાય છે ત્યારે જ છે એવું નથી, પરંતુ એ પહેલેથી જ ત્યાં સિદ્ધ=વિદ્યમાન છે " એવું, જે છીપ પરત્વે સાચે સાચ છે તે, ચાંદી પરત્વે ખોટું ખોટું પણ ભાસે છે ). છીપનો આ ભ્રમ થયાના પહેલાંથી જ સિદ્ધ-વિદ્યમાન હોવાથી તે **પ્રાક્સિદ્ધ** કહેવાય છે. જે પહેલેથી જ વિદ્યમાન એટલે કે સિદ્ધ છે, તેમાં પહેલેથી જ પ્રાક્સિદ્ધત્વ (=પહેલેથી વિદ્યમાન હોવાપણા-રૂપી ) ધર્મ રહે છે. તે ધર્મ, હમણાં વિદ્યમાન થતા જેવા દેખાતા ( ચાંદીની વિદ્યમાનતા રૂપી ) ધર્મનો વિરોધી છે. પહેલાંથી સાચું સિદ્ધત્વ તો છીપનું છે, ને અત્યારે જે સિદ્ધત્વ દેખાય છે તે ચાંદીનું છે; તેથી, **પ્રાક્સિદ્ધત્વધર્મના ઈદાનીન્તનજત્યન્વ** ( અત્યારે ઉપજી રહેલા હોવાપણા રૂપી ) ધર્મ સાથે વિરોધ છે જ. જ્યાં પ્રાક્સિદ્ધત્વ ધર્મ રહે, ત્યાં આ નવો " હવે ઉપજતો ધર્મ " ન રહી શકે—છીપપણું જ્યાં દેખાય, ત્યાં ચાદીપણું ન જ દેખાઈ શકે. " દોરડામાં સર્પ ઉપજે છે " એમ સર્પની ઉત્પત્તિ હોય,

તો પ્રાક્સિદ્ધ દોરડું, અને નવો ‘ ઉપજતો ’ સાપ, ઉપજનાર અને ઉપજાવનાર, બન્ને એકસહ દેખાવા જોઈએ; પણ તે આ નિયમ પ્રમાણે કદી પણ બની શકે નહિ. તે કારણે, દોરડામાં ( દોરડાનો લોપ કરીને જ ) ભ્રમથી ઉપજતો સાપ ‘ઉપજે છે’ એવી ક્રિયાની પ્રતીતિ નથી થવા પામતી, પરંતુ દોરડું ત્યાં દેખાતું જ નથી. તેમાં ઉપજેલો સાપ તેને ઢાંકી દે છે, અને ‘ આ સાપ છે ’ એમ સાપની ભ્રમાત્મક વિદ્યમાનતાની જ પ્રતીતિ થાય છે. ‘ આ દોરડી પહેલે-થી જ હતી ’ ને બદલે ‘ આ સાપ પહેલેથી હતો, ’ તથા ‘ દોરડી છે ’ ને બદલે ‘ સાપ છે, ’ એવો એ દ્વિવિધ ભ્રમ છે.

જરા ઝીણું કંતાયા જેવું લાગ્યું ? ચાલો ત્યારે, ફરીથી કહી જઇએ; છીપનું હોવાપણું પહેલેથી જ સિદ્ધ છે, અને તે ‘હોવાપણા’ નો અધ્યાસ ચાંદીના આભાસમાં, ‘જે પહેલેથી જ છે તે આ ચાંદી છે,’ એ રીતે થાય છે; તેથી, ચાંદીમાં ‘હોવાપણું’ ભાસે છે, ‘ઉત્પન્ન થવાપણું’, નહિ; એમ અધિષ્ઠાન અને અધ્ય-સ્તના કેવલ સંબંધથી જ આ અધ્યાસ ઉપજે છે. આ પ્રકાર, સંબંધ ઉપર ભાર મૂકે છે.

**૨. સંબંધવિશિષ્ટ સંબંધીનો અધ્યાસઃ** – દોરડામાં મિથ્યા સાપની, ને છીપમાં જૂઠી ચાંદીની ઉત્પત્તિ થાય છે. સર્પ એટલે સર્પત્વધર્મવિશિષ્ટ, અને ચાંદી એટલે રજતત્વધર્મવિશિષ્ટ પદાર્થો. જ્યાં સર્પ ઉત્પન્ન થાય, ત્યાં સર્પત્વ રહેવાનું જ; તેવું જ રજત અને રજતત્વનું. તેથી, જ્યાં દોરડામાં સર્પની ઉત્પત્તિ થાય, ત્યાં ‘ સર્પત્વધર્મના સંબંધથી યુક્ત સર્પત્વધર્મ ’ રહેવાનો જ, સર્પત્વધર્મથી અયુક્ત સર્પત્વ ધર્મ નહિ; કેમકે સાપપણું તો સાપપણાવાળું જ હોઇ શકે, બીજી કોઈ રીતનું નહિ. તેથી, જ્યાં દોરડામાં સર્પની જાણે કે ઉત્પત્તિ થાય છે, ‘ત્યાં, સર્પત્વધર્મના

સંબંધથી યુકત સર્પ' રૂપ તે ધર્મનો સાપ સંબંધી રહેવાનો જ; સાપ જ્યાં દેખાય ત્યાં સાપપણાના સંબંધવાળો એટલે કે સાપપણાનો સંબંધી સાપ જ રહેવાનો, અન્ય દેશાપણનો સંબધી સાપ નહિ. છીપ અને ચાંદી પરત્વે, ચાંદીપણારૂપી ધર્મના સંબંધથી વિશિષ્ટ જ ચાંદીરૂપી, ને ચાંદીપણાની સંબંધી ચાંદી રહેવાની. એટલે કે, છીપપણાથી યુકત છીપમાં ચાંદીપણાથી યુકત ચાંદી, ને દોરડાપણાથી યુકત દોરડામાં સાપપણાનો સંબંધી સાપ રહેવાનો. એ કારણે સાપપણાવાળા ( સર્પત્વધર્મવિશિષ્ટ ) સાપની પ્રતીતિ **સંબંધવિશિષ્ટ** (=સંબંધવાળા) **સંબંધી**નો અધ્યાસ કહેવાય છે. આમાં અધ્યાસ **સંબંધી**નો થયો. આ પ્રકાર, સંબંધવાળા **પદાર્થ** ઉપર ભાર મૂકે છે.

૩. **કેવલધર્માધ્યાસ**:–'હું કાણો છું,' એ પરિસ્થિતિમાં કાણાત્વરૂપ ધર્મ ખરું જોતાં માત્ર આંખને લગતો છે, 'હું' ને લગતો નહિ. 'હું' નો અર્થ છે સાક્ષી આત્મા, કાણાત્વને જોનાર-જાણનાર. એનામાં કાણાપણું નથી, છતાં આંખના લક્ષણ અથવા ધર્મનો તે પોતાનામાં અધ્યાસ કરે છે–કાણાપણું પોતાનામાં ભ્રાંતિથી માની બેસે છે.

૪. **ધર્મ સહિત ધર્મીનો અધ્યાસ**:- સંબંધવિશિષ્ટ સંબંધીવાળું ઉદાહરણ અહીં પણ પ્રસ્તુત છે. જેમ કે જ્યાં જ્યાં છીપમાં **ચાંદીની** ઉત્પત્તિ થશે, ત્યાં ત્યાં રજતનિષ્ટ **રજતધર્મ** ( =રૂપામાં રહેલો રૂપાપણારૂપી ધર્મ ) રહેવાનો જ. તેમ જ, જ્યાં દોરડામાં સાપ ઉત્પન્ન થશે ત્યાં સર્પનિષ્ઠ સર્પત્વધર્મ તેમાં રહેવાનો જ, એટલે કે સાપમાં રહેતું સાપપણું તે સાપમાં રહેવાનુંજ. ધર્મરહિત ધર્મીનો અધ્યાસ બને નહિ; જે કોઈ પદાર્થનો અધ્યાસ થાય, તે પદાર્થ અમુક વિશિષ્ટ ધર્મવાળો હોવાનો જ, કેમકે કોઇ

પણ પદાર્થ એટલે કે ધર્મી, ધર્મ વગરનો ન હોઈ શકે. તેથી, (છીપત્વવાળી) છીપમાં તથા સર્પની (ભ્રામક) ઉત્પત્તિના સ્થળમાં **ધર્મવિશિષ્ટ ધર્મી**નો (=સર્પત્વવાળા સાપનો) અધ્યાસ છે.

૫. **અન્યોન્યાધ્યાસ:** શુક્તિમાં જયારે રૂપું ભાસે છે, ત્યારે શુકિતમાં રૂપાની જાણે કે ઉત્પત્તિ થાય છે, અને રૂપામાં છીપપણા સાથે તાદાત્મ્ય હોવાની, અને પ્રાક્‌સિદ્ધત્વધર્મની ઉત્પત્તિ થાય છે. --(૧) 'છીપ રૂપું જ છે, એ રૂપું જ છીપ છે, બન્ને ચાંદી રૂપે એક જ છે:' એવા અવભાસની, અને (૨) છીપનું પ્રાક્‌સિદ્ધત્વ રૂપામાં પ્રવેશે છે, (છીપને બદલે રૂપું જ પ્રાક્‌સિદ્ધ હોવાના ભાસની ત્યાં ઉત્પત્તિ થાય છે.) રૂપું છીપમાં છીપની જગાએ ભાસે છે, તેથી છીપ નથી દેખાતી; અને છીપમાં રહેલો જે તાદાત્મ્યસંબંધ. તે રૂપામાં ભાસવા લાગે છે, તે કારણે પણ છીપ દેખાતી નથી. એટલે કે એ વસ્તુ છે છીપરૂપ, તદાત્મ, એટલે કે છીપ–આત્મ, પરંતુ ભાસે છે રજતાત્મ: તેથી, છીપ ન જ દેખાય, ચાંદી જ ભાસે, ને 'આ રૂપું છે' એમ જ લાગે છે, 'આ રૂપું ઉત્પન્ન થાય છે' એવું નથી જણાતું, તેનું કારણ પણ શુકિતપણાના પ્રાક્‌સિદ્ધત્વનો ચાંદીમાં અધ્યાસ થાય છે–ત્યાં 'પહેલેથી વિદ્યમાન છીપ' ને બદલે 'પહેલેથી વિદ્યમાન રૂપું છે,' એવો અધ્યાસ થાય છે, તે છે. તે કારણે, જો કે ત્યાં તત્કાળ રૂપું ઉત્પન્ન થાય છે છતાં, 'તે તો પહેલેથી છે જ' એવું ભાસે છે ને ઉત્પત્તિ વરતાતી નથી, કારણ કે નહિ તો જેમાંથી ઉત્પત્તિ થતી દેખાવી જોઇએ તે છીપ પણ સાથો સાથ દેખાવી જોઈએ, પણ તે દેખાતી નથી. ટૂંકમાં, 'આ રૂપું છે.' એ અધ્યાસમાં, ચાંદીપણું છીપમાં આવ્યું, અને છીપનો પ્રાક્‌સિદ્ધ-ત્વધર્મ ચાંદીમાં આરોપાઈ ગયો, એમ પરસ્પર આરોપણ થવાથી અહીં અન્યોન્યાધ્યાસ થયો.

આ પ્રકાર પરત્વે એ લક્ષમાં રાખવાનું છે કે ભ્રમણાના પદાર્થનો અધ્યાસ **સ્વરૂપથી** એટલે કે આખોને આખો હોય છે, અંશતઃ નહિ; અને જેમાં અધ્યાસ થાય છે, તે અધિષ્ઠાન (= સાચા પદાર્થ )નો ધર્મ અથવા સંબંધ જ ભ્રમણાના પદાર્થમાં અધ્યસ્ત હોય છે. એટલે કે જે ખોટું દેખાય છે તે તો આખુંને આખું સ્વરૂપતઃ જ તેવું દેખાય છે, અને જેમાં એ ખોટું દેખાય છે, તેના અમુક ધર્મો જ એ ખોટા દેખાવમાં પ્રવેશેલા જેવા ભાસે છે, આખો અધિષ્ઠાન પદાર્થ નહિ. જેમકે પ્રસ્તુત દાખલામાં આરોપિત અધ્યસ્ત વસ્તુ રૂપું છે, તેનો સ્વરૂપતઃ (=નામ રૂપ સહિત સંપૂર્ણ રૂપે ) અધ્યાસ થયો છે, નહિ કે માત્ર તેના ચળકાટ ઈ૦ ધર્મનો; પરંતુ એ અધ્યાસ્ત રૂપામાં તેના અધિષ્ઠાન છીપના સ્વરૂપનો અધ્યાસ નથી થતો, પણ ફકત છીપનો ( ચાંદી સાથે એકતા રૂપી ) તાદાત્મ્ય સંબંધ, અને શુક્તિપણાનું પ્રાક્સિદ્ધત્વ, એ બે ધર્મો જ એ ચાંદીમાં અધ્યસ્ત થાય છે, એટલે કે તેમાં ન હોવા છતાં ભાસે છે; તેમ જ છીપપણાનો ઈદન્તા (= આ-પણા )નો ધર્મ પણ રૂપામાં "આ રૂપું છે" એ રીતે અવભાસે છે.

આમ અન્યોન્યાધ્યાસ રૂપ પારસ્પરિક અધ્યાસ શાથી થાય છે? "હું અજ્ઞ છું," એવી પ્રતીતિમાં અજ્ઞાન પોતાને જોનાર –જાણનાર સાક્ષીરૂપ જ્ઞાનનો "જ્ઞેય" અર્થાત્ વિષય થઇને ભાસે છે; એટલે કે જ્ઞાન અજ્ઞતારૂપી પદાર્થ (= વિષય )ને સાક્ષી થઇને જુએ છે–જાણે છે, એ સિદ્ધાન્ત છે. જ્યારે શુક્તિમાં રજતનો અધ્યાસ થાય છે ત્યારે "આ રજત છે" એવી પ્રતીતિ થાય છે; ત્યાં છીપની પ્રતીતિ હોતી નથી. તે રીતે, જીવાત્મામાં અહંકારના થતા અધ્યાસમાં અધ્યાસની પ્રતીતિ હોવી જોઈએ, પરંતુ અધિષ્ઠાન જે અજ્ઞાન–યુકત ચૈતન્ય, તેની પ્રતીતિ ત્યાં ન હોવી જોઇએ.

પરંતુ "હું અજ્ઞ છું"માં (–હું=અજ્ઞાનવિશિષ્ટ ચૈતન્ય જીવાત્મા, તેમાં) **પોતે** અજ્ઞાનતાવાળો હોવારૂપે પ્રતીતિ અધિષ્ઠાન અજ્ઞાન-વિશિષ્ટ ચૈતન્યની જ થાય છે, કે "હું" અજ્ઞ છું. એ કેવી રીતે થાય છે?

અન્યોન્યાધ્યાસને લીધે જ, એમ અધિષ્ઠાનની પ્રતીતિ થાય છે. તાત્પર્ય એ કે, અજ્ઞાનરૂપ ભ્રાંતિથી ઘેરાયેલા જીવચૈતન્યમાં અજ્ઞાનના ફળરૂપ અહંકારનો અધ્યાસ થાય છે, એટલે કે જીવત્વમાં, જીવત્વરૂપી અજ્ઞાનને લીધે જ ઉપજતો હું–ત્વરૂપ અહંકાર ઉપજે છે; અને બીજે પક્ષે, તે અહંકારમાં અજ્ઞાનના અધ્યાસવાળા ચૈતન્યનો એટલે કે જીવાત્માનો અધ્યાસ થાય છે; એટલે કે જાણે કે "હું તો જીવાત્મા એટલે કે અજ્ઞાનની ભ્રાન્તિ જ છું," એવી ભ્રમણા થાય છે. આવી રીતે બે પરસ્પર અધ્યાસો થાય છે, અને તેથી "હું અજ્ઞ છું" એવી સામટી બેવડી પ્રતીતિ થાય છે, કે "હું, જીવાત્મા અજ્ઞાન છું" ને "અજ્ઞાન હું, જીવાત્મા જ છે;" અજ્ઞત્વની પ્રતીતિ હું ત્વમાં, ને હુંત્વની અજ્ઞત્વમાં થાય છે.

એવી જ રીતે, "આ રજત છે"માં પણ, શુકિતમાં રજતનો અધ્યાસ, અને રજતમાં શુક્તિની ઈદંતાનો અધ્યાસ થાય છે, તે "સમૂહાલંબનાત્મક પ્રતીતિ" એટલે કે એકથી વધારે વસ્તુની પ્રતીતિ છે.

૬. **અન્યતરાધ્યાસ**: બેમાંનું એક, તે અન્યતર. બેમાંથી એકનો જ અધ્યાસ (–પારસ્પરિક કે ઉભયનો નહિ), તેની આ સંજ્ઞા છે. જેમકે, આત્મા અને અનાત્મા. એ બેમાંથી એકનો એટલે કે આત્મામાં અનાત્માનો અથવા અનાત્માનો આત્મામાં અધ્યાસ, તે અન્યતરાધ્યાસ. અનાત્મામાં આત્માનું,

અર્થાત્ મિથ્યામાં સત્યત્વનું સ્વરૂપ અધ્યસ્ત હોય છે, પણ આત્મામાં અનાત્માનું (= નિત્યમાં અનિત્યનું) સ્વરૂપ અધ્યસ્ત નથી હોતું,—અનાત્મને આત્મારૂપે અજ્ઞાની જાણે, પણ આત્માને અનાત્મ એટલે કે અનિત્યરૂપે જાણવાપણું નથી હોતું; તેથી, અહીં બેમાંથી એકનો જ અર્થાત્ આત્મસ્વરૂપનો જ (અનાત્મમાં) અધ્યાસ હોવાથી, અન્યોન્ય નહિ પરંતુ અન્યતર અધ્યાસ છે.

આ અધ્યાસોમાં, પારમાર્થિકમાં વ્યાવહારિકની (દા૦ ત૦, "આત્મા દેહ જ છે" એવી), અને વ્યાવહારિકમાં પ્રાતિભાસિકની (દા૦ ત૦ છીપમાં ચાંદીની) ભ્રાન્તિઓ થતી હોય છે. એ ભ્રાન્તિઓમાં અધિષ્ઠાન અનુક્રમે સદા પારમાર્થિક કે વ્યાવહારિક સત્ય જ હોય છે, અને પ્રતિભાસ હમેશાં વ્યાવહારિક કે પ્રાતિભાસિક હોય છે. જે સાવ પ્રાતિભાસિક છે, તે અધિષ્ઠાન તો હોય જ નહિ, કેમકે તે સર્વથા ભ્રાન્તિસ્વરૂપ કલ્પિત છે.

## સર્ગ અગીઆરમો

### અધ્યાસ અને વિવેક

**(૧) પણ આ નિયમથી મુશ્કેલી ઊભી થશે. જો અનાત્મામાં આત્માના સ્વરૂપને અધ્યસ્ત (–એટલે કે અનિત્યમાં તે નિત્ય હોવાની ભ્રમણા થતી–) માનીએ, તો નિત્ય આત્માનું અધિષ્ઠાન અનિત્ય એટલે કે અનાત્મા થશે, કેમકે અધ્યસ્ત "આત્મા"નો અધ્યાસ અધિષ્ઠાન "અનાત્મા"માં થયો; અને એમ અનાત્મા અધિષ્ઠાન હોવાથી, તેનામાં પારમાર્થિક કે વ્યાવહારિક સત્યત્વ આવશે, ને અધ્યસ્ત આત્મસ્વરૂપમાં કલ્પત્વ, મિથ્યાત્વ ઈ૦ પ્રાતિભાસિકપણાના દોષો પડશે, તેનું શું ?**

અધ્યાસમાં બે પ્રકાર રહે છે. ૧ **સ્વરૂપાધ્યાસ**, અને ૨ **સંસર્ગાધ્યાસ.**

૧. પદાર્થનું સ્વરૂપ જ્યારે ચોક્કસપણે ન વર્ણવી શકાય તેવું અનિર્વચનીય ઉપજે, ત્યારે સ્વરૂપાધ્યાસ કહેવાય છે. જેમકે છીપમાં રૂપું અનિર્વચનીય ઉપજે છે, તે સ્થિતિ. આત્મામાં અહંકારાદિ અનાત્માનું સ્વરૂપ ઉપજે છે, તે પણ સ્વરૂપાધ્યાસ જ છે. વળી, જ્યાં પદાર્થોનું સ્વરૂપ પ્રથમથી જ વ્યાવહારિક કે પારમાર્થિક સિદ્ધ હોય, અને તેમાં કેવળ અનિર્વચનીય **સંબંધ** ઉપજે, તે

સંસર્ગાધ્યાસ. જેમ મુખ અને દર્પણ, બન્ને પ્રથમથી જ વ્યાવહારિક પદાર્થો છે, પણ તેમાં મુખને **બદલે** દર્પણ નથી ભાસતું, પણ **દર્પણમાં** મુખનો જાણે કે **સંસર્ગ** ( -સંબંધ, હોય તેવું ) ભાસે છે.

અથવા, જેમ 'લાલ રૂપવાળું કપડું' એવી પ્રતીતિથી **લાલ** નામની કોઇ વસ્તુને બદલે કપડું, કે કપડાને બદલે લાલત્વ નહિ, પણ રક્તતા અને કપડાનો, ( જાણે કે તે બે એક રૂપ હોય તેમ ) તાદાત્મ્ય સંબંધ જ ભાસે છે. 'રાતો સ્ફટિક'માં લાલ પદાર્થ સાથેનો સંબંધ સ્ફટિકમાં ભાસે છે; એવી રીતે અનેક સ્થળોએ **સંબંધી** વ્યાવહારિક હોય છે, અને તેના **સંબંધનું જ્ઞાન** ભ્રાન્તિ રૂપે અનિર્વચનીય ઉપજે છે, કે જે છે છતાં નથી, નથી છતાં છે, અને છે તેમ જ **નથી**' એ બન્નેથી જુદાં અવર્ણનીય લક્ષણવાળું હોય છે. એનું નામ સંસર્ગાધ્યાસ.

તે જ પ્રકારે, ચૈતન્યનો અહંકારમાં એવો અધ્યાસ નથી થતો, કે 'અહંકાર જ ચૈતન્ય છે.' ચૈતન્ય તો પારમાર્થિક છે. તેના **સંબંધનો** અહંકારમાં અધ્યાસ છે,—જાણે કે 'અહંકાર ચેતનત્વથી યુક્ત છે;' નહિ કે 'અહંકાર સ્વયં ચૈતન્ય છે.' આત્મતા છે ચૈતન્યમાં, ને પ્રતીત થાય છે અહંકારમાં-'હું ચેતન છું, આત્માથી યુક્ત છું,' એ રીતે. તેથી, આત્મચૈતન્યનો તાદાત્મ્ય સંબંધ અહંકારમાં અનિર્વચનીય છે, અથવા, આત્મપણા સાથેના તાદાત્મ્યનો અનિર્વચનીય સંબંધ અહંકારમાં છે. તેથી, ત્યાં **ચૈતન્ય કલ્પિત નથી, પણ ચૈતન્યના તાદાત્મ્યનો સંબંધ** -જે ચેતનતાનું તાદાત્મ્ય ચૈતન્ય સાથે જ છે, તે ચેતનતાનું તાદાત્મ્ય જાણે કે અહંકાર સાથે હોવા રૂપી સંબંધ -કલ્પિત છે.

**(૨) અજ્ઞાન અનાદિ છે; તો પછી આત્મામાં અજ્ઞાનનો અધ્યાસ પણ અનાદિ થયો; અને તેમ હોય, તો ભાષ્યકાર સ્વામીજીએ કહેલું અધ્યાસનું લક્ષણ અસંગત થશે. તેમણે કહ્યું છે, સ્મૃતિરૂપઃ પરમઃ પૂર્વ દૃષ્ટાવભાસઃ 'પહેલાં જોયેલી વસ્તુની જે પ્રતીતિ જુદી વસ્તુમાં થાય છે, તે સ્મૃતિ રૂપ છે' (જેમ કે, દોરડામાં અગાઉ જોયેલા સાપની સ્મૃતિ). એ વચન પ્રમાણે, અધ્યાસને તેમણે સ્મૃતિરૂપ સંસ્કારથી જન્ય માન્યો છે, તેથી વિસંગતતા નહિ આવે?**

અધ્યાસ બે પ્રકારનો છે, ૧ કાર્યાધ્યાસ, અને ૨ કારણાધ્યાસ. સ્વામીજીએ કહેલું લક્ષણ પ્રથમ પરત્વે જ છે. અવિદ્યાધ્યાસ એટલે કે અજ્ઞાનાધ્યાસ (=અજ્ઞાનની દઢતા) ને કારણાધ્યાસ કહે છે અને અહંકાર ઇ૦, કે જે અજ્ઞાનનાં કાર્યો છે, તેના અધ્યાસને કાર્યાધ્યાસ કહેવાય છે, કેમ કે અહંકાર અજ્ઞાનનું કાર્ય, ને અજ્ઞાન અહંકારનું કારણ છે.

પ્રત્યેક અધ્યાસ (=ભ્રાન્તિ) નું કારણ અવિદ્યા (=અજ્ઞાન) જ છે, તેથી તે **કારણ** છે, અને તેનો બીજા કશામાં અધ્યાસ થવો તે કારણાધ્યાસ. એ અવિદ્યારૂપી કારણથી અહંકાર વગેરે ઉપજતો હોવાથી, તેનો અન્ય પદાર્થમાં જે અધ્યાસ, તે કાર્યાધ્યાસ છે. સ્વામીજીએ કહેલું લક્ષણ **અહંકાર**ના હું માં થતા કાર્યાધ્યાસ પરત્વે જ છે; એટલે કે, પૂર્વે અનુભવેલા હુંપણાની **સ્મૃતિથી** આત્મામાં હુંપણાનો અધ્યાસ થવા પામે છે. જે હુંપણું અવિદ્યારૂપી કારણનું કાર્યમાત્ર છે; પરંતુ આત્મામાં **અજ્ઞાન**નો અધ્યાસ થવામાં સ્મૃતિને સ્થાન ન હોઈ શકે.

આ લક્ષણ આવા અધ્યાસના અમુક પ્રકાર પરત્વે કરાયેલું છે, પરંતુ સ્વયં અધ્યાસનું મુખ્ય સિદ્ધાન્તલક્ષણ સ્વામીજીએ એવું કર્યું છે કે 'સત્ય અને મિથ્યા વસ્તુઓની સંમિશ્રિત પ્રતીતિ, તે અધ્યાસ,' એ લક્ષણ કાર્ય અને કારણ ઉભયના અધ્યાસમાં પ્રસ્તુત છે, એટલે કે લાગુ પડે છે, ને દોષ કંઇ રહેતો નથી, કેમકે બન્ને પ્રકારમાં બંને પક્ષોનું મિશ્રણ રહે છે જ.

કેટલાકો અધ્યાસમાં પાછળ કહ્યા તે રીતના છ પ્રકાર ન કરતાં માત્ર (૧) સ્વરૂપાધ્યાસ અને (૨) સંસર્ગાધ્યાસ એ બે થી જ નિભાવી લે છે, જેની ચર્ચા થઇ ચૂકી છે.

### (૩) તર્કશાસ્ત્રમાં જે 'અધ્યાસ' કહેવાય છે, તેનું સ્વરૂપ કેવું છે?

કોઇ પદાર્થના 'સ્વાભાવાધિકરણ'માં થતા અવભાસને પણ અધ્યાસ કહેવામાં આવે છે. અહીં **અવભાસનો** અર્થ **અપરોક્ષ જ્ઞાન,** એટલે કે સાક્ષાત જાણનારી, એવો કરવાનો છે, માત્ર ભ્રાન્તિ નહિ. 'સ્વાભાવાધિકરણ' શબ્દમાં સ્વ+અભાવ +અધિકરણ, એ ત્રણ પદો છે. અહીં **સ્વ**=જેનો અધ્યાસ થતો, કે થયો હોય, તે પદાર્થ; **અભાવ**=પદાર્થનું ન હોવું; **સ્વાભાવ** =અધ્યસ્ત પદાર્થનું ન હોવું; **અધિકરણ**=પ્રસંગ; **અધ્યસ્ત** = ભ્રાન્તિથી ભાસતી અધ્યસનીય વસ્તુ; એનો જ્યાં અભાવ છે, એવા પ્રસંગમાં તે જ પદાર્થનું ત્યાં પ્રત્યક્ષ જ્ઞાન થવું, તે પણ અધ્યાસ જ છે. એટલે કે અમુકમાં અન્યની માત્ર પ્રતીતિ નહિ, પરંતુ તે પદાર્થ ન હોય ત્યાં તે હોવાનું જણાવું તે, અધિષ્ઠાન-રહિત પ્રત્યક્ષ ભ્રાન્તિદર્શન એ પણ અધ્યાસ કહેવાય.

ભ્રમ બે પ્રકારે હોય છે, (૧) પરોક્ષ, અને (૨) અપરોક્ષ અથવા પ્રત્યક્ષ. રજ્જુસર્પ, શુક્તિરજત, લાલ કપડું, રાતો સ્ફટિક

ઇ૦ અપરોક્ષનાં (= પ્રત્યક્ષનાં) ઉદાહરણો છે. હવે પરોક્ષનું દૃષ્ટાન્ત જોઇએ.

એક જણ રસોડામાં રસોઇ થતી હોય ત્યારે જ ત્યાં જતો, અને ત્યારે તે દર વખતે રસોડામાં દેવતા સળગતો દેખતો. તેથી, એને ભ્રમ થઇ થયો કે 'જ્યાં રસોડું (= મહાનસ) હોય, ત્યાં અવશ્ય અગ્નિ હોય, જેવી રીતે કે જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ અવશ્ય હોય. પણ ખરું જોતાં, રસોઇ ન થતી હોય ત્યારે મહા-નસમાં અગ્નિ ન પણ હોય. તે છતાં, તેવા અગ્નિશૂન્ય સમયમાં પણ જો તેને અનુમિતિ (=અટકળ) થી ત્યાં અગ્નિ હોવા જેવું લાગે, તો તે **પરોક્ષ** ભ્રમ થયો. તેમજ, કોઇ ઠગના કહેવાથી પણ, તે સ્થળે દેવતા ન હોય ત્યારે પણ 'તે હોય છે જ' એવો શાબ્દ ભ્રમ તેને થાય, ત્યાં પણ પરોક્ષ ભ્રમ જ છે. એ રીતે ઘણીવાર મશ્કરાઓ ભોળા પથિકોને આકાશમાં દિવસે ન હોય તેવા તારા બતાવે છે!

**(૪) હવે અધ્યાસનું સંક્ષેપન, કરી આપો કે જેથી હું આત્મસાધના માટેની તેની ઉપયોગિતા સરળતાથી સમજી શકું.**

અધ્યાસ એટલે અમુક ખોટી રીતની માન્યતાની દૃઢ થઇ પડેલી ટેવ. એનો અર્થ ભ્રાન્તિ, ભ્રમણા, આરોપ, વિપર્યય, ખોટું જ્ઞાન, અસ્વાભાવિક જ્ઞાન ઇ૦ થાય છે; ટૂંકામાં, વસ્તુ ખરેખર જેવી હોય તેનાથી જુદા રૂપે તેને માની લેવાની ટેવ. તેના બે પ્રકારો: **અર્થાધ્યાસ** એટલે કે **અર્થ** કહેતાં વિષયોને લગતો અધ્યાસ, અર્થાત્ પાંચ ઇન્દ્રિયોના શબ્દસ્પર્શાદિ જે વિષયો છે, તેના સંબંધમાં ભ્રાન્તિ કે ખોટી સમજ; એટલે કે ખોટા જ્ઞાનને સાચું માની લેવાની ભૂલ. કલ્પના, મનોરથ ઇ૦ પણ અધ્યાસનાં જ રૂપો છે. અને બીજો પ્રકાર છે જ્ઞાનાધ્યાસ, જે પણ વર્ણવાઇ ચૂકયો છે.

છીપમાં ચાંદી ભાસવી, અને છીપને છીપરૂપે નહિ પણ ચાંદીરૂપે જ જાણવી–માનવી, એ અર્થાધ્યાસ; અને આત્માને દેહ-ઇન્દ્રિયો; રૂપે દેખવો તથા દેહ-ઈન્દ્રિયો જ આત્મા છે એમ સમજવું, એ આત્માનો દેહમાં અધ્યાસ થયો.

'આ ચાંદી જ છીપ છે, એ છીપ જ ચાંદી છે, છીપનાં ચળકાટ વગેરે જે લક્ષણો છે, તે ચાંદીનાં જ લક્ષણો છે, જે અહીં સ્પષ્ટ દેખાય છે,' ઈ૦ પ્રકારની ભ્રમણાઓ (= અધ્યાસો) થઇ શકે. દા. ત૦, 'આ દેહ જ એટલે હું, એટલે કે આત્મા છે, દેહમાં જે રૂપાળાપણું, જોવાની શક્તિ ઈત્યાદિ ગુણો છે, તે આત્માના જ ગુણો છે; આત્મા જ દેહ છે, બીજો કોઇ નહિ; દેહ સિવાય અન્ય કોઈ આત્મા નથી; આત્માના જે નિત્યત્વ વગેરે ધર્મો છે તે દેહના પણ છે...' એવા એવા નાનાવિધ અધ્યાસો, મનુષ્યના અજ્ઞાનના પ્રકાર તથા વિસ્તાર અનુસાર, થવા પામતા જોવામાં આવે છે. તેમાં મુખ્યત્વે બે પ્રકાર (૧) સ્વરૂપાધ્યાસ, શરીરને આત્મારૂપ સ્વ-રૂપ જાણવા રૂપી ભ્રમણા, કે જ્યાં આત્માનું ખરું રૂપ ગુરુઉપદેશદ્વારા જણાઇ જાય છે કે તરત અધ્યાસ – ભ્રમણા કાયમને માટે ઊડી જાય છે; અને (૨) સંસર્ગાધ્યાસ, આત્માના ગુણધર્મોનો શરીરના ગુણધર્મો સાથે (–શરીર તથા આત્માના સાંનિધ્યને લીધે ઉપજતો) સંબંધ હોવાનો ભ્રમ, દા૦ ત૦, જપાકુસુમનો લાલ રંગ રૂપી ધર્મ તેના સંસર્ગવાળા સ્ફટિક સાથે સંબંધિત થઇ ને, એ 'રાતાપણા સાથે સ્ફટિકપણાનો સ્વાભાવિક સંબંધ છે, તેથી સ્ફટિક લાલ છે' એવો અધ્યાસ. એને સંબંધાધ્યાસ પણ કહેવાય છે. મુખ્ય વસ્તુ એ છે કે, **આવા અધ્યાસોનો નાશ મૂળ વસ્તુના સત્ય જ્ઞાનથી થાય છે.**

'બધું જ જોનારો જે સાક્ષીરૂપ કૂટસ્થ આત્મા શરીરમાં વસે છે, તે જ સંસારી જીવ છે,' એમ સમજીને જીવનું મિથ્યાપણું ન જાણવું, 'એ કૂટસ્થ અને જીવનો પરસ્પર અધ્યાસ.' 'માયારહિત કેવલ ચૈતન્ય બ્રહ્મ પોતે જ જગતની રચનારૂપી વળગાડવાળો ઇશ્વર છે, અને એવો ઇશ્વર = શબલ (પચરંગી માયામિશ્ર) બ્રહ્મ જ પરમ બ્રહ્મ છે,' એમ જાણવું, તે 'બ્રહ્મ-ઇશ્વરનો પરસ્પર અન્યોન્ય અધ્યાસ' થયો.

જેમ વ્યાવહારિક જગતના બધા જ ભ્રમો સાચી હકીકતરૂપ જ્ઞાનવડે ટળી જાય છે, તેમ, આ દેહ કૂટસ્થ, ઈશ્વર, બ્રહ્મ, જીવ, 'હું' ઈત્યાદિને લગતા આધ્યાત્મિક ભ્રમો પણ એ સર્વના સાચા તત્ત્વજ્ઞાન વડે ઊડી જાય છે. એમ, ઉભય ક્ષેત્રમાં સત્ય જ્ઞાન સુખ અને શાંતિ માટે એક સમાન રૂપે આવશ્યક, બલકે અનિવાર્ય છે, અને તેની ગેરહાજરી રૂપ અજ્ઞાન જ બધી ભ્રમણાઓ, ઠગાઈઓ છેતરપિંડીઓ, દુઃખશોક, અફસોસ, પસ્તાવો વગેરેને અવકાશ કરી આપે છે. સાચા પાયાના જ્ઞાનની હાજરીમાં દુઃખ-શોકને લવલેશ પણ સ્થાન નથી. તેથી, **આત્મજ્ઞાન મેળવવું. એ જ મનુષ્યત્વનું મુખ્ય કર્તવ્ય, અને માણસાઇનું લક્ષણ છે.**

# સર્ગ-બારમો

## દેહાધ્યાસ

**(૧) જીવાત્માના ઉત્કર્ષમાં અધ્યાસો બાધક હોવાથી, સર્વપ્રથમ કયો અધ્યાસ, શા માટે, ને કેવી રીતે ત્યાજ્ય છે?**

આ અધ્યાસોમાં, પ્રત્યેક મનુષ્યને નિત્ય સતત નડતો ભ્રમ છે, શરીરમાં હું પણાના અધ્યાસનો; તેને બરોબર સમઝીને સમૂળો ઉરાડી દીધા વિના આત્માની ઉત્ક્રાંતિમાં અંતરાય થાય છે. તેથી, **દેહાધ્યાસ**ને **સર્વપ્રથમ** તળિયાઝાટક સમઝીને તેને ઉખેડવો આવશ્યક છે. પૂર્વોક્ત **સાધનો** વડે સંપન્ન થયેલો સાધક આ વિષયના જ્ઞાનનો અધિકારી છે, અન્ય નહિ. 'જ્ઞાનનો અધિકારી' એટલે, જ્ઞાન પચાવવાને તૈયાર શુદ્ધ બુદ્ધિ જેની થઇ હોય તેવો જિજ્ઞાસુ.

**(૨) કેવી બુદ્ધિવડે દેહાધ્યાસનો નાશ થઈ શકે ?**

'આ ત્રણ દેહોનો હું દૃષ્ટા છું, તેનાથી નિરાળો એવો તેનો સાક્ષી છું.' એ પ્રકારની દૃઢ બુદ્ધિ થતાં, દેહાધ્યાસ ઊડી જાય છે, કેમકે ખરું સ્વરૂપ ત્યારે પરખાઈ જાય છે, ને તેના ખોટા દાવા તે સાથે નીકળી જાય છે.

**(૩) 'દેહો' નું ખરું સ્વરૂપ કેવું છે ?**

પ્રત્યેક પ્રાણીનો દેહ ત્રિવિધ છે, સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ. સમષ્ટિ તેમ જ વ્યષ્ટિ સૂક્ષ્મ દેહનો વિચાર આપણે પ્રપંચના પ્રસંગમાં કરી ચૂકયા છીએ, તે આ સ્થળે ફરીથી જોઈ જવો.

સ્થૂલ દેહ **પંચીકૃત મહાભૂતોનાં પચીસ તત્ત્વોનો** છે. હાલનું પદાર્થવિજ્ઞાન ઘણાં પ્રધાનતત્ત્વો (અં૦ એલિમેન્ટ્સ)માં માને છે, પરંતુ જેમ જેમ આગળ વધશે તેમ તેમ તેને સ્પષ્ટ જણાઇ આવશે કે આ પાંચ જ સાચાં મૂળતત્ત્વો છે, તેથી વધારે નહિ.

**આકાશ**નાં પાંચ તત્ત્વો છે,—કામ, ક્રોધ, શોક, મોહ, અને ભય. કોઇ પણ ભોગની ઇચ્છા, એટલે **કામ**; ને અહં-મમતારૂપ અજ્ઞાનગ્રસ્ત બુદ્ધિ, તે **મોહ**.

**વાયુ**નાં પાંચ-ચલન, વલન, ધાવન, પ્રસરણ, અને આકુંચન (= સંકડાવું);

**તેજ**નાં—ભૂખ તરસ, આળસ, નિદ્રા અને કાન્તિ;

**જળ**નાં—શુક્ર, શોણિત, લાળ, મૂત્ર અને પ્રસ્વેદ; અને

**પૃથ્વી**નાં—અસ્થિ, માંસ, ત્વચા, નાડી અને રોમ.

પંચીકૃત મહાભૂતો, સૂક્ષ્મ ભૂતતત્ત્વોના પંચીકરણથી થાય છે; જેની ચર્ચા થઈ ચૂકી છે.

## (૫) એ પચ્ચીસ તત્ત્વો સ્થૂલ દેહમાં કેવી રીતે રહે છે?

પાછળ કહેવાઇ ચૂકયું છે તે પ્રમાણે, આકાશનાં પાંચ તત્ત્વોમાં **શોક** આકાશનો મુખ્ય ભાગ છે, કારણ કે જયારે દેહેન્દ્રિયને 'હું' કહેનારા અભિમાની જીવને શોક થાય છે, ત્યારે તેના શરીરમાં સુનકાર વ્યાપે છે, ને એ નસોસ થઇ જાય છે. આકાશમાં વાયુનો ભાગ મળવાથી **કામ** થાય છે; કામવૃત્તિ અતિ ચંચળ

હોય છે, જે વાયુનો ગુણ છે; વળી બધી ઇચ્છાઓ 'હવાઈ કિલ્લા'જ કહેવાય છે! આકાશમાં તેજનો ભાગ મળવાથી **ક્રોધ** થાય છે, કેમકે ક્રોધ આકાશરૂપ ખાલી મનમાં ઉપજે છે, અને મન અને તન બન્ને તેનાથી તપે છે, અને તેજ તત્ત્વ ઉષ્ણ જ છે. આકાશ (=મનરૂપી અવકાશ)માં જળનો ભાગ મળવાથી **મોહ** નીપજે છે; મોહ ધન, દારા, પુત્ર, ઈત્યાદિમાં પ્રસરતો જ રહે છે, ને જળનો ગુણ પ્રસરણ-દ્રવણ છે. **ભય** આકાશમાં પૃથ્વીનો ભાગ મળવાથી; થાય છે; ભય ઉપજે ત્યારે શરીર અને મન ઉભય જડ, સ્તબ્ધ થઈ જાય છે, જે સ્તબ્ધતા પૃથ્વીનો ગુણ છે.

**વાયુ**નાં પાંચ તત્ત્વોમાં, **પ્રસરણ** વાયુમાં આકાશનો ભાગ મળવાથી થાય છે, કેમકે સર્વત્ર પ્રસરેલું **હોવું** એ આકાશનો ધર્મ છે, પરંતુ પ્રસરણમાં મુખ્ય ભાગ પ્રસરવારૂપી ગતિનો છે, જે વાયુનો ધર્મ છે. **ધાવન**માં વાયુરૂપ ગતિ મુખ્ય છે, તેમ જ ગૌણ પણ એ જ છે. **વલન**માં વળવાની ગતિ = વાયુ મુખ્ય, તેમાં એ ક્રિયાથી ઉષ્ણુતા આવે છે. લોખંડના તારને વારંવાર વાળ-સીધ કર્યા કરવાથી તે ખૂબ તપી જાય છે, ને માણસ પણ તેમ કરવાથી શરીરે ઊનો થઈ જાય છે. **ચલન**માં, ગતિમાં = વાયુમાં જળનો = દ્રવણનો ગુણ ભળે છે, અને **આકુંચન**માં, ગતિ = વાયુ સાથે, સંકોરાવું, સંકડાવું, એ સ્થૂલત્વ = પૃથ્વી ગુણ છે.

**તેજ**નાં પાંચ તત્ત્વોમાં, **નિદ્રા**માં ફક્ત પ્રાણુમય અગ્નિ જ પ્રવર્તે છે, તેમાં શૂન્યત્વરૂપી આકાશનો ભાગ રહે છે. **તૃષા**નો સોસ પડતાં ગળું બળે છે, તેમાં વાયુનો ભાગ રહે છે. **ક્ષુધા**માં ભૂખથી જઠરમાં દાહ થાય છે, ને ભૂખ સંપૂર્ણ રીતે સ્વયં બધું જ ખાધેલું ભસ્મ કરનાર જઠરાગ્નિ રૂપ જ છે. **કાન્તિ** = મુખનું ઓજસ એ દેખીતો જ તેજનો પ્રકાશભાગ છે, તેમાં જળનો અંશ છે, કેમકે

સૂકોલૂખો ચહેરો ચમકતો નથી. **આળસ** નિદ્રાના સમગુણવાળી, **માત્ર** પ્રાણધારણરૂપી તેજક્રિયાનો આધાર મુખ્યત્વે લેનારી છે, તેમાં જડતારૂપી પૃથ્વી અંશ રહે છે, તે પ્રસિદ્ધ હકીકત છે.

**જળ**નાં તત્ત્વોમાં, જળમાં આકાશનો ભાગ **લાળ**માં રહે છે. **પ્રસ્વેદ** પરિશ્રમથી ઉપજે છે, તે જળમાં પરિશ્રમની ગતિ–ક્રિયારૂપી વાયુભાગ સૂચવે છે. **મૂત્ર**માં જળસહિત ઉષ્ણતા રહે છે જ. **શુક્ર**માં જળતત્ત્વ જ છે, તેનો વર્ણ શ્વેત છે, તેનામાં દ્રવણત્વ છે, જે ઉભય જળના ગુણો છે. જળમય **શોણિત**માં રાતાં ધોળાં ઈ૦ સ્થૂલ અણુઓ ( અં૦ કોર્પસલ્સ ) ઈ૦ પૃથ્વીભાગ રહેતો હોવાનું હવે તો નાના નિશાળિયા પણ જાણે છે.

**પૃથ્વી**નાં તત્ત્વોમાં, **રોમ** = વાળ, તેનાં પૃથ્વીરૂપ સ્થૂલત્વમાં આકાશ = પ્રસરણના ગુણોનો ભાગ; **ત્વચા**, પૃથ્વીત્વ + વાયુનો સ્પર્શ ગુણ; **નાડી**માં સ્થૂલ પૃથ્વીત્વ+તેજ, કેમકે તેમાં શરીરમાં જ્વર હોવા ન હોવા ઈ૦ રૂપે ઉષ્ણતા જણાય છે; **માંસ**માં પૃથ્વીત્વ ઉપરાંત જળ, અને **અસ્થિ**માં પૃથ્વી જ પૃથ્વી મોટે ભાગે છે.

એ રીતે, સ્થૂલ દેહમાં આ ૨૫ તત્ત્વો રહે છે, ને શરીર તેનું જ બને છે, સૂક્ષ્મ શરીરની પણ તેવી જ પરિસ્થિતિ હોવાનું આપણે ક્યારનું જોઈ ગયા છીએ. એમ આખરે તો, તન અને મન, બન્ને કેવળ પાંચ ભૂતોનો પ્રપંચ છે, તેથી વધારે કાંઈ જ નહિ; અને **તેથી વધારે તેનું મૂલ્યાંકન જે કરે, તે સંસારમાં ખત્તા ખાધા વગર નથી રહ્યા, નથી રહેતા, ને નથી રહેવાના.**

### (૬) એ પ્રમાણે જાણવાથી જ્ઞાનપ્રાપ્તિના આપણા પ્રયોજનમાં શો ફાયદો ?

તે વડે ખબર પડી જાય છે કે "આ શરીર તો કેવળ પાંચ ભૂતડાંનું માળખું છે, તેને મેં ફક્ત અમુક હેતુસર ધારણ કરેલું છે. તે હું નથી, એ ૨૫ તત્ત્વો મારાં એટલે કે મારા અંશ પણ નથી, પણ હું તેનો માત્ર દ્રષ્ટા, સાક્ષી, જોવાજાણવાવાળો તે સર્વથી ન્યારો છું. એમાં વળી મારે મોહ કે રાગદ્વેષ શા માટે હોય?" એમ, એ જ્ઞાન વિવેકવૈરાગ્યનું સાધક, અને તેથી, જ્ઞાનમાર્ગનું પગથીયું બને છે.

**(૭) "એ તત્ત્વો હું નથી, અને તે મારાં નથી," એ કેમ જાણવું, એટલે કે વ્યવહારમાં એ જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરવો, કે જેથી મારૂં સુખરૂપત્વ જે ખોવાઈ ગયા જેવું ભાસે છે તે પાછું સિદ્ધ થાય?**

અહીં પુનરુક્તિ ઠીકઠીક કરવી પડશે; પરંતુ માત્ર સામાન્ય પણ "આ બધું મિથ્યા જ છે ને" એમ જાણીકરીને બેસી રહેવાથી વિવેકવૈરાગ્ય જામતાં કે સમઝાતાં નથી; ને જામ્યા વગરનાં એ, વાગાડંબર કે અહંકારને વધારી શકે, પરંતુ કશા જ શ્રેયસ્કર ઉપયોગનાં નથી. વારંવાર પુનરાવર્તન કરીને પ્રત્યેક વસ્તુમાં એ મિથ્યાત્વને વિગતવાર યોજતા રહેવાથી, કો'ક દિવસ તે ચિત્તમાં દૃઢ થઈને જ્યારે નિદિધ્યાસરૂપ એટલે કે ટેવરૂપ બની જાય, ત્યારે જ તે સિદ્ધ થાય. તેથી, પુનરુક્તિ અહીં ઈષ્ટ છે; એટલું જ નહિ, પરંતુ અધ્યાત્મમાં પોતાની મેળે તેવી પુનરુકિત કેવી રીતે ફરતા રહેવું, તેના દૃષ્ટાન્ત તરીકે પણ અહીં પુનરુકિત આવશ્યક છે. કારણ કે વેદાન્તસિદ્ધાન્ત **જાણવાનો** નથી, પરન્તુ સ્વયં અનુભવ વડે **સાક્ષાત** કરવાનો છે. જેને તેમ ન કરવું હોય, તે કૃપા કરીને એમાં પડે જ નહિ, કેમકે અસંનિષ્ઠ વેદાન્ત અભ્યાસ ઘણો અનર્થકારી છે. આગળ ઉપર યથાપ્રસંગ એની વાત કરીશું.

પ્રથમ, આકાશનાં તત્ત્વો લઇએ, ને તેનું મનન કરીએ.

આપણને **શોક** થાય છે, ત્યારે તેની આપણને ખબર પડે છે; એને આપણે જાણીએ અને નીરખીએ છીએ, કે "મને શોક થયો." શોક નથી હોતો ત્યારે, તે **ન** હોવાથી સ્થિતિને પણ આપણે જાણીએ છીએ, કે "હું શોકમુક્ત છું." તેથી, આપણે એ નિર્ણય પણ કરી શકીએ છીએ કે, "આ જે શોક **મને** થાય છે, તે હું નથી; તે શોક મારો કોઇ ભાગ નથી, વરંતુ આકાશનો છે, અને હું તો છું તેનો કેવલ દ્રષ્ટા, તેનાથી ન્યારો એવો તેનો સાક્ષી; એમ શોકને પોતાના સ્વ-ત્વથી પૃથક્ જાણીને જિજ્ઞાસુએ તેના વળગાડથી વેગળા રહેવાની દૃઢ ટેવ પાડવી, તેનાથી કદી અભિભૂત (= ગ્રસ્ત) ન થવું, ને તેનો સ્પર્શ પણ પોતાના સ્વને ન થવા દેતાં, સ્વ-રૂપ આત્મતત્ત્વમાં સ્થિતિ કરી રહેવું.

તેજ પ્રમાણે કોઈ **કામના** એટલે કે ઈચ્છા કરવાનો પ્રસંગ આવે ત્યારે, શાંતિથી વિચાર કરવો, કે "કામનાનું આગમન હું જાણું છું; તેનો અભાવ પણ હું જાણું છું, તે મારો કશો પણ અંશ નથી, એ હું નથી જ, એ તો આકાશનો જ ખેલ છે, જેનો હું કેવળ દ્રષ્ટા, સાક્ષી, તેનાથી ન્યારો, તેને જોનારો છું, એમ, પૂર્વકર્મ-સંસ્કારાદિના બળે કરીને પ્રારબ્ધના પૂતળારૂપ તન-મન અંગે ઈચ્છા ભલે પ્રભવે, પરંતુ તેનું વર્ચસ્ **મારા** ઉપર હું ન થવા દઉં-તે બલાને વેગળી રાખીને તેની સાથે સાવ અસંગપણે વ્યવહાર કરું, ને જ્યાં શ્રેયને બાધક હોય ત્યાં તેની સાથે વ્યવહાર ન જ કરું."

**મોહ**ના પ્રસંગે, મોહના તથા મોહના અભાવના કેવળ દ્રષ્ટા તરીકે પોતાની સ્થિતિ ચિત્તમાં સ્પષ્ટ નિઃસંદેહપણે સિદ્ધ કરવી, ને તેને પોતાથી જુદી, તથા દ્રષ્ટા-સાક્ષી તરીકે માત્ર જોવા જાણવા પુરતી વસ્તુ સમજીને, તેનો દાવો પણ રદ કરીને સુખી સ્વરૂપસ્થ થઇ રહેવું.

**ક્રોધ** વખતે તો, બહારથી આવીને ગળે પડવા માગતી એ અનિષ્ટ વસ્તુને તટસ્થ ભાવે જોઇ, તપાસી, તેનો નિકાલ કરીને, તેને ફરીથી કદી પોતાની પાસે ફરકવા પણ ન દેવી: કેમકે એ સ્વરૂપસ્થિતિમાં નડતર કરે છે. 'તેને ને મને લાગે વળગે છે જ શું ?' એમ નિશ્ચય કરીને તેનાથી સાવ છૂટી પડવું.

એ રીતે, આકાશમાં તેની સઘળી ભુંજરરૂપી પ્રપંચની ઉપેક્ષા કરતાં, તે સર્વના નિર્લેપ સાક્ષીપણારૂપે **પોતાના** અસલ **પોતને** જાણીને તેમાંથી જરાપણ આઘાપાછા થવું નહિ.

એ પ્રમાણે વાયુનાં તત્ત્વોનો પણ વિવેક એક પછી એક કરીને, **સ્વત્વથી** તે સર્વની ભિન્નતાને દૃઢ કરતાં, તે સર્વના પોતાને દૃષ્ટા જાણવો, તથા એના સ્પર્શથી દૂર રહીને તટસ્થપણે સ્વરૂપ-સ્થિતિ અચળ રાખવી. અને તેજનાં તત્ત્વો પરત્વે પણ એ જ પ્રક્રિયા વડે દુઃખનાશના કીમિયાને સિદ્ધ કરવો. એવું જ પૃથ્વીના તત્ત્વોનું. વિસ્તારના ભયને લીધે, આકાશનાં તત્ત્વો વિષે કહ્યું તે પ્રમાણેની એ પ્રત્યેક તત્ત્વ માટેની 'ફોર્મ્યુલા' = મનનયુક્તિ અહીં નથી કહી, પરંતુ જિજ્ઞાસુએ આળસ ન કરતાં, ધૈર્યથી એ પ્રત્યેકનું મનન પૃથક્ પૃથક્ કરવું જ. જેને ધૈર્ય ન હોય, તેને માટે જ્ઞાનમાર્ગ નથી. તરણાની ટોચ વડે ટીપું ટીપું કરીને સમુદ્રને ઉલેચવા જેટલી પ્રસન્ન ધીરજ તથા ખંતની અપેક્ષા, સાધન-સંપન્નતા દ્વારા સ્વાત્માનુભવના આ માર્ગમાં શાસ્ત્રો કહે છે, તેમાં વધારે પડતું કશું નથી.

આ છે આ પચ્ચીસ તત્ત્વોને તથા સ્વભાવને અને "મારી" સાથેના તેના સંબંધને જાણવાનું પ્રયોજન. કેમકે, તે વડે દેહાધ્યાસના પ્રેતને ભગાડાય છે, અને તેનો લોપ જ્ઞાનાનુભવને શક્ય બનાવે છે.

# સર્ગ-તેરમો

## લક્ષણા [૧]

### (૧) અભેદની સિદ્ધિ માટે સામાન્ય અકલમાં જચે એવી કોઈ તર્ક-ન્યાયનિષ્ઠ પ્રક્રિયા છે ખરી ?

અવશ્ય છે જ; કેમ કે વેદાન્તશાસ્ત્ર બુદ્ધિનિષ્ઠ છે, તે માત્ર એટલી શરતે, કે એ બુદ્ધિ સાધનશુદ્ધ, વિવેકવૈરાગ્યસંપન્ન અને કુતર્કરહિત શ્રદ્ધાયુકત હોવી જોઇએ, એ નિઃસંદેહ છે.

આપણે પાછળ નિશ્ચય કરી ગયા કે, જીવ અને બ્રહ્મમાં તાત્ત્વિક અભેદની સિદ્ધિ, એ જ બ્રહ્મવિદ્યાનું લક્ષ્ય છે. જેની દૃષ્ટિમાં ભેદ ભાસે છે, તે જન્મમરણની ઘટમાળમાંથી ઊંચો નહિ જ આવવાનો. જયાં સુધી બુદ્ધિમાં **સ્વ** અને **પર** નો નિશ્ચય રહે, ત્યાં સુધી પર તરફથી ભયનો ભાસ તથા સંભવ રહેવાનો જ; અને ભય તથા મોક્ષને તો ' બારમે ચંદ્રમાં ' છે ! તેથી ઉપનિષદો ભય કે ભેદના લેશને પણ સાંખી શકતાં નથી. અભેદની પ્રતિષ્ઠા માટે આપણે વેદોનાં અવાંતર અને મહાવાકયોને પણ અમુક દૃષ્ટિએ વિચારી ચૂકયા છીએ. હવે તર્ક અને ન્યાય ( એટલે કે યુક્તિ ) વડે મહાવાકયોમાં तत् અને त्वम् અને તે બેના અભેદની સિદ્ધિનાં સૂચક असि તથા अहं, ब्रह्म अस्मि ઇત્યાદિના પહેલી નજરે દેખાતા વિરોધાભાસને ગાળી નાંખવા ( અં० રિઝોલ્વિન્ગ ) નો ઉપાય વિચારીએ.

શ્રુતિઓના શબ્દોથી, જે સીધી લૌકિક રીતે લોકપ્રચલિત અર્થો જણાય છે, તેનાથી અભેદની સિદ્ધિ નથી થતી. પરંતુ વેદવચન કદી પણ ખોટું કે નિરર્થક હોય જ નહિ. તેથી, ઇષ્ટ અર્થને સિદ્ધ કરવા માટે, જેને વિદ્વાનો **લક્ષણા** કહે છે તે યુકિતનો વિચાર કરવો જોઇએ; કેમકે એ પ્રક્રિયા બુદ્ધિગમ્ય છે. તેમાં પ્રથમ **પદવિચાર** કરવો જરૂરી થઇ પડે છે.

## (૨) "પદ"ની કેવી વ્યાખ્યા થઇ શકે?

**ને, વડે, માટે, થી–થકી, ના, ની, નું, નો, નાં, માં, ઉપર, પર,**—એ બધા **પ્રત્યયો** કહેવાય છે. એને જ **વિભકિત** પણ કહે છે, કેમકે, અસલ એક અદ્વિતીય વસ્તુનું તે અન્ય અન્ય રૂપે વિભાજન કરે છે. જે શબ્દના અંતમાં એમાંનો કોઇ પણ પ્રત્યય લાગે, તે શબ્દ **પદ** કહેવાય. દા૦ ત૦, **બાળકને, મારાવડે, દેવદત્ત માટે, પર્વતથી, તેનું, ઘરમાં, ઘોડા ઉપર** ઈત્યાદિ. કોઈ પ્રસંગે એમાંની કોઇ પણ વિભક્તિનો પ્રત્યય શબ્દને પ્રત્યક્ષ રીતે લાગ્યો ન હોય છતાં, જે સંદર્ભમાં તેનો અર્થ પ્રત્યય લાગ્યા જેવો નીપજતો હોય, ત્યાં પણ એ શબ્દ "પદ" કહેવાય છે. એવાં પદો વડે **વાકય** બને છે; તેથી વાકયના અંગરૂપ શબ્દોને કે શબ્દસમૂહને **પદ** કહેવાય. દા૦ ત૦, "હું પર્વત દેખું છું," ત્યાં "પર્વત"ને વિભક્તિનો પ્રત્યય નથી છતાં તેનો અર્થ તો **પર્વતને** થાય છે. તેથી, ત્યાં થયેલો વિભકિતનો લોપ તે શબ્દના પદત્વનો બાધક નથી. ટૂંકામાં, વિભકિતના પ્રત્યય વિનાનો શબ્દ પણ "પદ" હોઇ શકે.

વળી, પ્રત્યેક પદનો કંઇક **અર્થ** તો હોય જ. દા૦ ત૦, **ઘડો** શબ્દ બોલીએ ત્યારે તેનો અર્થ "અમુક પ્રકારનું જળવ્યવ-

હારનું પાત્ર" એવો ચોક્કસપણે હોય છે. એવું જ પ્રત્યેક શબ્દનું છે. કોઈ અર્થરહિત શબ્દ ન હોઈ શકે.

**(૩) આ બધી પદવિચારની શી જરૂર ?**

જયાં સુધી એ જ્ઞાન ન હોય કે અમુક વાકયનો તથા અમુક પદનો અમુક જ ચોક્કસ અર્થ છે, ત્યાં સુધી કોઈ પણ શબ્દ-સમૂહ કે કોઇ પણ વાકયસમૂહ નિરર્થક જ રહેવાનો. જો કોઇ માણસને 'ઘડો એટલે પાણી ભરવાનું માટલું' એવી ખબર જ ન હોય, તો તેની આગળ હજાર વાર બોલાતો 'ઘડો' શબ્દ વ્યર્થ જ થઇ પડે.+

તેથી, શાબ્ધબોધ માટે, તે શબ્દના કે તે પદના અર્થના જ્ઞાનની ખરેખર ચોકસાઇ કરી લેવી જોઇએ. શાબ્દબોધ માટે, વાકયમાં રહેલા તે તે પદોના અર્થો ઉપસી આવવારૂપી સ્ફૂર્તિ (= સમઝણ) તેના વાચક કે શ્રોતામાં હોવી જ જોઇએ. 'ઘડો લઇ આવો'માં, જો કોઈ પણ પદનો અર્થ અજ્ઞાત કે સંદિગ્ધ હશે, તો સાંભળનારને એ વાકયનો શાબ્દબોધ નહિ થાય, ને કહ્યાનો કશો અર્થ નહિ સરે. તેથી, પદોના અર્થોની સ્ફૂર્તિ શબ્દબોધમાં હેતુરૂપ, એટલે કે કારણરૂપ છે.

પદ અને પદનો અર્થ, એ બેનો પરસ્પર સંબંધ હોય છે. એ સંબંધની સંજ્ઞા છે **વાચ્યવાચક સંબંધ**. 'પદ' છે **વાચક**, એટલે કે કંઇક અર્થ કહેનારો, અને 'અર્થ' છે, એ શબ્દ શું કહેવા માગે છે તે, એટલે કે **વાચ્ય**. 'ઘડો' શબ્દ અમુક પ્રકારના જળ-પાત્રનો વાચક છે, અને કુંભારે બનાવેલો દશ્યમાન 'ઘડો પદાર્થ,' એ તે શબ્દનો વાચ્ય છે, એટલે કે, 'ઘડો' શબ્દનો વાચ્યાર્થ છે, આપણે જેને જાણીએ છીએ તે, 'માટીનું અમુક પ્રકારનું જળપાત્ર.'

+દષ્ટાંત માટે જુઓ 'કહેવત કથાનકો.

પદ અને પદાર્થ (પદનો અર્થ), એ બેનો સંબંધ **વૃત્તિ** કહેવાય છે. આ વૃત્તિ અંતઃકરણની વૃત્તિથી જુદી છે, અને અહીં તેની ન્યાયશાસ્ત્રની પારિભાષિક સંજ્ઞા (અં. ટેકિનકલ) ટર્મ છે 'શબ્દની વૃત્તિ.' કહેવાનું તાત્પર્ય એ કે, અમુક એક પદ દ્વારા કોઇ અમુક અર્થનો જ બોધ થાય છે. એ બોધ આપ મેળે નથી થતો, પરંતુ પદ અને તેના અર્થનો વ્યવહાર (અં૦ યુસેજ)માં ઠરેલો અમુક નિયત સંબંધ હોય છે, તેથી જ તે પદ વડે તે અર્થની ખબર પડે છે. જો તેવા પદ-અર્થના સંબંધ વિના પણ પદાર્થનું જ્ઞાન થતું હોય, તો 'ઘડા' પદથી 'કપડા'નું પણ જ્ઞાન શા માટે ન થાય? પણ એમ નથી થતું. તેથી નિયમ બંધાય છે કે, કોઇ પણ પદનો કે વાકયનો જે શાબ્દબોધ થાય છે તે, એ પદના અર્થની વિદ્યમાનતા અર્થાત હાજરીને લીધે જ થાય છે; અને તે અર્થની તેવી હાજરી, પદ અને પદનાં અર્થના ઠરેલા સંબંધથી જ થવા પામે છે. તેથી ટૂંકામાં કહેતાં, પદ અને પદાર્થનો સંબંધ **વૃત્તિ** કહેવાય છે.

### (૩) "વૃત્તિ"નું સ્વરૂપ, તથા આત્મજ્ઞાનના વિષયમાં તેનો ઉપયોગ શું છે?

પ્રથમ તો, વૃત્તિનું સ્વરૂપ જાણીએ; તે પછી જ તેની ઉપયોગિતાની ખબર પડી શકે. વૃત્તિ બે છે, **શકિત** અને **લક્ષણા**. કોઈ-પણ શબ્દને સાંભળતાં જ સામાન્યપણે સૌ કોઈને સમઝાય, તેવો જે પ્રસિદ્ધ અર્થ, તે એ શબ્દની અથવા તે પદની "શક્તિ" કહેવાય. જેમકે "ઘડો" શબ્દ સાંભળતાં જ માટલું સમઝાય છે, નહિ કે કપડું, કે બીજો કોઈ પદાર્થ. તેથી, "ઘડા" પદની ઘડારૂપી અર્થમાં 'શક્તિ' છે, કેમકે તેના વડે ઘડા સિવાય બીજા કશાનો ખ્યાલ ઉપજતો નથી. એ શક્તિવૃત્તિથી જે પદનો જે અર્થ જણાય, તે જ

એ પદનો **મુખ્ય અર્થ** ગણાય, એને **શક્યાર્થ** અથવા **અભિધેયાર્થ** પણ કહેવામાં આવે છે.

પરંતુ ક્યાંક સંદર્ભ એવો પડે છે કે તેથી પદનો મુખ્ય અર્થ ઘટે નહિ, અને તેનો બાધ થતો હોય, ત્યાં **લક્ષણાવૃત્તિ** યોજીને તે પદના ગૌણ અર્થને લેવો જોઈએ. દા૦ ત૦, રસ્તે ચાલતા છત્રીધારીને જોઇને ગાડીવાળો "એઈ છત્રી" એમ લલકારે છે. છત્રી પદનો મુખ્ય શક્યાર્થ છે કપડું, લાકડું, લોખંડ ઇ૦નું બનેલું તાપ-વરસાદથી બચાવનારું અમુક સાધન. પણ અહીં તે મુખ્ય અર્થમાં તો ગાડીવાળાએ એ શબ્દ ન જ વાપર્યો હોય; કેમકે એનો હેતુ છે છત્રીના ધારણ કરવાને બાજુ ઉપર હટાવવા માટે, તે છત્રીધારી **મનુષ્યને** સંબોધવાનો, નહિ કે જડ **છત્રીને**. એમ, મુખ્યાર્થ બાધિત થવાથી, ગાડીવાળાના તાત્પર્યનો સ્ફોટ કરવા માટે 'છત્રી સાથે સંબંધિત પુરુષ' એવો અર્થ 'છત્રી' શબ્દનો કરવો ઘટે છે. તે પુરુષને પણ સહજ સ્વભાવે તરત ગાડીવાનના કથનનો શબ્દબોધ થઇ જાય છે, કે આ **મને** કહ્યું, છત્રીને નહિ. એમ છત્રીનો ગૌણ અર્થ લેવાયો. એ સ્થિતિ, લક્ષણા વડે ગૌણ અર્થ લેવાયો હોવાની થઈ.

'ગંગામાં ગામ છે' એવું કોઈએ કહ્યું. ગંગા એટલે નદીનો જળપ્રવાહ; તેમાં ગામ ન હોઇ શકે, એમ એ કથન સાંભળનાર મનુષ્ય જાણે છે. તેથી તે સમજી ગયો કે અહીં તાત્પર્ય **પ્રવાહમાં** નહિ, પણ પ્રવાહથી સંબંધિત **તટ** પ્રદેશમાં છે. 'ગંગાના પ્રવાહ-રૂપી મુખ્ય અર્થના ત્યાગની, અને લક્ષણાથી પ્રવાહના સંબંધિત તટરૂપી ગૌણ અર્થના સ્વીકારની યોજના અહીં થઇ.

લક્ષણામાં, વાક્યના ધારેલા અર્થનો અસંભવ (એટલે કે તેની અનુપપત્તિ ) મૂળ કારણ અથવા બીજ છે. જે તાત્પર્યથી વાક્ય

બોલાયું હોય તે તાત્પર્ય એ વાક્યથી ન સધાતું હોય, તો તે તાત્પર્યને સાધવા માટે જ લક્ષણાની જરૂર પડે છે. જ્યાં સીધા વાચ્યાર્થથી સમુચિત અર્થ સરતો હોય, ત્યાં તેનો ઉપયોગ થવો ઘટે; અને વાદવિવાદનાં શાસ્ત્રો લક્ષણાના મનસ્વી ઉપયોગને ‘વિતંડા’ કહીને તેની નિંદા કરે છે. તેથી, જ્યાં મુખ્ય અર્થ લેવાથી કથનનો હેતુ પાર ન પડતો હોય, ત્યાં જ લક્ષણાવૃત્તિથી કોઈ યોગ્ય ગૌણ અર્થ શોધી લેવાય છે. વૃત્તિનું કર્તવ્ય છે વકતાના હેતુનો નિર્વાહ કરવાનું; નકામી ભાંજઘડ ઊભી કરવાનું નહિ.

કથન કરનારનું તાત્પર્ય બે પ્રકારનું હોઇ શકે; (૧) ઔત્સર્ગિક, એટલે કે સ્વાભાવિક તાત્પર્ય, અર્થાત્ જે પદનો કોશમાં જે ચાલુ અર્થ લખાયેલો હોય તે જ અર્થ તે પદ **વડે** કહેવો, તે. દા૦ ત૦, **ગંગા** નો કોશપ્રસિદ્ધ અર્થ છે જળપ્રવાહ. જો **ગંગા** શબ્દ બોલવામાં બોલનારનો હેતુ એ જ અર્થ જણાવવાનો હોય, તો તેનું તાત્પર્ય ઔત્સર્ગિક થયું. પરંતુ મુખ્ય અર્થનો અપવાદ કરીને, એટલે કે તેને વેગળો રાખીને, કોઇ બીજા નવા અર્થમાં એ શબ્દ કહેવાનો તેનો આશય હોય, તો (૨) **આપવાદિક** તાત્પર્ય થાય. દા૦ ત૦, ગંગામાં ગામ છે,’ ત્યાં ‘જળપ્રવાહ’ અર્થ કહેવાનો ન જ હોય, પણ ‘તટ પ્રદેશ’ એવો નવો અર્થ જ તેના વકતાના મનમાં હોય. સાંભળનારનાં મનમાં સાંભળેલું વાક્ય પદની શકિતની અને પદની લક્ષણાની કલ્પના કરાવે છે. ‘ચીડિયાંબગીચામાં પાંજરામાં વાઘ છે,’ ત્યાં વાઘ (૧)ની કક્ષામાં પડીને પ્રસિદ્ધ પશુનું કથન કરે છે; પણ ‘લાલા લજપતરાય તો પંજાબના વાઘ હતા,’ ત્યાં (૨) વાળી લક્ષણા લાગે છે, અને નીડરતા, સામર્થ્ય, દુર્જયતા, શૌર્ય ઈ૦ ગુણોનો જ એ શબ્દ દ્યોતક બને છે. વાઘના એ ગુણોનો લાલાજીમાં સંબંધ હોવાથી, એ ‘ગૌણ’ અર્થ ત્યાં આપોઆપ સમઝાઇ જાય છે.

**(૪) આ લક્ષણા ઘણી મહત્ત્વની વસ્તુ જણાય છે. લૌકિક વ્યવહારમાં તે બહુ ઉપયોગી છે, અને અધ્યાત્મમાં તે ઉપયોગી હોવી જ જોઈએ. તેથી તેના બધા પ્રકારો ટૂંકામાં કહો.**

લક્ષણા **સ્વશક્ય સંબંધ** પણ કહેવાય છે. **સ્વ** એટલે, જેનો વિચાર કરવામાં આવે તે (–પ્રસ્તુત ઉદાહરણમાં **ગંગા** પદ–). તેનો શક્યાર્થ છે **ગંગાનો પ્રવાહ;** અને તે પ્રવાહનો સંબંધ છે **તટ** સાથે. આ સંબંધ તટ અને પ્રવાહના સંયોગરૂપ હોવાથી, એ **સંયોગ સંબંધ** છે. એમ, 'પ્રસ્તુત પદના શક્યાર્થ સાથે સંબંધ ધરાવતા પદાર્થનું ગ્રહણ, તે લક્ષણા,' એવી વ્યાખ્યા પડે. સંબંધના ઘણા પ્રકારો હોઇ શકે છે, જેવા કે વર્ણની સમાનતા હોવા રૂપ, સ્વભાવની સમાનતા રૂપ, એક દેશ, જાતિ કે લક્ષણો હોવા રૂપ, ઈત્યાદિ. અહીં, આ લક્ષણામાં શક્ય અને લક્ષ્ય અર્થોનો સંબંધ 'સંયોગ સંબંધ' છે. ત્યાં શક્યાર્થ અર્થાત્ વાચ્યાર્થ, તે વાક્યનો સરખો અર્થ કરવામાં વિરોધી હોવાથી, નકામો પડે છે. તેથી, ત્યાં સંયોગ સંબંધની યોજના કરવાની રહે છે.

આ થયું લક્ષણાનું મૂળભૂત લક્ષણ. લક્ષણાના પ્રકાર ત્રણ છે:–

(૧) **જહતી**–તેનું સ્વરૂપ છે जहत्स्वार्थो याम् 'મુખ્ય અર્થ જેને છોડી દે, તે જહતી લક્ષણા. અથવા, जहति पदानि स्वार्थं यस्यां सा 'જેમાં પદાર્થો પોતાના મુખ્ય વાચ્યાર્થને છોડી દે, તે.' જ્યાં શક્યાર્થ કે વાચ્યાર્થને સર્વથા પડતો મૂકીને બીજા જ અર્થની પ્રતીતિ થતી હોય, ત્યાં આ પ્રકાર છે; દા૦ ત૦, પ્રસ્તુત દૃષ્ટાંતમાં 'ગંગા'નો પ્રવાહ અર્થ સાવ પડતો મૂકીને તટ રૂપ નવો જ અર્થ

ગ્રહણ કરાયો. અહી 'ગંગા' પદની 'તટ' અર્થમાં જહતી લક્ષણા છે.

**(૨) અ-જહતી**-તેનાં લક્ષણ न जहत्स्वार्थो याम् "જયાં સ્વાર્થ એટલે મુખ્ય અર્થનો ત્યાગ ન થાય ત્યાં," અથવા, न जहति पदानि स्वार्थं यस्यां सा, "જેમાં પદો પોતાના મુખ્યાર્થોને છોડતાં નથી ત્યાં. તે પદોની ત્યાં અજહતી લક્ષણા જાણવી. દા૦ ત૦, ઘોડદોડમાં જોકીના પોષાકના રંગ ઉપરથી પ્રેક્ષકો પોકારે, "નીલો-પીળો જીતે છે" ઈત્યાદિ. અહી નીલો અને પીળો માત્ર રંગ છે, જે જડ છે. એ પોતાની મેળે દોડી શકે નહિ; તેથી, અહીં બોલનારનું તાત્પર્ય છે, "જેના ઉપર નીલા-પીળા પોષાકવાળો સવાર બેઠો છે, તે ઘોડો દોડમાં જીતે છે." નીલો પીળો રંગ દોડવા રૂપ દેખીતા સીધા તાત્પર્યની અહીં "અનુપપત્તિ" કહેતાં તેનો અસંભવ છે; તેથી, અહીં બોલનારના હેતુને સિદ્ધ કરવા સહજતઃ આ લક્ષ્યાર્થ થાય છે જ. તેમાં "નીલો-પીળો રંગ"નો ત્યાગ થયો નથી, પરંતુ તે ઉપરાંત તેમાં "એ રંગ સાથે સંબંધ ધરાવતા સવાર સાથે સંબંધિત ઘોડો," એ ભાગ ઉમેરાયો. એમ કરવાથી બોલનારાનો હેતુ બરોબર સરે છે, ને વાક્ય સાર્થક થાય છે.

**(૩) જહદજહતી** અથવા **ભાગત્યાગ**-તેમાં વિશેષણ કહેનારા શબ્દ સહિતનું પદ પોતાના અર્થના એક ભાગને છોડી દઈને બાકી રહેલા અર્થભાગમાં જ કામ લાગે છે. જયાં પદ જહત્ એટલે છોડે છે, અજહત્ એટલે નથી પણ છોડતો, અને ભાગ એટલે અર્થનો અમુક અંશ, તેનો જ ત્યાગ કરે છે, સંપૂર્ણ અર્થનો નહિ, તેની આ સંજ્ઞા છે.

પ્રસિદ્ધ ઉદાહરણ લઇએ કે એક જણ કાશી ગયો. ત્યાં એણે દેવદત્ત નામના પુરુષને જોયો, ને તે પછી પોતે સ્વદેશ પાછો ફર્યો.

ઘણાં વર્ષો પછી દેવદત્ત પણ ફરતો ફરતો તેને ગામ થઇ ચઢ્યો. તેને જોઇને પેલાએ કહ્યું: " કાશીમાં દસ વર્ષ પહેલાં મેં દીઠેલો દેવદત્ત, તે જ આ છે." અહીં દેવદત્તનાં બે વિશેષણો થયાં, " દસ વર્ષ પહેલાં, " અને " કાશીમાં " જેને જોયો હતો તે, " કાશી –દેશવિશિષ્ઠ અને દશવર્ષીયપૂર્વ કાળવિશિષ્ઠ દેવદત્ત;" અને અત્યારે દીઠો તે, આ સ્થળમાં રહેલો ( એતદ્દેશવિશિષ્ઠ ) તથા વર્તમાન સમયનો ( એતત્કાલવિશિષ્ઠ ), એવાં બે વિશેષણોવાળો છે. " પેલો જ " દેવદત્ત કદી પણ " આ " દેવદત્ત ન હોઇ શકે, કેમકે અહીં કાશી નથી, દસ વર્ષ પહેલાંનો સમય પણ અત્યારે નથી, ને ખુદ દેવદત્તમાં પણ અનેક પરિવર્તનો થઇ ગયાં હોય. જો શબ્દોના મુખ્યાર્થને જ વળગી રહીએ, તો વાકય વાહિયાત થઇ જાય. પરંતુ સાંભળનાર તરત સમજી જાય છે કે કહેનારનો હેતુ માત્ર દેવદત્તના પૂર્વ પરિચયના કથનમાં છે, અને ઉભય પદોમાંથી વિશેષણો બાદ કરી નાંખવામાં આવે, તો " દેવદત્ત દેવદત્ત છે, " એવું શેષ રહે, અને તે સાચું જ છે.

એમ, વિશેષણો રૂપી ઉપાધિઓવાળા ભાગનો અહીં વિશિષ્ઠ પદના અર્થમાંથી ત્યાગ કરીને, શેષ રહેતા ભાગનું ગ્રહણ થતાં, વાકયનો સંપૂર્ણ અર્થ સરે છે. શાસ્ત્રીય ભાષા વાપરીએ તો, આ વાકયમાંથી અસંભવ तत्ता (" તે " કહેનારો ભાગ) ત્યજીને' સંભવ જે કેવળ इदन्ता (" આ " વાળો ભાગ)' તેનું ગ્રહણ કરવાનું રહે છે; અર્થાત્ તત્કાળ અને તદ્દેશ, એ બે અંશો, તથા એતત્કાળ અને એતદ્દેશ, એ અંશો પરસ્પર મેળ વગરના, અને તેથી અસંભવ છે; કેમકે તત્કાળ ( ભૂતકાળ ) હોય ત્યાં એતત્કાળ ( વર્તમાન કાળ ) ન જ હોય; તેથી, અ–સંભવ ભાગનો ત્યાગ કરવાથી જે શેષ અર્થ ભાગ રહે છે, કે "દેવદત્ત દેવદત્ત છે," એ જ એ વિશિષ્ઠ " દેવદત્ત " પદનો લક્ષ્યાર્થ છે.

# સર્ગ-ચૌદમો

## લક્ષણાથી અભેદસિદ્ધિ

**(૧) આ બધું બરોબર; પરંતુ તેનો ઉપયોગ આત્મતત્ત્વના એટલે કે સ્વરૂપના પરિચયમાં કેવી રીતે કરવામાં આવે છે ?**

બ્રહ્મ-આત્માનું સ્વરૂપ આપણે સત્-ચિત્-આનંદ જાણ્યું. આ ત્રણેય પદોમાં લક્ષણા થાય છે. તે આ રીતે:

સત્=સત્ય, સાચું, વિદ્યમાન, ટકી રહેનાર, નિત્ય અસ્તિત્વ યુક્ત. એના બે પ્રકાર છે, (૧) આપેક્ષિક સત્ય અને (૨) નિરપેક્ષ સત્ય. માયાજન્મ પ્રપંચમાં પહેલો પ્રકાર પ્રવર્તે છે, કેમકે બધી જ દુન્યવી હસ્તીઓ એક બીજાની અપેક્ષાએ (= પારસ્પરિક સરખામણીમાં) સત્ય છે, જેમકે પ્રાતિભાસિકીની અપેક્ષાએ વ્યાવહારિકી સત્તા સત્ય ખરી, પરંતુ પારમાર્થિકીની અપેક્ષાએ અસત્ય કહેવી પડે; તથા સ્વપ્નાના પદાર્થો વ્યાવહારિક પદાર્થોની અપેક્ષાએ અસત્ય, પરંતુ સ્વપ્નની અંદર જ પ્રકટતા સ્વપ્નાંતરની અપેક્ષાએ તે સત્ય ગણી શકાય, વગેરે; અને બ્રહ્મ-આત્મતત્ત્વ નિરપેક્ષ (અં૦ ઍબ્સોલ્યૂટ) સત્ય છે. માયાવિશિષ્ટ બ્રહ્મમાં બંને પ્રકારની સત્યતા છે,—એ બ્રહ્મ છે, તેથી નિરપેક્ષ સત્ય છે, અને માયાવિશિષ્ટતાવાળો તેનો જે ભાગ છે તે આપેક્ષિક સત્ય છે. તેથી સત્ પદનો વાચ્યાર્થ 'આપેક્ષિક અને નિરપેક્ષ સત્ય' થાય છે. ભાગત્યાગલક્ષણા વડે

આ અર્થમાંથી વિશેષણ ભાગનો ત્યાગ કરીએ, તો માયા અને માયામાં રહેલી આપેક્ષિક સત્યતા, ઉભય દૂર થાય; શેષ રહે, જે કેવળ બ્રહ્મભાગ છે તે અને તેની નિરપેક્ષ સત્યતા; અને જયારે સત્ શબ્દનું ઉચ્ચારણ થાય, ત્યારે યોગ્ય સંદર્ભાનુસાર, એ પદનો લક્ષ્યાર્થ આ જ જાણવો. જે તેમાં ગોથું ખાય, તેને બ્રહ્મ–આત્માનું, અને તેથી પોતાનું પણ, સ્વ–સ્વરૂપ સાચે રૂપે નહિ સમજાય.

ચિત્ એટલે જાણવું તે, જ્ઞપ્તિ, જ્ઞાન, આપણે તેના બે પ્રસિદ્ધ પ્રકારો જાણીએ છીએ (૧) અંતઃકરણવૃત્તિરૂપ જ્ઞાન, જે ઈન્દ્રિયો અને તેમના વિષયોના સંયોગથી અંતઃકરણની વૃતિ દ્વારા ઉપજે છે; અને (૨) ચેતનનું સ્વરૂપભૂત, કેવળ જ્ઞપ્તિરૂપ જ્ઞાન. વૃત્તિરૂપ જ્ઞાન ઉપજે છે, અને જે ઉપજે તે નષ્ટ થાય જ, તેથી તે નશ્વર છે; અને નશ્વરતા પરમ પદમાં અનિષ્ઠ છે. પરંતુ ચૈતન્યનું સ્વરૂપભૂત નિર્વિશેષ કેવળ જ્ઞપ્તિપણારૂપ જ્ઞાન કોઈ ઉપજતી વસ્તુ નહિ હોવાથી, તે નાશવંત નથી, પણ નિત્ય છે. અંતઃકરણવિશિષ્ટ બ્રહ્મ ( = જીવ )માં આ બન્ને જ્ઞાનો છે; અને જ્ઞાન પદના અર્થમાં તે ઉભયને સ્થાન છે, કેમ કે સામાન્ય પ્રસિદ્ધ અર્થ એ ઉભયરૂપ છે. પરંતુ તેથી કાંઇ જીવાત્માના સ્વરૂપનો નિશ્ચય થતો નથી; પરંતુ આ લક્ષણા વડે, વિશેષણ અંશ જે અંતઃકરણ અંશ, તેનો તે અર્થમાંથી ત્યાગ કરીએ, તેમજ અંતઃકરણજન્ય વૃત્તિજ્ઞાનને પણ પડતો મૂકીએ, તો શેષ રહેલો બ્રહ્મભાગ અને તેનું સ્વરૂપભૂત જ્ઞાન, એ ચિત્પદનો લક્ષ્યાર્થ બને છે, ને જીવત્વના ચિત્ત્વનું સાર્થક્ય પ્રકટે છે.

**આનંદ**ના ત્રણ પ્રકારો, (૧) વિષયાનંદ અર્થાત વિષય-ભોગમાં રહેતો જણાતો આનંદ, (૨) વાસનાનંદ એટલે વાસના-ઓની તૃપ્તિમાં થતો ભાસતો આનંદ, અને (૩) બ્રહ્માનંદ, જે છે

પરમ નિરપેક્ષ સ્વરૂપભૂત આનંદ; એમાં પહેલા બે મિશ્ર, અનિત્ય અને અંતે દુઃખદ હોવાથી, આનંદભાવના વિરોધી છે, જ્યારે ત્રીજો પૂર્ણપણે નિત્ય શુદ્ધ આનંદ છે. એ ત્રણેય 'અંતઃકરણવિશિષ્ટ બ્રહ્મ' ( = જીવાત્મા )માં રહે છે.

## (૨) ત્યારે શું ખરેખર બ્રહ્મમાં એ ત્રણેય પ્રકારો સહિતનો આનંદ છે?

અહીં આ લક્ષણા વડે વિશેષણો 'અંતઃકરણ' અને 'જીવત્વ,' એ ભાગ અનુક્રમે **આનંદ**ના અર્થમાંથી તથા **જીવાત્મા**માંથી દૂર કરીએ, તો શેષ રહે છે બ્રહ્માનંદ; એ **આનંદ** પદનો લક્ષ્યાર્થ છે, ને આત્માનું સાચું ચિત્-સ્વરૂપત્વ છે.

માયામાં એટલે કે અવિદ્યામાં, અને માયાના કાર્યરૂપ આકાશમાં, પૃથ્વી વગેરે બીજાં તત્ત્વો કરતાં વ્યાપકતા ( = ફેલાવો) વધારે છે; તેથી, તેની **સાપેક્ષ વ્યાપકતા** છે, ને બ્રહ્મમાં **નિરપેક્ષ** વ્યાપકતા છે, માયાવિશિષ્ઠ બ્રહ્મમાં જે વ્યાપકતા કહીએ, તો તે વ્યાપકતામાં આ બંને પ્રકારો હોવાનું સમજાય છે, અને **બ્રહ્મ** શબ્દના એ બન્ને વાચ્ય છે. પણ લક્ષણા વડે વિશેષણ ભાગ 'માયા'ને છોડી દઇએ, તો બ્રહ્મમાં જે વ્યાપકતા છે તેમાંથી પહેલો ભાગ દૂર થાય, ને નિરપેક્ષ વ્યાપકતા જ શેષ રહે, જે બ્રહ્મનું ખરું લક્ષણ છે.

## (૩) મહાવાકયોના અભેદબોધથી સિદ્ધિ અર્થે આ લક્ષણા કેવી રીતે યોજાય ?

અનેક વેદાન્તગ્રન્થોમાં આ વિષયની અનેકાનેક યુક્તિઓ દર્શાવેલી છે. તે સર્વમાં, तत्त्वमसि નો વિચાર જ મુખ્યત્વે કર્યો છે, કેમકે તેના સ્ફોટથી અન્ય ત્રણનો સ્ફોટ આપોઆપ થઇ જાય છે:

તેથી, એ વાક્ય ચાવી રૂપ લેખાય છે. આપણે અહીં પણ એ જ સવડવાળી પરંપરાને અનુસરીએ.

तत्वमसि શ્રુતિમાં तत् ( તે = ઇશ્વર ), त्वम्( તું = જીવાત્મા) અને असि (= છે ), એ પદો આવેલાં છે. તેમાં असि તો, તાત્પર્યાર્થના અસ્તિત્વરૂપી સતનું બોધક છે, એટલે કે, માત્ર વાકયના અર્થનું હોવાપણું જ બતાવે છે. તેથી, તેમાં લક્ષણાની ખાસ જરૂર નથી, કેમકે પ્રથમ બે પદોની લક્ષણા એમાં એના **હોવા** રૂપે ફલિત અને સાર્થક થાય છે જ. તેથી, પ્રથમ બેને વિચારવાનાં રહે છે, કે જેથી આ માર્ગના નવા જિજ્ઞાસુને આ વિષયમાં પ્રવેશ કરવા પુરતી પણ માહિતી મળી રહે. પછી આગળ જાણવા માટે તો, જેવો જેનો ઉત્સાહ, ને જેવી જેને લગન. અહીં ઘણું જ સંક્ષેપન કરવું પડશે. પરંતુ તેને સરળ બનાવવા આપણે પ્રયત્ન કરીશું. પ્રથમ દૃષ્ટિએ, જીવાત્મા ઇશ્વર કેવી રીતે હોઇ શકે? વાચ્યાર્થમાં તો નહિ જ. કેમ નહિ, તે જોઇએ.

૧. અવ્યાકૃત માયામાં એટલે ઈશ્વરની કલ્પના જ ઈશ્વરીય સંકલ્પથી સૃષ્ટિ રચના થાય છે, તેથી એ અવ્યાકૃત માયા ઈશ્વરનો **દેશ** (= કાર્યપ્રદેશ ) કહેવાય છે.

૨. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય, એ ત્રણ ઇશ્વરના **કાળ** છે.

૩. ત્રણ ગુણો ઈશ્વરસૃષ્ટિની **સામગ્રી** છે.

૪. વિરાટ્, હિરણ્યગર્ભ અને અવ્યાકૃત ( કલ્પના ), એ ઇશ્વરનાં ત્રણ **શરીરો** છે.

૫. વૈશ્વાનર, સૂત્રાત્મા અને અંતર્યામી, એ ઇશ્વરપણાના ત્રણ **અભિમાની** છે.

૬. સૃષ્ટિ માટેનો સંકલ્પ કરવો, અને સૃષ્ટિ રચીને તેમાં પોતે ઓતપ્રોત થવું, એ ઈશ્વરનું કાર્ય છે.

૭. સર્વશક્તિમત્તા, સર્વજ્ઞતા, વ્યાપકતા, સ્વાધીનતા, અદ્વિતીયતા, સમર્થતા, પરોક્ષતા, માયોપાધિકતા, એ ઈશ્વરના, ધર્મો છે. આ બધાં, અને તે ઉપરાંત માયા, માયામાં ચિદાભાસ, અને એ ચિદાભાસનું અધિષ્ઠાન કૂટસ્થ સાક્ષી, એ સર્વ મળીને ઈશ્વરનો પ્રસિદ્ધ અર્થ બને છે, અને ઇશ્વરપદ તત્‌ના વાચ્યાર્થમાં આ બધું જ આવે છે.

ભાગત્યાગ લક્ષણા વડે આ બધાં વિશેષણોને જો ખંખેરી નાંખવામાં આવે, તો સર્વના અધિષ્ઠાભૂત શુદ્ધ બ્રહ્મ જ તત્‌ પદનો લક્ષ્યાર્થ રહ્યો.

## (૪) त्वम् (= જીવાત્મા) પરત્વે કેવી રીતે લક્ષણા કરવી ?

त्वम् = જીવ. ઇશ્વરત્વના પ્રસિદ્ધ ગુણો, અને જીવાત્માનાં પ્રસિદ્ધ લક્ષણો જોતાં, त्वम् કદી પણ तत् ન જ હોઈ શકે; પરંતુ આપણે એ બેમાંથી એકની સાફસુફી આ શ્રુતિની સાર્થકતાની સિદ્ધિ માટે કરી. હવે त्वम्‌ની એટલે કે જીવાત્માની શી સ્થિતિ છે તે કહીએ.

૧. ચક્ષુ, કંઠ અને હૃદય જીવના ત્રણ દેશ (=નિવાસ-સ્થાનો) મનાયા છે.

૨. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ તેના ત્રણ કાળ છે; કેમ કે જીવની પ્રવૃત્તિઓ તેમાં જ થાય છે.

૩. સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એના ત્રણ દેહો છે;

૪. વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ એના ત્રણ અભિમાની છે;

૫. જાગ્રત વગેરે અવસ્થાઓમાંના ભિન્નભિન્ન ભોગ તેનું કાર્ય;

૬. અલ્પશક્તિમત્તા, અલ્પજ્ઞતા, પરિચ્છિન્નતા, પરાધીનતા, નાનાત્વ, અસમર્થતા, અને અવિદ્યારૂપી ઉપાધિ હોવાપણું, એ જીવના **ધર્મો** છે.

આ બધાં ઉપરાંત, અવિદ્યા, અવિદ્યામાં ચિદાભાસ, અને તે ચિદાભાસનું અધિષ્ઠાન કૂટસ્થ સાક્ષી આત્મચૈતન્ય, એ બધું મળીને **જીવ** કહેવાય છે, ને त्वम् પદના પ્રસિદ્ધ વાચ્યાર્થમાં એ બધું કુલઝગટ આવે છે.

તેનો અને ઈશ્વરતાનો સ્પષ્ટ વિરોધ છે, પણ ભાગત્યાગ લક્ષણા યોજીને, વાક્યના સુયોગ્ય અર્થમાં અસંભવ થઈ પડતાં એ બધાં જ વિશેષણોને જો ઉરાડી દેવામાં આવે, તો શેષ રહેતો જે સ્થૂલસૂક્ષ્મ-કારણ શરીરોના અધિષ્ઠાનસ્વરૂપ સાક્ષી કૂટસ્થ આત્મચૈતન્ય, તે त्वम् પદનો લક્ષ્યાર્થ છે, અને એ જ શુદ્ધ બ્રહ્મ છે.

એમ तत् અને त्वम् કહેતાં ઇશ્વર અને જીવના સ્વરૂપ-અભેદની સિદ્ધિ થઇ, કેમકે શેષ રહે, "બ્રહ્મ–બ્રહ્મ" તે असि= "છે" પદમાં સિદ્ધ થયો.

આ જ ધોરણે. प्रज्ञानं ब्रह्म, अहं ब्रह्मास्मि તથા अयमात्मा ब्रह्म ના પણ વાચ્યાર્થ–લક્ષણાર્થનો વિવેક કરી લેવો. ત્યાં प्रज्ञानम् हम् અને अयम् પદો જીવવાચક છે, જે त्वम् અનુસાર છે; તેનો લક્ષ્યાર્થ ब्रह्म પણ એ જ યુક્તિથી સિદ્ધ થાય છે, ને મહાવાક્યો, સાક્ષાત્ બોધનાં વાહન બની શકે છે. નહિ તો, પામર જીવ પરમ ઇશ્વર બને જ નહિ, તે શ્રુતિ ખોટી પડે; પરંતુ શ્રુતિ કદી ખોટી હોય જ નહિ, તે આ રીતે પુરવાર થયું.

ભાગત્યાગ લક્ષણા વડે આપણે જ્યારે અભેદના વિરોધી વિશેષણાંશોને પડતા મૂકીએ, ત્યારે આ રીતે જીવ અને બ્રહ્મનો જે અવિશેષ્ય એટલે કે વિશેષણરહિત શુદ્ધ અંશ શેષ રહે છે, તે એક જ, અદ્વિતીય, અખંડ, નિત્ય આત્મા છે; ત્યાં કોઈ ભેદ નથી, ને જીવબ્રહ્મનો અભેદ સ્પષ્ટ સિદ્ધ થાય છે.

**(૫) એમ 'હું બ્રહ્મ છું' એવું અભેદજ્ઞાન કોને થાય?**

ચિદાભાસને.

**(૬) બ્રહ્મથી ભિન્ન જે ચિદાભાસ તે, પોતાને બ્રહ્મસ્વરૂપ કેવી રીતે જાણે?**

જીવભાવનું અધિષ્ઠાન, જે દેહમાં રહેલો બ્રહ્મ-ભાગ "કૂટસ્થ" છે, તેને બ્રહ્મ સાથે, ઘડાના આકાશનો મુખ્ય આકાશ સાથે હોય છે તેવો, મુખ્ય અભેદ છે-તે બે એક છે જ; અને બુદ્ધિ સહિત ચિદાભાસ જીવનો બ્રહ્મની સાથે (પોતાના વાચ્ય સ્વરૂપનો ઉપર્યુક્ત લક્ષણા વડે બાધ કરીને,) અભેદ થાય છે. તેથી, ચિદાભાસ પોતાના લૌકિક સ્વરૂપનો બાધ કરીને પોતાના 'હું'-अहम् શબ્દના (-અથવા કહો त्वम् શબ્દના) લક્ષ્ય અર્થરૂપ કૂટસ્થ રૂપે પોતાને જાણી લે છે, અને 'હું કૂટસ્થ છું' એ પ્રમાણે પોતાના સ્વરૂપ કૂટસ્થતાનું અભિમાન કરીને, 'હું =બ્રહ્મ' એમ જાણે છે, કેમકે કૂટસ્થ તો બ્રહ્મ જ છે. એ પ્રમાણે જીવને (=ચિદાભાસને) પોતાના બ્રહ્મત્વની જાણ થાય છે.

**(૭) तत् અને त्वम् ના લક્ષ્યાર્થના અભેદમાં કોઈ લૌકિક દૃષ્ટાંત અપાય, તો સમજવામાં વધારે સરળતા પડે.**

કેટલાંક શાસ્ત્રસિદ્ધ ઉદાહરણોને જોઈએ.

૧. ઘડો વગેરે ઉપાધિ સહિતનાં જે ઘટાકાશ, એને ગૃહા-

કાશની સાથે એકતાનો વિરોધ છેઃ ' ઘટાકાશ ગૃહાકાશ છે, ' એ કથનમાં વાચ્યાર્થો વિરોધી છે; પણ ઘટ–ઘરરૂપી ઉપાધિઓ = વિશેષણો પડતાં મૂકતાં, ' આકાશ આકાશ ' છે એવું કહેવા-પણું બાકી રહે છે, તેમાં વિરોધ નથી રહેતો, ને વાકય તત્ત્વતઃ સાચું છે.

૨. ' કાચની હાંડીમાં બળતો દીવો, માટીની હાંડીમાં બળતો દીવો છે, ' એવું ઘટનો વાચ્યાર્થ લેતાં ખરેખર ન બની શકે; પણ કાચ–માટી રૂપી ઉપાધિ રહિત અગ્નિપણાથી, ' દીપક દીપક છે, ' તે ખરેખર છે જ.

૩. ' રાજા રબારી છે ' માં ઉભયની રાજકર્તાપણાની તથા પશુપાલનની નાશવંત ઉપરછલ્લી વિશિષ્ટતાઓ વેગળી રાખતાં, ઉભયમાં મનુષ્યત્વ શેષ રહે છે, જેનો અભેદ સ્પષ્ટ છે.

૪. ' ગંગાજળ કળશજળ છે, ' એમાં નદી અને કળશ ઉપાધિઓને ઊંચી મૂકો, એટલે જળનો અભેદ જ છે.

૫. ' સાગર બિંદુ છે, ' કેમકે સાગરજળમાંથી સાગરપણાના વળગાડને, અને બિંદુજળમાંથી ટીપાપણાની ઉપાધિને ન ગણકારતાં નિરુપાધિક જળતત્ત્વે કરીને, સમુદ્ર ટીપું છે જ.

૬. કોઈ માણસને પિતાની અપેક્ષાએ પુત્ર, પુત્રની અપેક્ષાએ પિતા, પૌત્રની અપેક્ષાએ દાદો ઇ૦ કહેવામાં આવે છે, ત્યાં ' દાદો પૌત્ર છે' માં વાચ્યાર્થનો ભારે વિરોધ છે; પણ ઉપાધિઓ છોડતાં ઉભયના પુરુષત્વનો અભેદ છે જ. ઇત્યાદિ.

એ પ્રમાણે યોગ્ય પારમાર્થિક કે વ્યાવહારિક ક્ષેત્રમાં પણ, વિવેકપુરઃસર તાત્ત્વિક દૃષ્ટિ કેળવવાની ટેવ પાડવાથી, આ જ્ઞાન-

માર્ગના અનુસરણમાં અનેરો આનંદ આવશે; જીવ-ઇશ્વરના સંબંધમાં પણ, એ રાહે દેશ–કાળ સામગ્રી ઈ૦નો ત્યાગ કરીને ઉભયમાં અનુસ્યૂત ચેતનમાત્ર બ્રહ્મ-આત્મા એક જ હોવાની પ્રતીતિ થવા પામશે. તેથી, જિજ્ઞાસુ સાધકે, પ્રારંભમાં બ્રહ્મ, જીવ ઈ૦નાં રહસ્યોની ભલે સમજ ન હોય તોયે, 'હું બ્રહ્મ છું' અથવા 'બ્રહ્મ હું જ છું' એવી ભાવના દૃઢ કરવી જ કરવી. એવો દૃઢ નિશ્ચય એવા જ્ઞાનના અપરોક્ષ અનુભવમાં બહુ કાર્યસાધક છે, અને તે વડે સર્સ દુઃખભાવની નિવૃત્તિ તથા અક્ષય સુખની પ્રતિષ્ઠાનો માર્ગ ખુલ્લો થાય છે.

## સર્ગ–પંદરમો

### ભયસ્થાન–અનધિકારચેષ્ટા

**(૧) આ બધી તો સરળ અને સીધી વાત છે, તેમાં આટલી બધી મુશ્કેલી શા માટે બતાવાય છે? મને તો બધું સમજાઇ ગયું!**

એમ કે? સદ્‌વસ્તુનું એટલે કે બ્રહ્મ–આત્મતત્ત્વનું જ્ઞાન થવા માટે વેદાન્ત માર્ગ જેવો ઉત્તમ કાર્યસાધક અને સરળ બીજો કોઈ માર્ગ નથી; તેથી, આ માર્ગ બુદ્ધિને સહજ રુચે છે, ને તેથી બુદ્ધિમાનો તેનો સ્વીકાર કરે છે; એ વાત સાચી; પણ સામાન્ય રીતે વર્તમાન સમયના થોડું ઘણું ભણીને 'હુંશિયાર' થયેલાં મનુષ્યો ધારે છે તેટલો બધો આ માર્ગ રમતાં રમતાં સુધાષ્ય નથી. સરળતા જે છે, તે **અધિકારીને** માટે છે; પરંતુ જનસમાજનો મોટો ભાગ એની પ્રાપ્તિ માટે કોઈ ખાસ એવા અધિકારની અપેક્ષા હોવાનું માનતો નથી કે જે પોતાનામાં પોતે ન માની લીધો હોય; તેવો અધિકાર પોતાનામાં છે જ, એવું લગભગ બધા જ (આ માર્ગનું કુતૂહલ કરનારાં) માનવીઓ માની લે છે, ને ગીતા, પંચદશી, ઉપનિષદ્ ઈ૰ સંસ્કૃત, કે પછી એટલીયે લપ કર્યા વગર 'વિચારસાગર' કે એવા જ કોઈ પ્રાકૃત પ્રક્રિયાગ્રંથો વાંચી લઇને, પોતાને એકદમ કૃતકૃત્ય અને ધન્યધન્ય થઇ ગયેલા સમજે છે.

વેદાન્તની વિદ્યાનો પાર પામવા માટે જે ઉચ્ચ અધિકાર-

પ્રાપ્તિની, વ્યુત્પન્નમતિત્વની, વિવેકવૈરાગ્યાદિ સાધન સંપન્નતાની અને નિરહંચિતશુદ્ધિની અનિવાર્ય આવશ્યકતા છે, તે સંબંધમાં આવાં નિરાયાસ જ્ઞાનના ગરજીઓ કંઇ જ કરવા યોગ્ય કરતા નથી. 'હું બ્રહ્મ છું, કૃતકૃત્ય છું, અહો હું!' એમ ધરાહાર દાવો કરીને એવા મહાપુરુષો એક જ ઠેકડે બ્રહ્મત્વના સિંહાસન ઉપર ચઢી બેસવાનું પરાક્રમ કર્યાનો લહાવો અભિમાનપૂર્વક લે છે, ને બીજાઓને પણ શીખવે છે, કે માણસે બ્રહ્મજ્ઞાની થઇ જવા માટે એવો એક ઠેકડો મારવા સિવાય બીજું કશું કરવાનું નથી.

પરંતુ તેને પરિણામે તેઓ જ્ઞાનસિંહાસનારૂઢ થવાને બદલે, 'ન ઈધર કે—ન ઉધરકે,' અદ્ધર લટકતા, પોતાને, અન્યોને અને સ્વયં વેદાન્તના નિર્દોષ સિદ્ધાતને કેવી પારાવાર તથા પાયાની હાનિ પહોંચાડે છે, તેનું ભાન એમનો અહંકાર એમને થવા દેતો નથી.

જો તેઓ પોતે દાવો કરે છે તે પ્રમાણે સાચેસાચ જ્ઞાનારૂઢ થઈ જતા હોય, તો, શાસ્ત્રની ઘોષણા અનુસાર તેમના સંપૂર્ણ ક્લેશો ટળવા જોઇએ, અને તેમની સ્થિતિ નિર્દોષ, નિષ્કલંક, સુખઘન-આનંદઘનમાં હોવી જોઇએ.

પરંતુ અવલોકન કરતાં જણાય છે કે તેવાં માણસો કેવળ **સ્વચ્છંદતાને ઢાંકવા માટે જ બ્રહ્મવિદ્યાની પરિભાષાનો ઉપયોગ કરીને** 'અસંગ આત્મા'ની ડિંગ હાંકે છે. જીવન્મુક્તની સ્થિતિથી તેઓ વેગળા, નિશદિન વિવિધ પ્રકારના પ્રપંચો આદરતા, ને તેના ક્લેશોથી પીડાતા હોય છે, અને સ્વરૂપાનંદનાં એમને સ્વપ્નાંયે નથી હોતાં. એવા મનુષ્યોને જ શાસ્ત્રો 'મિથ્યા વેદાન્તી' કહીને સત્યનિષ્ઠ સાધકોને ચેતવણી લલકારે છે.

મોટે ભાગે એવા લોકો લાંબી લાંબી વાતો કરનારા છતાં નીતિ, શીલ, ધર્મ, ન્યાય, સત્ય, શમ, દમ ઇ૦ને પાળનારા નથી હોતા, પણ 'હું તો અસંગ આત્મા છું, મારે એ ખોટી કડાકૂટની શી જરૂર? આ શરીરદ્વયની કોઈ પણ ચેષ્ટા હું–અસંગને કદી સ્પર્શે જ નહિ!' એવું કહીને, તે બહાને જગતને અને પોતાને પણ ઠગવા મથતા, વિવિધ વિષયોથી ઈન્દ્રિયોને નિઃશંકપણે પોષતા હોય છે. ઈન્દ્રિયનિગ્રહ કે મનોનિગ્રહ સાથે તેમને સ્નાન સૂતકનો યે સંબંધ નથી હોતો. અને તે છતાં अहम् ब्रह्म કહેતાં એ લગીરે લાજતા નથી.

વર્તમાન સમયમાં એવા મહાજ્ઞાનીઓની જમાત ધમધોકાર વધતી જાય છે, ને ભસતાં કૂતરાં તરફ ફેંકવા વાંકા વળીને ઈંટાળો લેવા જતાં, પહેલા એ હાથમાં આવે, એટલી બધી એવાઓની જમાત ફેલાઇ ગઈ છે!

વેદાન્તગ્રન્થોની પ્રાપ્તિની સરલતા, શબ્દજ્ઞાનની સવડ તથા વેદાન્તી ગણાવાના દંભના ફાયદા જેમ જેમ વધશે, તેમ તેમ એ જમાત પણ ફુલતીફાલતી રહેશે. કાળભગવાનની એ લીલા છે.

આ પ્રકારનાં માનવીઓ પોતાના બધા જ લૌકિક સંસારી વ્યવહારો હોંશે અને ખાંતે કરીને કરતા હોય છે, અથવા તો તેવા વ્યવહારની વિચારસરણી વડે યથેચ્છ વર્તીને જીવનનો નિર્વાહ કરતા રહે છે. દિવસમાં એકાદ કલાક વેદાન્તનું કોઈ પુસ્તક વાંચીને પોતે માની લે છે કે 'બ્રહ્મવિદ્યાની સિદ્ધિ માટે કરવા જેવું બધું મેં કરી લીધું છે.' બાકીના ૨૩ કલાક એવાં માનવીઓ વ્યાવહારિક પ્રાપંચિક પદાર્થોના ચિન્તનમાં જ પોતાની વૃત્તિઓને રમાડચા કરે છે. એમ, મોટા ભાગનો સમય સંસારીભાવથી ભરેલા

વિચારોમાં વીતાવનારાને બ્રહ્મત્વનો સ્પર્શ કેવી રીતે થઈ શકે? સૂક્ષ્મ અને વ્યુત્પન્નમતિ વિના એમાં કોઈની પણ ચાંચ કેવી રીતે બૂડે? મતિનું એવું શોધન, એ છે વેદાન્તની સાધના.

બ્રહ્મનિષ્ઠ જીવન્મુક્ત પુરુષની સ્થિતિનો ઉલ્લેખ અન્યત્ર કરવામાં આવેલો છે; તે અહીં પ્રસ્તુત છે. વિસ્તારભયથી અહીં તેનું પુનરુચ્ચારણ કર્યું નથી, એ સ્થળે આપણે સિદ્ધ પુરુષની વાત કરી છે, પરંતુ યથાર્થ બ્રહ્મજિજ્ઞાસુની વૃત્તિ પણ અંતર્મુખ અને સુખપૂર્ણ બની રહે છે, કેમકે પોતાનો પ્રારબ્ધાનુસાર સહજપ્રાપ્ત વ્યવહાર કરતે, અને તેથી ઈતરકાળે પણ, તેમની વૃત્તિ બ્રહ્મભાવમાં જોડાયેલી રહે છે.

'હું ખરેખર કોણ છું? આ જગત્ શું છે? દુનિયાનો શો અર્થ? આ બધું શા માટે હશે? આ સુખ અને દુઃખ નામની પ્રાણીમાત્રને ઊંચાં નીચાં કર્યા કરતી વસ્તુઓ શું છે? મારો આ સંસાર સાથે તેમજ બ્રહ્મ સાથે કેવા પ્રકારનો સંબંધ છે, ને કેવા પ્રકારનો હોવો જોઇએ?...' આહાર-નિદ્રા-ભય-મૈથુનરૂપી પશુ અને મનુષ્યને સામાન્ય એવા પશુધર્મચતુષ્ટયના આંખ મીંચીને કરાતા અનુશીલનનો માર ખાઇને અથવા અન્ય કોઈ પણ નિમિત્તે તેમાંથી જાગીને, જ્યારે મનુષ્યના ચિત્તમાં આ બધા ધરમૂળ પાયાના પ્રશ્નોના ખુલાસા જાણવાનું માત્ર **કુતૂહલ** નહિ પરંતુ એની તીવ્ર **જિજ્ઞાસા** પ્રકટ થવા પામે, અને તે જાણ્યા વગર એ બેચેન બની રહે, ત્યારે તેની સ્થિતિ **મહા યોગવાસિષ્ઠ રામાયણના** પ્રથમ પ્રકરણમાં વર્ણવેલી શ્રી રામચંદ્રજીના જેવી થાય. ત્યારે તેવા ચેતેલા પુરુષ માટે સંમોહપૂર્વક બુદ્ધિહીન પશુવત્ પ્રવૃત્તિમાં રસ રહેવો સંભવે નહિ, કેમકે ખરેખરો અંતરનો રસ આ જગત્ના દ્વંદ્વોના ભંડારસમા

ક્ષણભંગુર પદાર્થોમાં નહિ, પરંતુ સ્વરૂપના તત્ત્વવિચારમાં જામે, ને ખરા સુખની ઝાંખી તેને ત્યાં જ થાય.

પરંતુ વર્તમાન સમયમાં, ગીતામાં જેની અનેક સ્થળે નિર્ભર્ત્સના કરવામાં આવેલી છે તેવા શબ્દજ્ઞાની અહંમન્ય બ્રહ્મસ્વરૂપ મિથ્યા વેદાંતીઓની સ્થિતિ તો જુદા જ પ્રકારની હોવાનું દેખાય છે, ને બિચારા અસહાય વેદાન્ત ઉપર અજ્ઞાનથી ભરેલી જાત જાતની અક્ષમ્ય જબરદસ્તીઓ ઘેર ઘેર ગુજારાય છે! એ મહાશયો પોતે પોતાને માટે ગમે તે કહેતા હોય, પરંતુ વાસ્તવમાં તેમનો આ જગતનાં ખાનપાન, વસ્ત્ર, અલંકાર, તથા સ્ત્રીસંતાનાદિના વિષયો પ્રતિનો મોહ ટળ્યો નથી હોતો, કોઇ ને કોઇ રૂપે તે બલવાન રહે છે, અને તે ભોગવવા, મેળવવા, તથા વિસ્તારવાના તેમના પ્રયત્નો સીધા કે આડકતરા પણ નિરંતર ચાલ્યા કરતા હોય છે; અને તેમ છતાં, સાધનનિષ્ઠ ચિત્તશુદ્ધિ ન હોવાથી મોહવશ રહેતા તેઓ, 'અમે તો વ્યવહારમાં જનક જેવા અલિપ્ત અસંગપણે વર્તીએ છીએ' એમ કહેતા, અન્યોનો છલ અને પોતાની જાતની વંચના કર્યા જ કરે છે; તેથી તેઓ ક્રોધ કરતાં દયાને વિશેષ પાત્ર છે.

એવા અહંમન્ય પંડિતો દેખીતી રીતે જ આત્મજ્ઞાનના અધિકારી નથી; અને અધિકાર પ્રાપ્ત કરવા તરફ તેમને રુચિ જ ન હોય, ત્યાં તેમાં પ્રયત્ન તો હોય જ શેનો? જો તેઓ જાણીબૂજીને એવો આડંબર કરે છે, તો અન્યને ઠગતાં, ઠગાય છે પોતે જ. તેમાં શ્રેય કોઇનું નથી થતું, પરંતુ નિર્દોષ વેદાન્તસિધ્ધાંત નાહક હીણાય છે, ને બધાં લાગતાં વળગતાંનું અશ્રેય થાય છે.

અધિકાર વિના આત્મવિદ્યામાં, કે કોઇ પણ લૌકિક વિદ્યામાં

પણ, કોઈનોયે કદી ઉપયોગી પ્રવેશ નથી થઇ શકતો. કોઇ મામુલી લૌકિક વિદ્યાની પ્રાપ્તિ માટે પણ અમુક નિયમપૂર્વક તૈયારી ( અં૦ ડિસિપ્લિન )ની કક્ષા પ્રાપ્ત કરેલી હોવી જોઇએ. આ વિષયમાં પણ એ જ ધોરણ પ્રવર્તે છે; એમાં ચિત્તવૃત્તિ તથા ઇન્દ્રિયસમૂહના નિયમનની પ્રથમ આવશ્યકતા છે; કેમકે ચિત્તની શુદ્ધિ, વૃત્તિઓનું શમન અને ઇન્દ્રિયગ્રામના કાબૂ વગર અહં ટલે નહિ; ને અહંકારથી ભરેલા ચિત્તમાં જ્ઞાન કાં તો પેસે નહિ, ને પેસે, તો તેના સંગથી એ ભ્રષ્ટ અનર્થકારક બન્યા વગર રહે નહિ. નિત્યાનિત્ય સારાસારનો વિવેક પ્રકટ્યા વિના આમાંનું કશું ન બને, અને તે માટે ખૂબ બુદ્ધિકૌશલપૂર્વકનું ચિંતન જોઈએ. વિવેક જાગતાં, એની મેળે ચિત્તવૃત્તિઓ ઉપરામ થવા માંડે, તિતિક્ષા આપોઆપ થાય, શ્રદ્ધા વધે, ને ચિત્તમાં જ્ઞાન માટેની રાગદ્વેષથી મુકતતારૂપી ભૂમિકા સ્થિર થવા લાગે. એ સ્થિતિએ શ્રવણ-મનન ચાલતાં, નિદિધ્યાસનનો વિકાસ સ્વતઃ થાય જ. તેથી, બુદ્ધિમાન આત્મલક્ષી શ્રેયઃસાધકે શાસ્ત્રોક્ત સાધનને માર્ગે ધૈર્યપૂર્વક વિવેકપુરઃસર ચાલવું ઘટે છે. પદ્ધતિપુરઃસર કરેલું કાર્ય જ યોગ્ય ફળ આપે; તે વિનાનું નહિ.

# સર્ગ–સોળમો

## [૧] વિવેક, સ્થૂલ દેહનો

**(૧) ત્યારે હવે વિવેકની ગેડ બેસાડી આપો. આપ પાછળ જણાવી ગયા તે પ્રમાણે પચીસ તત્ત્વો 'હું નથી, તેમજ તે મારાં નથી;' એમ જાણવાથી કયો નિશ્ચય થાય છે?**

'આ સ્થૂલ દેહ અને તેનાં નામ, જાતિ, વર્ણ, આશ્રમ, રૂપ, સંબંધો, પરિમાણ (= માપ) જન્મ, વૃદ્ધિ, મરણ, વગેરે ધર્મો પણ હું નથી, અને તે મારાં નથી, અને તે કશાની સાથે મારો કોઇ આવશ્યક સંબંધ નથી,' એવો વિવેક થાય છે.

**(૨) 'નામ હું નથી, ને તે મારું કશું સંબંધી નથી,' એ કેવી રીતે જાણવું?**

એવું વિચારીને, કે 'હું' જન્મ્યો તે પૂર્વે મને કોઈ નામ ન હતું. જન્મ્યા પછી અન્યોએ તે મારામાં આરોપ્યું, ને આગળ ચાલતાં મેં તેને મારામાં માની-કલ્પી-સ્વકારી લીધું, અને પુનઃ આ કાયા છૂટતાં તે ખરી પડવાનું જ. તેમ જ, મારા કહેવાતા શરીરના :વિવિધ અવયવો વિશે વિચાર કરીને તપાસતાં પણ, એ નામ મને કયાંયે મળી શકતું નથી, એટલે વર્તમાન કાળમાં પણ નામનો કયાંયે પત્તો નથી લાગતો. તેથી, હું નિશ્ચય કરી શકું છું

કે નામ હું નથી, એ મારું નથી પણ નાશવંત સ્થૂલ દેહમાં અન્યોએ કલ્પેલું મને ચોંટાડેલું છે, ને હું તો તે નામનો જાણનાર તેનો દ્રષ્ટામાત્ર, તેનાથી સાવ ન્યારો અલિપ્ત સાક્ષી છું.'

## (૩) 'જાતિ, કે વર્ણ હું નથી' ઈત્યાદિ કેમ યોજવું?

સ્ત્રી-પુરુષત્વ આદિ લિંગસૂચક જાતિ તો મનુષ્યને કર્માનુસાર તથા પાછલી શેષ વાસનાને અનુરૂપ પ્રાપ્ત થાય છે; જીવાત્માને કોઈ તેવું જાતીય લિંગ નથી, પરંતુ મૃત્યુકાળે જેવી ભાવના ઇ૦ રહી ગયાં હોય, તેને અનુરૂપ ફલભોગ માટે આવશ્યક હોય તેવી જાતિવાળું શરીર તે જીવ ધારણ કરે છે. જન્મ્યા પહેલાં કે મર્યા પછી લિંગ-શરીરને કોઈ જાતિ નથી, એ નિશ્ચય વિચારીને દૃઢ કરી લેવો.

'બ્રાહ્મણ, ક્ષત્રિય ઇ૦ વર્ણ કહેવાય છે, જે ખરું જોતાં ધંધાની સંજ્ઞાઓ છે; તે પરત્વે મનન કરવું, કે 'એ બધા સ્થૂલ શરીરને કર્માનુસાર વળગેલા ધર્મો છે; સૂક્ષ્મ શરીરના પણ એ ધર્મો નથી, ત્યાં આત્માની વાત જ શી કરવી? આત્મા, કે જે ખરો હું છું, તેની સાથે એમાંના કશાને સંબંધ નથી; કારણ કે વર્ણ-જાતિથી રહિત સૂક્ષ્મ મનોમય દેહ અને આત્મા, જે પૂર્વભવના દેહમાં હતા તે જ, વર્તમાન દેહમાં છે, ને ભાવિ દેહોમાં પણ પ્રવર્તશે. વર્ણ તો જે પૂર્વ ભવના શરીરમાં આરોપાયો, તે આ દેહમાં વળગીને આવ્યો હોવાની કોઈ સાબિતી નથી, ને ચાલુ દેહમાં જે આરોપાયો છે, તે ભાવિ દેહોમાં ઉતરવાનું કંઇ નક્કી નથી. તેથી, વર્ણ અર્થાત્ ન્યાતજાત કે ધંધોરોજગાર સ્થૂલ દેહના કલ્પિત ધર્મો છે; સૂક્ષ્મ દેહના કે આત્માના તો એ કલ્પિત ધર્મ પણ નથી. વળી, શરીરનાં અંગોમાં વર્ણની કોઈ સાબિતી ધ્યાનપૂર્વક શોધતાં, તે કયાંયે દેખાતી નથી, તેથી આ દેહમાં પણ એ ખરું જોતાં નથી.''

આવા અર્થસાધક મનન વડે હું નિશ્ચય કરી શકું છું કે "આ ન્યાત–જાત–રૂપ–વર્ણ હું નથી, તેની સાથે મને કશી નિસ્બત નથી, સ્થૂલ શરીરમાં એ ફક્ત કલ્પાએલી વસ્તુઓ છે. હું તો તેનો કેવળ જાણનાર–જોનાર, તેનાથી ન્યારો, તેનો સાક્ષી દ્રષ્ટા જ છું."

## (૪) 'હું આશ્રમ નથી, તેમ મને આશ્રમ નથી' ઇત્યાદિનો કેવી રીતે નિશ્ચય કરવો ?

બ્રહ્મચર્ય ઇત્યાદિ ચાર આશ્રમો (–આજના કાળમાં તો ચાર નહિ પણ માંડ કો'ક સ્થળે બે, પહેલો ને છેલ્લો રહ્યા છે, અને હવે ખરું જોતાં એકાકાર જ છે–) પરત્વે મનન કરવું, કે 'આ કહેવાતા વ્યાવહારિક સંસારના જીવનની અવસ્થાઓરૂપી આશ્રમોમાં, ધર્મ તથા વ્યવહાર પરત્વે જુદા જુદા પ્રકારનાં વિધિનિષેધમૂલક કર્મો કરવાનાં હોય છે; ને કર્મો દેહ વડે જ થાય છે; તેથી, એ સર્વ પ્રવૃત્તિ સ્થૂલ દેહમાં કર્મોને મિષે આરોપિત છે. એ હું નથી, તેમ એની સાથે મને કશો સંબંધ ન હોવાથી તે મારાં નથી, પરંતુ તે સર્વનો હું જાણનાર-જોનાર, તેમનાથી જુદો તેમનો સાક્ષી, દ્રષ્ટામાત્ર છું.

## (૫) રૂપ-રંગ પરત્વે એવી અસંગતા કેવી રીતે કેળવાય ?

'ગોરો, શ્યામળો, રાતો, પીળો વગેરે કાયાના રંગો પરત્વે સાધક પુરુષ વિવેક કરે કે 'આ બધા રૂપ–રંગ સ્થૂલ શરીરના જ હોવાનું હું પ્રત્યક્ષ જોઉં છું; અને સ્થૂલ દેહ હું નથી, એની સાથેનો મારો સંબંધ કલ્પિત હોઇ એ મારો નથી, તેથી તેનાં રૂપરંગ પણ નથી હું કે નથી એ મારાં, પરંતુ તે સર્વનો જોનાર –જાણનાર દ્દષ્ટા સાક્ષી હું કેવળ અસંગ આત્મા છું; એવો હું, એ

નશ્વર, નકામી, પરિવર્તનશીલ નિરર્થક બાબતોમાં શા માટે 'જીવ ઘાલું'? તેની સાથે પ્રાપ્ત વ્યવહાર અસંગપણે કરવા સિવાય મને તે કશામાં કશો રસ નથી.

**(૬) 'સંબંધો હું નથી, ને તે મારા નથી,' એ પ્રકારના સુદૃઢ નિશ્ચયની શી પ્રક્રિયા છે?**

વિચાર કરો, કે 'પિતાપુત્ર, પતિપત્ની, ગુરુશિષ્ય, સ્વામી-સેવક ઈ૦ સંબંધો સ્થૂલ શરીરની ઉત્પત્તિ સાથે તેને વિશે કલ્પાએલા ખ્યાલો છે. આ ભવે જે 'સંબંધો' છે, તે ગયે ભવે, ભલું હશે તો, નહોતા, ને આવતા ભવે પણ નયે હોય. આ ભવે પણ તેમાંના ઘણાખરા ઘસાતા, તૂટતા, નવેસરથી બનતા, ને નષ્ટ થતા જાય છે; ઘણાનો નિશ્ચયપૂર્વક ત્યાગ પણ કરાતો જોવામાં આવે છે; એમ, એ વર્તમાન શરીરમાં પણ વિનાશી અને પરિવર્તનશીલ, તેથી મિથ્યા છે. હું તો આ સ્થૂલ શરીરથી ન્યારો તથા અસંગ હોવાનું પૂરવાર થઇ ચૂકયું છે; જો શરીર જ હું કે મારું નથી, તો પછી એ શરીરના વળગાડો હું કે મારા કેમ હોઈ શકે? તેથી, તે હું નથી, એ મારાં કોઇ રીતે નથી, પણ હું તો એ બધી કલ્પનાઓનો કરનારો, જોનારો, જાણનારો તે સર્વનો દૃષ્ટા, સાક્ષી, કેવળ તમાશબીન છું; તેથી, તેને અંગે મારે તેની રમત જોવાથી અતિરિક્ત કશું પણ શું લાગે વળગે છે? કંઈ જ નહિ.'

**(૭) પરિમાણ અર્થાત માપ અથવા આકારો બાબતમાં મારી અસંગતા સિદ્ધ કરી આપો.**

લાંબું, ટૂંકું, જાડું, પાતળું, વાંકું, સીધું...વગેરે આકારો હોય છે. એ તમારા કે અન્યના પણ સ્થૂલ દેહો તથા સ્થૂલ પદાર્થો સિવાય અન્યત્ર કયાંયે, કોઈનામાંયે, કદી પણ જોવામાં આવ્યા છે

ખરા ? તેથી નિશ્ચય કરો, કે 'હું આ સ્થૂલ દેહથી ન્યારો છું', તો પછી તેને લગતી આકૃતિઓ સાથે મને શું લાગે વળગે ? એ હું નથી-હું નથી લાંબો, કે નથી ટૂંકો... કેમકે હું તો સ્વભાવે કરીને જ નિરાકાર, આકારોને જોનારો સ્વયં આકારરહિત છું. આકારો તો સ્થૂલ પદાર્થોમાં આરોપાય છે; તે હું નથી, એ મારામાં નથી, પરંતુ દેહાદિના આકારો વગેરેને જોનાર જાણનાર, એ સર્વના ખેલના નિર્લેપ દ્રષ્ટા સાક્ષીથી વિશેષ હું કંઇ જ નથી.'

### (૮) મારી જન્મ-મરણ ઈ૦ થી રહિતતા મારે કેવી રીતે સિદ્ધ કરવી ?

આત્માનો જો આપણે જન્મ થતો માનીએ, તો આત્મા નાશવંત થઇ જાય, કેમકે જે ઉપજે છે તે નષ્ટ થાય જ. અને જો આત્મા અનિત્ય થઇ જાય, તો બીજે ભવે કર્મફળના ભોગ મળવાની અપેક્ષા રાખનારા તથા શરીર પડયા પછી આત્મા વિદ્યમાન રહેવાનું માનનારા મીમાંસકો જેવા આસ્તિક મતવાળાઓને એ કૂડું પડે. કેમકે તો પછી કર્મકાંડનાં ફળ બીજે ભવે કોણ ભોગવે ? ત્યાં કાં તો **અકૃતાગમન** ( = આ ભવે કરેલાં હોય કો'ક, ને તે ભોગવવાં પડે બીજા કોઇએ કે જેણે એ નથી કર્યાં ) અથવા **કૃતનાશ** ( અર્થાત કરેલાં કર્મો ફળ આપ્યા વિના જ નાશ પામે )ની સ્થિતિ આવી પડે; જે બનવાજોગ નથી.

તેથી, કર્મવાદી ( મીમાંસક, બૌદ્ધ, જૈન ) સંપ્રદાયોના મત પ્રમાણે આત્માને જો કર્તાભોકતા માનીએ તો પણ, આત્માને જન્મમરણરહિત માન્યા વગર છૂટકો નથી.

વળી, આત્માના જન્મનું કોઇ 'કારણ' હોઇ શકતું નથી, કેમકે આત્માનું જો કારણ હોય કે જેમાંથી તે જન્મ્યો હોય, તો

તે કારણ તેનાથી ભિન્ન જ હોય પરંતુ, આત્માથી ભિન્ન એટલે અનાત્મા; એટલે કે નામ રૂપ ઇ૦ જડ પદાર્થો; અને જડ કદી પણ ચેતન આત્માને ઉપજાવી શકે નહિ; તે ઉપરાંત, નામરૂપાદિ તો આત્મામાં અવિદ્યાથી કલ્પાયેલાં છે, તેથી તે આત્માનું કારણ કેમ હોઇ શકે ?

બ્રહ્મતત્ત્વ તો, જેમ મહાકાશ અને ઘટાકાશ એક છે તેમ, આત્માનું જ સ્વરૂપ છે, તેનાથી ભિન્ન નહિ. તેથી, તે પણ પોતે પોતાનું કારણ હોઇ કે થઈ શકે નહિ; નહિ તો **આત્માશ્રય** દોષ પડે. અને જો આત્માને જન્મ નથી, તો એને મરણ પણ ન હોઇ શકે. સાક્ષી આત્મામાં એમ જન્મ-મરણ ન હોવાથી, જન્મવું, હોવું, વધવું, ફેરફાર થવા, ઘટવું, અને નાશ પામવું, એ છ **ભાવવિકારો**ને પણ ત્યાં અવકાશ નથી.

તેથી, 'હું જન્મ-મરણધર્મી નથી, એ બધું તો **સ્થૂલ** દેહને કર્મનાં ફલને લીધે જાણે કે થાય છે, ને હું તો એ સર્વનો જાણનાર-જોનાર દ્દષ્ટા-સાક્ષી, તેનાથી ન્યારો, અનાદિ અનંત છું,' એવા નિશ્ચય ઉપર આવીને તેમાં વારંવાર મનનથી દૃઢ થવું.

### (૯) આ પંચ મહાભૂતોની જંજાળના નિવારણ માટે કોઈ યુક્તિ હશે ખરી ?

જરૂર, છે. જેને ભૂત વળગ્યું હોય તે મનુષ્ય ભૂવાને બોલાવીને ડાકલાં વગેરે વગડાવીને, ઘટતું બલિદાન આપીને પણ ભૂતને ઝડાવે એટલે કે તેની નિવૃત્તિ કરાવે છે. તે પ્રમાણે આકાશાદિ પાંચ મોટાં ભૂતડાં શરીર ઈ૦ રૂપો ધારણ કરીને આ અભિમાની જીવને વળગેલાં તથા તેને પોતાને પોતે જ ભૂતડાં હોવાનો ભ્રમ કરાવી બેઠેલાં છે; તેની નિવૃત્તિ માટે બ્રહ્મનિષ્ઠ ગુરુરૂપ ભૂવા પાસે યોગ્ય પ્રકારે જઈ ને, વેદવેદાન્તના બોધરૂપી ડાકલાં વગાડી-વગડાવી, ઉપર કહેલાં પચીસ

તત્ત્વોમાંના પાંચ–પાંચનું એકેક ભૂતને બલિદાન આપી, સાધનરૂપી તપશ્ચર્યા કરીને, ' આ **પચીસ** તત્ત્વોનો હું દષ્ટા–સાક્ષી છું, ' એવો નિશ્ચય કરી લેવો. તેના વડે એ ભૂતાવળની નિવૃત્તિ થશે, એટલે કે વિદ્યમાન જેવાં હોવાં છતાં, એ તે સાધકને કનડતાં બંધ થશે, કેમકે એને માટે તે સર્વનો બાધ થઈ જશે, એટલે કે દેખાતાં છતાં અસરમાં એ નહિવત્ બની રહેશે.

ઉપર આપણે જેની વાત કહી ગયા તે નામ, જાત, વર્ણ ઈ૦માં માનવી પોતાનો અહં-હુંપણું સ્થાપીને, કે તેમાં મમત્વ બાંધીને, વગર જરૂરે દુઃખી થાય છે, ને અનેક ક્લેશ ઊભા કરીને તેને સહે છે. તેથી, તેનાથી છૂટવા ઈચ્છનારે સર્વથી ન્યારા બ્રહ્મરૂપ સ્વરૂપ-તત્ત્વને સાક્ષાત્ કરવા આ પ્રક્રિયા, જરા પણ ખેદ કે કંટાળા વગર, દઢ થતા સુધી અજમાવ્યા જ કરવી, અને વિવેકપુરઃસર સ્થિરચિત્તે તેનું મનન કરીને તે પ્રમાણે વર્તવા માંડવું.

રસોઇ તૈયાર મળે; થાળી પણ પીરસાય; મોંમાં કોઈ કોળીયા પણ મૂકે; તોયે જાતે ચાવી, ગળે ઉતારીને જઠરમાં જાતે પચાવ્યા વિના તેમાં ન આવે સ્વાદ કે ન થાય દેહની પુષ્ટિ. વળી, કોઈ એકના જમ્યાથી બીજો પુષ્ટ ન થાય. જો આવા સાવ બુદ્ધિગમ્ય સરળ રાહે જરાક પરિશ્રમ ન થઇ શકતો હોય, તો માત્ર આ બધું ' જાણ્યા 'થી કે તેની માહિતીમાત્ર મેળવ્યાથી કંઇ જ લાભ નથી, બલકે તેનાથી લાભાલાભમાં માત્ર અહંકાર વધે, એટલું જ.

આવા સતત શ્રવણ–મનન તથા આચરણ વડે પંચમહાભૂતોની નિવૃત્તિ જ્યારે થાય, ત્યારે તે સર્વના ' અભિમાની ' (જીવ) સાથેનો તેમનો સંબંધ છૂટી જાય; તેમ થતાં અભિમાનરૂપી જીવભાવ પણ રહે નહિ, ને નિત્ય અખંડ અદ્વય બ્રહ્માનંદ-સ્વરૂપતા બની રહે, જેને **જીવનમુક્તિ** કહેવામાં આવે છે.

## સર્ગ-સત્તરમો

# [૨] વિવેક, સૂક્ષ્મ દેહનો

આપણે પાછળ કહી ચૂકયા છીએ કે 'હું સ્થૂલ દેહનો દ્દષ્ટા છું, અને તે જ પ્રમાણે સૂક્ષ્મ અને કારણ દેહનો પણ દ્દષ્ટા -સાક્ષી છું'? સૂક્ષ્મ દેહ, અપંચીકૃત મહાભૂતોમાંથી તેની ઉત્પત્તિ, તેમાં ૧૭ ( કે ૧૯ ) તત્ત્વો, તથા જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, પ્રાણવર્ગ ઇત્યાદિનાં સ્વરૂપો આપણે **પ્રપંચના** પ્રકરણમાં જોઇ ગયા છીએ. એનું અહીં પુનરાવર્તન કરીએ. એ સર્વ કરણ-સમુદાયનો આશ્રય અંતઃકરણ છે. એ ચતુર્વિધ છે. **મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર.** એક જ અંતઃકરણના કાર્યભેદો પરત્વે તેની એ સંજ્ઞાઓ પડે છે.

**(૧) મન કોને કહેવું ?**

સંકલ્પ-વિકલ્પરૂપ વૃત્તિને, એટલે કે વિચારની પ્રવૃત્તિને, મનન કહેવામાં આવે છે. કોઈ વિષયનું ગ્રહણ કરીને જયારે તેના વિશે અંતઃકરણ **વિચાર** કરે, ત્યારે તેની **સંજ્ઞા મન** છે. તેની પ્રવૃત્તિ મનન કહેવાય છે. જે મનનશીલ હોય, તે જ માનવ કે મનુષ્ય, એવી વ્યાખ્યા થાય છે. મનુષ્યનું લક્ષણ છે, વિચારશીલતા.

**(૨) અને બુદ્ધિનું શું સ્વરૂપ ?**

**નિશ્ચયરૂપ** વૃત્તિની એ **સંજ્ઞા** છે. મનરૂપે વિચારને અંતે, અંતઃકરણ અમુક ચોક્કસ નિશ્ચય ઉપર આવે, ત્યારે તે બુધ્ધિ કહેવાય છે.

## (૩) ચિત્ત એટલે શું ?

અંતઃકરણની સ્મૃતિ-વૃત્તિની એ સંજ્ઞા છે. કોઈ પણ પ્રકારનું ચિંતન તેના વડે જ શક્ય બને છે. જો સ્મૃતિ સળંગ ન રહે, તો કશાનો કશો જ સિલસિલાબંધ વિચાર ન થઈ શકે. સર્વ ચિંતન, મનન, નિર્ણય અને આચરણનો પાયો સ્મૃતિ જ છે. તેથી, અંતઃકરણનું ચિત્તસ્વરૂપ, જે ચિત્ એટલે કે જ્ઞપ્તિ અર્થાત્ જ્ઞાન માટે અનિવાર્ય છે, એનું સ્થાન અંતઃકરણ–ચતુષ્ટયમાં ઘણું મહત્વનું, ને સંપૂર્ણ મનુષ્યજીવનની બાગડોર પોતાના કબજામાં રાખનારું છે.

## (૪) અને અહંકાર શેને જાણવો ?

ઉપર્યુક્ત ત્રણેય વૃત્તિઓને વ્યવહારુ ઉપયોગમાં લાવનારી, તેને કામે લગાડનારી, તેને હેતુ ( અં૦ પર્પઝ ) આપનારી ‘ હું, મારું, મને ’ ઈ૦ અહંમૂલક વૃત્તિઓ વડે જ ચિત્તના વ્યવહાર સહિતનો સંપૂર્ણ વ્યવહાર શક્ય બને છે. અંતઃકરણ એ વૃત્તિરૂપ બને છે, ત્યારે તેની આ સંજ્ઞા પડે છે. ચિત્તની પણ એ ચાવી છે, અને મનુષ્ય પ્રાયઃ અહંકારસ્વરૂપ જ બની રહે છે. જીવપણાનું એ મુખ્ય ઘટક છે.

## (૫) સૂક્ષ્મદેહનાં એટલે કે મનોમય શરીરનાં એ ૧૭ તત્ત્વોની પ્રક્રિયાને જાણવાથી શું લાભ થવા સંભવ છે?

‘ એ તત્ત્વો હું નથી, તે મારાં નથી, તેની સાથે મારો કોઈ અનિવાર્ય સંબંધ નથી પરંતુ એ બધાં અપંચીકૃત મહાતત્ત્વોના વિવિધ પ્રપંચો છે, જેનો હું માત્ર દ્રષ્ટા-સાક્ષી છું. ’ એવો નિશ્ચય કરીને તેના પરત્વેના અધ્યાસથી છૂટવાનો હેતુ તેના સમ્યક્ જ્ઞાન વડે સરે છે.

## (૬) જેઓ આટલું સમજી લે, તે જ્ઞાની થઈ ગયેલા કહેવાય ?

ઘણા મોટા પંડિતો વેદાન્તની આ બધી પ્રક્રિયાને ઉત્તમ પ્રકારે જાણે છે, ને તેના વાદવિવાદોમાં તર્કનો આશ્રય લઈને શાસ્ત્રાર્થોના શબ્દસંગ્રામોમાં મોટું શૂરાતન બતાવી શકે છે. તેમને જો એ બાબત પૂછવામાં આવે, તો તેઓ ઉત્તમ પ્રકારે બધી પ્રક્રિયાઓ જણાવી-ભણાવી શકે; તેઓ તર્કશુદ્ધ ન્યાયથી સિદ્ધ કરે છે જ કે 'આત્મા આ ૧૭ તત્ત્વોથી ન્યારો છે, અને એ બધાં અપંચીકૃત મહાભૂતોનાં જાળાં છે.' પરંતુ એ જ્ઞાન તેમને આચરણમાં ઉતારીને મોક્ષપ્રાપ્તિમાં કામે લગાડવાનું નહિ હોવાથી, પકવાન્નપોથીમાંની રીતોના જ્ઞાન જેવું, અને કેવળ ફીરવત છે. તેનાથી એમના સંસારી ક્લેશ જેવા ને તેવા ચાલુ રહેવામાં કશી નડતર નથી થતી.

જેમ મીઠાઇની સંપૂર્ણ પ્રક્રિયા સુંદર રીતે જાણનારો મનુષ્ય, ગમે તેવા વાદવિવાદમાં એ મીઠાઇની પ્રક્રિયાની સિદ્ધ કરી શકે, પરંતુ જો તે બનાવવાની તકલીફ ન લે, તો માત્ર તેની પ્રક્રિયાના જ્ઞાનથી તેને એના આસ્વાદનનો યોગ ન જ થાય; તેવું આ પ્રક્રિયાનું પણ છે; શાબ્દપાંડિત્યથી વેદાન્તજ્ઞાનના અનુભવના અનુપમ સુખનું આસ્વાદન તથા તજ્જન્ય ક્લેશશાન્તિ ઉપજી શકતાં નથી.

એવા શબ્દજ્ઞાનીઓ ભલેને કહ્યા કરે કે 'રસના પંચીકૃત મહાભૂતનું કાર્ય છે, ને અમને તેની સાથે કશો સંબંધ નથી, અર્થાત્ આત્મા તેનાથી નિરાળો છે,' છતાં નાનાવિધ રસાસ્વાદમાં લુબ્ધ રહેવામાં એ જ્ઞાન એમને નથી નડતું, બલકે તેઓ

લાલસાપૂર્વક ચટાકા કર્યા કરે છે જ. છેક છેવટની ઘડી સુધી એ દુઃખદ લાલસા ઘટતી નથી, એ પ્રસિદ્ધ હકીકત છે; તે એટલે સુધી, કે શરીરનો અંત નજીક આવવા છતાં, એવા પુરુષોને ઇચ્છાનુકૂલ ભોજન ન મળે તો સંતાપ થાય છે, જેની અસર નિકટવર્તી સ્વજનો ઉપર પડ્યા વિના નથી રહેતી.

શરીરમાં જીભના જેવું જ જે બીજું અસ્થિરહિત અંગ છે, તેનો ઉપદ્રવ પણ તેના કરતાં ઓછો નથી, કલિકાલને શાસ્ત્રો 'શિશ્નોદરપરાયણ' કહે છે. અથવા, શિશ્નોદરપરાયણતાની સ્થિતિ જ કલિયુગ છે, એવું તેમનું તાત્પર્ય છે; એ વિચારવા જેવું છે. તે ઉભયના ભોગને પ્રસંગે મિથ્યાજ્ઞાની 'મારો આત્મા આ સર્વથી જુદો છે' એમ વિચારતો નથી, ભોગથી નિવૃત્ત થતો નથી, પોતે સુખી થતો નથી, ને અન્યને થવા દેતો નથી.

ઇતર ઇન્દ્રિયોના સંબંધમાં પણ તેવું જ બને છે, ને એવા શબ્દજ્ઞાનીઓની ઇન્દ્રિયો અનીતિને માર્ગે પણ પોતપોતાના વ્યવહાર નિરંકુશ સાધે છે, તથા અન્યાયથી પણ અર્થસંચય શોધે છે; ઉત્કટ લોલુપતા અને મોહપૂર્વક વિષયોને ભોગવતા છતાં, ફક્ત પ્રક્રિયાને જાણનારા તેવા જીવો એમ કહેતાં થાકતા નથી, કે 'અમે તો આ સર્વથી અસંગ છીએ, તેથી અમને એમાંના કશાનો સ્પર્શ થતો નથી, ઇન્દ્રિયો ભલેને પોતપોતાના અર્થમાં બિચારી રમે, તેથી અમને શું ?' એમ એવા મનુષ્યો આ પવિત્ર જ્ઞાનને સ્વચ્છંદતાના સમર્થનમાં યોજવાની અસમંજસ ( અઘટિત ) ચેષ્ટા કરતા હોય છે.

આનું કારણ અસાધનસંપન્નતા છે; સાધનાની શૂન્યતા છે. તેથી, તેમની વૃત્તિઓ, અન્ય જ્ઞાનરહિત પામર જીવોના જેવી જ

વિષયમુગ્ધ બહિર્મુખ રહે છે. પરિણામે, એમના ક્લેશો પણ તેવા હલકી ભૂમિકાના જ હોય છે. તેથી, બુદ્ધિમાન વિવેકી જિજ્ઞાસુ ખૂબ સમજી લે કે, ‘હું સર્વથી અસંગ છું’ એ જ્ઞાન માત્ર વાંચવા, મુખેથી બોલવા કે ફકત તર્કથી જાણવા માટે જ નથી, પરંતુ શ્રમપૂર્વક શ્રવણ–મનન કરીને સાક્ષાત્ અનુભવ કરવાથી જ તેનો શાસ્ત્રોકત અર્થ સરે છે. તેથી, આ બાબતમાં સાવધાન રહેવું, કેમકે ગફલતી, શું વ્યવહારમાં કે શું પરમાર્થમાં સર્વ પ્રકારે પાયમાલી કરે છે.

## (૭) ત્યારે, એ ૧૭ તત્ત્વો હું કે મારાં નથી, એ શી રીતે જાણવું-તથા સાક્ષાત અનુભવવું ?

‘એ ૧૭ નો હું જાણનારો છું; જે જેનો જાણનારો હોય તે તેનાથી જુદો હોવો ઘટે, તે નિયમ પ્રમાણે હું એ સત્તરથી જુદો છું.’ એમ નિશ્ચય કરવો, અને પ્રત્યેક પ્રસંગે ખંતપૂર્વક તેની પ્રતીતિ કર્યા કરવી.

તેનું એક દૃષ્ટાન્ત લઇએ. નટઘરમાં સળગતો દીપક તખ્તા પરના રાજા, પ્રધાન, સેવકો, નાયિકા, વાજિંત્રો ઇ૦, તથા પ્રેક્ષક-વર્ગ, એ સર્વને પ્રકાશે છે, ને એમની ચેષ્ટાઓને પણ પ્રકાશે છે; એ નહોતાં આવ્યાં ત્યારે ખાલી નટઘરને પણ એ તદ્દન સ્વસ્થતા-પૂર્વક પ્રકાશતો હતો. એ સર્વ યથાસમય જતાં રહેશે, ત્યારે પણ એ ખાલી નટઘરને પૂર્વવત નિર્લેપતાપૂર્વક પ્રકાશતો રહેશે. એ નાટકઘરનો સર્વ વ્યવહાર એ દીપકને રૂડે પ્રતાપે થઈ શકતો હોવા છતાં, તે દીપકને તેમાંના કશા સાથે કશો જ સંબંધ નથી. તે પ્રમાણે, સ્થૂલ દેહરૂપી રંગમંચ ઉપર ચિદાભાસ-રાજા, મન-પ્રધાન, પ્રાણો–સેવકો, બુદ્ધિ–નાયિકા, ઇન્દ્રિયદશક–વાજિંત્રો તથા શબ્દ-

સ્પર્શાદિ વિષયોરૂપી સભાજનો ઇત્યાદિને, જાગ્રત સ્વપ્નમાં સાક્ષી-રૂપ જે આત્મચૈતન્ય દીપ છે તે પ્રકાશે છે, અને સુષુપ્ત સમયમાં તે સર્વના અભાવને પણ પ્રકાશે છે–તે **દીપ** હું છું, નહિ કે પેલો **નાટકનો સરંજામ.**

'જાગ્રત અવસ્થામાં ઇન્દ્રિયો તથા અંતઃકરણની સહાયથી હું 'પ્રકાશુ' છું એટલે કે જાણું છું, અને સ્વપ્નની સ્થિતિમાં ઇન્દ્રિયો વિના માત્ર અંતઃકરણમાં રાજતા ચિત્‌ના આભાસરૂપ આત્મપ્રકાશ આત્મજયોતિની સહાયથી જ હું પ્રકાશું = 'જાણું' છું; અને સુષુપ્તિ કાળે ઇન્દ્રિયોથી તથા અંતઃકરણ ( = મન ), ઉભય સાધનોની સહાય વગર જ હું જાણું છું–પ્રકાશું છું, તેથી તે કાળે હું સાવ શુદ્ધ નિરાલંબ આત્મસ્વરૂપ છું.' એ પ્રમાણે વિચાર કરીને, પ્રતિદિન વારંવાર તેનો બુદ્ધિપૂર્વક અનુભવ કરી જોઇને સાધક **પોતાને** એ તત્ત્વસમુદાયથી નિરાળો લહે, ને દ્રષ્ટાપદે સ્વરૂપસ્થિતિ કરે.

### (૮) એ આત્મદીપ 'પ્રકાશે' છે કેવી રીતે?

જણાવું, અને જાણવું, એ છે આત્મપ્રકાશનાં સ્વરૂપલક્ષણો. એકાદ દીવો પાંચ છિદ્રોવાળા ઘડાની અંદર મુકાયો હોય તો તે એ ઘડાને, તેલને, દીવેટને અને સ્વયં પોતાને પણ પ્રકાશે એટલે કે પ્રકટ કરે, મતલબ કે જણાવે છે; એટલું જ નહિ પરંતુ એ ગરબીની બહાર એ છિદ્રો પાસે ધરવામાં આવતા પદાર્થોને પણ તે પ્રકાશે–જણાવે છે.

એ જ પ્રકાશ અથવા 'જણાવવું' તત્ત્વ, સૂર્ય રૂપે સારી પૃથ્વીને પ્રકાશે છે; ને મહાતેજ રૂપે એ સંપૂર્ણ વિશ્વને વ્યાપીને સર્વવ્યાપક છે. સ્વપ્નમાં, એને પ્રકાશે જ મનની પ્રવૃત્તિઓ થતી હોય છે.

તે પ્રમાણે, પાંચ જ્ઞાનેન્દ્રિયોરૂપી છિદ્રોવાળા સ્થૂલ દેહરૂપ ઘડામાં બુદ્ધિગુહા અથવા હૃદયકમલરૂપી પાત્ર છે; તે પાત્રમાં મનરૂપી તેલ, ને બુદ્ધિરૂપી દીવેટ છે, ત્યાં આત્મદીપ વિલસે છે. એ દેહની અંદરના સર્વ સામાનને, પાત્ર–તેલ–દીવેટને અને સ્વયં પોતાને પણ 'પ્રકાશનાર' રૂપે, એ પ્રકાશે છે; તે ઉપરાંત ઇન્દ્રિયોરૂપી છિદ્રોને તથા દેહની બહાર રહેલા તથા તે છિદ્રોની પાસે ધરાતા શબ્દસ્પર્શાદિ પદાર્થો-વિષયોને એ પ્રકાશે છે; એટલું જ નહિ પરંતુ એ જ પ્રકાશ તત્ત્વ ઘડા તથા કોડિયાં ઈ૦ ઉપાધિ-ઓથી મુક્ત ઇશ્વરરૂપ સૂર્ય તરીકે વિશ્વ આદિ સર્વ બાહ્ય પ્રપંચને પ્રકાશિત કરે છે; અને ઈશ્વરત્વ-સૂર્યત્વની ઉપાધિથી પણ મુક્ત સ્વરૂપે, પ્રકાશ તત્ત્વરૂપે એટલે કે ચિત્ તત્ત્વ રૂપે, અર્થાત્ ચૈતન્ય રૂપે, એ સર્વવ્યાપક પણ છે.

### (૯) એ પ્રમાણે કહેવા–જાણવાથી આપણો શો નિર્ણય થાય?

–કે 'એ ૧૭ તત્ત્વો હું નથી, એ મારાં નથી, પણ પાંચ મહાભૂતોનાં છે, ને હું તો તે સર્વનો જોનારો–જાણનારો તેનો દૃષ્ટામાત્ર, ઘટ તેના જોનારાથી જુદો હોય તેવો, નિરાળો સાક્ષી છું.'

### (૧૦) એ પૃથક્પણાને આચરણમાં કેવી રીતે સિદ્ધ કરવું?

'શબ્દને હું સાંભળું છું ને જાણું છું; કોઇ અવાજ નથી સંભળાતો હોતો ત્યારે તેવા શબ્દ = ધ્વનિ = અવાજ ન સંભળાતો હોવારૂપી અભાવને પણ હું જાણું, ને નિર્ધારું છું. જેના દ્વારા અવાજ સંભળાય છે તે કર્ણેન્દ્રિય તથા તે જેનામાં રહેલી છે તે કાન-ગોલકને પણ હું વિગતે જાણું છું. જાણનાર–જણાનાર જુદાં જ હોય; તો પછી, તેમાંનું કશું હું કેવી રીતે હોઈ શકું?

સ્પષ્ટ છે કે, કર્ણેન્દ્રિય હું નથી, તેને મારી સાથે કશો આવશ્યક સંબંધ નથી; તેથી તે મારાં નથી, પરંતુ કેવળ આકાશાદિનાં તત્ત્વો છે, ને હું તેનો દ્રષ્ટા સાક્ષી તમાશબીન જ છું.'

અનુકૂળ અર્થસાધક તર્કમાં નિષ્ઠ બુદ્ધિમાન જિજ્ઞાસુને આ રીતે પોતાની જાતને ગેડ બેસાડવામાં કશી જ મુશ્કેલી ન હોઇ શકે. એ જ પ્રમાણે સ્પર્શ પરત્વે, સ્પર્શના વિષયથી, તેના જ્ઞાનના ત્વચા, ઈન્દ્રિયરૂપી કરણ વગેરેથી, તે સર્વના દ્રષ્ટા સાક્ષી જ્ઞાતા 'હું' નું સાવ નિરાળાપણું સિદ્ધ કરી લેવું જોઈએ.

પરંતુ આ જોખમી ને મહા ઠગારી ઈન્દ્રિય છે, ને તેના વિશે જ્ઞાન-ગુલબાંગો હાંકનારા ભલભલા સાધનગાફિલ ભવપથિકો, અસંગ આત્માના આડંબર વડે જાણતાં કે અજાણતાં પણ છળ કરતા વિચરે છે, સ્પર્શના સુખની તકો શોધે છે, અને તે પ્રાપ્ત થતાં, તેમાં મગ્ન બની જાય છે. જો તે ખરેખર ત્વચાથી ન્યારા હોય, તો નિદાન તેમને સ્પર્શજન્ય સુખની લાલસા અથવા તેનો રસ તો ન જ રહેવાં જોઈએ, રહેવાં ઘટે નહિ; પરંતુ માત્ર મૌખિક વેદાન્તના આ મહાવિકટ ભયસ્થાન તરફ જેટલી વાર અને જેટલા અનુગ્રહપૂર્વક આંગળી ચીંધવામાં આવે તેટલી ઓછી જ છે, કે 'ખબરદાર, સાવધાન!'

અહીં ફિલ્સુફી હાંકવાની વાત નથી! અહીં જ વેદાન્ત-બોધની પ્રાપ્તિની કસોટી છે! વેદાન્તરૂપી અદ્‌ભુત સ્પર્શમણિના પ્રગાઢ સંગથી જે સ્વયં વેદાન્ત-સ્વરૂપ બની ન શક્યા હોય, તેઓ ઘણુંખરું વેદાન્તને નહિ જાણનારા અન્ય પામર જીવોની પેઠે જ વિષયોને આધીન રહી, વૃત્તિઓને તેમાં રમાડતા હોય છે. તેઓ જાતે પતિત થઈને બીજાઓને પણ હોંશે ને કોડે પાડતા રહે છે.

એ પ્રમાણે ચક્ષુ ઈન્દ્રિય, ને તેનું ગોલક આંખ; ઘ્રાણ અને તેનું ગોલક નાક; પાણિ=આદાન-પ્રદાન અને તેના ગોખલા હાથ; પાય (=ગતિની ઇન્દ્રિય) અને તેનો આશરો પગ: ઉપસ્થ (=વિષયાનંદ) અને તેની ઇન્દ્રિય જનનેદ્રિયઃ પાયુ (= વિસર્જન) અને તેનું મલત્યાગનું સાધન, તથા પાંચ પ્રાણો પરત્વે પણ એક-એક કરીને ઘટાવી લેવું, અને તે તે ઇન્દ્રિય તેના સાધન-સરંજામ તથા વિષયો સહિત 'હું નથી, મારી નથી, પરંતુ હું સાવ નિર્લેપ તેનો દ્રષ્ટા અને તેના ખેલને માત્ર જોનારો, પારબ્ધવશ તેનું સાંનિધ્ય સ્વીકારનારો, અસંગ આત્મા હોવાથી, મને તેમાં શો સ્વાર્થ કે રસ પણ હોય? નાટકના પ્રેક્ષકને નાટકમાં હોય, તેથી વધારે કશોજ નહિ,' એવો નિશ્ચય કરતા રહેવું, અને કળે ખળે પણ તેની તપ-તિતિક્ષાદ્વારા ટેવ (અં૦ પ્રૅક્ટિસ, હૅબિટ) પાડવી.

આ જેટલું કહેવું-સુણવું સરળ છે તેવું આચરવું સહેલું નથી; પરંતુ ગીતામાં નિશ્ચયપૂર્વકનું ભગવાનવચન, તથા યોગનું સૂત્ર પણ છે, કે અભ્યાસ (=વારંવાર પુનરાવર્તન) તથા વૈરાગ્ય (=સંસારના સર્વ પદાર્થોમાં દોષદર્શનની વૃત્તિ) વડે એ અવશ્યમેવ સાધ્ય છે; પુરુષના પુરુષાતનને અને જીવાત્માના ઉન્નત આત્મત્વને એ મંગલ પડકાર છે, તેની સામે ધરાયેલું બીડું છે; એને શૂરા જ ઝડપે; કાયરનાં ત્યાં કામ નહિ.

ઇન્દ્રિયોના વેગને રોકવામાં આ પ્રક્રિયા ઘણી કાર્યસાધક છે. જીવત્વના જાગ્રત અવસ્થાના અભિમાની "હું" ને અનેક પ્રસંગે એક્કામ રાખીને, ને ઘણી વાર તે જાણતો હોવા છતાં પણ, ઇન્દ્રિયો પોતપોતાના વિષય ક્ષેત્રમાં તેને ખેંચી જાય છે. તેવે પ્રસંગે, આ વિચારધારા ખૂબ ઉત્સાહથી ચલાવવી, ને તેનામાં તન્મય થઇ જવું.

એમ કરવાથી વિષયો પ્રત્યેની ચિત્તની વૃત્તિનો વેગ સહજતઃ હળવો થશે.

તે જ પ્રમાણે શારીરિક વ્યાધિ એટલે કે રોગરાઈના, માનસિક આધિના, કે બહારથી આવતા ઉપાધિજન્ય ક્લેશના પ્રસંગે, આ પ્રક્રિયા વડે દુઃખક્લેશના ભાવથી મુક્ત થઇ જવાની ટેવ પાડવી જોઈએ. જો આ યુક્તિની ગેડ બેસી જાય (—ને ન કેમ બેસે ? કાળા માથાના માનવી જેવા માનવીને શું અસાધ્ય છે ?) તો જાણો, કે જિંદગી જીતી ગયા, ને બે લોક મુઠીમાં જ પકડાએલા પડ્યા, હાજર છે. या लोक द्वयसाधनी तनुभृतां सा चातुरी चातुरी ॥

મન અને બુદ્ધિની ચેષ્ટાઓ કે જેના વડે ઈન્દ્રિયાદિને જીતવાનાં છે, તે પોતે પણ જીતાવાં જોઈએ; નહિ તો બકરું કહાડતાં ઊંટ પેસે, ને શારીરિક ગુલામી છોડતાં તેનાથી પણ વધારે વસમી મનની ગુલામી માનવીને માથે ચડી બેસે. મન સંકલ્પ–વિકલ્પ કરે છે, ને બુદ્ધિ નિશ્ચય કરે છે, ત્યારે હું નીરાંતે જાણું છું કે 'જો, મન સંકલ્પ વિકલ્પ કરે છે; જો, બુદ્ધિએ અમુક નિશ્ચય કર્યો; અર્થાત્ ખરેખરો જે 'હું છું, તે તો એ સર્વનો પણ ન્યારો સાક્ષી દૃષ્ટા છું: તો મને તેનામાં શા માટે અહં-મમતા કે લોલુપતા હોય, ને તેની સુખ-દુઃખાદિની કલ્પનાઓની ગરમીઠંડી સાથે હું પણ શા માટે તાવે પડું કે ટહાડો થઇ જઉં ? તન-મન પ્રારબ્ધનાં પૂતળાં હોવાથી, એ એને રસ્તે જાય છે; ને હું તો અવિચળ હોવાથી, સ્વરૂપમાં સ્થિર રહી તેને નીરખું છું: જ્યાં ઘટે ત્યાં તેના ઉપર દેખરેખ રાખી, તેને હાનિ ન પહોંચે તેમ યથાવકાશ પ્રેરવા–પ્રવર્તાવવા સિવાય બીજું કશું જ કરવું-કરાવવું મારે નથી.' એ પ્રમાણે વિવેકી સાધક અભ્યાસવૈરાગ્ય વડે બાદશાહોના બાદશાહપણાના પદનો અધિકાર પ્રાપ્ત કરે, જે સિદ્ધ થતાં, મોક્ષસુખ કે જે સદૈવ

હાજર છે જ, તેનાં આવરણ હટતાં, તેની સહજ પ્રતીતિ થઇ જાય.

લિંગદેહ અથવા સૂક્ષ્મદેહ, પુણ્યપાપાદિનું કર્તાપણું–તથા સુખદુઃખાદિનું ભોક્તાપણું, આ લોક કે પરલોકમાં આવાગમન, વૈરાગ્ય, શમદમાદિ સાત્વિક વૃત્તિઓ, તથા રાગદ્વેષ, હર્ષશોકાદિ રાજસ વૃત્તિઓ, અને નિદ્રા-આળસ, જડતા, પ્રમાદ વગેરે તામસી વૃત્તિઓ, ભૂખ તરસ, ચપળતા, મંદતા વગેરે--એ બધા **તેના** ધર્મો છે. તેમાંનું કશું જ મારું નથી,' એ નિર્ણય થઇ શકે છે. એમ, જેના વડે સંસારીભાવનો ત્યાગ કરવાનો છે તે ત્યાગના દોષદર્શનાદિ સાધનોનો પણ ત્યાગ કરીને, છેવટે તો તેના પરત્વેનાં 'ત્યાગ કરનાર' રૂપી અહંમમત્વ પણ ઉરાડી દેવાનાં છે; એ છે આ માર્ગનું છેવટનું ધ્યેય. ૐ શાંતિ !

## સર્ગ–અઢારમો

### વિવેક–પુણ્ય–પાપ અને વાસનાદેહનો

**૧. ફરી ફરીને પૂછું તો ક્ષમા કરજો, પણ શ્વેતકેતુની પેઠે મારે આ બાબત પાકી કરી લેવી છે; તેથી આપ મારા ઉદ્દાલક થાઓ. 'હું પાપ-પુણ્યનો કર્તા, કે તેના સુખદુઃખરૂપી ફલનો ભોક્તા નથી, કર્તા -ભોક્તાપણું મારામાં નથી, એ મારા ધર્મો નથી,' એવી દૃઢતા કેમ કરવી? વ્યવહારમાં તો તેનાથી ઊલટી સ્થિતિ વગર ઘડી પણ ચાલતું નથી, તેનું શું?**

વ્યવહાર તો, જૂઠાની સાથે જૂઠાનો, જૂઠી રીતે જ ચાલે; તેથી, જ્ઞાની પણ, જ્યાં જરૂર હોય ત્યાં જૈસેની સાથે તૈસે જેવા વર્તવાની મોજ માણે; તેવા સંસારી જીવો ભલેને એને પોતાના જેવો જ દુન્યવી જીવ માની લે; તેમાં જ્ઞાનીનું કશું બગડતું નથી, બલકે, તેનું જ્ઞાનીપણું અદેખી કે તેજદ્વેષી અથવા નિંદાપ્રિય દુન્યવી દૃષ્ટિથી ગુપ્ત રહે, એ જ યોગ્ય છે; કેમકે નહિ તો 'નજર લાગે' એવો સંભવ ખરો! બાહ્ય દૃષ્ટિને ગમે તેમ ભાસે, પરંતુ જ્ઞાની મનુષ્ય સર્વ વ્યવહાર આ પારમાર્થિક ભૂમિકા ઉપર જ, તેના પાયા ઉપર જ કરતો રહે છે, ને કોઈની સંમતિ કે નિંદાની તેને પડી નથી હોતી. તે આ રીતે વિચારે છે:–

જે વસ્તુ વિકારને પાત્ર છે, તે જ પોતે ક્રિયાવાન થવા રૂપે વિકાર પામે છે-એટલે કે તેની **સ્થિરતાનું** રૂપાન્તર ક્રિયામાં થાય છે; અને તેથી તે કર્તા કહેવાય છે, અથવા બીજાઓ તેને તેવી રીતનો દેખીને તેવો કહે છે. જેમકે, મનુષ્યના મનોમય તથા અન્નમય (=સ્થૂલ) એ બે દેહો, એટલે કે મન તેમ જ કાયા, ઉભય પ્રતિપળ પરિવર્તન પામનારા, એક ક્ષણ પણ એક જ રૂપમાં યથાસ્થિત નહિ ટકનારા, નાશવંત પદાર્થો છે. મન ચંચળ છે, ને તન છે પ્રતિ વિપળ મરતા–ઉપજતા કરોડો અણુઓનો સમુદાય; એ પરિવર્તનશીલ પદાર્થો કર્મવાસનાના સંસ્કારોના હડસેલાથી જાતે હડસેલાઇને અન્ય પદાર્થોમાં મનમાન્યાં પરિવર્તનો ઉપજાવવા ક્રિયાશીલ બની શકે છે; કેમકે રજોગુણ 'પરિવર્તન' નામક ગતિનો ધર્મ છે; અને ક્રિયા એટલે ગતિ. જ્યારે મનુષ્ય દેહાધ્યાસનો માર્યો તન-મનને 'હું' માનીને તેની પ્રારબ્ધ કર્મસંસ્કારવિવશ ચેષ્ટાઓને **પોતાની** જાણી બેસે, ને એવી હૈયાગાંઠ બાંધી લ્યે, ત્યારે તેને પોતાના કર્તાપણાનો ભ્રમ થાય છે.

પરંતુ હું, આત્મા, એ તો નિર્વિકાર 'હું' છું, અને કૂટસ્થ, કેવલ જ્ઞાનસ્વરૂપ સતત્ત્વ છું; તેથી, કશી પણ ક્રિયાનો આશ્રય મને નથી; તેથી, પુણ્ય–પાપના ભાવો રૂપી ક્રિયાનો હું કર્તા નથી; અને જે 'કરતો' નથી, તે 'ભોગવે' પણ શેનો? તેથી, એ બધા તો છે મનના અર્થાત્ અંતઃકરણના ધર્મો; મારા લગીરે નહિ; કેમકે હું તેનો દ્રષ્ટા, તેને જાણનારો, તે સર્વથી ભિન્ન છું. નથી હું પાપ–પુણ્યનો કર્તા, નથી તેના સુખ:દુખરૂપી ફલનો ભોક્તા; જે કરશે, તે અવશ્ય ભોગવશે; તેમાં મારે શું? અજ્ઞાનને ધક્કે ઉપજતા 'કરવાપણા' ના મિથ્યાપણાને જાણનારો હું, મને જીવભાવ ન હોવાથી, કશું પણ કરવા કરાવવામાં મને રસ નથી;

અને મારા મને શરીરદ્વારા કે આપમેળે અજ્ઞાનકાળે જે કર્મો કર્યાં-કારવ્યાં હશે, તેનું બનેલું પ્રારબ્ધ–શરીર તેને ભોગવી છૂટશે જ. તે પતી ગયા પછી, નથી જેને સંચિત, અને નથી જેને થવાનાં ક્રિયમાણ એવો હું, સર્વથા મુક્ત છું, અત્યારે અને હાલ; મર્યા પછીના કોઇ વાયદે નહિ!

એમ દૃઢ નિશ્ચયપૂર્વક મનમાં સ્વરૂપનિમગ્ન રહીને, પ્રાપ્ત વ્યવહાર આનંદપૂર્વક 'કરતાં,' સાવ અકર્તા, અભોક્તા રહેવું, એ ખરો, યથાર્થ પુરુષાર્થ.

### (૨) આ લોક કે પરલોકમાં ગમનાગમન મારો ધર્મ કેવી રીતે નથી?

એવી અવર જવર કરનારો સૂક્ષ્મ દેહ કહેવાય છે. એ છે પરિચ્છિન્ન, અમુક કર્મફળવાસનાની ગાંઠ તરીકેની મર્યાદાવાળો, અને તેને અજ્ઞાનજન્ય પ્રારબ્ધ કર્મના બળે આવવાં-જવાં, ગમનાગમનો થાય છે. 'પરંતુ હું તો તેનોયે દ્રષ્ટા, કશા જ કર્મબંધન વિનાનો, પાર વગરનો અપરિચ્છિન્ન કેવળ જ્ઞાતા, આકાશ જેવો વ્યાપક, સર્વસાક્ષી છું, તેને વળી આવવાં–જવાં કેવાં?'

### (૩) સત્વ–રજ–તમ વૃત્તિઓ હું કેવી રીતે નથી?

એક રાજા પોતાના મહેલમાં વિરાજે છે. તેના મનોરંજન અર્થે કોઇ કારીગર પાણીનો ફુવારો બનાવે છે. બનાવીને પછી તે એની કળ ખોલે છે, તેથી ત્રણ ધારાઓ ઉડે છે. એ મુખ્ય ત્રણની અંતર્ગત બીજી પણ ઝીણી મોટી અનેક પેટાધારાઓ સ્ફુરે છે. કળ બંધ કરવામાં આવે ત્યારે એ બધી જ ધારા–ઉપધારાઓ શાંત થઇ જાય છે, ને શેષ રહે છે એ એકલો, તે સર્વની ગમ્મત જોનારો રાજા.

આ સ્થૂલ દેહમહેલમાં તેના અધિષ્ઠાન કૂટસ્થરૂપ વિરાજતા ભગવાન પરમાત્મા રાજા, 'પુરિમાં વિરાજતા પુરુષ' છે. તેમના વિનોદ અર્થે માયા-કારીગરે અંતઃકરણ રૂપી ફુવારો રચ્યો છે. તેમાંથી જાગ્રત અને સ્વપ્નરૂપી ઓછીવત્તી ચાલુ કળની સ્થિતિમાં સાત્ત્વિક, રાજસિક અને તામસિક મુખ્ય વૃત્તિધારાઓ નીસરે છે; ને સુષુપ્તિ દશામાં પ્રારબ્ધ-કળ બંધ રહેવાથી, એ ત્રણ વૃત્તિઓના ભાવને તેમજ તેમના અભાવને પણ જાણીને તે સર્વને સાર્થક કરનાર આનન્દસ્વરૂપ કેવળ પરમાત્મ ચૈતન્ય સ્વરૂપ રાજા જ શેષ રહે છે.

તેથી, 'એ વૃત્તિઓ ઈ૦ કશું જ હું નથી, તે મારાં નથી, ને તેથી એ સર્વનું નિરપેક્ષ સાક્ષીપણું જ મારામાં સિદ્ધ થાય છે; ત્યાં વળી એમાંના કશાના હરખ-શોકને મારામાં કેમ અવકાશ હોય ?' એમ જાણીને નીરાંતવા રહેવું.

## (૪) અંધતા, મંદતા, પટુતા ઇત્યાદિને મારાથી ન્યારાં કરી આપો.

નેત્રાદિ ઈન્દ્રિયો પોતપોતાના વિષયને ગ્રહણ ન કરે, એટલે કે ન કરી શકે, એ એની અંધતા; ઓછું ગ્રહણ કરે એ મંદતા, અને ગ્રહણમાં પૂરા પાવરધાપણું, તે તેની પટુતા, 'નેત્ર વગેરેને જાણનારો, તે સર્વનો હું સાક્ષી છું', એ નક્કી થઇ ચૂકયું છે. એ ઇન્દ્રિયોના ગુણોની ન્યૂનાધિકતાને પણ હું તટસ્થપણે જોનારો જાણનારો છું, ને મારા દ્દષ્ટાપણામાં ન્યૂનાધિક્તા છે જ નહિ, કેમકે તે તો ન્યૂનાધિકતાનો પણ સાક્ષી છે. હું એ રૂપ નથી, ને એ મારા ધર્મો પણ નથી. તે સર્વના ખેલને જોયા કરતો, અવિકારી, નિત્ય શુદ્ધ જ્ઞાનસ્વરૂપ હું સાક્ષી છું. તેથી એમાંના કશા સાથે મને કંઇ જ અનિવાર્ય લેવાદેવા નથી.'

એમ, હું માંથી સૂક્ષ્મ દેહનો વિગતે નિરાસ કરી લેવાનો છે.

### (૫) શેષ રહે છે કારણશરીર અથવા કારણદેહ. એ શું છે?

મનુષ્ય જ્યારે ઊંઘમાંથી જાગે છે ત્યારે તે કહે છે કે ' ગઇ રાતની ખબર પૂછો છો ? મને કશી જ ખબર નથી, પણ સરસ ઊંઘ્યો, ને ખૂબ આનંદ આવ્યો' એમ, જાગવા સાથે, 'મેં કંઇ ન જાણ્યું ' એ પ્રકારનું પ્રથમ જ્ઞાન થાય છે. આવું જ્ઞાન **અનુભવ રૂપ** નહિ, પરંતુ સુષુપ્તિકાળે અનુભવેલા અજ્ઞાનની **સ્મૃતિ રૂપ** છે. જાગવા સાથે અજ્ઞાનનો અનુભવ બંધ થાય છે, પણ તેની સ્મૃતિ રહી જાય છે. એ સ્મૃતિનો વિષય નિદ્રાકાળનું અજ્ઞાન છે; એટલે કે એ સ્મૃતિ એ અજ્ઞાનની જ છે.

### (૬) એ સ્થિતિને કારણદેહ શા માટે કહેવામાં આવે છે?

વૃક્ષના બીજમાં સંકેલાયેલું સંપૂર્ણ વૃક્ષ રહે છે. એ ઝીણું સરખું બીજ પૃથ્વીમાં પડયું રહે છે, અને નક્ષત્ર, જળ ઇ૦ નો અનુકૂળ યોગ આવતાં ફણગીને પાંગરે છે, ને તેમાંથી પાંદડાં, શાખા-પ્રશાખાઓ સહિત સંપૂર્ણ મહાવૃક્ષ વિસ્તરે છે. જ્યારે માણસ ઊંઘતો હોય છે ત્યારે તેનાં પ્રારબ્ધ કર્મો, વાસનાઓ, તથા ' આ કરું, તે કરું ' ઇ૦ વૃત્તિઓ બધી સંકેલાઈ ગોટમોટ થઇને અજ્ઞાન-રૂપી કોટલામાં અંતઃકરણ-ભોંયમાં પડી રહે છે. પછી પુનઃ પોતાનો પ્રાકટ્યકાળ આવતાં અને સંજોગો અનુકૂળ થતાં, તે કર્મો વગેરે પાછાં સળવળે છે, સ્વપ્ન રૂપે જરા જરા ફણગે છે, ને પછી જાગ-વાની સાથે, સડસડાટ અગણિત વૃત્તિઓ રૂપે પારાવાર વિક્ષેપ પામે છે. વળી, તે દિવસ પૂરતાં જે હોય તે કર્માદિ પૂરાં થઈને પરવારે એટલે, શેષ પ્રારબ્ધાદિ કર્મો પુનઃ ઊંઘમાં સંકેલાઇને બીજરૂપે અંતઃકરણમાં નિયત કાળ સુધી લુપ્ત જેવાં રહે છે.

મનુષ્યની સર્વ સ્વપ્ન-જાગ્રતની વૃત્તિ-પ્રવૃત્તિઓનું કારણ એટલે કે ઉદ્ભવ-સ્થાન અથવા યોનિ, એ સુષુપ્તિ કાળ જ હોવાથી, તે **કારણ અવસ્થા** કહેવાય છે; અને તે જ છે સર્વ સંસારીભાવનું મૂળ, નામે અવિદ્યા, અથવા અજ્ઞાન. તેથી, ઊંઘીને ઉઠેલા માણસને રાતની વાત પૂછતાં તે કહે છે કે 'મને કશી જ ખબર નથી.' જો કે ખબર ન હોવાની ખબર તો તેને છે જ, અર્થાત્ અજ્ઞાનરૂપ કારણ-અવસ્થાનો એ કૂટસ્થ જ્ઞાનસ્વરૂપ આત્મારૂપે નિદ્રાકાળે પણ જાણનારો-જોનારો સાક્ષી ગુડાકેશ વિદ્યમાન હતો જ.

તેમ જ, જાગ્રત દશામાં પણ, હું બ્રહ્મને જાણતો નથી, હું કોણ છું તેની મને ખબર નથી, હું આ જાણતો નથી, તે જાણતો નથી' ઈત્યાદિ પ્રકારે મનુષ્યને જે અનુભવો થાય છે, તે અનુભવોનો વિષય **અજ્ઞાન** છે, જેને તો તે જરૂર જાણે છે. સ્વપ્નનું કારણ પણ નિદ્રારૂપ અજ્ઞાન છે. આ પ્રકારનું **જ્ઞેય અજ્ઞાન,** તે કારણદેહ.

એવી રીતે, અજ્ઞાન સ્થૂલ-સૂક્ષ્મ દેહનો હેતુ=**કારણ** છે; તત્ત્વના જ્ઞાનરૂપ સ્વરૂપભાનથી જ આ અજ્ઞાનનો નાશ છે. એમ, એ સ્થિતિ નાશવંત હોવાથી તે **દેહ** કહેવાય છે. આ અજ્ઞાન, દેવમંદિરના ગર્ભગૃહના અંધકારની પેઠે, બ્રહ્મતત્ત્વનું આશ્રિત હોવા છતાં તેનું જ એ આવરણ કરે છે; જેમ સૂર્યથી ઉપજતાં વાદળાં સૂર્યને જ ઢાંકવાનો આડંબર પ્રાણીઓની પરિચ્છિન્ન દૃષ્ટિએ કરે છે તેમ.

## (૭) કારણ દેહથી મારી પૃથકતા કેવી રીતે સિદ્ધ કરાય?

'હું જાણું છું,' તથા 'હું નથી જાણતો,' એ પ્રકારની જે અંતઃકરણની વૃત્તિઓ છે, તેને તેમના જ્ઞાન તથા અજ્ઞાનરૂપ વિષયો સહિત હું જાણું છું. જ્ઞાન 'હું જાણું છું' એ વૃત્તિનો વિષય

છે; અજ્ઞાન 'હું નથી જાણતો' એ વૃત્તિનો વિષય છે. એ સર્વ વૃત્તિવિષયના સમુદાયને હું તો ખરોખર જાણું છું. તેથી તે સર્વથી ભિન્ન, તેમનો હું દૃષ્ટા સાક્ષીમાત્રનું છું, ને કારણદેહ તો અજ્ઞાનનો છે, મારો નહિ એ રીતે.

**(૮) કારણ-દેહ જાતે જ અજ્ઞાન છે, તેને 'એ અજ્ઞાનનો દેહ છે' એવું કેવી રીતે કહી શકાય?**

કહેવાની સવડ માટે જ તેમ બોલવું પડે છે. જેમ રાહુ સ્વયં મસ્તક છે, છતાં તેનું સ્વરૂપ સમજાવવા માટે તેને, 'રાહુનું મસ્તક' કહેવામાં આવે છે, તે પ્રકારે, વ્યવહારની સવડ ખાતર જ અજ્ઞાન રૂપ દેહને અજ્ઞાનનો દેહ કહેવાની પ્રથા પડી ગઇ છે. વાસ્તવમાં, એમાં અંગાંગી કે શેષશેષીપણું ન હોતાં, એ અજ્ઞાન સંપૂર્ણ જીવભાવ રૂપ સંસારીપણાનું કારણ છે; અને તેને જોનાર જાણનાર મારો અસલ હું તે સર્વથી નિરાળો છે.

# સર્ગ–ઓગણીસમો

## પંચકોશાતીતપણું

### (૧) ‘ પંચકોશાતીત ’ એટલે શું ?

પંચકોશ એટલે પાંચકોશ; અને અતીતનો અર્થ ‘ તેની પાર ગયેલો, ’ અર્થાત્ તેનાથી અલગ, એટલે કે પાંચકોશથી પર થઈ રહેલો, એવો થાય છે.

### (૨) ‘ કોશ ’ શું વસ્તુ છે ?

તલવારના મ્યાનને, ધનના ભંડારને, તથા કોશેટો બનાવનાર કીડાના ઘરને, કોશ કહે છે. જે વસ્તુ ઢાંકનાર આચ્છાદનરૂપ હોય, તે ઢંકનાર પદાર્થનો કોશ કહેવાય છે. તે પ્રમાણે આત્માને જે, જાણે કે, ઢાંકે છે, આત્માને પ્રકટ દેખાતો રોકવા તેનું આવરણ કરે છે, એટલે તેનું આચ્છાદન કરીને રહે છે, તેવાં અન્નમય વગેરે પાંચ ઢાંકણાંને અહીં ‘ કોશ ’ કહેલાં છે.

### (૩) એ કયા કયા છે ?

અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, અને આનન્દમય.

### (૪) ‘ અન્નમય ’ કોશ શેને કહેવાય ?

સ્થૂલ દેહ, કે જે અન્નનું જ પૂતળું છે, તેને ‘ અન્ન માટીમાંથી નીપજે છે, ને માટીરૂપ જ છે, તેથી, સ્થૂલ શરીર માટીમાંથી નીપજે

છે, માટી વડે નભે છે, ને માટીમાં જ અંતે મળી જનાર છે. એ કારણે, કર્મભોગ ભોગવવા માટે જીવે પ્રારબ્ધ કર્મો પૂરાં થતાં સુધી તેને ધારણ કરેલું હોવાથી, એ નાશવંત ભોગાયતન છે, ને જીવે પહેરેલા કોઠાઓમાં એ સૌથી બહારનો વધારેમાં વધારે પ્રકટ કોઠો છે.

માતાપિતા જે અન્ન ખાય છે, તેમાંથી અનુક્રમે રજ અને વીર્ય ઉત્પન્ન (અં૦ સિક્રીટ) થાય છે; તેના યોગથી માતાના અન્નમય ઉદરમાં કાયા ઉત્પન્ન થાય છે, અને દૂધ આદિ અન્ન વડે વૃદ્ધિને પામે છે; મરણ પછી પણ અન્નમય પૃથ્વી ઇત્યાદિમાં એ કાયા લય પામે છે. એ બધા ક્રમો રૂપી જે રચના, તે આ સ્થૂલ દેહ, અન્નમય કોશ.

(૫) એ કોશ કેવો છે?

સુખ-દુઃખના અનુભવરૂપી ભોગનું એ 'આયતન' કહેતાં સ્થાન છે; એટલે કે મનદ્વારા જીવે ભોગવવાના સુખદુખના અનુભવોનું એ નિમિત્ત બને છે.

## (૬) મારું અન્નમય કોશથી નિરાળું સાક્ષીપણું કેવી રીતે જાણવું?

જન્મ થયા પહેલાં અને મરણ પછી, અન્નમય કોશનો અભાવ હોય છે, તેથી, તે ઉત્પત્તિવાળો અને નાશવાળો છે. પ્રાગભાવ અને **પ્રધ્વંસાભાવવાળું** જે કંઈ હોય, તે બધું ઉત્પત્તિ-વિનાશશીલ જ હોય. એ કારણે, ઘડા વગેરે પદાર્થો જેવાં એ કાર્ય જ છે; અને હું તો સદ્રૂપ હોવાથી, ઉત્પત્તિ તથા નાશથી રહિત છું; તેથી, હું તેનાથી વિલક્ષણ, ન્યારો, તેને જોવાજાણવાવાળો તેનો સાક્ષી જ છું.' એ પ્રમાણે.

### (૭) 'પ્રાણમય' કોશ શેને કહેવામાં આવે છે ?

પાંચ કર્મેન્દ્રિયો સહિત પાંચ જ્ઞાનેન્દ્રિયોને ક્રિયાવાન રાખનારા પાંચ પ્રાણો મળીને થતા કોશની એ સંજ્ઞા છે. આ પાંચ પ્રાણો તથા ઇન્દ્રિયોનો પરિચય આપણે સૂક્ષ્મ દેહની પ્રક્રિયા વખતે કરી ચૂકયા છીએ. એ કોશ અન્નમયની અંદર રહી, તેને વ્યાપીને તેને ગતિક્રિયાવાળો રાખે છે, તેથી, અન્નમય તેને આધારે પ્રવર્તે છે.

### (૮) પાંચ પ્રાણોનાં સ્થાન કયાં કયાં છે? અને તે કેવી રીતે ક્રિયા કરે છે ?

શ્વાસોચ્છ્વાસ વડે શરીરને તેના અવયવો સહિત સ્ફૂર્તિમાન, ગતિમાન અને શક્તિમાન રાખનાર બળ–શક્તિસ્વરૂપ વાયુ, **પ્રાણ**, એ એક જ હોવા છતાં શરીરમાં જુદાં કાર્યો કરે છે, તે લેખે તેના પાંચ પ્રકાર કહેવાયા છે. તેમાં મુખ્ય પ્રાણવાયુનું સ્થાન હૃદયમાં કહેવાય છે, કેમકે તેના સંચારનો પડઘો હૃદયની ધડકન રૂપે પડે છે. પ્રતિદિન ચોવીસ કલાકમાં એ સરેરાશ ૨૧,૬૦૦ શ્વાસપ્રશ્વાસની લે–મૂક કરે છે, અને તે વડે જીવ 'જીવે' એટલે પ્રવર્તે છે. એની ક્રિયાઓ ઊર્ધ્વમુખી છે.

**અપાન** વાયુનું સ્થાન પાયુ છે, અને તે મલમૂત્રના ત્યાગની ક્રિયા કરે છે, તેમ જ શરીરમાંથી કચરો વેગળો કરીને તેને સાફ કરે છે. વળી અન્નને મુખ વાટે નીચે ઉદરમાં એ જ ઉતારે છે. એની ક્રિયાઓ અધોમુખ છે.

**સમાન**નું સ્થાન નાભિપ્રદેશ લેખાયું છે, કેમ કે આહારનો રસ લઈ, તેને આખા શરીરમાં બધે પહોંચાડીને શરીરને પુષ્ટિ આપ્યા કરવાનું તેનું કામ છે.

ઉદાનનું સ્થાન કંઠ ગણાય છે, અને મનુષ્ય જે અન્ન-જળ ખાય-પીએ છે તેના વિભાગ એ કરે છે, તથા સ્વપ્ન, હેડકી વગેરે દ્વારા અનુભવાય છે. મરણ પછી, પ્રાણ વગેરે રૂપ સૂક્ષ્મ દેહને લઈને કાયામાંથી એ નીસરી જાય છે.

વ્યાન સર્વ અંગોની રગોમાં વ્યાપે છે, અને બધા સાંધાના હલન-વલનને સંભાળવાનું કાર્ય કરે છે. જ્ઞાનતંતુઓરૂપી બધી જ નાડીઓમાં એનો સંચાર છે, અને વ્યાન વડે જ એ બધી સક્રિય રહે છે.

## (૯) આ વાયુઓ શરીરમાં આ ઉપરાંત બીજું કંઇ કરે છે ખરા ?

શરીરને એ બળ આપે છે. તેથી તો બળ અને પ્રાણ સમાનાર્થી ગણાયા છે; વાયુ બળનું રૂપ કહેવાય છે, અને મહાબલી હનુમાન તથા ભીમ વાયુપુત્ર કહેવાય છે. ઈન્દ્રિયોને એ પોતપોતાના વિષયોમાં પ્રવૃત થવા-રહેવામાં સાધન બને છે.

## (૧૦) 'પ્રાણમય' કોશથી 'હું'ની વ્યાવૃત્તિ કેવી રીતે જાણવી?

મનુષ્ય રાત્રે ઊંઘે છે, ત્યારે પણ તેના પ્રાણ જાગતા હોય છે. તે જાગતા હોવાં છતાં, કોઈ બીજો માણુસ ત્યાં આવે છે ત્યારે એ પ્રાણ તેને જાણતા નથી, અને કદાચ એ આવનારો સૂતેલા માણુસના ઘડિયાળ-પાકિટને ચોરી જાય તો પણ પ્રાણ નથી એને રોકતા, તેમ નથી સુતેલાને તેની ખબર કરતા. તેથી, પ્રાણ ઘડા ઇ૦ જેવા જડ છે, અને 'હું' તો ચૈતન્ય રૂપ, તેનાથી વિલક્ષણ હસ્તી છે એ કારણે 'એ નાશવંત જડ પ્રાણમય કોશ હું નથી, તથા એ હું નથી પરંતુ એ કોશ માત્ર સૂક્ષ્મ શરીર છે, જયારે

હું તેનો જાણનાર આત્મસ્વરૂપ, તેનાથી ન્યારો સાક્ષી છું.' એ પ્રમાણે પ્રાણમય કોશથી પોતાના સ્વરૂપને ભિન્ન જાણવું.

### (૧૧) 'મનોમય' કોશ શી વસ્તુ છે?

પ્રાણમય કોશની અંદર રહીને તેને પ્રેરીને પ્રવર્તાવનારું તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો સહિતનું જે મન, તેની એ સંજ્ઞા છે. જ્ઞાનેન્દ્રિયોનાં નામ તથા લક્ષણો પાછળ વર્ણવાઇ ચૂકયાં છે, તે અહીં ફરીથી જોઇ જવાં.

### (૧૨) 'મન' કેવું છે? એનો સ્વભાવ કેવો છે?

દેહમાં અહંતાનું રૂપ તથા ગૃહ–દારાદિમાં મમત્વનું રૂપ ધારણ કરીને મન ઇન્દ્રિયો દ્વારા બહારની તરફ દોડ્યા કરવાના સ્વભાવવાળું છે. પ્રારબ્ધ કર્મના ફલભોગ માટે અહંકાર કરીને કર્મેન્દ્રિયોને જેના તેના વિષયો તરફ પ્રેરવા માટે જીવાત્માએ ધારણ કરેલી એ વિચિત્ર પરંતુ કાર્યસાધક ગોઠવણ છે.

### (૧૩) મનોમય કોશથી મારા તાત્વિક હુંની વ્યાવૃત્તિ કરી બતાવો.

કામક્રોધાદિ વૃત્તિઓવાળું હોવાથી, તારું મન વિકારી છે, ચંચળ છે; અને તારો 'હું' તો તારા મનની એ સર્વ વૃત્તિઓનો સાક્ષી હોવાથી નિર્વિકાર છે. તેથી, નાશવંત મનોમય કોશ તું નથી, તું એ નથી, એ તારો નથી, પણ સૂક્ષ્મ દેહરૂપ જ છે, અને તું તો તેનો જાણનાર આત્મા, તેનાથી ન્યારો છે જ. तत्-त्वम्–असि ।

### (૧૪) 'વિજ્ઞાનમય' કોશ શેને કહેવાય છે?

મનોમયની અંદર તેને વ્યાપીને રહેલા તથા તેને પ્રેરીને પ્રવર્તાવતા, પાંચ જ્ઞાનેન્દ્રિયો સહિત, ( જાણવાની તથા જાણીને નિર્ણય કરવાની શક્તિરૂપ ) બુદ્ધિ મળીને બનેલા કોઠાની એ સંજ્ઞા છે.

## (૧૫) બુદ્ધિનો શો ધર્મ છે !

ચિદાભાસયુક્ત બુદ્ધિ એટલે કે જીવભાવ, સુષુપ્તિમાં વિલીન થાય છે, ને જાગ્રત દશામાં તે શરીરમાં નખશિખ વ્યાપે છે; અને વ્યાપીને, 'હું જ બધું વિચારું છું, કરું છું' એવો અહંકાર ધારણ કરીને, એ કર્તારૂપ એટલે કે જીવરૂપ બની રહે છે, ને નાનાવિધ નિર્ણયો કરે છે. એ એવું માને છે કે 'હું પોતે જ જ્ઞાનેન્દ્રિયોને આજ્ઞા આપું છું કે તમે કર્મેન્દ્રિયોને મારો પ્રારબ્ધજન્ય હેતુ પાર પાડવા માટે અમુક અમુક વિષયોમાં દોડાવો.' પરંતુ ખરું જોતાં, એ અહંકારથી યુક્ત બુદ્ધિ પણ જીવાત્માએ પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે યોજેલું કામચલાઉ સાધન જ છે. આ કોશવડે ભૌતિક જ્ઞાન–વિજ્ઞાનો વગેરે અપરા વિદ્યાઓ અવકાશ પામે છે, કેમકે 'હું કરું, મેં આ કર્યું' ઈત્યાદિ પ્રકારના દઢ ભાન વિના તેમાનું કશું બની શકે નહિ.

## (૧૬) વિજ્ઞાનમય કોશથી હું કેવી રીતે ન્યારો છું ?

ઘડો ઈત્યાદિ પદાર્થો જેમ વિલયને પામે છે તેમ, બુદ્ધિનો પણ સુષુપ્ત દશામાં વિલય થઇ જાય છે, તેથી તે દેખીતા જ વિનાશી છે, ને તેના વિનાશને સિદ્ધ કરવા કોઇ બીજા પુરાવાની જરૂર નથી. "પરંતુ હું તો વિલય આદિ અવસ્થાઓથી રહિત છું અને તેથી તેને જાણનારો, તેનાથી ન્યારો વિલક્ષણ છું. એ સ્થિતિ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે એ કોશ હું નથી, એને ને મારે કશો જ આવશ્યક સબંધ નથી, તેથી તે મારો નથી; એ તો ફકત સુક્ષ્મ વાસનાનું જાળું છે, ને હું તેને બરોબર જાણનારો તેનો સાક્ષી આત્મા છું; કેમ કે ઉપર કહ્યું તેમ, જીવડાએ પોતાના અજ્ઞાનમય હેતુ માટે ધારણ કરેલું એ ક્ષણભંગુર પરિવર્તનશીલ ઓજાર જ છે," એ રીતે.

જેમ દીવાનો પ્રકાશ અને આકાશ નિકટતાને લીધે અભિન્ન જેવાં જણાતાં છતાં જૂદાં જૂદાં છે, તે પ્રમાણે અંતઃકરણરૂપ વૃત્તિ-ભંડાર અને આત્મા, સંનિકર્ષને લીધે અભિન્ન જેવાં જણાતાં છતાં, ભિન્ન જ છે. નિદ્રામાં જ્યારે અંતઃકરણ લીન થાય છે ત્યારે, આત્મા તે સમયના અજ્ઞાનનો સાક્ષી હોવાથી તે સ્થિતિમાં પ્રતીત થાય છે. સવારે જાગીને માણસ જે બોલે છે તે ઉપરથી તેની સ્પષ્ટ પ્રતીતિ થાય છે; તે દર્શાવે છે કે આત્મા અંતઃકરણને સત્તા સ્ફૂર્તિ આપતો હતો, નાટકથી નાટ્યદીપની પેઠે, તેનાથી ભિન્ન, અસંગ છે.

**(૧૭) 'આનંદમય' કોશ શેની સંજ્ઞા છે?**

પુણ્ય કર્મ-ફલના અનુભવકાળે કોઇ કોઈ વાર બુદ્ધિ (= જ્ઞાન)ની વૃત્તિ અંતર્મુખ થઈને આત્મસ્વરૂપભૂત આનંદની છાયાને ભજે છે, તથા જેને પ્રિય, મોદ તથા પ્રમોદ કહેવામાં આવે છે, તે લૌકિક વિષયસંયુકત વૃત્તિ, પુણ્ય કર્મના ફળના ભોગની સમાપ્તિ થવાથી, નિદ્રારૂપે વિલીન થાય છે. તે વૃત્તિને આનંદમય કોશ કહેવામાં આવે છે.

કારણદેહ અને સુષુપ્તિ **અવસ્થામાં** વિજ્ઞાનમયની અંદર તેનું સ્થાન છે; એમાં સુખ સિવાય બીજો કશો અનુભવ થતો નથી, એમ જાગ્યા પછી માણસ જાણે છે. એ આનંદ 'મને કશી ખબર નહોતી. પણ ખૂબ મઝા પડી,' એવા કેવળ અજ્ઞાનનો છે, ને તેમાં બધી વાસનાઓ ભંડારેલી રહે છે. આ આનન્દ કેવળ તમોગુણ-જન્ય, ક્ષણિક, અને સંસારીભાવને પુષ્ટ કરનારો તામસી હોઇ, ભોગાયતનનો એક ભાગ જ છે.

ટૂંકમાં, પ્રિય, મોદ અને પ્રમોદ, એ સહજ આનંદના અમુક વિષયભોગ સાથે જોડાયલા લૌકિક પ્રકારો છે. પુણ્યકર્મના

ઇષ્ટ ભોગરૂપે તે પ્રવર્તે છે; પરંતુ તે ભોગનો સમય પૂરો થતાં, એ વૃત્તિ પાછી વળીને નિદ્રાકાળે અંતઃકરણમાં લીન થઇને ત્યાં પોતાના સહજ અલૌકિક આનંદસ્વરૂપે સ્થિત થાય છે. તેથી તો, માણસ જાગીને કહે છે કે 'રાતે કશી જ ખબર નહોતી. પણ ખૂબ આનંદ થયો.' આ જે સુષુપ્તિકાલીન સુખરૂપતા, તેની એ સંજ્ઞા છે ગાઢ નિદ્રા કેવળ વિક્ષેપરહિત, વધઘટ રહિત આનંદસ્વરૂપ જ હોય છે, કારણ કે ત્યારે કોઈ પણ વૃત્તિની ગરબડ ત્યાં હોતી નથી. તેથી, **વૃત્તિરહિતતા જ સહજ આનંદનું સ્વરૂપ** છે. ઊંઘમાં એ અજ્ઞાનકાળે વિદ્યમાન હોવાથી નિદ્રા આવી આનંદપ્રદ લાગે છે; તો પછી, સભાન સમાધિના આનંદનું તો વર્ણન કેવી રીતે થઇ શકે ?

## (૧૮) એ કોશનું શું કર્તવ્ય છે ?

કર્મફલભોગન્યાયાનુસાર જીવને આનંદનો અનુભવ કરાવવાનું. જાગ્રતકાળમાં એ વૃત્તિની પ્રવૃત્તિ આ રીતે થાય છેઃ–

મનને ગમતી વસ્તુના દર્શનથી ઉત્પન્ન થતી વૃત્તિ તે **પ્રિય** વૃત્તિ; ગમતી વસ્તુની પ્રાપ્તિની આનંદવૃત્તિ તે **મોદ**; ઇષ્ટ વસ્તુના ઉપભોગથી પ્રકટતો લાગતો આનંદપ્રકાર, તે **પ્રમોદ**; અને બુદ્ધિ અથવા **અજ્ઞાનની** વૃત્તિમાં એ ભોગના ફલરૂપે આત્મ-સ્વરૂપભૂત સહજ આનંદની જે છાયા પડે છે, તે એ કોશનું સંપૂર્ણ સ્વરૂપ છે. એ પ્રતિબિંબના બિંબરૂપ જે કૂટસ્થ આત્મા, તે સ્વરૂપભૂત સહજ સ્વાભાવિક આનંદ જ એ કોશનો આધાર છે...એ જે વિષય-ભોગના ફલરૂપ અજ્ઞાનજન્ય આનંદ અનુભવાતો જેવો લાગે છે, તે એ સ્વાભાવિક આનંદની 'છાયારૂપ જ છે; આત્માનો એ સચ્ચિત્-રૂપ આનંદ આ આનંદનું અધિષ્ઠાન છે,–જેમ સર્વ અન્ય અન્ય

પદાર્થોથી યુક્ત મિષ્ટતા નાનાવિધ મિઠાઈઓ રૂપે મિષ્ટ છે જ, પરંતુ તે સર્વનું અધિષ્ઠાન એક, અવિભાજ્ય મિષ્ટતા = ગળપણ તત્ત્વ જ છે.

બ્રહ્મરૂપ આનંદ સર્વ આનંદોનો આધાર હોવાથી, તૈત્તિરીય શ્રુતિમાં તેને 'પુચ્છ-પ્રતિષ્ઠા' કહેલો છે. આ પાંચેયે કોશોના સંબંધમાં એ ઉપનિષદની ભાષા ટીકાઓમાં સવિસ્તર વિવરણ જોવામાં આવશે.

## (૧૯) મારું આનંદમય કોશથી ન્યારાપણું કેમ જાણવું?

જેમ આકાશમાં કોઇ વાર વાદળ ચઢી આવે છે અને કોઈ વાર જતું રહે છે, તેમ આનંદમય કોશ હૃદય આકાશમાં કોઈ કોઇવાર ઉત્પન્ન થનારો છે, અને ક્ષણિક છે, કાદાચિત્ક છે; 'જયારે હું તો સર્વદા સદ્રૂપ, તેથી નિત્ય છું. તેથી, આનંદમય કોશ હું નથી, તે મારો નથી, પણ, એ કારણ દેહરૂપ (–કેવળ અજ્ઞાનજન્ય ભ્રાન્તિનું સ્વરૂપ કે જેમાંથી બધીજ કર્મ-ફલ-ભોગાદિની કલ્પનાની ભૂતાવળ ઉત્પન્ન થાય છે તે સુષુપ્તિ સ્વરૂપ) છે. હું તેનો જાણનારો દ્રષ્ટા આત્મા, તેનાથી ન્યારો છું,' એમ અનુભવ કરવો.

## (૨૦) અન્નમયાદિ કોશોમાંનો એક પણ જો આત્મા નથી, તો આત્મા કોણ છે?

બુદ્ધિ વગેરેમાં પ્રતિબિંબ રૂપે સ્થિતિ કરી રહેલો, તે સર્વને પ્રવર્તાવનારો, અને 'પ્રિય' ઈ૦ શબ્દથી જેને આપણે આનંદમય કોશ કહીએ છીએ તેના બિમ્બરૂપ (–એ આનંદમય કોશ જેની છાયા છે તે અસલ પદાર્થરૂપ–) તેના કારણરૂપ જે આનંદ છે, તે નિત્ય નિર્મળ હોવાથી, તે આત્મા છે.

બીજી રીતે વ્યાખ્યા કરીએ તો, દેહમાં વિલસતો આત્મા

બીજો કોઈ નહિ પરંતુ એ **સચ્ચિદાનંદસ્વરૂપ** પરબ્રહ્મ પરમ ચૈતન્ય જ છે, દૃશ્ય જગત એનો વિવર્તમાત્ર છે ઈશ્વર, **કૂટસ્થ**, સાક્ષી, જીવ, સ્ફૂર્તિ; હોવું, દેખાવું, ઇત્યાદિ રૂપે એ સર્વત્ર પ્રકાશે છે. એના વડે સર્વ કંઇ છે; નિત્ય, નિરાકાર, નિર્ગુણ, ત્રણેય કાળમાં જેવું ને તેવું વિદ્યમાન તત્ત્વ એ છે. હતું નહતું, છે નથી, હશે નહિ હોય, એ બધું જ એ છે, એની માયાશક્તિ વડે વિવર્તરૂપે જે કંઇ છે તે ભાસે છે. એનાથી જુદું કશું હોતું નથી, ને નહિ હોય, એ નિશાનીએ બ્રહ્મ જાણો, આત્મા જાણો.

**(૨૦) પાંચ કોશો તો અનુભવાય છે; પરંતુ તેનાથી ન્યારો આત્મા અનુભવમાં આવતો નથી, તો પછી 'પાંચ કોશથી ન્યારો આત્મા,' એ નિશ્ચય કેવી રીતે કરવો ?**

જો કે ઈન્દ્રિય તથા મનના અનુભવમાં પાંચ કોશ જ આવે છે, અને તેનાથી જુદો કોઇ આત્મા તેના વડે અનુભવાતો નથી; એ ખરું છે; તો પણ મનુષ્ય જે અનુભવથી આ પાંચ કોશને **જાણે** છે. **એ જાણવારૂપ** અનુભવનું નિવારણ કોણ કરે એમ છે ? એ **અનુભવ** એટલે શું ? એ 'જાણવું–અનુભવવું,' એને કોણ ટાળી શકે ? ટાળનારનેયે એ તો જાણે ! તેથી, પાંચ કોશના અનુભવરૂપ જ્ઞાતારૂપ જે ચૈતન્ય, તે એ પાંચ કોશને જાણનારો, તેમનાથી ન્યારો આત્મા છે. એ રીતે નિશ્ચયનું સમર્થન કરવું.

# સર્ગ–વીસમો

## ત્રણ અવસ્થાનું સાક્ષીપણું

### (૧) ત્રણ અવસ્થા, તે કઈ કઈ?

**જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ.** આત્મા એ ત્રણેયે અવસ્થાઓનો અથવા સ્થિતિઓનો સાક્ષી, એટલે કે તેને જોનારો તથા જાણનારો છે.

### (૨) જાગ્રત અવસ્થાનું સ્વરૂપ શું છે?

સ્વપ્ન તથા સુષુપ્તિથી ભિન્ન, એવા ઇન્દ્રિયજન્ય જ્ઞાનનો તથા ઇન્દ્રિયજન્ય જ્ઞાનના સંસ્કારનો જે આધાર–કાળ, તે જાગ્રત અવસ્થા, માત્ર એ સમયે જ ઈન્દ્રિયો દ્વારા જ્ઞાન થાય છે, તથા તેવા જ્ઞાનના સંસ્કારો ચિત્તમાં પડે છે; અન્ય બે સમયોએ નહિ. અથવા, બીજી રીતે કહીએ તો, **અધ્યાત્મ** એટલે, શરીરને અશ્રયે રહેલી ૧૪ ઇન્દ્રિયો ( ૧૦ + ૪ અંતઃકરણભેદ ), તેના અધિદેવ ( = અધિષ્ઠાતા ) ૧૪ દેવતાઓ, તથા તેના અધિભૂત ( = ભોગ્ય) ૧૪ વિષયો, એ ૪૨ તત્ત્વો વડે જે અવસ્થામાં પુરુષ વ્યવહાર કરે છે, તે અવસ્થા, તે જાગ્રત.

આત્માનો આશ્રય કરીને તેને આધારે પ્રવૃત્તિ કરનાર જે ઇન્દ્રિયો વગેરે છે, તે ૧૪ અધ્યાત્મ ઈન્દ્રિયો.

જે દેહસંઘાતથી ભિન્ન છે અને જે ચક્ષુ ઈ૦ ઈન્દ્રિયોનો અ-વિષય છે- એટલે કે આંખો ઈ૦ વડે ગ્રહાય તેમ નથી, તે, જે-તે ઇન્દ્રિયનો અધિદેવ કહેવાય છે.

જે ઇન્દ્રિય-સમુદાયથી ભિન્ન હોવા છતાં ચક્ષુ આદિ ઈન્દ્રિયોના વિષયો એટલે કે તેના ગોચર છે, તે પદાર્થો અધિભૂત કહેવાય છે.

**(૩) ચૌદ અધ્યાત્મ-ઈન્દ્રિયો તે કઈ ?**

શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા, ઘ્રાણ ( જ્ઞાનેન્દ્રિયો ), વાક્, પાણિ, પગ, ઉપસ્થ, પાયૂ ( કર્મેન્દ્રિયો ), તથા મન, બુદ્ધિ, ચિત્ત અહંકાર ( અંતઃકરણ ચતુષ્ટય ). કુલ ૧૪.

**(૪) ચૌદ ઇન્દ્રિયોની દેવતા કઈ કઈ ?**

દિશા ( દિક્પાલ ) શ્રોત્રની, વાયુ ત્વચાની, સૂર્ય ચક્ષુની, વરુણ ( જિહ્વા રસના )ની, આશ્વની કુમાર ઘ્રાણની, એ જ્ઞાનેન્દ્રિયો તથા તેમની દેવતાઓ.

અગ્નિ વાક્ ( વાણી )ની, ઇન્દ્ર હાથની, વિષ્ણુ પગની, પ્રજાપતિ ઉપસ્થની, અને યમ પાયૂની દેવતાઓ.

ચંદ્રમા મનની, બ્રહ્મા બુદ્ધિની, વાસુદેવ ચિત્તની, અને રુદ્ર અહંકારની દેવતા, એમ અંતઃકરણ-ચતુષ્ટય થયું.

**(૫) ૧૪ ઈન્દ્રિયોના ૧૪ વિષયો કયા કયા ?**

જ્ઞાનેન્દ્રિયોના : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ.

કર્મેન્દ્રિયોના : વચન, આદાન પ્રદાન, ગમન, રતિ અને વિસર્જન.

અંતઃકરણ-ચતુષ્ટયના: સંકલ્પ-વિકલ્પ, નિશ્ચય, ચિન્તન અને અહંપણું.

આ ચૌદ વિષયો 'અધભૂત ' એટલે પાંચ ભૂતોની રચનાઓ સાથે સંકલિત પદાર્થો છે. વસ્તુતઃ, **સંકલ્પ-વિકલ્પ** કંઈ મનનો વિષય નથી, પરંતુ જે પદાર્થનો સંકલ્પ **થાય છે** તે **પદાર્થ** તેનો વિષય છે, તેથી અધિભૂત છે. તે જ પ્રમાણે બુદ્ધિ, ચિત્ત અને અહંકારના વિષયોના સંબંધમાં જાણી લેવું.

**(૬) અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત, એ ત્રણ એકઠા થતાં તેને શું કહેવામાં આવે છે ?**

તે **ત્રિપુટી** કહેવાય છે.

## (૭) ૧૪ ત્રિપુટીઓની વ્યવસ્થા કેવી રીતે છે?

### જ્ઞાનેન્દ્રિયોની ત્રિપુટીઓ:

| ઇન્દ્રિય (અધ્યાત્મ) | દેવતા (અધિદૈવ) | વિષય (અધિભૂત) |
|---|---|---|
| (૧) શ્રોત્ર | દિશા | શબ્દ |
| (૨) ત્વચા | વાયુ | સ્પર્શ |
| (૩) ચક્ષુ | સૂર્ય | રૂપ |
| (૪) જિહ્વા | વરુણ | રસ |
| (૫) ઘ્રાણ | અશ્વિનીકુમાર | ગંધ |

### કર્મેન્દ્રિયોની ત્રિપુટીઓ:

| | | |
|---|---|---|
| (૧) વાક્ | અગ્નિ | વચન |
| (૨) હસ્ત | ઇન્દ્ર | આદાનપ્રદાન |
| (૩) પગ | વિષ્ણુ | ગમન |
| (૪) ઉપસ્થ | પ્રજાપતિ | આનંદ |
| (૫) પાયૂ | યમ | વિસર્જન |

### અંતઃકરણચતુષ્ટયની ત્રિપુટીઓ;

| | | |
|---|---|---|
| (૧) મન | ચંદ્ર | સંકલ્પ–વિકલ્પ |
| (૨) બુદ્ધિ | બ્રહ્મા | નિશ્ચય |
| (૩) ચિત્ત | વાસુદેવ | ચિન્તન |
| (૪) અહંકાર | રુદ્ર | અહંપણું |

## (૮) આ ત્રિપુટીઓના સ્વભાવ કેવા છે?

ત્રણ–ત્રણ પદાર્થોની જે ત્રિપુટી છે, તેમાંનો ગમે તે એક ન હોય, તો તે ત્રિપુટીનો વ્યવહાર ચાલે નહિ, દા૦ ત૦, ઈન્દ્રિય અને તેની શકિતરૂપ દેવતા હોય, પણ તેનો વિષય જો ન હોય તો,

અથવા વિષય અને ઇન્દ્રિય હોય પરંતુ તે ઇન્દ્રિયની શક્તિ-દેવતા ન હોય, તો વ્યવહાર ન થાય.

## (૯) 'મારો' સ્વભાવ કેવો છે ?

ઉપર કહેલી ત્રિપુટી ભલે પૂર્ણ હોય, તેને પણ હું જાણું છું; તે અપૂર્ણ હોય, તો તેવી તેને પણ હું જાણું છું; એ ત્રિપુટીનો વ્યવહાર થાય તેને હું જાણું છું, અને તેનો વ્યવહાર ન ચાલે, તે સ્થિતિને પણ હું જાણું છું. એવો મારો સ્વભાવ છે.

## (૧૦) એમ કહેવાથી શું સિદ્ધ થાય છે ?

એ કહેવાથી, ત્રિપુટીઓ વડે જેમાં પુરુષનો વ્યવહાર ચાલે છે એવી જાગ્રત અવસ્થા સિદ્ધ થાય છે. એટલે કે, આ સંપૂર્ણ વ્યવસ્થા જાગ્રત સંબંધી જ છે.

## (૧૧) જાગ્રતમાં જીવનાં સ્થાન, વાચા, ભોગ, શકિત અને ગુણ કયાં કયાં છે ?

જાગ્રત અવસ્થાના અભિમાની ( એટલે કે એ અવસ્થામાં 'હું કરું છું' એવો કર્તાભાવ ધારણ કરનારું જે જીવાત્માનું સ્વરૂપ, તે )નું સ્થાન નેત્ર છે, કેમકે કે જાગતા હોવાનું મુખ્ય લક્ષણ ઉઘાડી દેખતી આંખ જ છે, તેની વાચા વૈખરી, ભોગ સ્થૂલ, શકિત ક્રિયા, અને ગુણ રજોગુણ છે.

## (૧૨) જાગ્રત અવસ્થાના અભિમાની જીવાત્માનું નામ શું ?

એનું નામ તે અવસ્થામાં વિશ્વ છે. એ અવસ્થામાં ચિદાભાસ રૂપ જીવની દેહમાં નખશિખ પર્યંત વ્યાપ્તિ છે, એટલે કે હુંપણાનું ભાન સમગ્ર દેહમાં વ્યાપે છે, છતાં મુખ્યત્વે કરીને તેની નેત્રમાં ચમક દેખાય છે, તેથી તેનું સ્થાન નેત્ર કહેવાય છે.

આ પ્રમાણે જાગ્રત અવસ્થાનું, ઇન્દ્રિયના અધિદેવનું તથા તેના અધિભૂત વિષયનું સ્વરૂપ છે. 'આ જાગ્રત અવસ્થાને હું જાણું છું. સ્વપ્ન તથા સુષુપ્તિમાં તેનો જે અભાવ રહે છે તેને પણ હું જાણું છું. તેથી જાગ્રત અવસ્થા હું નથી, હું તે નથી, તેમ તે મારી નથી, પરંતુ સ્થૂલદેહની જ છે, અને હું તો તેને જાણનાર, જેવો ઘટનો હોય તેવો, તેનો સાક્ષી, તેનાથી ન્યારો છું, એવો નિશ્ચય કરતા રહેવું.

## (૨) સ્વપ્ન અવસ્થાનું સાક્ષીપણું.

### (૧૩) 'સ્વપ્ન' અવસ્થાનું સ્વરૂપ કેવું જાણવું?

જાગ્રત અવસ્થામાં જે પદાર્થો જોવામાં આવે છે, જે કંઈ સાંભળવામાં આવે છે, તથા જેનો ઉપયોગ કરવામાં આવે છે, તે સર્વના સંસ્કાર, વાળના હજારમા ભાગ જેવડી સૂક્ષ્મ **હિતા** નામની જે નાડી કંઠમાં રહે છે તેમાં પડે છે. તે સંસ્કારોથી નિદ્રા કાળે પાંચ વિષયાદિ પદાર્થો તથા તેનું જ્ઞાન ઉપજે છે; અને તેને લીધે વ્યવહાર જે અવસ્થામાં થતો જણાય છે, તે અવસ્થાનું નામ સ્વપ્નાવસ્થા છે.

### (૧૪) સ્વપ્ન અવસ્થામાં જીવનાં સ્થાન, વાચા, ભોગ, શક્તિ તથા ગુણ ક્યાં ક્યાં છે?

એ અવસ્થામાં જીવનું સ્થાન કંઠ, વાચા મધ્યમા, ભોગ સૂક્ષ્મ, (– વાસના–કલ્પનામય), શક્તિ જ્ઞાન (જાણવા પૂરતી) અને ગુણ સત્ત્વ ગુણ છે. (કોઈ રજોગુણ પણ કહે છે).

### (૧૫) સ્વપ્ન અવસ્થાનું સ્વરૂપ જાણવાથી, કયા અર્થની સિદ્ધિ થાય છે?

'સ્વપ્ન અવસ્થા પ્રવર્તમાન હોય છે, તેને પણ હું તેમ જાણું છું. જાગ્રત અને સુષુપ્તિમાં રહેતા તેના અભાવને પણ હું જાણું છું. તેથી, સ્વપ્ન અવસ્થા હું નથી, હું તે નથી, અને તે મારી નહિ પણ સૂક્ષ્મ દેહની છે, અને હું તો તેને જાણનાર, તેનો સાક્ષી માત્ર, તેનાથી ન્યારો છું', એવો અર્થ આ માહિતીથી સિદ્ધ થાય છે. સ્વપ્નાવસ્થાના અભિમાનીની સંજ્ઞા **તૈજસ** છે.

## (૩) સુષુપ્તિ અવસ્થાનું સાક્ષીપણું

### (૧૭) સુષુપ્તિ અવસ્થાનું સ્વરૂપ કેવું છે ?

પુરુષ જયારે નિદ્રામાંથી ઊઠે છે ત્યારે સુષુપ્તિમાં અનુભવેલાં સુખ તથા અજ્ઞાનનું સ્મરણ કરીને કહે છે કે આજે સુખે ઊંઘ્યો, ખૂબ આનંદ થયો, અને મેં કશું જ જાણ્યું નહિ. એ પ્રકારના સુખ અને અજ્ઞાનનો પ્રકાશ સાક્ષી-ચૈતન્યરૂપ અનુભવથી જે અવસ્થામાં થાય છે તે, બુદ્ધિના વિલયરૂપ અવસ્થા, તે સુષુપ્તિ.

### (૧૮) સુષુપ્તિમાં જીવનાં સ્થાન, વાચા, ભોગ, શકિત અને ગુણ કયાં કયાં ?

સ્થાન હૃદય, વાચા પશ્યન્તી, ભોગ આનંદ, શક્તિ દ્રવ્ય, અને ગુણ તમસ્.

### (૧૯) સુષુપ્તિ કાળના અભિમાની જીવની સંજ્ઞા શી ?

એની સંજ્ઞા ત્યારે **પ્રાજ્ઞ** છે.

### (૨૦) સુષુપ્તિ અવસ્થાનાં દૃષ્ટાન્તો છે ?

હા, કોઇ માણસનું ઘરેણું કૂવામાં પડ્યું હોય, તેને કહાડવા માટે તરતાં જેને આવડતું હોય તેવો બીજો કોઇ મનુષ્ય કૂવામાં

ઊતરે છે, આ મનુષ્યને તે ઘરેણું જડે, તેને પણ તે જાણે છે. અને ન જડે તેને પણ એ જાણે છે. પરંતુ તેની વાણી-ઇન્દ્રિયનો વ્યવહાર તે ડૂબકીને કાળે થઈ શકતો નથી, કારણ કે વાક્‌ની દેવતા અગ્નિ છે, જેનો જળની સાથે વિરોધ હોવાથી તે મનુષ્ય વાણી વડે કહી શકતો નથી કે ઘરેણું મળ્યું છે, કે નથી મળ્યું. પરંતુ એ પાણીની બહાર આવે છે ત્યારે સ્વ-દેવતા સહિતની વાગિન્દ્રિય, કે જે કથનનું સાધન છે તે હાજર હોય છે, અને તેના વડે પુરુષ જે કહેવું હોય તે કહી શકે છે, કે ઘરેણું મળ્યું, કે ન મળ્યું.

તે પ્રમાણે સુષુપ્તિ અવસ્થામાં સુખના તેમ જ અજ્ઞાનના સાક્ષીચેતનરૂપ સામાન્ય જ્ઞાન હોય છે; પરંતુ વિશેષ જ્ઞાનનું સાધન, ઇન્દ્રિય અને અંતઃકરણ, તેનો તે કાળે અભાવ હોય છે; તેથી સ્વપ્ન તથા અજ્ઞાનનું વિશેષ જ્ઞાન ત્યારે થવા પામતું નથી. પણ જ્યારે પુરુષ જાગ્રત થાય છે ત્યારે, વિશેષ જ્ઞાનનાં સાધનો ઇન્દ્રિયો અને અંતઃકરણ વિદ્યમાન હોવાથી, સુષુપ્તિમાં અનુભવેલા સુખની તથા અજ્ઞાનની સ્મૃતિરૂપ વિશેષ જ્ઞાન થવા પામે છે.

બીજું દૃષ્ટાંત લઈ જોઈએ: તાપમાં ઘી રહેવાથી, ઘી વીઘરી જાય છે; એને જો ફરીથી તાપથી વેગળું છાયામાં મૂકવામાં આવે, તો તે થીજી જાય છે; વળી પાછું તાપ-તડકે મૂકવાથી એ પીગળે છે. તે પ્રમાણે, સુષુપ્ત અવસ્થામાં કારણ શરીર રૂપ, સર્વ સંસ્કારોના થીજી રહેવા રૂપ જે અજ્ઞાન વિદ્યમાન છે, તે જાગ્રત તથા સ્વપ્નમાં પીગળીને પ્રસરવા રૂપે બુદ્ધિ તરીકે થાય છે, સંસ્કારો સળવળવા લાગે છે, અને ફરી પાછા સુષુપ્તિમાં એ થીજી જઈને ગતિરહિત, એટલે કે જ્ઞાનભાનરહિત અજ્ઞાનઘન થઇ રહે છે.

ત્રીજું ઉદાહરણ: કોઇ એક બાળક બીજાં બાળકો સાથે લડવા-ઝગડવા-રમવા જાય છે, ત્યારે એ શ્રમથી થાકી જતાં માતાના

ખોળામાં પોઢી જાય છે, અને શરીર-મનને પ્રવૃત્તિમાન કરીને શ્રમિત દશા લાવનાર તેના સંસ્કારો બીડાઈ જતાં એ વિશ્રાંતિ અનુભવે છે. વળી પાછું તે બેઠું થઈને, રમત વગેરેમાં પ્રવૃત્ત થાય છે, ને શ્રમ ઉપસ્થિત કરે છે. અહીં માતાનો ખોળો કારણશરીરરૂપી અજ્ઞાન સ્વરૂપ છે; એ અવિદ્યામાતાનું બુદ્ધિરૂપી બાળક સ્વકર્મરૂપ અન્ય બાળકોની સાથે જાગ્રત સ્વપ્નરૂપ બહિર્ ભૂમિમાં વ્યવહારરૂપ અથડામણ-સંઘર્ષમાં પ્રવૃત્ત થાય છે. તેમાં વિક્ષેપને એટલે કે તન તથા મનની પ્રવૃત્તિઓના વિસ્તારરૂપ પરિશ્રમને એ પામે છે, ત્યારે સુષુપ્તિ અવસ્થારૂપી સ્વઘરમાં માતારૂપી અજ્ઞાનના —અથવા કહો કે (‘ કશી ખબર નથી’ એવા અજ્ઞાનરૂપી માતાના) ખોળામાં તે અવિદ્યા લીન થઈને બ્રહ્માનંદનો અનુભવ કરે છે. પુનઃ જ્યારે કર્મરૂપ બાળકો સાથે વ્યવહારમાં તેને બહાર નીકળવાનું થાય છે, ત્યારે એ જાગ્રતરૂપ બાહ્ય મેદાનમાં સંચરે છે, અને કર્મ-વ્યવહારની ઘટમાળમાં લાગી જાય છે.

વધારે સ્પષ્ટતા માટે ચોથી યુક્તિ યોજીએ: સમુદ્રના જળથી ભરેલા ઘડાને દોરડું બાંધીને સમુદ્રના જળમાં ઉતારવામાં આવે, ત્યારે ઘડામાં રહેલું પાણી સમુદ્રના પાણી સાથે એકતા પામે છે; તે છતાં, એ પાણીને ઘડારૂપી ઉપાધિ અથવા લપ વળગેલી હોવાથી, તે જાણે કે સમુદ્રના જળથી જુદું હોય તેવું લાગે છે. પુનઃ ઘડાને દોરડી વડે ઉપર ખેંચી લેવામાં આવે, ત્યારે એ ઘટ-જલ જાણે કે સ્પષ્ટ રીતે સમુદ્રજલથી ભિન્નતાને પામે છે; તેમ હોવા છતાં, જળ સહિતનો ઘટ તેમજ સમુદ્ર, એ ઉભયનો જે આધાર છે તે આકાશ, ભિન્ન થતાં નથી, ઘડામાંનું જળ સમુદ્રમાંના જળથી જુદું હોવાનો ભ્રમ ઘડારૂપી વળગાડને લીધે એ **જળ** પરત્વે ઊભો થાય છે ખરો; **પરંતુ** એ ઘડાનું જળ અને એ સમુદ્રનું જળ, ઉભય જે એક જ

આકાશ–અવકાશમાં રહેલાં છે, તે તો 'જુદા' ઘટજળને કારણે જુદું થતું નથી દેખાતું, બલકે ત્રણે કાળમાં, જળભર્યો ઘડો સમુદ્રમાં ડૂબાડયા પહેલાં, ડૂબવા દરમિયાન તેમજ પુનઃ બહાર કહાડયા પછી ભવિષ્યમાં પણ, એ સર્વનો આધાર આકાશ તો એક અને અભિન્ન રહે છે.

તે પ્રમાણે, અજ્ઞાનરૂપી સમુદ્રજલથી પૂર્ણ સૂક્ષ્મ મનોમય દેહરૂપી જે ઘડો છે, તે અદૃષ્ટ (= પ્રારબ્ધ) રૂપી દોરડાથી બંધાઇને સુષુપ્તિ કાળમાં, અથવા (તેના અવાંતર ભેદરૂપ) મરણ, મૂર્ચ્છા અથવા પ્રલયકાળે, સંપૂર્ણ સમષ્ટિ અજ્ઞાનરૂપી ઇશ્વરની માયા-ઉપાધિમાં લીન થાય છે,–તે સાથે એકાકારતા અનુભવે છે,– એટલે કે વ્યષ્ટિ-અજ્ઞાનરૂપી અવિદ્યા જે જીવની ઉપાધિ છે, તે સમષ્ટિ અજ્ઞાનથી એકતા પામે છે; તે છતાં પણ સંસ્કારોના જાળારૂપી લિંગ શરીર અથવા મનોમય શરીરની સંસ્કારરૂપ ઉપાધિ અર્થાત્ વળગાડને કારણે, તે વ્યષ્ટિ-અજ્ઞાન સમષ્ટિ-અજ્ઞાનથી જાણે કે જુદા જેવું રહે છે જ. પુનઃ જયારે અંતરાત્મા અદૃષ્ટ પ્રારબ્ધના સળવળવારૂપી દોરડાને તાણે છે, ત્યારે ફરી એ 'જીવ' પેલી એકતાના અનુભવને વીસરીને સ્પષ્ટપણે ભેદને જ અનુભવવા લાગે છે; પરંતુ, વ્યષ્ટિ –અજ્ઞાનરૂપ જળ સહિત સૂક્ષ્મ મનોમય વાસના-દેહ રૂપી ઘડો, તેમજ સમષ્ટિ અજ્ઞાનરૂપી સમુદ્ર, ઉભયનો આધાર જે **ચિદાકાશ** –જ્ઞાનભાનરૂપી તે સર્વને જાણવારૂપ વ્યાપક જ્ઞાન-આકાશ— તે તો બધોયે સમય એક ને અભિન્ન રહે છે; અને આ બધી પ્રવૃત્તિ-નિવૃત્તિ તથા અવસ્થા-ભેદની રમતમાં, કેવળ એ જાણવારૂપી વ્યાપક તત્વમાં ભાસતા-શમતા 'ભિન્ન' તરંગોથી વધારે કશો જ કસ નથી હોતો.

**(૨૧) આ પ્રમાણે સુષુપ્તિ અવસ્થાનું સ્વરૂપ જાણવાથી શો લાભ થાય?**

'સુષુપ્તિ અવસ્થા હોય છે તેને હું જાણું છું; જાગ્રત-સ્વપ્ન સમયે સુષુપ્તિ અવસ્થાનો જે અભાવ હોય છે, તે અભાવને પણ હું જાણું છું; તેથી, એ સુષુપ્તિ અવસ્થા હું નથી, હું તે નથી, અને તે મારી પણ નથી, પરંતુ તે કર્મ-ફલ-કર્તા-ભોક્તા ભાવના સંસ્કારના સંગ્રહરૂપ કારણ દેહની છે; ત્યારે, હું તો તે સર્વનો જાણનાર, પેલા ઘડા તથા તેની સર્વ રમતોને જોનાર-જાણનારની જેમ, તેનો સાક્ષીમાત્ર છું. તેનાથી ન્યારો છું—' એવું સુષુપ્તિ અવસ્થાના જ્ઞાન વડે સિદ્ધ થાય છે.

## સર્ગ-એકવીસમો

## અન્વય-વ્યતિરેક-ભ્રાન્તિ વિચાર

### (૧) અલિપ્ત અસંગ આત્મામાં ત્રણ અવસ્થાઓ કેવી રીતે ભાસે છે?

તડકામાં ચળકતી છીપમાં જે રૂપું, અબરખ અથવા કાગળ ભાસે છે, એ ત્રણેય પદાર્થો છીપના અજ્ઞાનથી કલ્પાયેલા ભાસે છે. એ ત્રણ પદાર્થોનો પરસ્પર તેમ જ છીપની સાથે **વ્યતિરેક** છે, અને છીપનો એ ત્રણેય પદાર્થોમાં **અન્વય** છે.

**અન્વય** એટલે વાક્યમાં શબ્દોનો યથાયોગ્ય ક્રમ: માળામાં સૂતરની જેમ, વાક્યમાં અર્થનું સળંગ ઓતપ્રોત હોવું તે; મેળ, સહયોગ: સંબંધ; "જ્યારે અમુક વસ્તુ હોય છે ત્યારે અમુક અન્ય વસ્તુ પણ હોય છે," એ અન્વય થયો; અને તેથી ઉલટો ભાવ, જે **વ્યતિરેક** કહેવાય છે, તેનું "જ્યારે અમુક વસ્તુ નથી હોતી, ત્યારે અન્ય અમુક વસ્તુ પણ નથી હોતી," એવું સ્વરૂપ છે. આ અન્વય-વ્યતિરેકની પ્રબળ યુકિત વડે નિત્ય-અનિત્ય સંબંધોનો નિર્ણય થઈ શકે છે. આ છીપનો જ દાખલો જોઈએ તો, તે રૂપું, અબરખ કે કાગળ રૂપે દેખાતી હોય તેવા ભ્રમકાળમાં પણ છીપમાં તો છીપ જ હોય છે; અને જ્યારે એ રૂપાનો ભ્રમ **નથી** હોતો ત્યારે પણ છીપમાં છીપ જ હોય છે, એમ અન્વય-વ્યતિરેક બેસે છે; અને તેથી, આ બધા પદાર્થોમાં છીપ સાચી

વસ્તુ છે. પણ ભ્રમકાળમાં છીપમાં રૂપું વગેરે હોય છે, અને જ્ઞાનકાળે નથી હોતું, તેથી વ્યતિરેક ત્યાં બેસતો નથી, તે કારણે, અન્વય-વ્યતિરેકની રીતવડે સાબીત થાય છે કે છીપમાં દેખાતી ચાંદી વગેરે વસ્તુઓ ખોટી છે, બલકે છે જ નહિ. એ જ પ્રમાણે જગતના બધા પદાર્થો એ યુક્તિ વડે અનિત્ય, તેથી મિથ્યા જણાઇ આવે છે; પરંતુ ત્રણે કાળ તેમ જ બધી જ અવસ્થાઓમાં નિત્ય એવું એક જ આત્મતત્ત્વ જ્ઞાન રૂપે વિદ્યમાન છે, એવું પુરવાર થાય છે. આનંદ અને દુઃખ, ચેતન અને જડ, સત્ અને અસત્ ઇત્યાદિ સર્વની નિત્યાનિત્યતાનો નિર્ણય આ રીતે થાય છે.

એમ, વ્યતિરેક એટલે અ-ભાવ; ન હોવું તે; વ્યાવૃત્ત હોવી અથવા અલગ પડવું તે. જે પદાર્થોના સંબંધ પરત્વે વ્યતિરેકનો નિયમ લાગુ પડે; તેને **વ્યતિરેક-વ્યાપ્તિ** કહે છે. જેમકે "ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય" એ **અન્વય-વ્યાપ્તિ**, અર્થાત્ "ભાવ અનુવૃત્તિ" છે, અને "અગ્નિ ન હોય ત્યાં ધુમાડો ન હોય" એ વ્યતિરેક-વ્યાપ્તિ એટલે કે ત્યાં ન-હોવાપણું વ્યાપતું હોવાની સ્થિતિ છે.

હવે, આ રીતે આ દષ્ટાંતને તપાસીએ, તો જણાય છે કે છીપમાં જ્યારે રૂપું ભાસે છે ત્યારે, તેના જોનારને અબરખનું કે કાગળનું ભાન નથી થતું; જ્યારે છીપમાં અબરખનું ભાન થાય છે ત્યારે ત્યાં કાગળ કે રૂપાનો ખ્યાલ નથી હોતો; અને જ્યારે ત્યાં કાગળ ભાસે છે ત્યારે રૂપું કે અબરખ, એમાંથી કશું નથી દેખાતું. એમ, આ ત્રણ પદાર્થોનો પરસ્પર વ્યતિરેક છે; તેથી, છીપમાં આદિ, મધ્ય તેમ જ અંતમાં, આ ત્રણ વસ્તુઓનો માત્ર પારમાર્થિક જ નહિ પરંતુ વ્યાવહારિક નજરે પણ અત્યંત અભાવ છે; અને છીપમાં તો, એ ત્રણેયનો વ્યતિરેક છે,-છીપ ન

હોય ત્યારે એમાનું એકેયે ન હોય, એ રીતે; તેથી, એ ત્રણ પદાર્થોનો અભાવ સિદ્ધ થાય છે, પરંતુ અન્વય ન્યાયે, તેની હાજરીનો છીપ સાથે મેળ નથી.

એ કારણે, ભ્રાન્તિકાળે **આ** રૂપું છે, **આ** અબરખ છે, **આ** કાગળ છે, ઇ૦ ભ્રમણા થાય છે, અને એ પ્રમાણે છીપનો ઇદમ્ (="આ" રૂપી) અંશ તે ત્રણ પદાર્થોમાં અનુસ્યૂત, સળંગ, એક સમાન ભાસ્યા કરે છે; તેથી, એ ત્રણ વસ્તુઓ સાથે છીપનો અન્વય તો છે જ, જેમ કે, ત્યાં રૂપું ભાસે છે ત્યારે પણ છીપ હોય છે જ, અબરખ કે કાગળ ભાસે છે ત્યારે પણ છીપ તો છે જ.

અહીં છીપના ત્રણ અંશ કહેવાય છે: (૧) **સામાન્ય અંશ,** (૨) **વિશેષ અંશ** અને (૩) **કલ્પિત-વિશેષ અંશ.**

અંશ એટલે, અંશીનો ભાગ, હિસ્સો, શેષ અથવા પાસું. કોઈ પણ પદાર્થ આપણા જોવામાં આવે ત્યારે આપણે કહીએ કે "આ ફલાણું છે;" દા૦ ત૦ તડકામાં છીપ ચળકતી પડી હોય તે જોઇને ભૂલથી કહી બેસીએ કે "આ ચાંદી છે, અથવા અબરખ છે કે ધોળો કાગળ છે." પછી, તપાસ કરતાં તેનું મૂળ છીપપણું પરખાઇ જાય, એટલે વળી પાછા આપણના આપણે જ કહીએ કે "અરે, આ તો છીપ છે!" એમ થવામાં, ઉભય પ્રસંગે સર્વપ્રથમ "આ" નો જે ભાવ થાય છે, તે બન્નેમાં સમાનપણે એક જ છે; અને તે પછી જ તે વસ્તુ કેવી ભાસે છે, એટલે કે કેવે રૂપે ભાસે છે, તે જણાય-કહેવાય છે; એ તે વસ્તુનો "અંશ" થયો. દરેક પદાર્થ પરત્વે તેવું જ બને છે.

હવે અંશના પ્રકારો: જેનો આપણે હમણાં જ ઉલ્લેખ કર્યો, તે જોઇએ. એ છે (૧) **સામાન્ય અંશ**—છીપને રૂપું કે અબરખની પતરી કે કાગળનો કટકો ધારીએ, ત્યારે પણ "આ"પણાનું

જ્ઞાન હોય છે જ, અને તેને છીપ તરીકે જાણ્યા પછી પણ 'આ' પદ ચાલુ રહે છે. એમ, પ્રત્યેક જ્ઞેય પદાર્થની સાથે તેના આધાર-રૂપે બધા સંજોગોમાં સામાન્ય એવો આ 'આ'નો ભાવ વિદ્યમાન હોય છે જ. આ = इदम् = જે કંઇ અંગુલિનિર્દેશ કે ઇશારા-ચેષ્ટા વડે બતાવાઇ અથવા નિર્દેશાઇ શકે, તે. તેથી, વસ્તુનાં 'આ' રૂપી ઇદમ્ અંશને 'સામાન્ય અંશ' અથવા 'આધાર' પણ કહેવામાં આવે છે, કેમકે સાચા તેમ ખોટા, ભ્રમજન્ય તેમ જ વાસ્તવિક, સર્વ રૂપો તેને આશરે જ રહે છે.

(૨) **વિશેષ અંશ:** 'આ' જાણ્યા પછી, છીપનાં લક્ષણો જેવાં ભાસે છે તેવાં વરતાય છે, જેવાં કે તેની પીઠ નીલાશ પડતી હોવી, એને ત્રણ ખૂણા હોવા, વગેરે. છીપમાં રૂપા ઈ૦ની ભ્રમણા થઇ, તે વેળાએ છીપના એ અંશો નહોતા, કેમ કે તે નહોતા દેખાયા; અને તે દેખાતાં જ, રૂપા ઇ૦ પણાની ભ્રમણા ઊડી ગઇ. આ છીપત્વવાળો અંશ છીપમાં અમુક જ સંજોગોમાં પ્રતીત થતો હોવાથી, તે છીપનો 'વિશેષ અંશ' અથવા છીપનું અધિષ્ઠાન કહેવાય, કેમ કે ચાંદીની ભ્રમણા પણ છીપત્વવાળી છીપને આધારે જ થવા પામે છે, અને છીપનું છીપપણું ન હોત, તો એ ભ્રમણાને અવકાશ જ ન રહેત.

(૩) **કલ્પિત-વિશેષ અંશ:** આ અંશપ્રકાર ભ્રમણા સમયે જ રહે છે; છીપનું સ્વ-રૂપ ન જાણ્યું હોય ત્યાં સુધી, તેમાં કલ્પાયેલો રૂપા ઈ૦ નો ખાસ કલ્પિત-વિશેષ અંશ રહે છે; ને તે પછી તે ઊડી જાય છે, તેથી તેને 'ભ્રાન્તિ' પણ કહે છે.

એ જ પ્રમાણે અધ્યાત્મ પરત્વે જાણવું, કે અજ્ઞાનને લીધે આત્મામાં પણ આ ત્રણ અંશપ્રકારો આરોપાય છે. 'હું છું'

એમ આપણે શરીર પરત્વે કહીએ છીએ, કેમ કે આપણને તે કાળે શરીરમાં આત્માની ભ્રાન્તિ થઇ છે. અહીં ‘ છે ’ તો, ભ્રાન્તિ તેમ જ ‘ હું ’ નું વાસ્તવિક જ્ઞાન, બન્ને સમયે રહે છે; તેથી તે ‘ સામાન્ય અંશ ’ થયો; એ સત્, તે વસ્તુમાત્રનો સામાન્ય અંશ છે, અને પ્રત્યેક વસ્તુનો આધાર તેનું સત્પણું, એટલે કે તેની સત્તા અથવા તેનું અસ્તિત્વ છે. જે સમયે શરીર જ આત્મા હોવાની ભ્રાન્તિ ગુરુવચનથી ટળી જાય, ત્યારે શરીરપણાનો ખ્યાલ ‘ હું ’ માંથી જતો રહીને, ‘ હું ’નું સચ્ચિદાનંદ બ્રહ્મસ્વરૂપ પ્રતીત થાય છે; એ પ્રતીતિ **પેલી** ભ્રાન્તિ વખતે નહોતી, કેમ કે તે વખતે તે તત્ત્વ નહોતું પરખાયું; પરંતુ તેની પ્રતીતિ થતાં જ ભ્રાન્તિ ઊડી ગઈ, તેથી, પ્રત્યેક વસ્તુનું આત્મસ્વરૂપ તેનો વિશેષ અંશ અથવા અધિષ્ઠાન છે, કે જેને આધારે જ ભ્રાન્તિ પણ ટકી શકે છે; અને આત્માનું શરીરપણું તો, ‘ હું ’ ના સાચા હુંપણા સ્વરૂપની જાણ થતાં સુધી જ ‘ હું ’ માં હોવાનું જણાય છે. પરંતુ જ્ઞાનકાળમાં તે નથી હોતું. કેમ કે એ તો ‘ હું ’ માં માત્ર અજ્ઞાનથી કલ્પિત હતું; તેથી, તે હું નો કલ્પિત-વિશેષ અંશ અથવા ભ્રાન્તિ છે. **પ્રત્યેક પદાર્થનો અનાત્મ ભાગ તેનો કલ્પિત-વિશેષ અંશ છે.**

વળી, પ્રત્યેક પદાર્થમાં નીચે પ્રમાણે પાંચ અંશો રહે છેઃ–

૧. અસ્તિ = હયાતી, સત્, સત્તા;
૨. ભ્રાન્તિ = દેખાવું, ભાસવું, જણાવું, ચિત્ અંશ; અને
૩. પ્રિય = ગમવાપણું, આનંદ = ઉપયોગિતા,

એ ત્રણ, પ્રત્યેક પદાર્થનો ‘ આત્મ-અંશ ’ છે, અને

૪. નામ = સંજ્ઞા, તથા
૫. રૂપ=દૃશ્ય આકાર,

એ બે, પ્રત્યેક પદાર્થના અનિત્ય, ‘ અનાત્મ અંશો ’ છે.

એ પ્રમાણે, ઉપર કહેલા દૃષ્ટાન્તથી એ સિદ્ધાન્ત ઉપસી આવે છે કે, તે પ્રમાણે અધિષ્ઠાન આત્મામાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણ સ્થિતિઓની ભ્રાન્તિ અજ્ઞાનથી થાય છે. તેને પરસ્પર તેમ જ અધિષ્ઠાનની સાથે ‘ વ્યતિરેક ’ છે, અને આત્મામાં તેનો ‘ અન્વય ’ છે.

ઉપર કહ્યું તેમ, અભાવ અથવા વ્યાવૃત્તિ એટલે વ્યતિરેક, અને ભાવ અથવા અનુવૃત્તિ એટલે અન્વય; જેવી રીતે કે, જાગ્રત ભાસે છે, ત્યારે સ્વપ્ન કે સુષુપ્તિ ભાસતાં નથી; સ્વપ્ન ભાસે છે, ત્યારે અન્ય બેની પ્રતીતિ થતી નથી; અને સુષુપ્તિ ભાસે છે તે કાળે, જાગ્રતસ્વપ્નનું ભાન થતું નથી. તેથી કરીને, આ ત્રણ અવસ્થાઓનો પારમાર્થિક અત્યંત અભાવ અર્થાત્ નિત્યનિવૃત્તિ છે, તથા આ ત્રણ અવસ્થાઓનો અધિષ્ઠાન-આત્મામાં ‘ વ્યતિરેક ’ છે, અને સાક્ષી આત્મા આ ત્રણેય અવસ્થાઓમાં અનુસ્યૂત થઇને પ્રકાશે છે, એ સાક્ષી આત્માનો ત્રણેય અવસ્થાઓમાં ‘અન્વય’ સિદ્ધ છે.

અધ્યાત્મમાં, ત્રણ અંશોનું આરોપણ કેવી રીતે થાય છે, તે આપણે જોઈ ગયા, સત્‌રૂપ ( હોવાપણું ), એ તેમાં ( ભ્રાન્તિ તેમ જ જ્ઞાન, ઉભય કાળે ) સામાન્ય અંશ છે, કારણ કે ‘ જાગ્રત છે ’ ‘ સ્વપ્ન છે, ’ ‘સુષુપ્તિ છે, ’ એ પ્રમાણે આત્માનું જે નિત્ય સત્‌રૂપ છે તે ભ્રાન્તિકાળમાં પણ પ્રતીત થાય છે. ભ્રાન્તિની નિવૃત્તિની પછીના સમયે ‘ હું સત્ છું, હું ચિત્ છું, હું આનંદ છું, હું પરિપૂર્ણ છું, હું અસંગ છું, હું નિત્ય શુદ્ધ-બુદ્ધ-મુક્તસ્વભાવ છું, હું બ્રહ્મ છું, ’ એ પ્રમાણે ‘હું…છું’ એવી આત્માના સદ્રૂપની પ્રતીતિ થવા પામે છે; તેથી આ થયો સત્‌રૂપ ‘ સામાન્ય અંશ ’ અર્થાત્ ‘ આધાર. ’

જેમ છીપના ત્રિકોણત્વ, નીલ પીઠ હોવાપણું ઈ૦ વિશેષ અંશો છે, તેમ ચેતન, આનંદ, અસંગત્વ, અદ્વિતીયત્વ ઈત્યાદિ આત્માનાં 'વિશેષણો' અર્થાત્ તેનાં વિધિમુખ તથા નિષેધમુખ વિશેષ અંશો છે; કારણ કે ભ્રાન્તિકાળમાં તેની પ્રતીતિ થતી નથી, પરંતુ તેની પ્રતીતિ થતાં ભ્રાન્તિની નિવૃત્તિ થઇ જાય છે. એ આત્માનું તે અંશો રૂપ આત્મપણું ભ્રાન્તિકાળની તેમજ જ્ઞાન-કાળની પ્રતીતિઓનું અધિષ્ઠાન છે.

ત્રણ અવસ્થાઓરૂપી ઉપર કહેલો પ્રપંચ 'કલ્પિત-વિશેષ અંશ' છે, કારણ કે બ્રહ્મથી અભિન્ન આત્માના અજ્ઞાનકાળમાં તે પ્રતીત થાય છે, તથા 'હું બ્રહ્મ છું' એવા આત્માના જ્ઞાનના કાળમાં તે પ્રતીત થતો નથી; તેથી, આ ત્રણ અવસ્થાઓ રૂપી પ્રપંચ ભ્રાન્તિ છે.

એ પ્રમાણે આ ત્રણ અવસ્થાઓ આત્મામાં મિથ્યા જ પ્રતીત થાય છે.

આત્મામાં મિથ્યા પ્રપંચની થતી પ્રતીતિમાં હજી પણ એક વિશેષ યુક્તિ લઈએ.

જેમ સ્થાણુ એટલે કે ઝાડના ઠૂંઠામાં, અંધકાર કાળે અથવા ચક્ષુદોષથી, પુરુષની પ્રતીતિ થાય છે, સાક્ષીમાં સ્વપ્નની પ્રતીતિ થાય છે, મરુભૂમિમાં મૃગજળ જણાય છે, આકાશમાં નીલતા જેવું દેખાય છે, દોરડામાં સાપ ભાસે છે, પાણીમાં પડતું પ્રતિબિંબ ઊંધે માથે ઊભેલો પુરુષ કે ઊંધું વૃક્ષ બતાવે છે, અને દર્પણમાં પણ ઉલટાસુલટી જુદી વસ્તુ જ દેખાય છે, તેમ અંતઃકરણ રૂપી વાસનાજળ અથવા સંસ્કારદર્પણ દ્વારા આત્મામાં પોતાના અજ્ઞાનથી પ્રપંચ પ્રતીત થાય છે, અને તે મિથ્યા છે; આ પ્રમાણે પ્રપંચના મિથ્યાપણાનો નિશ્ચય કરવો.

પ્રપંચ એટલે ' પાંચ મહાભૂતોના પ્રકૃષ્ટ અર્થાત સારી રીતે થયેલાં મિશ્રણો દ્વારા જે ઉત્પન્ન થયેલા જેવું જણાય છે તે સંપૂર્ણ દૃશ્ય જગત્, તથા તેના સકળ પદાર્થો, ' એમ જાણવું.

આમ, વસ્તુ દેખાતી જેવી લાગતી છતાં પરમાર્થમાં સાવ મિથ્યા અને કલ્પિત હોવાનું જણાઇ જવું, અને તેવો નિશ્ચય થવો, તેને જ તે વસ્તુનો **બાધ** કહેવામાં આવે છે. 'નાશ' તો, માત્ર સ્થૂલ હોઇ, તે પુનઃ સ્થૂલરૂપે અથવા કલ્પનારૂપે પણ ઉપજાવાનો સંભવ રહે છે, જયારે ' બાધ ' અથવા આત્યંતિક નાશ એટલે, પદાર્થ કદાચ સ્થૂલ ઇન્દ્રિયો કે મન દ્વારા પણ ભાસમાન થયા કરતો હોય તોયે, તે ખરેખરો સત્ય કદી પણ લાગતો નથી, અને તેની સત્યતા તેવા પુરૂષને ત્રણેયે કાળમાં મનમાં ઠરતી નથી. જેમ કે, મૃગજળ ખોટું છે એમ જાણ્યા પછી, તે ગમે તેટલું દેખાય કે કલ્પાય તોયે તે સાચું હોવાની ભ્રમણા તે પુરુષને કદાપિ થતી નથી.

ત્યારે, બાધ એટલે, દેખાતી હોય તેવી લાગતી મિથ્યા વસ્તુનું મિથ્યાપણું જાણવું તે, અર્થાત્, એ દેખાય છે તેટલા પૂરતી ' હોવા ' છતાં, તેને સત્ત્વ વગરની, અને વસ્તુતઃ તે નહિ હોવા સમાન જાણવી, તે; મતલબ કે, ભ્રમનિરાસ, એ ત્રણ રીતે શક્ય છેઃ-

**(૧) શાસ્ત્રીય, ૨ યૌક્તિક, અને ૩ અપરોક્ષ.**

**શાસ્ત્રીય** એટલે, શાસ્ત્રવચનો દ્વારા, કે આપ્ત જનનાં વચનો દ્વારા તેમ થવું તે; **યૌક્તિક** એટલે દાખલા દલીલો. અધ્યારોપાપવાદ, અન્વય-વ્યતિરેક ઇ૦ યુક્તિઓ દ્વારા ભ્રમનો નિશ્ચય થવો તે; અને **અપરોક્ષ** એટલે સ્વાનુભવથી ખબર પડવી તે, કે જેના વડે થતો બાધ વધારેમાં વધારે સાચો અને છેવટનો થાય છે. આ ત્રણેય પગથિયાં દ્વારા ભ્રમનિરાસ થવા પામે છે; અને એવું ભ્રાન્તિનું

નિરસન થવું, અર્થાત તેનું ઊડી જવું, એ જ્ઞાનની ઘણી ઊંચી સાધનભૂમિકા છે.

**(૨) ભ્રાન્તિરૂપ જણાઇ આવેલો સંસાર કેટલા પ્રકારનો છે?**

ભ્રાન્તિ પાંચ પ્રકારોથી યુક્ત છે :

**૧. ભેદની ભ્રાન્તિ;**
**૨. કર્તા-ભોક્તાપણાની ભ્રાન્તિ:**
**૩. સંગની ભ્રાન્તિ;**
**૪. વિકારની ભ્રાન્તિ; અને**
**૫. બ્રહ્મથી ભિન્ન જગતની સત્યતાની ભ્રાન્તિ.**

**(૩) આ ભ્રાન્તિનાં સ્વરૂપો કેવાં છે ?**

૧. ભેદ એટલે ભિન્નતાપણું, જુદાપણું. એવા ભેદને અદ્વૈત ભાવ મુજબ 'ભ્રાન્તિ' જાણવાને બદલે, તેને સત્ય લેખતા દ્વૈતવાદીઓ પાંચ ભેદને સાચા માને છે.

अ. **જીવોનો પરસ્પર ભેદ:** એટલે કે જીવો બધા એક બીજાથી નોખા અને તત્ત્વે કરીને જુદા છે, એવું માનવું તે:

ब. **જીવ-ઇશનો ભેદ:** અર્થાત્ ઈશ્વરથી જીવો જુદા અને કદી પણ તત્સ્વરૂપ નહિ થનારા છે, એવી 'દ્વૈતવાદી' માન્યતા.

क. **જડ પદાર્થોનો પરસ્પર ભેદ:** મતલબ કે બધા દશ્ય જડ જેવા લાગતા પદાર્થોનું તાત્વિક એકત્વ નથી, બલકે તે બધા, જેવા વ્યવહારમાં એક બીજાથી જુદા જણાય છે તેવા, પરમાર્થમાં પણ એક બીજાથી સાવ જુદા છે, એવું માનવું તે.

ड. **જીવ ઇશ્વર-જગતનો ભેદ:** એટલે કે જીવ અને ઇશ્વર પરસ્પર મૂળમાં જ ભિન્ન છે, અને ઇશ્વર તથા જગત પણ

ભિન્ન ભિન્ન છે, એટલું જ નહિ પણ ત્રણેયે વાસ્તવિક રીતે અને પારમાર્થિક અર્થમાં પણ એક બીજાથી ભિન્ન તથા નિત્ય પદાર્થો છે, એવી 'ત્રૈતવાદી' માન્યતા (જેનું ઉદાહરણ આર્યસમાજનો સિદ્ધાન્ત છે).

ઈ. **જીવ-જગતનો ભેદ**: ભોક્તા જીવ અને ભોગ્ય સંસાર. ઉભય પરસ્પરથી ભિન્ન અને નિત્ય પદાર્થો છે, એવો દ્વૈતવાદનો પ્રકાર.

તેથી ઊલટું, આ ભેદભાવને ટાળવો અને જીવ શિવની એકતાનો, જગતના મિથ્યાદર્શનત્વનો તથા સર્વ જડચેતન પદાર્થોની એકમાત્ર બ્રહ્મ-મયતાનો અનુભવ થવો, એ શાંકર અદ્વૈતનો સિદ્ધાન્ત છે.

આ ઉપરાન્ત સ્થૂલ દૃષ્ટિએ જોતાં, બધા પદાર્થોના ત્રણ પ્રકારે ભેદ છે.

૧. **સજાતીય ભેદ**: એક જ જાતિવાળા પદાર્થોનો પરસ્પર ભેદ. જેમ કે એક આંબાનું બીજા આંબાથી જુદા હોવાપણું.

૨. **વિજાતીય ભેદ**: જુદી જુદી જાતના પદાર્થો વચ્ચેનો ભેદ. જેમ કે ઝાડનું પથ્થરથી જુદાપણું.

૩. **સ્વગત ભેદ**: અવયવનો અવયવીથી, જેમકે ઝાડનો તેનાં ડાળાં-પાંદડાંથી ભેદ.

મુખ્ય ભેદભ્રાન્તિ, તે જગત્ બ્રહ્મથી ભિન્ન હોવાનો ભ્રમ. તદુપરાન્ત, અજ્ઞાનના ભેદ છે.

अ. **માયાસંજ્ઞક અવિદ્યા**: કે જે સમષ્ટિ-અજ્ઞાનમય ઇશ્વરે સ્વેચ્છાથી ધારણ કરેલી ઉપાધિ છે.

બ. **અવિદ્યા** : જે વ્યષ્ટિ–અજ્ઞાનમય જીવની ઉપાધિ છે.

બીજી રીતે, (૧) **જ્ઞાનશક્તિ રૂપે** એટલે કે પદાર્થને જાણવાની બુદ્ધિ રૂપે, અને (૨) **ક્રિયાશક્તિ રૂપે** ભેદ.

ત્રીજી રીતે; અજ્ઞાનના ભેદ છેઃ (૧) **આવરણ રૂપેઃ** અને (૨) **વિક્ષેપના કારણ રૂપે.**

ચોથી રીતેઃ અજ્ઞાન (૧) **સમષ્ટિ** એટલે ઇશ્વરની ઉપાધિ, અને (૨) **વ્યષ્ટિ** એટલે જીવની ઉપાધિરૂપે, એમ વિવિધ કહેવાય છે.

પાંચમી રીતેઃ જગતનું (૧) **ઉપાદાન કારણ**; મૂલ-પ્રકૃતિ જે ઇશ્વરની ઉપાધિ છે તે, અને તેની તૂલ-પ્રકૃતિ અર્થાત્ (૨) **કાર્ય રૂપ અંતઃકરણ** જે જીવની ઉપાધિ છે તે. એમ, અજ્ઞાન વિવિધ છે, અને તેને પરખવાની પ્રક્રિયાઓ પણ અનેક છે.

બધા ભેદો પરત્વે સિદ્ધાન્ત એ છે કે એ બધા જ ભ્રાન્તિ છે, કેમ કે બ્રહ્મથી મૂલ-સ્વરૂપે કશું પણ, કદી પણ ભિન્ન હોઇ શકતું નથી, ને જે તેવું હોવા જેવું લાગે છે તે બધું તત્ત્વતઃ અનિત્ય અને તેથી મિથ્યા હોઇ, ભ્રમ સિવાય બીજું કશું નથી. સંપૂર્ણ શાસ્ત્રો, સંપૂર્ણ પ્રસ્થાનત્રયી ( = ઉપનિષદો, ગીતા અને બ્રહ્મ-સૂત્ર) અને સંપૂર્ણ તત્ત્વજ્ઞાનનો એ નિચોડ જાણવો.

# સર્ગ-બાવીસમો

# ભ્રાન્તિ-નિવારણ

**(૧) ભેદભ્રમના નિવારણ માટે કઇ શાસ્ત્રીય યુક્તિઓ છે?**

યુક્તિ, કે ન્યાય, કે દૃષ્ટાન્ત, જે કહો તે, સિદ્ધાન્તને સમજવા માટેની તરકીબો છે. એને પ્રક્રિયાઓ પણ કહેવાય. વેદાન્ત શાસ્ત્ર એવી મુખ્ય પાંચ પ્રક્રિયાઓ બતાવે છે; એમાંની જે યુક્તિ જે વેદાન્તી સમૂહને ફાવે, તે એને મુખ્ય રૂપે સ્વીકારીને તે રીતે તર્ક-વડે સિદ્ધાન્તના મર્મને પકડવામાં અનુકૂળતા અનુભવે, તથા અન્યોને તેમ કરવા ભલામણ કરે છે.

૧. **બિમ્બ-પ્રતિબિમ્બ ન્યાયઃ** તેના વડે ભેદ-ભ્રમનું નિવારણ થાય. દર્પણમાં મુખનું જે પ્રતિબિમ્બ દેખાય છે, તે દર્પણમાં નથી જ, છતાં હોવાનું દેખાય છે. ખરું જોતાં, દર્પણને જોવાને માટે નેત્રમાંથી નીસરેલી મનપ્રેરિત નેત્રવૃત્તિ દર્પણને સ્પર્શ કરીને, તે પારદર્શક કાચ હોવાથી, તેની પાછળના અપારદર્શક પદાર્થને ભટકાઈને પાછી વળીને મુખને જ દેખાય છે. અહીં મોં બિમ્બ, અને અરીસામાં પડતી ભાસતી છાયા તેનું પ્રતિબિમ્બ છે; તે બે ખરું જોતાં ભિન્ન ભિન્ન નથી; અને મુખ મિથ્યા નથી, તેથી પ્રતિબિંબ પણ મિથ્યા ન હોઈ શકે, કેમકે સત્યથી જે અભિન્ન, તે અસત્ય ન જ હોય, બલકે તે સત્ય જ છે; પરંતુ પ્રતિબિમ્બના જે ધર્મો-બિમ્બથી જુદા હોવા પણું, દર્પણમાં સ્થિતિ, બિમ્બથી

ઉલટાપણું અને એ બધું એ પ્રમાણે ભાસવાનું જે જ્ઞાન થયું તે બધું ભ્રાન્તિ જ છે. એમ, પ્રતિબિમ્બના **ધર્મોના** મિથ્યાપણાનો નિશ્ચય થવાથી તે ભ્રાન્તિનો નાશ, અને બિમ્બ-પ્રતિબિમ્બનો તત્ત્વતઃ અભેદ, દૃઢ થાય.

સૂર્યનું જળમાં પડતું પ્રતિબિમ્બ, સ્વરૂપે કરીને પોતાના બિમ્બ સૂર્યથી અભિન્ન છે, પરંતુ તેનું જુદાપણું, જળમાં તેની સ્થિતિ, જળની તરલતાના સંયોગથી તેની દેખાતી તરલતા, ઈત્યાદિ ભાસતા તેના **ધર્મો** ખોટા છે. એ ધર્મોનું ખોટા-પણું જાણ્યું, કે પ્રતિબિમ્બની બિમ્બથી અભિન્નતા ચોક્કસ થઈ જ.

તે પ્રમાણે અધ્યાત્મમાં, શુદ્ધ ચેતન બ્રહ્મસ્વરૂપ બિમ્બ, તેનું વાસના-કર્મફળ રૂપ અજ્ઞાન-દર્પણમાં જીવરૂપે પ્રતિબિમ્બ ભાસેલું છે; તેમાં, સ્વપ્નમાં હોય છે તેમ, એક જીવ મુખ્ય છે અને બીજા તેના સંબંધિત સ્થાવર-જંગમ પદાર્થોરૂપી અનેક જીવો **તે જીવની ગરજ રાખીને** ભાસે છે; એનું નામ **જીવાભાસ.** તે મુખ્ય જીવ ઈશ્વરરૂપ બિમ્બથી સર્વદા અભિન્ન છે; છતાં, માયા-અ-જ્ઞાન દર્પણને લીધે જીવના જે ધર્મો ભાસે છે, જેવા કે ઈશ્વરથી જુદાપણું, જીવપણું, અલ્પજ્ઞતા, અલ્પશક્તિમત્તા, પરિચ્છિન્નતા, નાનાત્વ, અને તે બધું તેવી રીતે હોવાનું જણાવવારૂપી જ્ઞાન—એ બધા જ ધર્મોના તેમના મિથ્યાપણાના જ્ઞાનવડે બાધ કરતાં, જીવરૂપ પ્રતિ-બિમ્બ અને ઈશ્વરરૂપ બિમ્બનો સદા અભેદ નિશ્ચિત થાય છે. એ પ્રકારે, આ ન્યાયથી ભેદની ભ્રમણા ટળી શકે છે.

(૨) દૃષ્ટિ-ભ્રાન્તિ ( અં૦ ઑપ્ટિકલ ઇલ્યૂશહન ) નું બીજું દૃષ્ટાન્ત **રક્ત-સ્ફટિક ન્યાયનું** છે. લાલ કપડા ઉપર પડેલા સ્ફટિકમાં તે લાલ કપડાનો લાલ રંગ, તે સ્ફટિક સાથેના સંયોગ રૂપી સંબંધને લીધે ભાસે છે, પરંતુ વાસ્તવમાં એ રક્તત્વ ધર્મ

વસ્ત્રનો છે, અને તે કાપડનો તથા સ્ફટિકનો વિયોગ થતાં, તે રંગ સ્ફટિકમાં ભાસતો બંધ થઈ જવાનો; તેથી તે ધર્મ સ્ફટિકનો નથી જ, એમ ચોક્કસ થાય છે. તે રીતે અધ્યાત્મમાં, અંતઃકરણનો જે કર્તા-ભોક્તાપણાનો ભાવ છે, તે આત્મામાં 'તાદાત્મ્ય-સંબંધ'થી ભાસે છે; કેમકે જીવને સત્તા-સ્ફૂર્તિ આપી રહેલું આત્મ-ચૈતન્ય જીવમાં ઓતપ્રોત હોવાથી, જાણે આત્મા પોતે જ જીવ છે, એવી 'તાદાત્મ્ય- ભ્રાન્તિ' થાય છે; પરંતુ, તે ધર્મ અંતઃકરણનો જ છે. અને સુષુપ્તિમાં ચિત્રૂપ આત્માનો વિયોગ થતાં એટલે કે 'જાણવા' રૂપ આત્મતત્ત્વથી અંતઃકરણ છૂટું પડતાં જ, આત્મામાં તેનું ભાન થતું નથી, તેથી તે આત્માનો ધર્મ નથી, પરંતુ તે ધર્મ આત્મામાં સાવ 'નિકટતાજન્ય તાદાત્મ્ય ભ્રાન્તિ'થી ભાસે છે. એમ, આ દૃષ્ટાન્ત વડે 'હું'ના **કર્તા-ભોક્તાપણાનું** નિવારણ થઈ શકે છે.

(૩) ઘટાકાશના દૃષ્ટાન્તથી **સંગભ્રાન્તિ** ટળે છે. ઘડાની ઉપાધિવાળું એટલે કે ઘડામાં ઘેરાયેલું આકાશ, 'ઘટાકાશ' છે, એવી ભ્રમણા. તે આકાશ (=અવકાશ) ઘડાના સંગવાળું ભાસે છે, તો પણ ઉત્પત્તિ, નાશ, લવાવું-લઇ જવાવું ઈત્યાદિ જે ઘડાના ધર્મો છે, તે એ આકાશને સ્પર્શતા નથી; તેથી, આકાશ અસંગ છે, અને ઘડા સાથે આકાશનો જે સંબંધ ભાસે છે, તે 'દૃષ્ટિભ્રમ'-ઑપ્ટિકલ ઈલ્યૂઝન છે.

તે પ્રમાણે, દેહેન્દ્રિયસંઘાત (= શરીર) માં આત્માની સ્થિતિ હોવાથી, તેની ઉપાધિવાળા ગણાતા આત્માને જ લોક 'જીવ' કહે છે, અને તેવો તે આત્મા જાણે કે સંઘાતવાળો, એટલે કે તે શરીરના સંગવાળો હોય તેવો જણાય છે; તો પણ, જન્મ-જરા-મરણ ઇ૦ ષડ્વિકારો તે આત્માને સ્પર્શ કરતા નથી, કારણ કે સંઘાત

**દૃશ્ય** છે, ને આત્મા તો તેને જોવા-જાણવાવાળો તેનો **દ્રષ્ટા** છે; તેથી, આત્મા એ સંઘાતથી ન્યારો અને અસંગ છે. અને તેથી, આત્મા સંઘાતરૂપ નથી, આત્માનો સંઘાત સાથે **અહંતા** રૂપ (-'એ હું છું' એવા ભાવરૂપ) સંબંધ પણ નથી, તેમ તે સંઘાત કંઇ આત્માનો નથી પરંતુ પાંચ ભૂતોનો જ છે; તેથી, આત્માનો સંઘાતની સાથે **મમ-તા** (-મારું હોવાપણા) નો સંબંધ પણ નથી. એમ, સંઘાતથી ન્યારો આત્મા સ્વયંસિદ્ધ છે; અને તે કારણે, સંઘાતનાં સંબંધી સ્ત્રી, પુત્ર, ઘર ઈત્યાદિ સાથે તો આત્માનો સંબંધ હોય જ કેવી રીતે? સંઘાત સાથે આત્માનો અજ્ઞાનથી ભાસતો હું-મારું રૂપ સંબંધ જ ભ્રમણા છે; એવી રીતે આ દૃષ્ટાન્ત 'સંગભ્રાન્તિ' નામના દોષનું નિવારણ કરવામાં સહાયક છે.

(૪) રજ્જુ-સર્પના પ્રસિદ્ધ દાખલાથી **વિકારભ્રાન્તિ** ટળી શકે. જેમ અર્ધ અંધકારમાં દોરડું પડેલું હોય, તેને જોવા માટે નેત્રદ્વારથી અંતઃકરણની દૃષ્ટિવૃત્તિ નીસરે; તે વૃત્તિ અંધારા, દૂરપણા, નેત્રદોષ વગેરે અંતઃરાયોને કારણે દોરડાના રૂપને ઓળખી ન શકી: તેથી, તે વૃત્તિવડે દોરડીના (તે નહિ જણાએલી હોવારૂપ અજ્ઞાન-રૂપી) આવરણનો ભંગ થતો નથી; ત્યારે દોરડી ઉપાધિવાળા ચૈતન્યને આશરે રહેલી જે ન-જાણવારૂપી તૂલા અવિદ્યા, તે ક્ષોભ પામે છે (=સળવળે છે), અને ચિત્તમાં રહેલી દોરડાને મળતા આકારવાળા સાપની સ્મૃતિને વળગી પડીને સાપરૂપી વિકારને પકડી લે છે, અને પોતાની પ્રવૃત્તિને સાર્થક કરે છે. **પ્રત્યક્ષ દોરડું ન દેખાતાં, સ્મૃતિમાં રહેલા તે આકારના સાપને** ધારણ કરીને પણ એ કૃતાર્થ થાય છે—'છીંડે ચડયો તે ચોર' એ ન્યાયે!

ત્યાં શું બન્યું? એ વૃત્તિ પ્રત્યક્ષ જ્ઞાનના પ્રયાસમાં નિષ્ફળ

થઇને પાછી અંતઃકરણમાં જઈને તપાસ કરે છે, તો પૂર્વે જોયેલા દોરડી આકારના સર્પની સ્મૃતિ ત્યાં પડેલી જણાય છે. અને તેને નિશ્ચિત આકારનું જ્ઞાન મેળવવાની તક સાંપડતાં, એ પેલી સંદિગ્ધ વસ્તુને બદલે તરત તે રૂપે બની જાય છે, તેને પકડી લે છે.

તેથી, દૂધનું વિપરિણામ જેમ દહીં થાય છે, તેમ અવિદ્યાના પરિણામરૂપ સાપ ઊપજે છે, અને તે 'દોરડીઉપહિત ચૈતન્ય'નો (દોરડી રૂપી ચૈતન્યનો) 'વિવર્ત' છે, 'પરિણામ' નથી. (પરિણામ અને વિવર્તની વ્યાખ્યાઓ જે પાછળ થઇ ગઈ છે તે અહીં ફરીથી જોઇ લેવી.) અવિદ્યા સાપનું રૂપ ધારણ કરી બેસે છે; પણ દોરડી તો જેવી ને તેવી જ રહીને સાપનો ફકત ખોટો આભાસ આપે છે, જે આભાસ 'વિવર્ત' કહેવાય છે.

## (૨) તુલા અવિદ્યા શું છે?

ઘડારૂપી ઉપાધિવાળા ચૈતન્યને આવરણ કરનારી, તેને ઢાંકનારી, તેને નહિ જણાવા દેનારી જે અવિદ્યા, તે, સંસારને સત્ય માનવારૂપી સંપૂર્ણ **મૂલા** અવિદ્યાના ફાલરૂપ **તુલા** કહેવાય છે.

ભારતના સ્વાતંત્ર્યસંગ્રામ કાળે એવું કહેવાતું હતું કે સત્યાગ્રહીઓ જે જેઇલમાં જાય છે, તે તો જેઈલની અંદર રહેલી માત્ર પેટાજેઈલ છે; મુખ્ય મૂળ જેઇલ, તે પરદેશ પરત્વેની પરાધીનતા; તેની અંદર પેટા-જેઈલ તે કેદખાનું. તેવી રીતે, સંસારી-ભાવરૂપી માયાસંજ્ઞક મોટી મૂલા અવિદ્યાની જેઇલ, તેમાં તેના જ ફળરૂપી નાની નાની પ્રપંચજન્ય ભ્રમણાઓરૂપી પેટા-જેઈલો, તે તુલા અવિદ્યાઓ કહેવાય.

## (૩) એ રજ્જુ-સર્પ ન્યાયને અધ્યાત્મમાં ઘટાવો.

ઉપર કહ્યા પ્રમાણે, બ્રહ્મચૈતન્યને આશરે રહેલી જે મૂલા

અવિદ્યા ( = માયા ), તે જીવોના પ્રારબ્ધને નિમિત્તે ક્ષોભ પામીને જડ ચૈતન્ય ( ચિદાભાસ ) પ્રપંચરૂપ વિકારને ધારણ કરે છે–જીવ -જગતરૂપે **બની** જાય છે. તેથી, એ પ્રપંચ અવિદ્યાનું **પરિણામ** છે; અને તે માયા-અવિદ્યાના અધિષ્ઠાન બ્રહ્મચૈતન્યનો માત્ર વિવર્ત છે, પરિણામ નહિ; એમ, આ યુક્તિવડે આત્મામાં ભાસતી વિકાર-ભ્રાન્તિનું નિવારણ થાય છે, ને 'હું'' ના તાત્ત્વિક અસંગ અવ્યય સાક્ષિત્વનો નિશ્ચય દઢ બને છે. એટલે કે, ' આ જગત બ્રહ્મનો વિકાર છે, બ્રહ્મે ' પોતે સાચેસાચ ધારણ કરી લીધેલું આ તેનું રૂપાન્તર છે, ' એવી ભ્રાન્તિ ટળી જઇને ' આ તો બ્રહ્મ જેમનું તેમ છે, અને અજ્ઞાનઅંધકારરૂપી દૃષ્ટિદોષને લીધે તેમાં જીવ-જગતનો જે ભ્રમાત્મક આભાસ છે, તે તો જ્ઞાન થતાં બ્રહ્મમાંથી ઊડી જવાનો, અને પછી કેવળ બ્રહ્મત્વ જ દેખાવાનું – જેમ ફાનસ આવતાં સાપનો આભાસ દોરડામાંથી ઊડી જવાનો, ને દોરડું જ દેખાવાનું, તેમ. '

## (૪) ક્ષોભ, પરિણામ, મૂલા અવિદ્યા, અધિષ્ઠાન વગેરે શબ્દોના શાસ્ત્રસંગત અર્થો કેવા છે ?

કાર્ય કરવા તત્પર થવું, કાર્યરહિત શાન્ત, સાત્ત્વિક, જ્ઞાન-માત્ર સ્થિતિનું તે પ્રવૃત્તિ માટે હાલીને પ્રવૃત્તિરૂપ ગતિને પામવું અથવા સળવળવું, તે **'ક્ષોભ.'**

પોતાના અસલ પૂર્વરૂપનો ત્યાગ કરીને બીજા રૂપમાં જાતે પલટાઇ જવું, તે **' પરિણામ'**

જેમ દૂધનું રૂપાન્તર દહીંરૂપે. તે ' **વિકાર** ' પણ કહેવાય.

**શુદ્ધ** બ્રહ્મ અને શરીરસ્થિત આત્માને નહિ પરખવા દેનારી, જીવના મુખ્ય લક્ષણરૂપ મોટી સર્વગ્રાહી અવિદ્યા, તે **' મૂલા અવિદ્યા '** અથવા સ્વરૂપનું અજ્ઞાન.

જે પોતે નિરંતર નિર્વિકાર રૂપે સ્થિત, અને અવિદ્યાને લીધે ઊપજતા કલ્પિત કાર્યનો જે આશ્રય હોય, તે 'અધિષ્ઠાન.'

જેમ ચાંદીનું છીપ, પ્રપંચ માયાનું બ્રહ્મ ઇત્યાદિ.

અધિષ્ઠાનથી ભિન્ન પ્રકારના ભાસતા અસ્તિત્વવાળો (પોતાના આધારરૂપ પદાર્થથી પોતાની જુદી હયાતી બતાવનારો) એટલે કે (જ્ઞાન થતાં સુધી જ ટકનારો) અલ્પ અને નવીન પ્રકારનો જે ભાસમાન આકાર, તે 'વિવર્ત'; જેમ કે દોરડીનો સાપ, બ્રહ્મનો જીવ-જગત્. તેને કલ્પિત કાર્ય અથવા કલ્પિતવિશેષ પણ કહેવામાં આવે છે.

## (૫) અજ્ઞાનના નિવારણ માટે બીજો કોઇ તેવો જ સચોટ ન્યાય છે?

છે જ. પાછળ ચાર કહેવાયા છે, ને આ છે પાંચમો, કનક-કુંડલ ન્યાય. તેના વડે 'જગતની બ્રહ્મથી ભિન્નરૂપે સત્યતા'ની ભ્રાન્તિ ટળી શકે છે.

## (૬) કેવી રીતે?

કનક છે કુંડલનું કારણ, ને કુંડલ છે કનકનું કાર્ય. એવા કાર્ય-કારણ ભાવને લીધે કનક અને કુંડલ વચ્ચે જે ભેદ ભાસે છે 'આ સોનું છે, ને આ તો છે કુંડલ,' એ રીતે – એ કલ્પિત છે; સોનાથી ઘરેણાનું કોઇ જુદું સ્વરૂપ એટલે કે આગવું અસલ રૂપ દેખાતું નથી; તેથી, તે બેનો વાસ્તવમાં મૂળરૂપે અભેદ છે, ને કનકથી ભિન્ન કુંડલનું અસ્તિત્વ અર્થાત્ તેની સત્તા જ નથી. તે પ્રમાણે, બ્રહ્મનો અને જગતનો ભેદ કાર્ય-કારણ ભાવને લીધે જણાય છે, પરંતુ તે કલ્પિત છે. જરા વિચાર કરી જોવામાં આવે તો, 'અસ્તિ

ભાતિ-પ્રિય' (છે–જણાય છે–ઉપયોગી છે, હોવું-જણાવું-ગમવું)થી ભિન્ન નામરૂપમય જગત્ પારમાર્થિક સાચું નહિ, પણ મિથ્યા જ સિદ્ધ થાય છે. અને જે વસ્તુ જેમાં કલ્પિત હોય છે, તે વસ્તુ તેનાથી ભિન્ન હોવાનું સાબીત થઇ શકતું નથી; તેથી, વસ્તુતઃ બ્રહ્મથી જગત્નો અભેદ છે, અને બ્રહ્મથી જગતની ભિન્ન સત્તા નથી. એ પ્રમાણે બ્રહ્મથી જગતની પૃથક્ હયાતી હોવાની ભ્રાન્તિ દૂર કરવામાં આ દૃષ્ટાન્ત સહાયક બને છે.

ભ્રાન્તિ, અધ્યાસ ઇત્યાદિ પદોની વ્યાખ્યાઓ થઇ ચૂકી છે, તે અહીં પુનઃ જોઈ લેવી. એ સર્વ યુક્તિઓનો હેતુ એક જ છે –આત્માનું સાચું સ્વરૂપ જાણવું, ને મુક્ત થવું. આત્માનાં વર્ણ-નાત્મક વિશેષણો જાણવાથી તેના સ્વરૂપનો પરિચય થવામાં સરળતા પડે છે.

# સર્ગ–તેવીસમો

## આત્માનાં વિશેષણો

**(૧) હમણાં જ 'આત્માના વર્ણનરૂપ વિશેષણો'ની વાત આપે કરી. એવી કઈ નિશાનીએ આત્માને જાણવો ?**

છૂટક છૂટક રીતે એવાં શાસ્ત્રસંમત વિશેષણોના ઉલ્લેખો અત્યાર સુધીમાં થઇ ચૂકયા છે. છતાં એકત્ર રૂપે ટૂંકામાં તે અહીં તપાસી જઇએ.

આત્માનાં વિશેષણો બે પ્રકારનાં કહેવાય છે : (૧) **વિધેય**=વસ્તુ શું છે તે કહેનારાં; અને (૨) **નિષેધ્ય**=વસ્તુ શું નથી તે કહેનારાં.

૧ **વિધેય વિશેષણો** : ૧. **સત્**=હોવું, અસ્તિત્વ, 'છે-પણું' કે જે કદી પણ 'નથી પણું' ન હોઈ શકે; તેથી, આત્મા 'સત્' છેઃ

૨. **ચિત્**=જાણવું તે, જ્ઞપ્તિ, સ્વયં જ્ઞાન પોતે–'શેનું' કે 'કોનું' જ્ઞાન નહિ, પણ જ્ઞાનનું વગર–વિશેષણનું સ્વરૂપ (અં૦ પ્રિન્સિપલ ઓફ નોઈન્ગ ), જાણવું કદી પણ અજાણવું થઈ શકે નહિ, તેથી આત્મા 'ચિત્' છે; અને

૩. **આનંદ**, કે જેના વિના કોઈ પણ પદાર્થ પ્રકટી, નભી કે જણાઇ શકે નહિ. ગમે તેવા દુઃખમાં પણ જીવતા રહેવાનો

આનંદ વિદ્યમાન હોવાથી જ, મનુષ્ય જીવવા મથે છે, ને જ્યારે જીવનમાંથી આનંદ ખરેખર ખૂટી જાય છે ત્યારે આપઘાતથી, કે એમને એમ પણ, મરી જાય છે, અથવા મરવા ઇચ્છે તો છે જ; એ પ્રસિદ્ધ હકીકત છે. તેથી, આત્મા આનંદ છે. બધા જ આપેક્ષિક આનંદો સહજ આત્મસ્વરૂપ આનંદની છાયા એટલે કે તેનો લવલેશમાત્ર છે; પદાર્થોની ઉપયોગિતા તેનો આનંદ અંશ છે.

૪. **બ્રહ્મ** : વેદાન્તોએ આત્મા અને બ્રહ્મ અર્થાત્ પરમાત્મા, બંનેને 'સચ્ચિદાનંદ' કહ્યા છે; અને આત્મા સચ્ચિદાનંદ છે, તથા બ્રહ્મપણ તે જ છે, તેથી આત્મા બ્રહ્મ છે. અથવા, બ્રહ્મ ( બૃહ્: વધવું, એ ધાતુ ઉપરથી ) સર્વવ્યાપક છે, ને ઉપર બતાવ્યા પ્રમાણે આત્મા સર્વવ્યાપક છે, તેથી તે બ્રહ્મ છે.

૫. **સ્વયંપ્રકાશ** : જગતમાં જે કંઈ ભાસે છે, જણાય છે, તે આત્માના સત્-ચિત્ ( હોવું-જાણવું )પણાને લીધે; અને આત્મા પોતે પણ પોતાના સત્-ચિત્ સ્વરૂપે પ્રતીત થાય છે; જેમ સૂર્ય વડે બધું દેખાય છે, તે સૂર્ય પોતે પોતાના વડે જ દેખાય છે તેમ; તેથી, આત્મા 'સ્વયંપ્રકાશ' છે.

૬. **કૂટસ્થ** : એટલે લુહારની એરણ ( કૂટ ) જેવો સ્થિત. કૂટ ઉપર લુહાર તથા ઘણ દ્વારા કુટાઈ કુટાઈને લોખંડના અનેક આકારો બને છે, છતાં તે પોતે તો તેવી ને તેવી જ, જાતે કશું પણ નહિ કરતાં અવિચળ અને નિર્વિકાર રહે છે; તેમ જગતનાં બધાં નામરૂપોની વિવિધતા આત્માની સ્ફુરણાથી અને તેના આધારે મન દ્વારા બની શકે છે, પરંતુ તે પોતે બધામાં અવિચળ, અવિકારી, અકર્તા વિરાજે છે, ને જે થાય છે તે બધું સહજ સ્વભાવથી, તેણે પોતે કર્યા વગર થાય છે— થતું જેવું ભાસે છે:

૭. **સાક્ષી :** જેને બનતી ઘટના સાથે સંબંધ ન હોય, જે પાસે હોય અને ચેતન હોય, તે; એ વ્યાખ્યા આત્માને જગત પરત્વે પૂર્ણપણે લાગુ પડે છે, તેથી આત્મા 'સાક્ષી' છે.

૮. **દ્રષ્ટા :** ઉપર કહ્યું તે કારણે, આત્મા બધું જ જાણનારો તથા જોનારો છે, કેમકે તેના વડે જ બધું જાણવાનું જોવાનું બને છે.

૯. **ઉપદ્રષ્ટા :** યજ્ઞમાં યજ્ઞ કરનારા, કરાવનારા અને જોનારા હોય છે. જોનારા યજ્ઞસાક્ષી, તે ઉપદ્રષ્ટા, જે બધું જુએ છે પણ કરતા કશું નથી. શરીરરૂપી યજ્ઞશાળામાં જીવનયજ્ઞ કરનારા કરે છે, કરાવનાર કરાવે છે, ને આત્મા તે સર્વની નિકટતમ રહેતો, બધું જાણતો, સર્વને પ્રેરતો વિરાજમાન છે.

૧૦. **એક :** આત્માના જેવું બીજું કશું છે જ નહિ, કેમકે જે હોય, તો તે સત્-ચિત્-આત્મા જ હોય; તેથી, આત્મા 'એક' છે.

૨ **નિષેધ્ય વિશેષણો :** એટલે કે આત્મા કેવો નથી, એમ કહેતાં વિશેષણો :

૧. **અનંત :** આત્મા અંતવાળો નથી. દેશ ( સ્થળવિશેષ), કાળ ( સમયવિશેષ ) કે વસ્તુ ( પદાર્થવિશેષ ), એટલે કે વિસ્તાર, ટકાઉપણા કે કદ, એમાંની કોઈ પણ રીતે એનો છેડો કે માપ નથી. જયાં જાઓ અને જુઓ, ત્યાં 'છે' રૂપી સત્- આત્મા છે જ; અને જયાં ન જાઓ અને ન જુઓ ત્યાં પણ એ 'છે' છે. તેથી, તેનો અંત નથી.

૨. **અખંડ :** દ્વૈત મતમાં, પાછળ ઈશારો થઇ ચૂકયો છે તે પ્રમાણે, પાંચ ભેદ માન્યા છે.- જીવ ઇશ્વરના, જીવોના પરસ્પર, જીવજડના, જડ–ઇશ્વરના, ને જડ-જડના. આત્મા જડ-ચેતનમાં

બધે જ 'છે અને જણાય છે' રૂપે એક સરખો વ્યાપેલો છે, કેમકે કોઈનું ને કશાનુંયે અસ્તિત્વ કટકે કટકે કે ઓછુંવત્તું હોતું નથી પણ પૂર્ણ જ હોય છે. અસ્તિત્વના ટુકડા થતા નથી, તેથી આત્મા ખંડિત થવા યોગ્ય નથી.

૩. **અસંગ :** સંગ એટલે સંબંધ આત્માને =(અસ્તિત્વ તથા જાણવાપણાને) બધું જ સમાન છે; એને કોઈ પોતાનું-પારકું નથી. બધું દૃશ્ય જગત નાશ પામે તોયે તે તેવોને તેવો રહે. સંબંધ માટે અવયવો જોઇએ, ઘાટઘૂટ જોઈએ, છેડા જોઈએ, કિનારો જોઇએ, સપાટી (અંૅસર્ફેઇસ) જોઈએ...તે એને છે નહિ. સર્વમાં ઓતપ્રોત છતાં સર્વથી નિરાળો એવો હોવા-જાણવા-રૂપી આત્મા, અંગવાળો નથી.

૪. **અદ્વૈત :** જે કારણે તે 'એક' છે, તે કારણે તે જોડીદારવાળો નથી.

૫. **અજન્મા :** જન્મ દેહનો હોય, પરંતુ આત્માને કોઇ પ્રકારનું પોતાનું શરીર નથી. જે ઉપજે, તે મરે જ; પણ અસ્તિત્વ કદી મરે નહિ, કેમકે એ છે જ 'અસ્તિત્વ,' જે આપમેળે નિત્ય વિદ્યમાન છે. તેથી, તે અજર અમર હોઈ જન્મ-મરણના ધર્મોવાળો નથી.

૬. **નિર્વિકાર :** જન્મવું, દેખાવું, વધવું, ફેરફાર થવા, કરમાવું ને મરવું, એમાંનો કોઇ વિકાર આત્માને હોઈ શકે નહિ, કેમકે એ બધા વિકારો ઉત્પત્તિ તથા વિનાશશીલ 'અનાત્મા પદાર્થો'ના ધર્મો છે. એ કારણે, આત્મા વિકારથી પર છે.

૭. **નિરાકાર :** શરીર વિના લંબાઈ, પહોળાઇ ઇત્યાદિથી યુક્ત આકાર ન હોઇ શકે. અસ્તિત્વ અને જ્ઞાનરૂપી આત્માને

નથી શરીર કે નથી આકાર, પણ એ સર્વમય છે; તેથી તે આકાર-વાળો નથી.

૮. **અવ્યક્ત** : એ સ્થૂલ નજરે દેખાતો નથી, તેમ મનથી કલ્પાય તેવો નથી. મન અથવા ઇન્દ્રિયથી પ્રકટ રૂપે દેખી શકાય તેવો આત્મા નથી.

૯. **અવ્યય** : રૂપિયાની થેલી ભરેલી હોય, તેમાંથી થોડા વાપરતાં વ્યય કે ખર્ચ દ્વારા તેનો તેટલો ઘટાડો થાય, ને તેમાં બીજા ઉમેરતાં, વધારો થાય. જગતના બધા જ પદાર્થો એવી વધઘટને આધીન છે; એકમાત્ર સત્ આત્મતત્ત્વ એવું છે, કે તેમાં કશાથી કોઈ કાળે વધઘટ નથી થતી, કેમકે તે સદૈવ પૂર્ણ છે. ' છે ' કદી પણ ' ઓછું કે વત્તું છે ' નથી થતું. છે, તે તો બસ છે જ. તેથી, જેમાં વધઘટને અવકાશ નથી તે આત્મા છે, ને જેમાં વધઘટને અવકાશ છે, તે આત્મા નથી.

૧૦. **અક્ષર** : ક્ષર=ખરી જાય તેવું, નાશવંત. સત એટલે અસ્તિત્વ જેનો કોઈ કાળે નાશ ન હોઈ શકે. તેથી, જે નાશવંત હોય તે આત્મા નથી.

આ કહ્યાં તે આત્માના એક બીજાથી ભિન્ન ગુણો નહિ, પણ માત્ર ' વિશેષણો ' એટલે કે તેનું સ્વરૂપવર્ણન છે. વસ્તુ તો **એક જ** છે, જેવી રીતે કે એક જ સંતપુરુષને વિદ્વાન, શાણો, તેજસ્વી, વક્તા ઇ૦ કહેવામાં આવતાં, તે સર્વ તે પુરુષનાં માત્ર વિશેષણો છે કે જે બધાં તેના એકંદર વ્યકિતત્વને યથાપ્રસંગ વર્ણવે છે; તેવી રીતે, આ બધાં આત્મવસ્તુનાં જુદી જુદી રીતનાં વર્ણનમાત્ર છે, ને એ સર્વનો અર્થ તો થાય છે સચ્ચિદાનંદ, જે આત્માનું એકજ અર્થદ્યોતક **'સ્વરૂપ લક્ષણ'** છે.

**(૨) સ્થળે-સ્થળે આપે નિત્યાનિત્યનો અને આત્માનાત્મનો, સત્ય મિથ્યાનો, ઇત્યાદિ ભેદ કરી જાણવાની આવશ્યકતા કહી છે. તે કેવી રીતે કરવું ?**

આત્મ= નિત્ય, સત્ય; અનાત્મ=અનિત્ય ( મિથ્યા)અસત્. તમે જે નામો કહ્યાં, તે બધાં એક જ અર્થનાં છે. આત્મ=નિત્ય = સત્ય; તેનો અનાત્મ = અનિત્ય = મિથ્યા = અસત્‌થી વિવેક કરવો, તે. એ બાર રીતે થઇ શકે છે. જે નીચે ટૂંકમાં આપેલ છે.-

૧. આત્મા નિત્ય છે, ને દેહાદિ અનાત્મ અનિત્ય છે.

૨. આત્મા અવ્યય, અને અનાત્મ વિનાશશીલ છે.

૩. આત્મા શુદ્ધ, અને અનાત્મા અશુદ્ધ = મિશ્ર છે.

૪. આત્મા એક, અનાત્મા નાનાવિધ છે.

૫. આત્મા ‘ ક્ષેત્રજ્ઞ’ (=દેહ તથા સૃષ્ટિરૂપી ક્ષેત્રને જાણનારો), અને અનાત્મા સૃષ્ટિ ફક્ત ‘ ક્ષેત્ર ’ છે.

૬. આત્મા અવિકારી, અને બધી જ અનાત્મ વસ્તુઓ વિકારી છે.

૭. આત્મા હેતુ ( = સૃષ્ટિમાત્રનું આદિ ‘ કારણ ’ ) છે, અને દેહાદિ બધા જ અનાત્મ પદાર્થો હેતુમાન (= પંચભૂતો વગેરે કારણોથી બનેલું ‘ કાર્ય ’ ) છે.

૮. આત્મા સ્વપ્રકાશ (= કોઈ અન્યની મદદ વગર જ પ્રકાશતો ) અને અનાત્મ પદાર્થો પરપ્રકાશ (= અન્યવડે ભાસમાન થતા-જણાતા ) છે.

૯. આત્મા સમગ્ર સૃષ્ટિનો આશ્રય, અને સંપૂર્ણ અનાત્મ સૃષ્ટિ તેની આશ્રિત છે.

૧૦. આત્મા સર્વવ્યાપક, અને અનાત્મા બધું તેનાથી વ્યાપ્ત છે.

૧૧. આત્મા અસંગી હોઈ, અનાત્મ સંસારના બધા પદાર્થો

સંગી (=બીજા કશાકની પણ અપેક્ષાએ વિદ્યમાન, તેથી આપેક્ષિક) છે; અને

૧૨. આત્મા સર્વવ્યાપક હોવાથી અનાવૃત છે (=કશાથી પણ ઢંકાયેલો કે કશામાં સમાયેલો નથી), જ્યારે અનાત્મ પદાર્થો બધા આવૃત (=સમાવાવાળા, મર્યાદિત, આકાશાદિમાં સમાતા) છે. એમ જે જાણવું, તેનું નામ 'આત્માનાત્મ ઈ૦ નો વેવરો' અર્થાત્ 'વિવેક' કહેવાય. તેના ઉપર જ સંપૂર્ણ અધ્યાત્મ-વિદ્યાનો આધાર છે.

**(૩) 'હું આત્મા છું, અનાત્મ નહિ' એ નિર્ણયની પ્રક્રિયા કહો?**

સત્-અસત્‌ના નિર્ણયમાં અન્વય-વ્યતિરેકની યુક્તિ ઘટાવવી, અને તે વડે નિશ્ચય કરવો, કે મારા અસલ સ્વરૂપે હું કેવળ સત્ ચિત્-આનંદ આત્મા છું, ને નહિ કે અસત્ અનાત્મ. દા૦ ત૦-

**અન્વય :** જ્યાં જાગ્રત છે ત્યાં હું છું, સ્વપ્ન છે ત્યાં હું છું, સુષુપ્તિ છે ત્યાં હું છું, તેથી, સર્વત્ર હોવાથી, હું સત્ છું.

**વ્યતિરેક :** જ્યાં હું નથી ત્યાં જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ સંભવે નહિ, એ વ્યતિરેક 'હું'ની નિત્યતામાં સિદ્ધ થયો.

**અન્વય :** જ્યાં હું છું ત્યાં જાગ્રત છે જ, એવું સિદ્ધ નથી, કેમકે હું હોઉં ત્યાં જાગ્રત કોઈવાર હોય, ને કોઈવાર નયે હોય; તેવું જ સ્વપ્ન અને સુષુપ્તિનું પણ જાણવું: તેથી, એ ત્રણ વ્યભિચારી અવસ્થાઓની નિત્યતા (=તેનું સત્‌પણું) અસિદ્ધ છે, એટલે કે તે અનિત્ય-અનાત્મ-મિથ્યા છે.

**વ્યતિરેક :** 'જ્યાં જાગ્રત ઈ૦ નથી, ત્યાં હું નથી,' એ કથન

ઘટતું નથી, ને અનુભવ વિરુદ્ધ છે; કેમકે જાગ્રત ન હોય તોયે સ્વપ્ન સુષુપ્તિ કે સમાધિમાં હું હોઇ શકું છું; અને બીજી બે અવસ્થાઓ પરત્વે પણ તેવું જ છે. તેથી, વ્યતિરેક એ અવસ્થાઓના હકમાં નથી પડતો, તે કારણે તે મિથ્યા છે, ને હું અવ્યભિચારી સત્ છું. એ જ રીતે ચિત્ અને આનંદના સંબંધમાં પણ યોજના કરી લેવી.

**(૪) એમ નહિ; ચિત્ પરત્વે પણ અન્વય-વ્યતિરેકનો નમૂનો આપો.**

**અન્વય :** ત્રણે કાળમાં 'જાણનારો હું' સળંગ પ્રવર્તું છું; ત્રણે અવસ્થાઓમાં, (પળ, ઘડી, દિવસ, માસ, ઋતુ ઇ૦) સર્વ કાળભેદોમાં, બાલ્યાદિ સર્વ સ્થિતિઓમાં તે સર્વને જાણનારો, તે સર્વની એકવાક્યતા સાધીને તે સર્વને પ્રયોજનવાન અર્થાત ઉપયોગી બનાવનારો 'હું' છું; તેથી, હું ચિત્ (= જ્ઞાન-સ્વરૂપ) છું.

**વ્યતિરેક :** તેમાંનું કશું મને જાણતું નથી, ને મારામાં નથી, તેથી તે બધું અચિત્=અચેતન=જડ છે.

**(૫) આનંદ પરત્વે પણ એ યુક્તિ યોજી આપો.**

**અન્વય :** ત્રણે કાળ તથા કાળભેદોમાં, અવસ્થાઓમાં, સ્થિતિઓમાં, હું સદા-સર્વદા મને પ્રિય છું, પરમ પ્રિય છું, પ્રિયથી ઈતર હું કશું જ નથી, ને પ્રિયથી ઈતરને હું મારામાં સાંખી શકતો નથી; તેથી, હું નિર્મળ આનંદ છું, કેમકે તે જ મારામાં નિત્ય છે.

**વ્યતિરેક :** જાગ્રત મને પ્રિય હોય ત્યારે સુષુપ્તિ પ્રિય ન હોય, ઊંઘની રુચિ હોય ત્યારે જાગવાની ન હોય...એવું સર્વ કાળ, અવસ્થા, કાળભેદ ઇત્યાદિ પરત્વે ઘટાવતાં જણાય છે, કે પ્રીતિત્વ

મારા સ્વરૂપથી ભિન્ન એવા પ્રત્યેક પદાર્થમાં વ્યભિચારી છે, એ કદી'ક હોય, ને ન પણ હોય. તેથી, તે સર્વ પદાર્થો દુઃખભાવના સંભવવાળા, આનંદથી ઇતર છે.

### (૬) 'હું પરમ પ્રિય છું,' એ કેમ જાણવું?

જગતમાં જે કંઇ પ્રિય છે તે સર્વ મારા પોતાના પ્રિયત્વના હેતુ (ઉપયોગીપણા)ને કાજે જ પ્રિય છે, તે વિના નહિ. પુત્ર, પત્ની, ન્યાત-જાત, ધન ઇત્યાદિ મારા પ્રિયત્વ (=આનંદ =સુખભાવ)ને અર્થ સાધક હોય ત્યાં સુધી, ને તે રીતનાં જ મને ગમે, તે વગર કે તેથી અન્ય રીતનાં નહિ. સર્વની સાથે સંબંધિત પદાર્થો પણ, તેમનાં સુખના હેતુ હોય, તેથી મને પણ તે મિષે સુખ થતું હોય, તો જ મને ગમે, નહિ તો ન ગમે. આ પ્રસિદ્ધ હકીકત છે; અને ગમે ત્યાં તેને યોજતાં, પ્રિયત્વનું એક માત્ર કેન્દ્ર 'હું' જ થઉં છું. એ 'હું' નિરપેક્ષ છે, જયારે અન્ય સર્વ આપેક્ષિક, અને તેથી પ્રિયત્વના તારતમ્યથી યુકત, અને તે કારણે, અપ્રિયત્વ એટલે દુઃખત્વના સંભવવાળું છે.

### (૭) પ્રિયત્વના ઓછાવત્તાપણાનો દાખલો આપો.

મનુષ્યને દ્રવ્ય ઘણું ગમે છે, કેમકે તેને ખાતર એ દેશ-દેશાન્તર પણ જાય છે, સગાં સંબંધીને પણ છોડે છે, ને ન કરવા જેવાં કામો પણ કરે છે. પણ પુત્ર તેથી અધિક પ્રિય છે, કેમકે તેને ખાતર સારે કે માઠે નિમિત્તે પણ એ પ્રિય ધનનો છૂટથી ખર્ચ કરી નાંખે છે. શરીર સંતાનથી વધારે પ્રિય છે, કેમકે તેના સુખ માટે, દુકાળ ઇ૦ ના પ્રસંગે માણસ બાળકોને પણ વેચે છે, ને પ્રસૂતિ કાળે માતાની સલામતી જોખમાય તો તેને બચાવવા સંતાનનો નાશ કરાવાય છે. શરીર થકી વધારે પ્રિય ઇન્દ્રિયો છે,

કેમકે જયારે માર પડવાનો હોય ત્યારે માણુસ આંખો મીંચી, ટૂંટિયું વાળીને, કાયાને ભલે વાગે પણુ ઇન્દ્રિયોને બચાવવા પ્રયત્ન કરે છે. ઈન્દ્રિયો કરતાં પ્રાણુ અધિક પ્રિય છે, કેમકે તેને બચાવવા માટે જરૂર પડતાં માણુસ હાથ, પગ ઈ૦ ને જતાં કરવા તૈયાર થાય છે. અને પ્રાણુથી આત્મા અધિક વહાલો છે, કેમકે આધિ, વ્યાધિ કે ઉપાધિની અતિશયતા જયારે જીવનમાંથી આનંદને હરી લેછે ત્યારે માણુસ ઇચ્છે છે કે 'પ્રાણુ કયારે જાય, ને હું દુઃખથી છૂટું, અર્થાત્ પાછો સુખરૂપ થાઉં', એમ જીવ વહાલો છે. અને જ્ઞાનીને પોતાના સ્વરૂપ આત્માને મુકાબલે સંસારગ્રસ્ત જીવભાવ તુચ્છ લાગે છે, બલકે તેનું વિસર્જન ( – એટલે કે કર્મફળની ઘટમાળથી મુકિત ) ઇચ્છે છે. તેથી, સ્વરૂપ-ભૂત આત્મા જ નિરપેક્ષ પ્રિયતમ છે, એ સાવ દીવાથી પણ વધારે સ્પષ્ટ દેખીતું છે.

**(૮) બ્રહ્મ-આત્મા વાણીનો વિષય નથી, તો પછી તેને સત્-ચિત્-આનંદ ઈત્યાદિ વિશેષણોથી કેવી રીતે કહી, કે જણાવી શકાય ?**

વાણી તેનો લક્ષણાથી **સંકેતમાત્ર** કરી શકે છે, ખરેખર લૌકિક અર્થમાં **વર્ણન** નહિ.

**(૯) કેવી રીતે ?**

સત્ ઈ૦ વિશેષણો અસત્ પ્રપંચનો નિષેધ કરીને, લક્ષણાથી, બાકી રહેતા બ્રહ્મનું સાક્ષાત બોધન કરે છે. માયા તથા પ્રપંચમાં આપેક્ષિક સત્યતા છે, ને બ્રહ્મમાં નિરપેક્ષ સત્યતા છે. એ ઉભય મળીને સત્ પદનો વાચ્યાર્થ છે, તેમાંથી અનિત્ય માયાની આપેક્ષિક સત્યતાનો ત્યાગ કરીને કેવળ બ્રહ્મ-આત્માની સત્યતા જ સત્ પદનો લક્ષ્યાર્થ રહે છે, ઇત્યાદિ. પાછળ લક્ષણાના પ્રસંગોમાં જુઓ ચોથા પ્રશ્નની પ્રક્રિયા ( સર્ગ તેરમો ).

એ પ્રમાણે, પ્રપંચનાં અસત્ વગેરે વિશેષણોનો નિષેધ કરતી 'ભાગત્યાગ લક્ષણા' સત્ વગેરે પદોના અર્થોમાં પણ પ્રવર્તે છે; અને અનંત ઇ૦ જે નિષેધ્ય વિશેષણો છે, તે તો સાક્ષાત પ્રપંચનો જ નિષેધ કરે છે, માત્ર તેનાં વિશેષણોનો નહિ. તેથી, વસ્તુત: તો, બ્રહ્મ-આત્મા અવાચ્ય હોવાથી, કોઇ પણ વિશેષણથી એ કહી કે વર્ણવી શકાતો નથી; પરંતુ સંકેત અર્થે વ્યવહારની ગરજે તેને વિશેષણો દ્વારા કહેવામાં આવે છે.

**(૧૦) સત્ વગેરે વિધેય વિશેષણો પ્રપંચનો બાધ કરીને શેષ રહેતા બ્રહ્મનો બોધ કેવી રીતે કરે છે, એ ટૂંકામાં કહો.**

'સત્' કહેતાં, અસત્ની વ્યાવૃતિ અથવા ટાળ. તેમ કરતાં, શેષ રહે સદ્રૂપ; 'ચિત્' કહેતાં, જડનો થાય નિષેધ, ને બાકી રહે ચિત્રૂપ, અને 'આનંદ' કહેતાં, દુ:ખનો નિષેધ થાય, ને શેષ રહે આનંદ; એમ, લક્ષણા થાય છે. બીજાં વિધેય વિશેષણો પરત્વે પણ એ પ્રમાણે જાણવું.

**(૧૧) અનંત ઇ૦ નિષેધ્ય વિશેષણો પ્રપંચનો બાધ કેવી રીતે કરે છે?**

'અનંત' કહેતાં દેશ-કાલ-વસ્તુ વડે બંધાતી મર્યાદાનો પરિચ્છેદનો નિષેધ થાય છે, ને શેષ રહે છે અનંત; એ પ્રમાણે બીજાં તેવાં વિશેષણોના સંબંધમાં ઘટાવી લેતાં, લક્ષણાથી એકમાત્ર અદ્વય બ્રહ્મ-આત્મા સિદ્ધ થાય છે.

**(૧૨) વિશેષણોનો એ પ્રમાણે અર્થ કરવાનું શું પ્રયોજન?**

એ, કે એમ કરવાથી ચૈતન્યને મન-વાણીનો અવિષય કહેનારી શ્રુતિના અર્થનો અવિરોધ સિદ્ધ થાય છે. શબ્દ અને મનની

પ્રવૃત્તિના નિમિત્ત રૂપ ગુણ, ક્રિયા, જાતિ અને સંબંધ વગેરે જે ધર્મો છે, તે બ્રહ્મમાં નથી, પરંતુ નિર્ધર્મિક હોવાથી, બ્રહ્મ તો નિર્વિશેષ છે; તેથી, શ્રુતિ પણ એને મન-વાણીનો અ-વિષય કહે છે. દા૦ ત૦, यतो वाचो निवर्तन्ते । अप्राप्य मनसा सह ઇત્યાદિ. અથવા જે કંઇ બોલવાનું છે તે દ્વૈતની ભાષાથી થાય છે. અદ્વૈતની ભાષાથી નહિ, કેમકે ત્યાં તો નથી પ્રશ્ન કે નથી તેનો ઉત્તર.

તેથી, આ વિશેષણોનો આવો અર્થ કરવાથી શ્રુતિવિરુદ્ધ દ્વૈતની સિદ્ધિ ન થતાં, શ્રુતિસંમત અદ્વૈતનું સ્વરૂપ સહજે સમજી શકાય છે.

# સર્ગ–ચોવીસમો

## સામાન્ય અને વિશેષ ચૈતન્ય, તથા લયક્રમ

### (૧) ‘ વિશેષ ચૈતન્ય ’ કોને કહેવામાં આવે છે ?

અંતઃકરણમાં તથા તેની વૃત્તિમાં, સર્વવ્યાપી સામાન્ય ચૈતન્યબ્રહ્મનો પ્રતિબિમ્બ રૂપે પડતો ચિદાભાસ અથવા તેનો થતો દેખાડ એ સંજ્ઞા પામે છે. દા૦ ત૦, એક ભીંત ઉપર તડકો પડતો હોય, અને તે ઉપરાંત, નજીકના કોઇ નિર્મળ દર્પણ કે જળ પાત્રમાં પડતા સૂર્ય-પ્રતિબિંબનું ધાબું પણ એ તડકાથી છવાયેલી ભીંત ઉપર પડતું હોય, તે સ્થળે સામાન્ય પ્રકાશ તે એ તડકો, ને તે તડકામાં વિશેષ પ્રકારે અમુક મર્યાદિત સ્થળે પડતું પ્રતિબિંબની છાયારૂપ ચાંદરણું, તે વિશેષ પ્રકાશ. એમ, સંપૂર્ણ દેહમાં વ્યાપી રહેલા ચૈતન્યમાં, નિર્મલ સત્ત્વ સ્વરૂપ અંતઃકરણ (=બુદ્ધિ) રૂપી વિશેષ સ્થળે વૃત્તિઓ ઇ૦નો ખાસ ઉદ્ભવ કરાવવા માટે પડતું તે જ ચૈતન્યનું ખાસ છાયારૂપી ચાંદરણું ‘ વિશેષ ચૈતન્ય ’ કહેવાય છે, જેનું વિશેષ કાર્ય છે અંતઃકરણની વૃત્તિઓને પ્રવર્તાવવાનું. છે તો એક જ ચૈતન્ય, પણ જાણે જુદું ‘ વિશેષ કામ ’ કરતું હોય તેવું ભાસે છે; જેમ મુખ્ય યંત્રની અંદર તેને ચલાવનાર શક્તિ વડે જ ચાલતું ખાસ કામ કરનારું પેટાયંત્ર મૂકવામાં આવે, તેના જેવું. તેને ચિદાભાસ કહે છે, ને જીવ પણ એ જ છે.

**(૨) ચિદાભાસનું શું લક્ષણ છે?**

ચૈતન્યના લક્ષણથી રહિત હોય, છતાં ચેતનવંત ભાસે, તે.

**(૩) ચિદાભાસને શા માટે 'વિશેષ ચૈતન્ય' કહેવામાં આવે છે?**

મર્યાદિત સ્થળ (=દેશ) અને મર્યાદિત (=અલ્પ) કાળમાં જે પદાર્થ હોય, તે 'વિશેષ' એટલે કે 'ખાસ' કહેવાય. ચિદાભાસ અંતઃકરણરૂપી પ્રદેશવિશેષ (અમુક ખાસ સ્થળ) તથા જાગ્રત-સ્વપ્ન તેમ જ અજ્ઞાનકાળ રૂપ કાળવિશેષમાં (અમુક ખાસ સમય દરમ્યાન જ) વિદ્યમાન છે, તેથી તે વિશેષ ચૈતન્ય છે. માણસ 'મરી' જાય છે, ત્યારે અંતઃકરણના લોપ સાથે 'વિશેષ ચૈતન્ય' લુપ્ત થાય છે, છતાં સામાન્ય ચૈતન્ય તો રહે છે જ.

અધિષ્ઠાન અને અધ્યસ્ત, એ બે ભેદથી 'વિશેષ'ના બે પ્રકાર થાય છે, ૧. ભ્રાન્તિ કાળે જેની પ્રતીતિ ન થાય (દા૦ ત૦, દોરડું), પરંતુ જેની પ્રતીતિ થતાં ભ્રાન્તિ (=સાપ) ની નિવૃત્તિ થાય, તે (દોરડી) **અધિષ્ઠાનરૂપ વિશેષ** છે, ને ૨. ભ્રાન્તિકાળે જે (સાપ)ની પ્રતીતિ થાય છે અને અધિષ્ઠાન (દોરડી) ના જ્ઞાનકાળે જેની પ્રતીતિ થતી નથી, તે (સાપ) **અધ્યસ્તરૂપ વિશેષ** છે. એ જ 'કલ્પિત-વિશેષ.'

**(૪) દાખલા વડે સમજાવો.**

૧ સૂર્યનો પ્રકાશ સર્વત્ર સમાન છે, પણ તેનું પ્રતિબિંબ બધે પડતું નથી, પરન્તુ જ્યાં જળ કે અરીસા રૂપ નિર્મલતાની ખાસ યોજના હોય, ત્યાં તે પ્રતિબિંબિત થઇને વિશેષ ભાસે છે. અથવા,

૨ જેમ સર્વત્ર સમાન પ્રવર્તતાં સૂર્યકિરણો કપડાને બાળતાં

નથી, પણ જ્યાં અમુક પ્રકારનો કાચ ધરવામાં આવે ત્યાં તે અગ્નિનું રૂપ ધરીને બાળે છે. સૂર્યનું સામાન્ય રૂપ સર્વદા જેમનું તેમ રહેવાથી **યથાર્થ** છે. તે જ પ્રમાણે અસ્તિ-ભાતિ-પ્રિય (હોવું-જાણવું-ગમવું) રૂપ સામાન્ય ચૈતન્ય સર્વત્ર સમાન છે; પણ બોલવું, ચાલવું વગેરે ખાસ વ્યવહારો તેનાથી થતા નથી; પરંતુ જ્યાં નિર્મલ અંતઃકરણરૂપ ઉપાધિ હોય છે ત્યાં તેની અસર = છાયા = આભાસ પહોંચે છે, તેને ત્યાં 'ચિદાભાસ' (ચિત્ = જ્ઞાન ક્રિયા, એનો આભાસ = છાયા) કહે છે, ને ત્યાં તે 'વિશેષ ચૈતન્ય' રૂપે થઇને બોલવું, ચાલવું, કરવું-ભોગવવું, આ લોક અને પરલોકનાં ગમનાગમન ઈત્યાદિ 'વિશેષ' વ્યવહારની ચેષ્ટા કરે છે.

તેમાં, સામાન્ય ચૈતન્ય જે બ્રહ્મ છે તે સત્ય છે, અને નાશવંત ઉપાધિ વડે ભાસનાર વિશેષ ચૈતન્ય મિથ્યા છે, તેમ જ પુણ્ય-પાપનું કર્તાપણું, સુખદુઃખનું ભોક્તાપણું, જન્મ-મરણ ઈ૦ ચિદાભાસના ધર્મો મિથ્યા છે. જે સકારણ હોય, તે કારણ ટળતાં ટળે, તેથી મિથ્યા છે; અને જે નિષ્કારણ હોય, તેને જેમ ઉપજવાનું પ્રયોજન નથી, તેમ ટળવાનું પણ નથી.

અસ્તિ-ભાતિ-પ્રિયત્વ રૂપ નિષ્ક્રિય બ્રહ્મ નિષ્પ્રયોજન સામાન્ય છે, ને ક્રિયા, વિકાર (– ક્રિયા જ વિકાર છે) વગેરે સક્રિય પ્રવૃત્તિઓ સપ્રયોજન તથા નાશવંત 'વિશેષ ચૈતન્ય' 'ચિદાભાસ' છે.

### (૫) વિશેષ ચૈતન્યના સ્વરૂપના જ્ઞાનનું શ્રેયઃસાધક ફળ શું છે?

'વિશેષ ચૈતન્ય જે જડ હોવા છતાં ચેતન હોવાનો આભાસ આપે છે, તે તથા તેના ધર્મો હું નથી, તે મારા કોઇ સંબંધી નથી, તે મારામાં કલ્પિત છે, ને હું તેના અધિષ્ઠાન રૂપ નિર્લેપ નિષ્કલ

સામાન્ય ચૈતન્ય જ. તે બધાથી ન્યારો, તે 'સર્વનો સાક્ષી જ છું,' એવી સ્વરૂપ-પ્રતીતિ, તે જ્ઞાનનું ફળ છે.

**(૬) 'સામાન્ય ચૈતન્ય' શેને કહેવામાં આવે છે ?**

જે આકાશની જેમ સર્વત્ર પરિપૂર્ણ, સર્વના રૂપનું અધિષ્ઠાન કેવળ અસ્તિ-ભાતિ-પ્રિય સ્વરૂપ એટલે કે સચ્ચિદાનંદ સ્વરૂપ, નિર્વિકાર છે, તે બ્રહ્મની એ સંજ્ઞા છે.

**(૭) એને સામાન્ય ચૈતન્ય શા માટે કહેવામાં આવે છે ?**

અન્ય કરતાં અધિક વિસ્તાર (=દેશ) અને સમય (=કાળ)માં જે વસ્તુ ટકી શકે છે. તે, એ અન્યની **અપેક્ષાએ** સામાન્ય કહેવાય; અને બુદ્ધિ વડે કલ્પી શકાતા સર્વ દેશ તથા કાળમં અસ્તિભાતિ રૂપે બ્રહ્મ જ નિરપેક્ષ સંપૂર્ણ વ્યાપક છે; તેથી. તે ખરું સામાન્ય ચૈતન્ય છે.

**(૮) એકાદ જાણીતું દૃષ્ટાન્ત આપીને સમજાવો.**

એક જ દોરડીમાં જુદાં જુદાં માણસો લાકડી, સાપ, લીસોટો, પાણીનો રેલો ઇત્યાદિની ભ્રાન્ત પામી શકે છે. એ ભ્રમમાં બે અંશ છે: (૧) સામાન્ય **ઈદમ્** = 'આ' અંશ, ને બીજો સાપ વગેરે વિશેષ અંશ, **આ** દંડ **આ** લીસોટો, **આ** સાપ...એ પ્રમાણે દંડ વગેરે ભ્રાન્તિ-અંશમાં આ-પણું સામાન્ય સર્વવ્યાપક છે, અને તે જ દોરડીનું ખરું સ્વરૂપ છે. એ 'આ' સામાન્ય-અંશ તો સર્પાદિની ભ્રાન્તિના કાળમાં પણ ભાસે છે, ને ભ્રમ ટળતાં, 'આ તો દોરડી છે,' એમ એ સમયે પણ તે સમાન રૂપે ભાસે છે, તેથી એ સામાન્ય અંશ અવ્યભિચારી હોવાથી સત્ય છે, અને (૨) ઘડી'કમાં હોય ને ઘડી'કમાં ન પણ હોય અથવા બીજું જ કંઈ હોય, એવાં પરસ્પર વ્યભિચારી સર્પાદિક વિશેષ અંશો

કલ્પિત છે. પ્રત્યેક પદાર્થનાં અસ્તિ-ભાતિ-પ્રિય-નામ અને રૂપ (-હોવું-જાણવું-ગમવું-ફલાણું-આવું- તેવું ) એવાં પાંચ રૂપ હોય છે, ' ઘડો છે, જણાય છે, જાણવા યોગ્ય છે, એની સંજ્ઞા ' ઘડો ' છે, ને એ ગોળ, જાડો, પાતળો ઈ૦ છે, ' એ ઉદાહરણ ઉપરથી પંચભૂતોનાં બધાં કાર્યોમાં એવી યોજના કરી લેવી. પહેલાં ત્રણ સત્ય છે ને છેલ્લાં ( વિશેષ રૂપ ) બે મિથ્યા છે, એ પ્રત્યેક પદાર્થ પરત્વેનો 'વિવેક' છે:-

જેમ બાહ્ય પદાર્થોમાં પાંચ પાંચ અંશો છે, તેમ આંતર એટલે દેહની અંદર રહેતા હોવાથી આધ્યાત્મિક કહેવાતા પદાર્થોમાં પણ પાંચ-પાંચ અંશ છે-

૧. હું છું, એ અસ્તિ=સત;
૨. હું જણાઉં છું, એ ભાતિ=ચિત્;
૩ હું મને ગમું છું, એ પ્રિય=આનંદ;
૪. અમુક સંજ્ઞા, દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, મન ઈત્યાદિ રૂપી નામ; અને
૫. યથાવત્ આકૃતિ, તે રૂપ

અહીં વિવેક અર્થે **લય** નામનો યોગ અથવા બાદબાકીની યુક્તિ ઘણી કાર્યસાધક થઇ પડે છે.

### (૯) આ લયક્રમનો હેતુ ફરીથી કહો.

સમજવાનું એ છે, કે લય શેનો, શેમાં અને શા માટે કરવાનો હોય. સર્વ **અનાત્મનો આત્મમાં**, અર્થાત સર્વ કાર્યોનો તે સર્વના મૂળ કારણમાં, તે સર્વના અસલ તાત્ત્વિક સ્વ-રૂપને સમજવા માટે, તથા તેને જ પારમાર્થિક સત્ય જાણવા અર્થે લયનું

આયોજન છે, જેમ મૂળ અને વૃક્ષ, ભાસતાં જુદાં છે, પરંતુ એક અને તેમાં મુદ્દાની વસ્તુ મૂળ છે, તે રીતે કાર્યો તેનાં કારણોથી અભિન્ન તથા તેને આધીન છે, જેમાં ભિન્નતા માત્ર બાહ્ય દેખાવની હોઈ શકે, તત્ત્વની નહિ. દહીં કાર્ય છે, ને દૂધ તેનું કારણ છે, દૂધ વિના દહીંનો સંભવ નથી, તેથી દહીંનો દૂધથી અભેદ છે – 'દૂધ સત્ય, દહીં મિથ્યા છે.' અન્વય-વ્યતિરેક કરતાં એ સ્પષ્ટ છે, કેમ કે દૂધ વિના દહીં નથી, પરન્તુ દહીં વિના દૂધ હોઇ શકે છે.

એ ન્યાયે, સંપૂર્ણ સ્થૂલ-સૂક્ષ્મ પદાર્થો માત્ર કાર્યો છે. વ્યાવહારિક જગત કેવળ કાર્ય-કારણોની પરંપરાઓ જ છે. તે સર્વનું આદિ કારણ જે હોય, તે જ તે સર્વનું અસલ આત્મ સ્વરૂપ છે, ને તે જ સત્ય, નિત્ય છે, જ્યારે સર્વ કાર્યો પરિવર્તનશીલ, મિથ્યા, અનિત્ય છે. એમ સર્વ 'ઇદમ્' નું અસલ સ્વરૂપ જાણવાની એક યુક્તિ આ છે. તેના વડે બે પ્રતીતિઓ થઈ શકે છે. (૧) દશ્યમાન વ્યવહાર્યરૂપે જગત તથા તેના સર્વે પદાર્થોનું મિથ્યાત્વ, તથા (૨) સ્વ-રૂપે બ્રહ્મત્વ !

## (૧૦) લય કેવી રીતે કરવો ?

ઓમ્ એટલે આ સર્વ-કંઈનો સરવાળો. તેની ત્રણ માત્રાઓ, (૧) અ-કાર, વિશ્વ-વિરાટ, તેની અવસ્થા જાગ્રત, દેહ સ્થૂલ (૨) ઉ-કાર, સૂક્ષ્મ મનોમય વિચારસૃષ્ટિ, અવસ્થા સ્વપ્ન, દેહ સૂક્ષ્મ, અને (૩) મ્-કાર અવસ્થા, અવ્યક્ત 'કારણ' દેહ, એ અવ્યક્ત પ્રારબ્ધ નામક સંસ્કારસમૂહ એ નિદ્રાવસ્થામાં હૃદય (અંતઃકરણ) માં (–ભૂમિમાં બીજની જેમ) પડયો રહે છે. વિચાર વડે અસલ સ્વરૂપની ખોજ માટે, 'અ'નું અસલ સ્વરૂપ 'ઉ' જાણીને સ્થૂલને સૂક્ષ્મમાં સમાવી-શમાવી દેવો; પછી તેનો

લય તેના કારણ 'મ્'માં કરી લેવો; એ ત્રણેયનો લય ત્રણેયના સરવાળારૂપ સંપૂર્ણ ૐકારસંજ્ઞક 'સાક્ષી'માં જાણવો-,ને પછી સ્વાનુભવ સંપૂર્ણ થઈને તદ્દન અભેદ પ્રવર્તે, ત્યાં એ કલ્પિત "સાક્ષ્ય" પણ ન રહેતાં, સાક્ષીપણું પણ ઊડી જતાં, કેવલત્વ શેષ રહે છે–જે છે મહાવાકયોનું લક્ષ્ય, ને તારું તેમ જ મારું અસલ સ્વ-સ્વરૂપ.

નિદ્રામાં અવ્યકતપણે સીંચાયેલા સંસ્કારોનો પ્રાકટ્યકાળ આવતાં, તે સળવળે, ને 'પ્રપંચ' જાગે. 'જીવભાવની' સ્થિતિ નિદ્રા અવસ્થાથી બળવાન થવા માંડે છે, ને ત્યાં થાય છે, 'ઉત્સર્ગ'નો અથવા સૃષ્ટિનો કલ્પ-ક્રમ.

માનવીના જેવા સંસ્કાર (કારણ), તેવું તે વિચારે (સ્વપ્ન) ને જેવું વિચારે, તેવું એ વર્તે (જાગ્રત). તેથી, બાહ્ય વર્તનનું સ્વ-રૂપ છે તેના સંસ્કાર. તેનો દ્રષ્ટા છે તે સંસ્કારોને સત્તાસ્ફૂર્તિ આપનારો સાક્ષી આત્મા. ને જયારે પોતાને તે સર્વ સાક્ષ્યથી ભિન્ન અને કેવલ જાણે છે, ત્યારે તે નિષ્કલ કેવલ બ્રહ્મ છે. એ છે તું, હું, ને સર્વ કોઈનું છેવટનું કારણ, અસલ પોત; તે સાચું, ને બીજુ બધું 'ચલાચલીકા ખેલા.' અન્વય-વ્યતિરેક વડે આ સિદ્ધ કરી લેવું. એમ આત્મસિદ્ધિ તર્કશુદ્ધ થઈ.

**(૧૧) ઠીક. ભોંયમાં અવ્યકત બીજ, તેનું અસ્પષ્ટ ફણગારૂપે ફૂટવું, ને પછી વ્યકત સ્પષ્ટ વૃક્ષ રૂપે વધવું, ને ફૂલવું-ફાલવું, એવું આ થયું. એ વૃક્ષનું મૂળ સ્વરૂપ લયક્રમે બીજ થયું, અને એ બીજનું કારણ; તથા તેનું કારણ..એ કેવી રીતે? જગતના એકાદ સ્થૂલ પદાર્થને લઈને લય કરી બતાવો.**

અસ્તુ. આ પુસ્તક લઈએ.

તે શેનું બનેલું છે? કાગળનું. પુસ્તકનો લય તેના કારણ કાગળમાં થયો. કાગળ શેમાંથી? લાકડામાંથી. લાકડું શેમાંથી? વૃક્ષમાંથી. વૃક્ષ શેમાંથી? ભૂમિમાંથી. ભૂમિ? જળમાંથી. જળ? ઉષ્ણુતામાંથી. ઉષ્ણુતા? વાયુ (એચ-ટુ-ઓ) માંથી. વાયુ? અવકાશ, પોલાણુમાંથી. અવકાશ? ઇશ્વરીય કલ્પનામાંથી, આત્મ-ચૈતન્યમાંથી! એમ પુસ્તકનું સ્વરૂપ બ્રહ્મ નીકળ્યું!

હજી વધારે આધુનિક રીતે જોઇએ–પદાર્થવિજ્ઞાનની દૃષ્ટિએ. આ પુસ્તકનો કાગળ શું છે? અમુક પ્રકારના મોલિકયૂલ્સનો સમૂહ. મોલિકયૂલ શું છે? અમુક અમુક પ્રકારના ઍટમ–અણુ-ઓનો મેળો. એ અણુઓ શું છે? ઇલેકટ્રોન-પ્રોટોનનો જથો. ઇલેકટ્રોન શું છે? ઉષ્મા, ગતિ, ગતિ શું છે? એનર્જી-શકિત. અહીં પદાર્થવિજ્ઞાનનો લયક્રમ વિગતે નથી ચર્ચવો, પરન્તુ મુખ્ય પગ-થિયાં જોવાં બસ થશે. અત્યારે પદાર્થવિજ્ઞાનનું જ્ઞાન અહીં આવીને અટકયું. પરન્તુ જગતનો પ્રત્યેક પદાર્થ જે દેખાય છે તે વસ્તુતઃ નથી, પરન્તુ માત્ર શકિત જ છે, અને શકિત માત્ર એક કલ્પના જ છે, એ આઇનસ્ટાઇને હવે ગણિતથી પૂરવાર કર્યું છે – એ જ માયા છે, કે જે એક વસ્તુને બીજી રીતે જાણે કે દાખવે છે!

આપણે જાણીએ છીએ, કે શકિત, તે બીજું કંઇ નહિ પરન્તુ પરમ બ્રહ્મ ચૈતન્ય સચ્ચિતનું વેદોમાં કહેલું 'ઇક્ષણ' 'અર્થાત્ ઇશ્વરેચ્છા, માયા. એમ, સર્વનો લય થયો પોતાના સ્વ-રૂપ બ્રહ્મમાં.

એમ, વિગતે પ્રત્યેક પદાર્થ મિથ્યા, અને સ્વ-ગતે બ્રહ્મ સ્વરૂપ છે, કેમકે તે મૂળ મહાકારણ તેનાં સર્વ કાર્યોમાં અનુસ્યૂત છે. મહાભૂતોની પ્રક્રિયામાં આ અનુસ્યૂતતા યથાસ્થાને આપણે સમજીશું.

## (૧૨) એ બાદબાકીની યુક્તિ કેવી રીતે?

ઘડાનો દાખલો લઇએ. એના ઉપર કહ્યા પ્રમાણે પાંચે અંશોને છોડી દેવાથી શું શેષ રહે? તેનું કારણ માટી=પૃથ્વી. તે પણ છે, 'ભાસે' છે, ઉપયોગી તેથી પ્રિય છે, તેને નામ છે, ને દશ્ય આકાર છે. ઘડાની જેમ તેના પણ પહેલા ત્રણ અંશ સામાન્ય નિર્વિકારપણે તેમાં અનુવર્તે છે.

પૃથ્વી પરત્વેનાં પાંચેયને વેગળા કરી દેતાં, એટલે કે તેને બાદ કરતાં, તે જેમાંથી ઉત્પન્ન થઇ, તે જળ શેષ રહે, જળ અને વાયુની પણ તે રીતે બાદબાકી કરતાં સર્વ ભૂત-ભૌતિક સૃષ્ટિના આદિરૂપ આકાશ શેષ રહે. આકાશના પણ પાંચ અંશો છોડી નાંખતાં, શું રહે? 'કોણ જાણે! મને કે કોઇનેયે ખબર નથી,' અર્થાત્ 'ખબર ન હોવા'ના કારણ રૂપ કોરું-મોરું અજ્ઞાન.

અને અજ્ઞાનને પણ દૂર મૂકીને? 'એની ખબર નથી' એ પ્રકારના અજ્ઞાનનો અસ્તિ=સત્ અંશ; એ 'ખબર-ન-હોવા'ને તો હું જાણું છું,' એ ચિદંશ; અજ્ઞાન વડે જ સંસાર-વ્યવહાર ચાલે છે, તેથી તે સંસારીઓને પ્રિય છે; ને તેને દૂર કરીને સંસારી ભાવનો નાશ થવાની ભીતિ સૌને રહે છે, તેથી, તે એનો પ્રિય અંશ અર્થાત્ આનંદ; તેની "સંજ્ઞા" તો છે જ; અને 'આવરણ વિક્ષેપ શક્તિવાળું તથા અનાદિ અનિર્વચનીય ભાવ રૂપ' એ તેનો રૂપ અંશ થયો. એ સર્વનો ત્યાગ કરવાથી, સંસારી દૃષ્ટિએ શેષ રહે છે એક માત્ર અભાવ.

અભાવ એટલે 'ન હોવું.' એવો સર્વ દશ્યમાન પદાર્થોનો અભાવ 'હોવો,' એ અસ્તિ અંશ; તે 'જણાવો' તે ભાતિ; ધ્યાનીને, અથવા આવી અધ્યાત્મ ચર્ચાના વિષય તરીકે જ્ઞાનમાર્ગી

સાધકને, શૂન્યત્વ 'પ્રિય' છે; તેની સંજ્ઞા (='નામ') તો છે જ, ને 'ન હોવું' એનું 'રૂપ' છે. એમ ઉત્તરોત્તર નામ-રૂપ અસ્પષ્ટ થતાં જાય છે; છતાં છે તો ખરાં જ. તેના એ પાંચેય અંશોનો ત્યાગ કરતાં શું બચે? એ સત્ વસ્તુ, કે જે અભાવના અભાવપણાને પણ જણાવે છે, તેથી તે ચિત્ છે, અને એ દુઃખથી ભિન્ન છે (કેમકે દુઃખનો પણ ત્યાં અભાવ છે), તેથી આનંદ એટલે કે પ્રિય છે. પરંતુ તેની કોઈ સંજ્ઞા નથી, તેનું કોઇ નિર્વચનીય રૂપ નથી, અને તે આ સર્વનું અધિષ્ઠાન, સર્વમાં અનુસ્યૂત, સર્વથી ન્યારું કેવળ નામ-રૂપ રહિત તત્ ત્વ છે.

એ અવ્યભિચારી બ્રહ્મ = સામાન્ય ચૈતન્ય, શેષ રહ્યું, તે સત્ય છે; અને તેમાંથી નીસરતું ભાસતું બધું જે નામરૂપયુકત છે, તે વ્યભિચારી, પરિવર્તનશીલ, મિથ્યા છે. એ નિત્ય વસ્તુ જ સર્વનું સ્વ-સ્વરૂપ છે. કેમકે 'આ' રૂપે પહેલા ત્રણ નિત્ય અંશો સર્વસામાન્ય સર્વત્ર કહેવાં પડે છે, જયારે છેલ્લા બે બદલાય છે.

એક બીજી દષ્ટિથી પણ કહીએ તો, ઊંઘ, મૂર્છા અને સમાધિનું પ્રકાશક (= તેને જણાવનાર), સામાન્ય ચૈતન્ય જ છે. તે વિના તે સ્થિતિઓની ખબર જ ન પડે. 'ઘડાને હું જાણું છું, એમાં પ્રમાતા=જાણનાર=હું; પ્રમેય=ઘડો, જાણવાનો પદાર્થ; અને પ્રમા = જાણું છું, એટલે કે જાણવાની ક્રિયા, પ્રત્યક્ષતા; એ જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયની ત્રિપુટીને પ્રકાશનાર-જણાવનાર પણ એ જ સામાન્ય ચૈતન્ય કૂટસ્થ આત્મા છે. જગતનો સંપૂર્ણ વ્યવહાર એ ત્રિપુટી ઉપર જ ચાલે છે, અને ત્રિપુટીનો અવભાસક આ સામાન્ય ચૈતન્ય જ છે. જાગ્રત આદિ અવસ્થાની સંધિને એટલે કે એક અવસ્થામાંથી બીજીમાં સરકવાના વચગાળાને પ્રકાશિત કરનાર એ છે, તે જ પ્રમાણે વૃત્તિઓના સંધિકાળનું પ્રકાશક એ

છે, અને ‘ મેરુને હું જાણતો નથી ’ એવું ‘ અજ્ઞાન-વિશિષ્ઠ મેરુ ’ ને જ્ઞાત કરનાર પણ એ છે.

### (૧૩) એની ‘ સર્વથી અધિક સૂક્ષ્મતા અને વ્યાપકતા ’ કેવી રીતે છે ?

જે ‘ કાર્ય ’ હોય, તે પ્રમાણમાં સ્થૂલ અને પરિચ્છિન્ન, અને તેનું ‘ કારણ ’ તેનાં કરતાં વધારે સૂક્ષ્મ અને વ્યાપક હોય, એ પ્રસિદ્ધ નિયમ છે. બ્રહ્મ સર્વનું કારણ છે, તેથી તે સૂક્ષ્મતમ અને વ્યાપકતમ છે,

વ્યાવહારિક પદાર્થોને જોઈએ : સમુદ્રના જળમાં ઉત્પન્ન થતું ફીણ તથા મીઠું કઠણ હોય છે, તેથી સમજાય છે કે કઠણ પૃથ્વી જળનું કાર્ય છે; અને તેથી, પૃથ્વી કરતાં જળ વધારે સૂક્ષ્મ અને વ્યાપક છે. અથવા વસ્ત્ર પાણીમાં બોળાતાં જળ તેમાંથી આરપાર નીકળી જાય છે, ને વસ્ત્રમાં પ્રસરી પણ જાય છે; પૃથ્વી ખોદતાં જળ નીકળે છે; પુરાણોમાં જળ ભોંય કરતાં દસ ગણા વધારે સ્થળને વ્યાપે છે, એમ કહેલું છે, ઇત્યાદિ ઉપરથી જણાય છે કે પૃથ્વીનું કારણ જળ પોતાના કાર્ય કરતાં વધારે સૂક્ષ્મ ને વ્યાપક છે.

અગ્નિ કે સૂર્યના તાપથી પરસેવો થાય છે; ગરમી પડ્યા પછી વર્ષા થાય છે; ક્રોધ, શોક ઈ૦ વડે તપ્યાથી ઉપજતું આંસુરૂપી જળ; કસરતથી થતી ગરમીને લીધે નીકળતો પ્રસ્વેદ ઈ૦ દર્શાવે છે કે જળનું કારણ ઉષ્ણતા છે; તે જળથી વધારે સૂક્ષ્મ અને વધારે વ્યાપક છે, કેમ કે જળમાં પણ તે વ્યાપે છે, ને જળ કરતાં અધિક દેશવર્તી ( અં૦. એક્સ્ટેન્સિવ ) છે. પુરાણોમાં તેજને જળ કરતાં દસગણું વધારે દેશવ્યાપક કહેલું છે, તે યોગ્ય છે.

અગ્નિનો જન્મ તથા નાશ પવનને આધીન છે. ઓક્સિજન

વગેરે વાયુઓ અગ્નિસ્વરૂપ જ છે, અને જો અગ્નિને ઓક્સિજન ન મળે તો તે તરત બુઝાઈ જાય છે. વાયુ તે કારણે અગ્નિને વ્યાપે છે, ને સ્પષ્ટ છે કે વાયુ અગ્નિથી ઘણો વધારે સૂક્ષ્મ તથા ઘણા વધારે દેશને વ્યાપનારો અને અગ્નિને તો અવશ્ય વ્યાપનારો છે. વાયુને અગ્નિ કરતાં દસગણો અધિક દેશવર્તી કહ્યો છે. અગ્નિ તો આંખે દેખાય છે, સૂક્ષ્મતર વાયુ ન દેખાય તેવો છે.

અને વાયુની ઉત્પત્તિ-સ્થિતિ-લય આકાશમાં જ છે. અવકાશ તેને વ્યાપીને રહે છે, ને વાયુ તેમાં સમાય છે. વાયુ તો સ્પર્શવડે પણ વરતાય છે, પરંતુ આકાશ કોઈ ઈન્દ્રિયથી દેખાતું નથી, એવું સૂક્ષ્મ છે. વાયુ કરતાં તે દસગણું અધિક દેશવર્તી કહેવાયું છે, તે ખોટું નથી.

ત્યારે, આકાશથી આગળ શું? ત્યાં, 'ખબર નથી' એમ બુદ્ધિનો કુંઠિત ભાવ થાય છે; ને એ સંકોચના આશ્રયરૂપ અજ્ઞાન ત્યાં ઉપર તરી આવે છે, કે જે અજ્ઞાનમાં આખું આકાશ સમાઈ જાય છે! એવું એ વ્યાપકતર છે; અને આકાશ તો મનવડે ગ્રહાય છે, પરંતુ અજ્ઞાન મન વડે પણ નથી પકડાતું એવું સૂક્ષ્મતર છે. તે આકાશથી અનંત ગણું અધિક વિસ્તરેલું કહેવાયું છે.

અને પછી, 'મને ખબર નથી' એ પ્રકારના અનુભવનો વિષય બનતું અજ્ઞાન, તેનો પ્રકાશ એટલે કે તેને જાણવાપણું, જ્ઞાનસ્વરૂપ ચૈતન્યથી થાય છે. અજ્ઞાન છે, અજ્ઞાન ભાસે છે, અજ્ઞાન પામરને પ્રિય છે, એ પ્રમાણે અજ્ઞાનમાં અનુસ્યૂત રહેલા અસ્તિ-ભાતિ-પ્રિય સચ્ચિદાનંદ અંશરૂપ બ્રહ્મ ચૈતન્ય જ તે અજ્ઞાનના જ્ઞાતારૂપે ભાસે છે, જેમાં નાશવંત અંશ છે જ નહિ, જેને આશ્રયે અજ્ઞાનનું પણ અસ્તિત્વ છે, તે સૂક્ષ્મતમ અને વ્યાપકતમ છે.

બીજી રીતે કહીએ—અજ્ઞાનનું ગ્રહણ મનવડે થતું નથી, પરંતુ 'હું નથી જાણતો' એવા અનુભવરૂપ લક્ષણથી તેનું અનુમાન

થાય છે; અને બ્રહ્મ ચૈતન્ય સ્વયંપ્રકાશ હોવાથી કોઈપણ પ્રમાણનો વિષય નથી, એટલે કે કોઈપણ લૌકિક પ્રમાણ–સાધનથી તે જણાતું નથી; તેમ જ શરીરમાં જેમ તલ રહે છે તેમ બ્રહ્મમાં ક્યાંક અલ્પ સ્થળે અજ્ઞાન, જાણે કે, રહેલું છે, અને શેષ જે બ્રહ્મ, તે શુદ્ધ સ્વપ્રકાશ; સર્વવ્યાપક, સૂક્ષ્મતમ છે.

## (૧૪) સામાન્ય ચૈતન્યનાં સ્વરૂપને જાણીને એ જ્ઞાનને શ્રેયની સિદ્ધિમાં કેવી રીતે યોજવું ?

સચ્ચિદાનંદ = અસ્તિ-ભાતિ-પ્રિયરૂપ સામાન્ય ચૈતન્ય જે બ્રહ્મઆત્મા, તે જ મારું ખરું સ્વરૂપ છે, તે જ હું છું, ને નામરૂપ તરીકે જગત્ મારામાં કલ્પિત છે, એવી દૃઢ પ્રતીતિ મન વડે અને નિરંતર વૈરાગ્ય અભ્યાસ વડે કરવી.

## (૧૫) એનાથી શો લાભ ?

અનર્થની સંપૂર્ણ નિવૃત્તિ, અને પરમ આનંદની પ્રાપ્તિરૂપ મોક્ષની સિદ્ધિ તેનાથી થાય. પરંતુ એ સિદ્ધિ મહેનત માગી લે છે; આવો નિશ્ચય વારંવાર વ્યવહારમાં ઉતાર્યા કરવાથી જ તે ફળે છે. આવાં ઉત્તમ ફળ આપનાર વેદાન્તના ઘણા જ્ઞાતાઓ તે ફળથી વિહોણા, હર્ષશોક (= રાગદ્વેષાદિ દ્વંદ્વો)થી ગ્રસ્ત અને અન્ય અજ્ઞ પામરોના જેવું જ જીવન વીતાવતા દેખાય છે. જરા જરામાં તેમનાં ચિત્ત હાલી ઊઠે છે, વ્યાકુળ બને છે, ને જ્યાં જ્ઞાનના ઉપયોગની ખરેખરી આવશ્યકતા હોય ત્યાં જ એમનું જ્ઞાન ઊડી જતું દેખાય છે. છતાં નીરાંતે, સર્વ અનુકૂળતાઓની વિદ્યમાનતાના કાળે, તેઓ 'હું બ્રહ્મ છું,' ને ' અસંગ આત્મા છું, સચ્ચિદાનંદ છું'' ઇત્યાદિ ગર્જના કરતા હોય છે. એમનું બધું જ્ઞાન વ્યર્થ છે.

જેમને સાચું નિઃશ્રેયસ ફળ લેવું જ છે, તેમણે ખૂબ સમજી લેવું, કે બ્રહ્મવિદ્યા માત્ર જાણવા કે બુદ્ધિ-તર્કના સર્કસખેલ કરવા માટે નથી, પરંતુ નિત્ય આચરવા માટે જ છે.

# સર્ગ-પચીસમો

## કર્મના પ્રકારો

### (૧) 'કર્મ' એટલે શું ?

શરીર, મન અને વાણી વડે થતી પ્રત્યેક ક્રિયા, તે કર્મ. દેશ, કાળ અને વસ્તુસ્થિતિના સંદર્ભમાં કર્મની વ્યાખ્યા પલટાતી તથા વિસ્તરતી રહી છે. પૂર્વ કાળમાં એક સમયે વેદોક્ત કર્મકાંડો જ કર્મમાં મુખ્ય હતાં, તે પછી સમાજ-વ્યવહારના વિષયો, વૃત્તિઓ અને પ્રવૃત્તિઓના વિસ્તરણ અને ધર્મનાં ઘટકોની વધઘટ ઇ૦ પરિવર્તન પ્રમાણે કર્મની વ્યાખ્યા વ્યાપકતર થઈ છે; તે આજે ધર્મકર્મ ઉપરાંત બીજાં અનેક કાર્યક્ષેત્રોને વ્યાપે છે. તે સર્વનાં ફળનો નિયમ તો, વેદોક્ત કર્મનાં ફળવાળો શુભાશુભ, સારા-નરસા, પુણ્ય-પાપ ઇ૦ નો જ છે, તેથી આ વિચારણા કર્મમાત્રને લાગુ પડે છે.

### (૨) કર્મના કેટલા પ્રકાર છે ?

**પ્રારબ્ધ, સંચિત** અને **ક્રિયમાણ**, એવા કર્મના ત્રણ મુખ્ય પ્રકારો છે. કેટલાંક કર્મ તત્કાળ ફળનારાં છે, જેવાં કે ભોજનના ફળરૂપે તાત્કાલિક તૃપ્તિ; કેટલાંક થોડે-વત્તે કાળે ફળે છે જેવાં કે વાયડો પદાર્થ આજે ખાધો, ને પેટપીડા ઉપડે કાલે, ઝાડ વાવ્યું આજે, ને ફળે વર્ષો પછી, ઈત્યાદિ; અને કેટલાંક કાળાંતરે,

જન્માન્તરે પણ ફળે તેવાં હોય છે, કેમકે વિદ્યમાન શરીરને નિભાવનારા પ્રારબ્ધ કર્મોના ફલભોગ દરમ્યાન નવાં કરેલાં અમુક પ્રકારનાં કર્મોને ફળવા અવકાશ નથી રહેતો, અથવા અમુક કર્મોનો પ્રકાર જ એવો છે કે જે વિદ્યમાન પ્રકારનાં દેહાદિની યોજનાઓમાં બંધ બેસતાં ન હોવાથી, તેને અનુકૂલ સંજોગો થવા માટે જન્માંતરની અપેક્ષા રહે છે. જન્માન્તરે ફળવાવાળાં કર્મોનો અહીં મુખ્યતઃ વિચાર કરવામાં આવે છે.

**(૩) વેદાન્ત વિદ્યામાં કર્મનું શું સ્થાન છે? બ્રહ્મપ્રાપ્તિ અથવા સ્વરૂપાનુસંધાનમાં તેની શી ઉપયોગિતા જાણવી?**

કર્મ અને ઉપાસના, બેમાંથી એકેય, કે બન્ને પણ, મોક્ષનાં સાક્ષાત્ સાધન નથી. કર્મ કર્મને વધારે છે. ઉપાસના પણ એક જાતનું કર્મ જ છે, તે પણ કર્મને વધારે છે જ. કારણનું કાર્ય સજાતીય જ હોય એટલે કે બંનેની જાત સરખી હોય. કર્મ પુણ્ય હોય કે પાપ, પરંતુ તે જન્મનો, અને તેથી મરણનો, અને બંધનનો હેતુ જ થઈ શકે. યજ્ઞાદિની હિમાયત કરવાવાળાઓના 'સ્વર્ગલોક' સંજ્ઞક કોઇ મોક્ષની બ્રહ્મજ્ઞાનને પડી નથી, કેમકે તે પણ છેવટે નાશવંત જ છે. તેથી, **ફળની અપેક્ષાવાળું પ્રત્યેક કર્મ બંધનનો હેતુ છે**, એ જ્ઞાનમાર્ગનો મુખ્ય સિદ્ધાન્ત છે.

**(૪) 'પ્રારબ્ધ' કર્મ શેને કહેવાય?**

આ જન્મથી પહેલાંના જન્મોમાં જીવે જે નાનાવિધ કર્મો કર્યાં હોય, તે કર્મોની વાસનાઓ અથવા 'અપૂર્વ' એકઠાં થયા કરે છે. પોતાનું આઘાત-પ્રત્યાઘાતનું ચક્ર પૂરું થતાં સુધી કોઇ કર્મ વિરમતું નથી. કર્મનો આરંભ, તેને લગતી તાત્કાલિક ક્રિયાનો

અંત, તેના ફળની તત્કાળ કે કાળાંતરે કે જન્માંતરે પણ પૂર્ણતા, અને ત્યારે જ કર્મનો વિરામ; ત્યારે જ કર્મ સંપૂર્ણ થાય. ક્રિયા અને પ્રતિક્રિયાની સંપૂર્ણતા, તથા પ્રત્યાઘાતવડે આઘાતની બાદબાકી ( અં૦કેન્સેલેશન ) જયારે થાય, ત્યારે જ તે ક્રિયા અને તે આઘાતનો અંત આવે. તે પ્રકારે, પાછલે ભવે આરંભાયેલું કર્મ તે ભવના દેહના અંત સમયે પૂર્ણ થયા વિના અધૂરું રહી ગયું હોય, અને તે અંગેની જે વાસનાઓ તથા તેના સંસ્કારો રહી જતા હોય, તે બધાં કર્માશય રૂપે જમા થયા કરે છે; તેને કેટલાકો **અપૂર્વ** પણ કહે છે.

તેવી વાસનાઓનાં સંગ્રહસ્થાનો બે ગણાયાં છે, એક છે **ઇશ્વરનું જ્ઞાન,** ને બીજું છે કર્મ કરનારા **જીવનું અંત:કરણ.** જીવના પ્રત્યેક મન-વાણી-કાયાના કર્મનું જ્ઞાન ઈશ્વરસંજ્ઞક વિરાટ-પુરુષને હોય છે, કેમકે તે બધાં તેનામાં જ થાય છે. જો ઈશ્વર નામની ચિત્સ્વરૂપ નિયામક શક્તિને તેની જાણ ન હોય, તો તે ફળ આપી શકે નહિ. માટે ઇશ્વરના જ્ઞાનમાં અનંત જીવોનાં અનંત કર્મોનું જ્ઞાન અવશ્ય રહે છે; એટલે, ઇશ્વર જાણે છે કે અમુક જીવે અમુક કર્મ અમુક કાળે કર્યું છે; તેથી તેના ફળના પણ પ્રકાર, સમય ઈ૦ નિશ્ચિત થઈ શકે છે. જેને **નિયતિ** કહે છે, તે, ઇશ્વરની એવી ઇચ્છા અથવા યોજના જ છે.

તેમ જ, કર્મ કરનારા જીવના અંતઃકરણમાં પણ તે કર્મોના સંસ્કાર હોય છે, કેમકે તે ભોગવવાનાં છે તેણે જ. દેવદત્તની કાયાના અંતઃકરણમાં તેનાં બધાં જ કર્મોના સંસ્કાર ભંડારેલા હોય છે. સંસ્કારો બધા અ-છતા હોય છે. જયારે જીવને તદનુકૂલ સ્થૂલ શરીર પ્રાપ્ત થાય છે, ત્યારે તે સંસ્કારો ઉદ્‌બુદ્ધ (= છતા ) થઇ શકે છે. પણ એવો કોઇ નિયમ નથી, કે બધા સંસ્કારો

એક જ જન્મમાં ઉદ્બુદ્ધ થાય. જે અમુક કર્મસમૂહ ફલોન્મુખ થયો હોય, તેના ફલભોગ માટે જેવી કાયા તથા અન્ય સંજોગો આવશ્યક હોય, તે પ્રમાણેનું શરીર તથા તેવા સંજોગો જીવને તે કર્મફલના અનુભવ પુરતાં મળે છે. તેની રચના એવી હોય છે કે તેમાં એ પ્રમાણે ફલોન્મુખ થયેલા અમુક અમુક કર્મોના જ સંસ્કારો પ્રકટ થઇ શકે, બીજાના નહિ, જો કે નવાં કર્મો વડે તેમાં નવાં ઉમેરાય ખરાં.

લોકમાં પણ આપણે એમ થતું જોઈએ છીએ. એક માણસને સંસ્કારો અનેક હોય; એ સંપૂર્ણ સંસ્કાર-સમુદાયને લઇને એ વનમાં જાય; ત્યાં વનશ્રી, પર્વતો, પશુપંખી, નદી ઝરણાં ઇત્યાદિ જુએ; એના ચિત્તમાં ભરેલા છે તો અનેક પ્રકારના સંસ્કારો, પરંતુ આ પદાર્થોના દર્શનથી તેના ચિત્તમાં તદનુરૂપ અમુક પદાર્થો કે મનુષ્યો કે ક્રિયાઓનું જ સ્મરણ જાગે, અન્યનું નહિ; મતલબ કે, સંસ્કાર જાગવા માટે અમુક તદનુરૂપ કારણો તરીકે યોગ્ય સંયોગ-પરિસ્થિતિ વિદ્યમાન હોવી જોઇએ. સંસ્કારો તો અંદર ગર્ભિત (અં૦ સબકોન્શ્યસ) ગુપ્ત રીતે બધા પડેલા છે, પરંતુ જે સમયે જે હેતુ અર્થે જે શરીર મળે છે, તે શરીરાદિરૂપ સાધનસામગ્રીને અનુસરીને જ સંસ્કારોનું પ્રાકટ્ય થવા પામે છે, અને તે સંસ્કારો પ્રમાણે પ્રવર્તતો માનવી તે પ્રમાણેનાં સુખદુઃખની લાગણીઓ અનુભવે છે.

એમ, અનંત સંસ્કાર-કોશમાંથી જેટલા સંસ્કારો જે શરીરમાં પ્રકટવા નિર્માયા હોય, તે અને તેટલાં કર્મો 'પ્રારબ્ધ કર્મ' કહેવાય છે. એનો અર્થ છે, 'પોતાનાં ફલ આપવાનો પ્રારંભ જેણે કર્યો છે તેવું કર્મ અથવા કર્મો.'

### (૫) 'સંચિત' કર્મોનો પ્રકાર કેવો છે?

કર્તાભાવનો અહંકાર ધારણ કરીને જીવ અનંત ભવોમાં જે કર્મો કરતો આવ્યો છે, તે બધાં, ઉપર કહ્યા પ્રમાણે, ઇશ્વરના જ્ઞાનમાં અને કર્તાના અંતઃકરણમાં અપ્રકટ ભંડારાએલાં-સંચાએલાં રહે છે. એમ એમનો સંચય થતો હોવાથી તે 'સંચિત' કહેવાય છે. તેમાંથી યોગ્ય સમયે પારબ્ધના જથા નીસરે છે.

## (૬) 'ક્રિયમાણ' કર્મ શું ?

બીજાં પ્રાણીઓના જીવન કરતાં મનુષ્ય પ્રાણીનું જીવન નિરાળા પ્રકારનું છે. બીજી યોનિઓ (= પ્રાણીપ્રકારો) માત્ર ભોગની યોનિઓ હોવાથી, તેમાં પાપ-પુણ્ય ઉપજાવનારાં કર્મો થતાં નથી, કેમકે મનુષ્યેતર યોનિઓને વિવેકબુધ્ધિ પ્રાપ્ત નથી, જ્યારે મનુષ્યને તે હોય છે. પાપ કર્મોનો સંચય વધે, ત્યારે જીવને તે પાપની અધિકતા તેના ભોગ વડે કમી કરી નાંખવા માટે પશુયોનિ મળે છે; તેમાં તે પાપ- પુણ્ય કર્મોની સમાનતા થતા સુધી પાપ-કર્મોનાં ફળો જ મુખ્યત્વે ભોગવે છે. તે બે લગભગ સરખાં હોય, ત્યારે મનુષ્યયોનિ મળે છે, જેમાં તેને વિવેકબુદ્ધિ આપીને તે દ્વારા આગળ વધવાની, પાછા પડવાની કે મુક્ત થઇ જવાની પૂરેપૂરી તકની પ્રાપ્તિ યોજાય છે. અને પુણ્ય કર્મોની અધિકતા હોય ત્યારે પણ, તેવાં કર્મોની અધિકતા ભોગવડે ઓછી કરીને પુનઃ સમાન સ્થિતિ લાવવા માટે દેવયોનિ (ઉચ્ચ કક્ષાના ભવો) મળે છે. જે પણ ભોગયોનિઓ જ છે; પછી કર્મોની પુનઃ સમાનતા થતાં મનુષ્ય દેહે મોક્ષની તક મળે છે. બુદ્ધિપૂર્વક સમજીને કરેલાં કર્મોનું 'અપૂર્વ' જીવને તે કર્મની પાછળ રહેલા આશય અનુસાર જ ફળે છે.

તેથી, મનુષ્ય યોનિમાં કર્મપ્રવાહ બે રીતે વહે છે; એક, પાછલાં કર્મોના ચાલુ રહેતા ફલભોગ રૂપે, ને બીજો, નવાં કર્મોના

થયા કરતા સંચય રૂપે; એટલે કે, જીવ વીતેલા ભવોનાં પુણ્યપાપ-કર્મોમાંનાં પ્રારબ્ધનાં સુખી કે દુઃખી કે મિશ્ર ફળ અહીં ભોગવે છે; અને ચૈતન્યના સંપર્કથી ચિદાભાસયુક્ત અતઃકરણમાં જે સ્ફૂર્તિ-રૂપે ક્રિયાશકિત ઉદ્દ્ભવેલી હોય છે, તેનાથી સહજ-સ્વભાવે નવાં કર્મો થયા જ કરે છે; કેમકે શરીરધારી સાવ નિષ્ક્રિય રહી શકે જ નહિ; અને ઘણું ખરું દરેક કર્મ પાછળ કંઈ ને કંઈ હેતુઓ હોય છે જ. એ જે બીજો પ્રવાહ, તે આગામી, અથવા, થયા કરતાં 'ક્રિયમાણ' કર્મોનો.

## (૭) જ્ઞાનીનાં કર્મોની નિવૃત્તિ કેવી રીતે થાય છે?

પ્રથમ સંચિત લઈએ. કર્મોનો સંચય અહંકાર તથા કર્તા-ભાવ રૂપ અજ્ઞાનને આશ્રયે રહે છે. જ્ઞાનવડે તે અજ્ઞાન રૂપી આવરણ દૂર થાય છે, તે સાથે કર્તા-અહંભાવ નાશ પામે છે, ને તેનાં આશ્રિત કર્મો પણ નિરર્થક થઇ જાય છે. જીવને ભોગવવા માટે કર્મોના ઢગલા પડ્યા હોય છે; તેનો ભોગ તેણે ત્યાં સુધી જ કરવાનો હોય છે કે જ્યાં સુધી તેને એવો ભ્રમ રહે છે કે 'હું જીવ છું, હું પુણ્યપાપનો કરનારો છું' ઇત્યાદિ. પરંતુ જ્યારે તેને આ પ્રારબ્ધજન્ય શરીરમાં જ્ઞાન થવા લાગે છે, ત્યારે તેને ખબર પડી જાય છે 'હત્તારીની, હું તો ઠગાતો હતો! ત્રણે કાળમાં કર્તૃત્વ, ભોક્તૃત્વ વગેરેથી રહિત હું તો સ્વરૂપે બ્રહ્મ છું, પૂર્વે પણ કોઇ કર્મનો ન હોતો હું કર્તા કે ન હોતો ભોકતા, અત્યારે નથી, ને હવે પછી પણ તેવો થનાર નથી, ને આ તો બધું અંધારામાં જ ગયું!, ત્યારે, તેને કોઇપણ કર્મનો શ્લેષ (લેપ) રહેતો નથી, ને જ્ઞાની પુરુષ ગમે તે કર્મ કરતો-જેવો ભાસતો હોવા છતાં તેને કર્મફળ વળગતાં નથી; દેહ પડતાં, તે ફરજિયાત પુનઃ જન્મમરણમાંથી છૂટી જાય છે. જેમ જેમ જ્ઞાન ઉત્પન્ન થતું જાય છે તેમ તેમ આ સંચિત કર્મોનો નાશ થતો જાય

છે. અથવા, જ્યારે પૂર્ણ જ્ઞાન પ્રકટે છે ત્યારે તે બધાં એક સાથે જ નાશ પામે છે.

## (૮) એટલે કે, કર્મોની ફલ આપવાની શક્તિનો નાશ થઈ જાય છે ? એ તો અવૈજ્ઞાનિક વાત થઈ.

કર્મમાં ફળ આપવાની શક્તિ તો રહે છે જ, કેમકે એ તો આપમેળે (અં૦ ઓટોમેટિક) છે; પરંતુ જ્ઞાન ઇ૦ બીજાં કારણોને લીધે તે શક્તિનો પ્રતિબંધ કે તેનું રૂપાન્તર થઈ જાય છે, અને કર્મ રૂપ ક્રિયાની પ્રતિક્રિયા અથવા આઘાતના પ્રત્યાઘાત (અં૦. એકશનનું રીઍકશન) તે પ્રતિબંધ કે રૂપાન્તરમાં શમી જાય છે; જેમ રબરના દંડાની પછાડ કાદવમાં કે રેતીમાં શમી જતાં, તે પાછો ઊછળી શકતો નથી, તેમ કર્મનાં ફળની શક્તિ સાધનાના પ્રયત્નમાં શમી જઈને, સાધનાના બળે તેનું અન્ય પ્રકારે રૂપાન્તર પણ થઈ શકે છે. દા૦ ત૦ કામ, ક્રોધ, મોહ ઇ૦ જગતના વિષયોમાંથી ખસી જઇને અનુક્રમે સ્વરૂપજ્ઞાનમાં, પ્રમાદની સામે, પરમાત્મા ઈ૦ માં વાળી દેતાં, એ જ શકિતઓ ચોર મટીને, સાધકના સંરક્ષણમાં કોટવાળ બની જઇ શકે.

શાસ્ત્ર તો એટલું જ કહે છે કે કર્મમાં જ્યાં સુધી ફળ આપવાની શકિત છે ત્યાં સુધી તે ફળ આપ્યા કરે છે; છતાં, અમુક કારણસર તે શકિત પ્રતિહત થઇ જાય તોયે તે કર્મ પોતાનાં ફળ આપ્યા જ કરે, એવો શાસ્ત્રનો આગ્રહ નથી. કેમકે એ અવૈજ્ઞાનિક વાત થઈ જાય. જેમ અગ્નિમાં જે દાહકતા ઈ૦ શકિત છે, તે શકિતને બધા જ સામાન્ય લોકો અનુભવે છે; પણ મંત્ર, મણિ, ઔષધ ઈ૦ પરિવર્તકો (અં૦ ટ્રાન્સ્ફૉર્મર્સ, ઍબ્સૉર્બર્સ ન્યૂટ્રલાઈઝર્સ) ના સાંનિધ્યથી તે શકિત પ્રતિબદ્ધ થઈ જાય છે, અને

અગ્નિ તેમજ તેની શકિત, બંને વિદ્યમાન હોવા છતાં, દાહ થતો નથી. સાધન-ચતુષ્ટય તથા સાધનત્રયી તેવાં પ્રબળ પરિવર્તકો છે.

સિદ્ધાન્ત એ છે કે, જ્ઞાનથી સર્વ કર્મોનો નાશ થાય છે, અને તેથી મોક્ષનો માર્ગ સરળ બને છે. પરંતુ એ યાદ રાખવું ઘટે કે કર્મોનાં ફળ માત્ર અમુક એક જ માર્ગે, એક જ ઢબે ભોગવાય, ને અન્ય રીતે નહિ જ, એવું નથી. જ્યાં ત્યાંથી, જે તે કર્મનો જે તે સુખદુઃખનું વિતરણ કરવાનો હેતુ સરવો જોઈએ. તેમાં ઈશ્વરકૃપા તથા સ્વપ્રયત્ન દ્વારા નિમિત્તનો ગમે તે પ્રસંગ કે સંજોગ બની શકે છે. દા૦ ત૦, જ્ઞાનોત્પત્તિને માટે જે શમદમાદિ સાધનો કરાવાય છે, તે સાધનોની પણ કર્મોનાં ફળ ( તે સાધન કરવાના પરિશ્રમ તથા તે અંગે તનમનને પડતા કષ્ટ ઇ૦ મારફત ) ભોગવાઈ જાય છે. જેને આપણે 'સંચિત' કહ્યાં તે પણ શરીરસ્થ અંતઃકરણની બહાર ક્યાં યે નથી, ને ન જ હોઈ શકે. તેથી, સાધના વડે અંતઃકરણની જ્યારે સાફસુફી થવા લાગે ત્યારે સાથોસાથ સંચિત કર્મોના હેતુઓરૂપ અંતઃકરણસ્થિત વાસનાઓ તથા સંસ્કારો રૂપી પ્રેરકો ( અં૦ ડ્રાઈવિન્ગ ફોર્સ ) પણ ધોવાતાં જાય. એ જ વસ્તુતઃ સંચિતનો નાશ છે.

ક્રિયમાણ કર્મનો પાછળ જે અશ્લેષ (અલિપ્તતા) કહ્યો છે તે પણ તેવી જ રીતે જાણવો; જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્ત પુરુષ જે રીતે ક્રિયામાં પ્રવર્તે છે તે રીત એવી જ હોય છે કે તેમાં કર્મના કર્તારૂપે કશી આસકિત કે ભ્રમણા ન હોય. બધાં આસક્તિરહિત કર્મો અશ્લિષ્ટ જ રહી શકે છે. ઢોંગીની વાત જુદી છે, ને તે ભલે જગતને છેતરી જાય, પરંતુ તે ઇશ્વરની નિયતિને છેતરી શકતો નથી, ને અંતે બેવડો માર ખાય છે. જ્ઞાનમાર્ગી પુરુષ જ્ઞાનપૂર્વક કર્મ કરે છે, એટલે કે તે એવું સમજીને કરે છે, કે કર્તા હું નહિ પરંતુ અહંકાર છે, અને એકના ધર્મનો અન્યને, અર્થાત્ અહંકારના ધર્મનો મને,

સંબંધ ન જ હોય. જ્ઞાનીનો એ અહંકાર પણ, પ્રારબ્ધ કર્મફળની અનિવાર્ય ચેષ્ટાઓ બાદ કરતાં, કોઈ પણ નવા કર્મના ઉધામામાં પડી શકતો નથી, કેમકે જેને કશું મેળવવાનું નથી, તેને કશું કરવાનું હોય જ નહિ, કશું ન કરવાથી કર્મ બને નહિ, અને કર્મ જયાં ન હોય ત્યાં ફળનો પ્રશ્ન જ ન રહે. જ્ઞાન જયારે એવું દૃઢ હોય ત્યારે દેહેન્દ્રિય દ્વારા થતાં કોઈ પણ સહજપ્રાપ્ત કર્મ અશ્લિષ્ટ જ રહે.

## (૯) આ કર્મના નાશમાં, પ્રારબ્ધની શી સ્થિતિ છે?

પ્રારબ્ધ કર્મોનો નાશ નથી થતો. કહેવાનું તાત્પર્ય એ, કે શરીરને તો જયાં સુધી રહેવાનું હશે ત્યાં સુધી તે પ્રારબ્ધવશ રહેશે જ. તેના રહેવા કે ન રહેવા સાથે પુરુષને કશો સંબધ નથી. શરીરનું હોવું દુઃખદાયી નથી, પરંતુ 'પુરુષ'નો શરીરની સાથે સંબંધ હોવા રૂપી ભ્રમણાનું હોવું દુઃખદાયી છે. એ ભ્રમણા નષ્ટ થયે, શરીર હોય કે ન હોય તોયે, દુઃખભાવ જાય; અને જેમ ડંખ વગરનો વીંછી ખરો વીંછી નહિ પરંતુ કહેવા પૂરતો, માત્ર અ-વીંછી વીંછી જ છે, તેમ, અસર-રહિત કર્મ 'કર્મ' ન રહેતા અકર્મ જ થઈ જાય છે.

શરીરનો નાશ સામાન્યતઃ તેના નિયત કાળે અને નિયત પ્રકારે થવાનો; તે શરીર જે કર્મનો પ્રારંભ કરશે તેનું ફળ તો તે ભોગવશે જ. એ દેવતામાં હાથ નાખશે તો અવશ્ય દાઝશે, જમશે તો તૃપ્ત થશે જ, ઇત્યાદિ. શરીર છે, એટલે એને તાવ આવશે, બીજા રોગો પણ થશે. તેની પીડા પણ ઉપજશે... પરંતુ શરીરની તે પીડાને જ્ઞાની તિતિક્ષાથી સહન કરશે, ને જાણશે કે પીડા શરીરને છે, મને નહિ, ઈત્યાદિ. પાછળ કહેવાઈ ચૂકેલા રાહે એનું મનન એને શરીરથી પોતાની તાત્વિક પૃથક્તા તાજી રખાવશે.

એ શરીર કેવળ પ્રારબ્ધથી ટકી રહેલું છે; તેની વિદ્યમાનતાના અરસામાં એને ઠેસ વાગે, એ પડી જાય, એના હાથપગ ભાંગે... એ બધી આપત્તિઓ જ્ઞાનથી જ દૂર થાય. 'દૂર થાય' એટલે, જ્ઞાની એને યુક્તિપૂર્વક અન્યની પીડાઓ જાણીને બહુ ધૈર્યથી સહન કરી લે. જ્ઞાનીના શરીરનું તૂટેલું હાડકું જ્ઞાનથી સંધાઇ જતું નથી, પણ વ્યથાને એ ક્ષણભંગુર શરીરધર્મ જાણીને, શરીર સાથે બુદ્ધિપૂર્વક અસંગ રહીને તે સ્થિતિને સહન કરી લે છે. વિદેહમુકિત થતાં સુધી શારીરિક દુઃખોનો અનુભવ પુરુષને થાય જ, પરંતુ અજ્ઞાનીની પેઠે એ તેમાં તદાકાર, કે દુઃખોન્મત્ત બનીને સ્વભાન ભૂલી નથી જતો, અને 'હું દુઃખી છું' એવું નથી જાણતો. એ જ્ઞાનની બલિહારી છે, ને એ દુઃખની મુકિત છે.

એક જ શરીરમાં જ્ઞાનોત્પત્તિ પૂર્ણ નથી થતી. ઉત્ક્રાન્તિના નિયમાનુસાર, પુરુષ 'અનેકજન્મ-સંસિદ્ધ' જ હોઇ શકે, એટલે કે અનેક જન્મોથી ક્રમિક ચિત્તશુદ્ધિ અને જ્ઞાનનું આગમન થયા કરે છે; એ ક્રમિક ઉન્નતિને લીધે, ધીરે ધીરે કર્મ-વાસનાઓ પણ ક્ષીણ થતી રહે છે. જે છેલ્લું શરીર પ્રાપ્ત થાય છે, તેમાં નાશ કરવાની ઘણી થોડી વાસનાઓ રહેલી હોય છે, ને પ્રારબ્ધ પણ થોડું જ હોય છે. એ છેવટના શરીરમાં બધું શેષ પ્રારબ્ધ ભોગવાઈ જાય છે; ક્રિયમાણમાં આસકિત હોતી નથી; સંચિતનો ક્ષય અનેક જન્મોથી આરંભાયેલો હોય છે, તેથી, અંતિમ શરીરના પતન સુધી જ સુખ-દુ ખાદિ શરીરધર્મો ચાલુ રહે છે; દેહપાત થતા સુધી પણ, તે પુરુષ જીવન્મુકિતની સ્થિતિ અનુભવે છે. અન્ય પામર અજ્ઞાની અપેક્ષાએ એને સુખદુઃખનો પ્રભાવ વ્યગ્ર કરતો નથી, અથવા થોડો જ કરે છે. તેથી, શરીર પડયા પછીની વિદેહમુકિત, એટલે શરીરની લપ પણ જવાથી થનારી સર્વથા મુકિત; કેવી હોય, તેની કલ્પના તેવા જીવન્મુકતને થઈ શકે છે.

જીવન્મુક્તને હું-ભાવની પણ પ્રતીતિ તો થાય છે જ. સ્વપ્નું ચાલતું હોય ત્યારે અર્ધજાગ્રત સ્થિતિમાં પુરુષ કોઇવાર તે સ્વપ્નમાં જાતે પ્રવર્તતો છતાં તેથી અલગ રહીને તેને ગંમતથી જોતો પણ હોય છે; તેમ, જ્ઞાની પુરુષ ઇશ્વરસ્વપ્નના સ્વપ્ન-પુરુષ રૂપી શરીર હોવા છતાં જ્ઞાનજાગૃત હોવાથી, એ શરીરની ચેષ્ટાને અમુક પ્રકારના હું રૂપે થતી જુએ છે, પોતે, જાણે કે, 'કરતો' પણ રહે છે, ને છતાં, સાક્ષીસ્વરૂપ હું તરીકે અહોભાવથી અલગ રહીને એ તેને નીરખતો પણ હોય છે. તેથી, તેવા હું-ભાવની પ્રતીતિ તેને બાધક નથી; કેમકે, તેને જીવમાં જે અહંભાવ પ્રતીત થાય છે, તેના પરત્વે તેનો પાકો નિશ્ચય થઈ ગયેલો હોય છે કે એ અહંભાવની પ્રતીતિ સ્વાભાવિક નથી, પરંતુ અજ્ઞાનની અસરરૂપ અહંકારના સંબંધને લીધે છે. સહજપ્રાપ્ત લોકવ્યવહાર પણ એ કરે છે, અને તેનો એ વ્યવહાર કેવળ લોકદષ્ટિને અનુસરીને જ હોય છે. સમજે છે કે પરમાર્થતઃ કોઇ વ્યવહાર નથી, ને કોઈ વ્યવહાર કરવાનું એને પ્રયોજન નથી; પરંતુ પ્રારબ્ધ સાથે તેને કશી તકરાર નથી, બલકે તે યોગ્ય પ્રકારે પૂરું થાય તેમાં તેને સહકારપૂર્વક રસ છે; પ્રારબ્ધ કર્મો હજી પણ બાકી છે, તેથી લોકદષ્ટિએ તેને લગતા વ્યવહારો નિભાવવાનું તેને ભાગે આવે છે, ને તે એ મોજથી નિભાવે છે. એ પ્રકારના વ્યવહારને જ 'લોકસંગ્રહાર્થ પ્રવૃત્તિ' કહે છે.

જ્ઞાનીના વ્યવહાર-નિર્વહન પ્રસંગે તેનો તેમાં 'જીવ પરોવાયેલો' નથી હોતો; તેનો એ વ્યવહાર સહજ ભાવે થાય છે. જોનારાઓ તે જુએ છે, ને જ્ઞાનીને પણ પોતાના જેવો જ કર્મી માને છે; તે ભલે માને; જ્ઞાનીનું તેથી કશું બગડતું નથી.

નિદ્રા, ભિક્ષા, સ્નાન શૌચાદિ સહજ સ્વાભાવિક ક્રિયાઓ જ્ઞાની કરે છે, તેની તેને કોઇ વિશેષ કર્મરૂપે પ્રતીતિ હોતી નથી;

અજ્ઞાનીને જ તે તેવી જણાય છે, તેથી તેઓ કહે છે કે 'જુઓ, જ્ઞાનીને પણ અમારા જેવાં જ ક્રિયા-કર્મ છે કે નહિ?' પરંતુ જ્ઞાની જાણે છે કે 'મારામાં કશી જ ક્રિયા નથી, હું કોઇ ક્રિયાનો કરનારો નથી, અન્ય લોકો મારામાં તેવાં ક્રિયાકર્મનો આરોપ કરે, તે સુખે કરે! મારું તેમાં શું અહિત છે? યથાકાળ એ લોકો પણ સમજશે. કોઈ એ મારામાં કોઇ ધર્મનો આરોપ કર્યો, તેથી તે ધર્મ મારામાં ઘુસી જતો નથી' ઈત્યાદિ.

# સર્ગ-છવીસમો

## કર્મફળનો નાશ એટલે?

**(૧) શરીર નિષ્ક્રિય રહી શકે જ નહિ, તો પછી, જ્ઞાનીનાં જેવાં હોય તેવાં પણ 'ક્રિયમાણ' કર્મોનું શું થતું હશે?**

પ્રશ્ન સરસ છે. તેમાં સંચિત કર્મો રફેદફે થવાની પ્રક્રિયાનો પણ સમાવેશ થઇ જાય છે. જ્ઞાની પુરુષનાં સંચિત તેમજ ક્રિયમાણ, સર્વ કર્મોમાંનાં શુભ કર્મોનાં ફળ સુહૃદ, ભકત, ગુણાનુરાગી અને શિષ્યને ભાગે જાય, કેમકે તેઓ એના સદ્ગુણોનું જ ચિંતન સ્મરણ કરે છે; અને ઇતર પ્રકારનાં કર્મોનાં ફળ જાય છે તેનો દ્વેષ કરનારા નિંદકોને, કેમકે જેવી ભાવનાથી જે કોઈ-જેને ભજે છે, તે ભાવના પ્રમાણે તેને પ્રાપ્ત થાય છે! એમ, જ્ઞાની સર્વ કર્મોથી છૂટી જાય છે, ને કર્મોનાં ક્રિયા-ફલનાં વર્તુલ પણ એ પ્રકારે પૂરાં થઈ શકે છે!

જ્ઞાનીનાં કર્મોની નિવૃત્તિના સંબંધમાં શાસ્ત્રોમાં જે નિર્ણય કરેલા છે, તે નિર્ણયોને તે શાસ્ત્રોનું અધ્યયન કરનારાઓ દૃઢપણે માને છે; અને એ નિયમ પ્રસિદ્ધ છે, કે જેવી ભાવના, તેવી સિદ્ધિ!

જ્ઞાન અને યોગના સંબંધમાં હઠયોગીઓની દૃષ્ટિએ એવું કહેવાય છે કે જ્ઞાનીને પ્રારબ્ધ કર્મનો ભોગવડે ક્ષય કરવો રહે છે, પરંતુ યોગી પ્રારબ્ધને પણ જીતી શકે છે, એ યોગની વિશિષ્ટતા છે; કેમકે તે યોગબળવડે અનેક શરીરો ધારણ કરીને સર્વ સંચિત તેમ જ

પ્રારબ્ધનો એક સાથે ભોગ દ્વારા ક્ષય કરી શકે છે! પરંતુ જ્ઞાનીને ભોગવવો પડતો દેખાતો પ્રારબ્ધભોગ માત્ર ઇતર જનોની દૃષ્ટિએ તે પ્રમાણે દેખાવા પૂરતો જ હોય છે. બીજને શેકી નાંખ્યા પછી તે ઊગી શકતાં નથી; વીંછીનો આંકડો કાપી નાંખ્યા પછી તે ડંખી શકતો નથી; દોરડીને દોરડીરૂપે પરખી લીધા પછી સાપની ત્યાં ભ્રાન્તિ કે તજજન્ય ભય થઇ શકતાં નથી; તે પ્રમાણે, પ્રારબ્ધ કર્મનો કહેવાતો ભોગ જ્ઞાનીના અંતરમાં લેશ પણ કલેશ ઉપજાવી શકતો નથી, કેમકે જ્ઞાનના જાદુએ તેની એને દુઃખ આપવાની શકિતને હણી લીધી હોય છે.

જ્ઞાનીને પ્રારબ્ધથી ડરવાપણું નથી, ને જન્માન્તર વગેરે રૂપી ભવભય તેને નથી, કે જેના માર્યા એને હઠયૌગિક સિદ્ધિ મેળવવાનો ઉધામો, કે કર્મો પૂરા કરવાની ફિકરચિંતારૂપી વૃત્તિ ઉપજવા પામે; કેમકે, જ્ઞાનનું પ્રત્યક્ષ ફળ અભય છે, જે આંતરિક નિર્લેપતાનું સીધું પરિણામ છે. અન્યોની નજરે એ દુઃખ ભોગવતો-જેવો જણાય, તોયે અને ત્યારેયે, એ આપત્તિઓ, જેવો દુઃખભાવ અજ્ઞાનીને ઉપજાવી શકે છે તેવો, જ્ઞાનીના અંતરમાં લગરીકે ઉપજાવી શકતી નથી.

એ રીતે, જો પ્રારબ્ધ કર્મનો ફલપાત જ્ઞાનીને પણ થતો હોવા છતાં એ તેને સતાવી શકતો નથી, તો પછી ભોગ 'ભોગવ્યો' કે 'ન ભોગવ્યો,' અર્થાત્ એ ભોગપ્રસંગ આવ્યો કે ન આવ્યો, એ તેને મન સરખું જ છે. એ પ્રકારે, જ્ઞાનીનું તો પ્રારબ્ધ પણ ફલતઃ (અં૦ ઇફેકટિવલી) નષ્ટ છે.

**(૨) જો સરળ જ્ઞાનમાર્ગ કર્મક્ષય માટે આવો સચોટ ઉપાય હોય, તો તન-મનનાં અત્યંત કષ્ટોથી ભરેલા હઠયોગનો આશ્રય બુદ્ધિમાનો પણ કેમ લેતા હશે?**

ત્યાં સંસ્કારનો પ્રશ્ન છે. સંસ્કારજન્ય રુચિઓના ભેદ અનુસાર, પ્રકૃતિ પ્રમાણે, કોઈને સરળ રસ્તો ગમે, ને કોઇને ઓછો વત્તો આડો અવળો રુચે. વસિષ્ઠ મુનિએ રામચંદ્રજીને એવા પ્રશ્નનો ઉત્તર આપ્યો હતો તે અહીં પ્રસ્તુત છે:

असाध्य: कस्यचिद्योग: कस्यचिज्ज्ञाननिश्चय:।
मम त्वभिमत: साधो! सुसाध्यो ज्ञाननिश्चय:॥

-કોમળ બુદ્ધિને જ્ઞાન માર્ગ, અને અકોમલને યોગમાર્ગ ગમે, એમાં શું આશ્ચર્ય?

**(૩) 'જ્ઞાનરૂપી અગ્નિ 'સર્વ' કર્મોને બાળીને ખાક કરી નાંખે છે,' એવું ભગવદ્વચન છે, તેનો આ સંદર્ભમાં શો અર્થ જાણવો? જો જ્ઞાનવડે સંચિત અને ક્રિયમાણ જ નષ્ટ થાય, ને કોઈને કોઈ પ્રકારે પણ પ્રારબ્ધ પ્રવર્તે, તો અહીં 'સર્વ' નો અર્થ શું સમજવો?**

જ્ઞાનવડે કર્મનો ડંખ નીકળી જવાથી પ્રારબ્ધ પણ નષ્ટ થયા સરખું છે, એ હકીકતને બાજુએ રાખતાં, પ્રારબ્ધની ચેષ્ટા તો રહેતી જ મનાય છે. તેથી, આ ઠેકાણે 'સર્વ' શબ્દનો અર્થ વિદ્વાન ટીકાકારોએ प्रारब्धातिरिक्तानि कर्माणि (પ્રારબ્ધ સિવાયના બીજા કર્મપ્રકારો) સ્વીકાર્યો છે, ને એ જ સર્વસંમત છે. છતાં, પ્રારબ્ધ જ્ઞાનીને અસર ન કરી શકતું હોવાથી, તે પણ નષ્ટપ્રાય જ થઇ જાય છે; કેમકે, ન લાગ્યું, તે દુઃખ નહિ.

'સર્વ' શબ્દના અર્થનો સંકોચ કરવામાં વિદ્વાનો એવું માને છે કે જે જેનું સાક્ષાત્ વિરોધી હોય, તે તેનો નાશ કરે, જેમકે

પ્રકાશ અંધકારનો. પ્રારબ્ધકર્મ જન્મ, આયુષ્ય અને સુખદુઃખાદિના ભોગ, એ ત્રણ પ્રકારના વિપાક (=ફળ) પ્રકટાવે છે, અને તે વિદ્યમાન જન્મના ઉદયકાળે જ ફળ આપવાનો પ્રારંભ કરે છે. તે પ્રારબ્ધ કર્મ પૈકી જે પુણ્ય સંસ્કારયુકત ભાગ હોય છે, તેના પ્રભાવથી જ બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થાય છે; વિદ્વાનનો દેહ પણ તેના વડે જ ટકે છે, ને વ્યવહાર પ્રતીત થાય છે; તે દેહમાં પ્રસંગે બ્રહ્મવર્ચસ્ અને પ્રસંગે રોગાદિ પણ પ્રતીત થાય છે. એ પ્રારબ્ધના બળથી જ એ વિદ્વાન બીજાઓને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરી શકે છે; તેથી, બ્રહ્મજ્ઞાન પ્રારબ્ધ કર્મોનું સાક્ષાત વિરોધી નથી. જો બ્રહ્મજ્ઞાન સંપૂર્ણ પ્રારબ્ધ કર્મોનો નાશ કરવા નિર્માએલું હોય, તો જ્ઞાનીનો દેહ ન રહેવો જોઈએ; અને તેમ હોય, તો પછી જ્ઞાનીના પ્રતિ ભક્તિ, પ્રીતિ, સત્સંગ ઈત્યાદિને પણ અવકાશ શેનો હોય ? તેથી, જ્ઞાનીને માટે પ્રારબ્ધ તથા તજજન્ય દેહાદિ ઉત્તમ ધર્મસાધનો હોઇ, વિવેક-પુરઃસર આદરને પાત્ર છે, વિવેકહીન તિરસ્કારને પાત્ર નહિ.

વળી, બ્રહ્મવિદ્યા, પ્રાયશ્ચિત્તની પેઠે, પાપની નિવર્તક નથી, પરંતુ સ્વરૂપભૂત અંતર્યામી પ્રત્યગાત્માના સ્વયંસિદ્ધ અસંગપણાના બોધ વડે તે પૂર્વસિદ્ધ નિત્યપ્રાપ્ત આત્માના સ્વાભાવિક **પાપરહિતપણાને** પુનઃ પ્રકટ કરે છે. તો પણ, જ્ઞાનનો એ અદ્ભુત પ્રભાવ છે કે પ્રારબ્ધ પાપ-પુણ્ય કર્મોનાં ફળો એટલે કે સુખ-દુઃખાદિ, તન-મનરૂપી શરીરદ્વયમાં પ્રકટ થતાં હોવા છતાં, તે આત્માના નિત્ય નિર્લેપપણાને ખસવા દેતું નથી; અને જયાં સુધી સુખ-દુઃખનો આત્મામાં 'એનો ભોકતા હું છું' એવો અભિમાનમૂલક ભ્રામક અનુભવ ન થાય, ત્યાં સુધી, પ્રારબ્ધ કર્મ ચરિતાર્થ એટલે કે સફળ થયું ગણાય જ નહિ. એ લક્ષમાં રાખીને જ શ્રી ભાષ્યકાર સ્વામી 'અપરોક્ષાનુભૂતિ'માં કહે છે કે अज्ञानीजन बोधार्थं प्रारब्धं

વક્ષ્યિવૈ શ્રુતિ: 'જ્ઞાન થયા પછી પ્રારબ્ધ કર્મ બાકી રહે છે, એવું જે કહેવાય છે, તે અજ્ઞાની લોકને સમજાવવા પૂરતું જ.'

ત્યારે, પ્રશ્ન એ થાય છે કે, જ્ઞાન પછી પણ જે સુખદુ:ખાદિની પ્રતીતિ થતી હોય, તેને અટકાવવા કોઇ ઉપાય છે ખરો? તેનો ઉત્તર એ છે કે, ચિત્તનિરોધ (=વૃત્તિઓ ઉપર મેળવેલો કાબૂ) પ્રારબ્ધ-કર્મજન્ય સુખદુ:ખાદિની પ્રતીતિનો બાધ કરી શકે છે, એટલું જ નહિ પણ સર્વજ્ઞતા વગેરે વિશેષ ધર્મોને વિશુદ્ધ સત્ત્વ-યુકત ચિત્તમાં પ્રકટ કરે છે. એ કારણે શાસ્ત્રકારો બ્રહ્મજ્ઞાનીના ત્રણ વર્ગો યોજે છે:–

(૧) લોકવ્યવહારપ્રધાન; (૨) વિવેકપ્રધાનઃ અને (૩) સમાધિ-પ્રધાન.

જ્ઞાનનો ઉદય થયા પછી પણ પ્રારબ્ધ કર્મ સંસ્કારોના પ્રભાવથી જે વ્યવહારધુરાને વહે છે, તે (૧) વર્ગમાં પડે છે. એમને કદી'કને વ્યવહાર અંગે હર્ષશોક ક્ષણવાર દબાવતો હોય તેવું ભાસે છે; પણ જેમ સૂર્યનાં ધાબાં પ્રકટ થવાની સાથે જ લુપ્ત થાય છે તેમ, વ્યવહારપ્રધાન જ્ઞાનીના હર્ષશોક, ભાસ્યા ન ભાસ્યા ત્યાં તો ઊડી જાય છે. તેમાં પ્રસિદ્ધ ઉદાહરણો રામ, કૃષ્ણ અને અર્જુન જેવાનાં આપી શકાય.

આ સંદર્ભમાં ગાંધીજી, ભાવેજી વગેરે, અને ત્યાગીસમુદાયમાં સ્વામી શ્રી રામતીર્થજી તથા વિવેકાનંદજી સહેજે સાંભરે છે. અત્યારે પણ એ વૃત્તિના કેટલાક મહાપુરુષો જાહેર તેમ જ આધ્યાત્મિક ક્ષેત્રમાં વિદ્યમાન છે.

બીજા પ્રકારના જ્ઞાનીઓ પહેલા વર્ગથી ભિન્ન પ્રકારના

સંસ્કારોથી યુક્ત હોય છે, કેમકે સંભવતઃ પાછલા ભવોમાં લોકવ્યવહારાદિ ખૂબ કરી જોઇને, તેનાથી ઉપજેલા નિર્વેદ (નાસીપાસીના) સંસ્કારો લઇને જ તેઓ આવ્યા હોય; તેથી, તેઓની રુચિ લોકસંગ્રહ નિમિત્તે પણ સ્વેચ્છાથી કોઈ કર્મવિસ્તાર કરવાની ન હોય, જો કે સહજપ્રાપ્ત કાર્યોનું આવશ્યકતા પ્રમાણે તેઓ પ્રસન્નતાથી વહન કરે છે. તેમના લોકવ્યવહારથી પરાઙ્મુખ (મોં ફેરવીને) રહેતા સંસ્કારો તેમના વિવેકને પુષ્ટ રાખે છે- હર્ષશોકના પ્રસંગો, પહેલા વર્ગની અપેક્ષાએ તેમને ઓછા જ રહે, એ દેખીતું છે.

વર્ગ (૩) વાળા તો સંન્યાસી પરમહંસ જ હોઇ શકે; તેમની વૃત્તિઓ પૂર્વસંસ્કારબળે સંપૂર્ણ ઉપરામ હોઇ, તેઓ સાવ નિવૃત્તિપરાયણ રહીને, સહજ કર્મો બાદ કરતાં, નિરંતર આત્મચિંતનમાં નિમગ્ન રહે છે; જેવા કે પરમહંસ શ્રી રમણ. તેવા આત્મબળે જગતના પરમહિતકારીને હર્ષશોકના પ્રસંગ સંભવે જ કેવી રીતે? તેમનાં પ્રારબ્ધ કર્મ ફક્ત દેહને ટકાવી રાખવા, અને તે દ્વારા તેમના અનુરાગીઓ ઉપર અનુગ્રહ કરવા પૂરતાં જ પ્રવર્તતાં હોય છે, નહિ કે તેમને સુખદુઃખનો અનુભવ કરાવવા.

મોટે ભાગે આ પ્રકારો, સંસ્કારોના ભેદને કારણે ભાસે છે. એક જ પરમ સત્ય છે, છતાં મહાસમર્થ જ્ઞાનીઓ તેના પરત્વે નાનાવિધ અને કયાંક કયાંક પરસ્પર વિરોધી પણ દર્શનો કરે છે, તેનું કારણ પણ સંસ્કારભેદ જ છે. સત્ય તો, સર્વ સાચા મહાત્માઓ માટે સમાન જ હોય; નહિ તો તે 'સત્ય' શેનું? પરંતુ તેનું દર્શન થવાની બીજી જ ક્ષણે, જે-તે મહાપુરુષના પૂર્વસંસ્કારો તેને છાયી દે છે, ને જયારે તે પુરુષના ચિત્તમાં એ દર્શન સ્વસંસ્કારથી રંજિત વિચારણાવડે સુવ્યવસ્થિત થાય છે, ત્યારે તે સંસ્કારોએ તેના ઉપર પણ પોતાનો વિશિષ્ટ રંગ ચડાવી દીધેલો હોય છે;

એમના અનુયાયીઓના સંસ્કારોવાળી પરંપરા તેના એ નાનાવિધ રંગોને ઘેરા કરતી જ જાય છે, ને જોતજોતામાં, મૂળ તત્ત્વે જોતાં, જેમનામાં ખાસ લડવાઝગડવા જેવા કશા પણ ભેદ નહોતા તેવાં દર્શનો ઝનૂની તથા અન્યથી અસહિષ્ણુ 'સંપ્રદાયો'ના આકાર પકડી, અજ્ઞાનની વધેલી માત્રામાં સત્યને સંતાડી દઇને, તેના ઉપર ચડાવી દીધેલાં અજ્ઞાનજન્ય આવરણોને જ 'ધર્મ' તરીકે સ્વીકારીને, જગતમાં નાહક કંકાસ વધારે છે; અને તે પણ પવિત્ર ધર્મને, પ્રભુને અને તત્ત્વજ્ઞાનને નામે-નિમિત્તે !

ઉપર કહેલાં બ્રહ્મવિત્ પ્રકારોમાં તારતમ્ય કે ઊંચનીચ જેવું કશું જ નથી, પરંતુ જ્ઞાનના પ્રાકટ્ય-પ્રકારમાં પૂર્વ સંસ્કારોના ફરકને લીધે ફરક પડતો જણાય છે.

યોગ્ય પ્રકારની ભક્તિ વડે પણ પ્રારબ્ધ કર્મ નષ્ટપ્રાય થઇ શકે છે. જેમ યોગીને પ્રારબ્ધ કર્મ કનડી શકતાં નથી, તેમ યથાર્થ ભક્તને પણ તે અપાય કે દુઃખનો ભોગ કરાવી શકતાં નથી, અને જો ભક્ત ઈચ્છે, તો જ્ઞાનપ્રચુર ભક્તિ વડે (– અને જ્ઞાન સાત્વિકી ભક્તિની જ પરાકાષ્ટા છે –) પ્રારબ્ધનો નાશ કરવામાં સમર્થ હોય છે; કારણ કે ભક્તિને જ્ઞાનની સામગ્રીમાં ઉત્તમ કહી છે. સાત્ત્વિકી ભક્તિ જ્ઞાનરહિત હોઇ શકે નહિ, પરંતુ જ્ઞાનનિષ્ઠ જ હોય; અને તેથી, સાધનરૂપ ભક્તિની અસર તેના સાધ્ય જ્ઞાનની સમાન હોય, એ દેખીતું છે. આ દૃષ્ટિએ જ્ઞાન અને સાત્ત્વિકી એટલે કે ગીતામાં કહેલી પરા ભક્તિ, સાધ્ય-સાધન ન્યાયે એક બીજાથી ભિન્ન નથી.

**(૪) કર્મોના કેટલાક પ્રકારોની વાત તો આપણે થઇ; ભક્તિકર્મનેયે વિચાર્યાં; પરંતુ આ કર્મવિચારમાં 'ધર્મવિધિને લગતાં કર્મો'નું શું સ્થાન જાણવું ?**

ધર્મને નિમિત્તે કોઇ પણ સંપ્રદાયના ચુસ્ત અનુયાયીઓને વિધિનિષેધોનો પાર નથી હોતો.

ધાર્મિક વિધિ ઇ૦ નો આવો વિચાર, થોડાં વર્ષો પૂર્વે હતો તેટલો, આજે પ્રસ્તુત નથી. આચારધર્મ પરિવર્તનશીલ છે, અને આપણા શાસ્ત્રકારોએ સ્પષ્ટતા કરી છે કે પરમ સત્ય અર્થાત આંતર સિદ્ધાંત જ અવિચલ છે. બાકી બધા **પાળવાના** બાહ્યાચારના ધર્મો દેશ-કાલ-સંજોગો અનુસાર પરિવર્તન પામવાના જ. આજે સાંપ્રદાયિક ધર્મ, ધાર્મિકતા ઈ૦ પરત્વે ઝડપથી વિચારો બદલાઇ રહ્યા છે. 'ધર્મ' શબ્દ જ જમાનાની એરણ પર પડયે પડયે કુટાઇ રહ્યો છે. ભણતર, ખાસ કરીને અધૂરાં વૈજ્ઞાનિક ભણતર, વિદેશોનો સંપર્ક ઈત્યાદિ પરિસ્થિતિઓએ, વ્યક્તિગત તેમજ સામુહિક ચિત્તવૃત્તિઓમાં એવાં ક્રાંતિકારક આંદોલનો જગાડયાં છે, કે તે કયાં ઠરીઠામ થશે તે હજી કહી શકાય નહિ. સમયાનુસાર બધું યોગ્ય જ થાય છે; પરંતુ મૂલ્યોનો આ પરિવર્તનકાળ હોવાથી, બધું ખદબદી રહેલું છે, ને શું, કયાં ઠરશે, એ કોણ જાણે ? છતાં, હજી સાંપ્રદાયિક ધર્મચુસ્ત વર્ગ સારા જેવા જથામાં વિદ્યમાન હોવાથી, એ પ્રશ્નની સંક્ષેપથી વિચારણા નિરુપયોગી નથી.

કર્મ એટલે ક્રિયા; મનુષ્ય, જન્મ થયા પહેલાંથી જ કંઈ ને કંઈ, હલનચલન, વૃદ્ધિ ઈ૦ રૂપી પણ, ક્રિયા કરતો હોય છે. છેવટની શરીર છોડવાની ક્રિયા સુધી તેનાં તનમન ક્રિયાશીલ રહે છે. તેથી, તેના કર્મપ્રકારોનો પાર નથી. જુદી જુદી દષ્ટિએ તેના મુખ્ય વિભાગો પડી શકે છે:–

(૧) સ્થૂલ ક્રિયાઓ, જેવી કે ઉત્ક્ષેપણ અર્થાત્ ઊંચે ફેંકવું, અપક્ષેપણ એટલે નીચે નાંખવું, આકુંચન અથવા સંકોચાવું,

પ્રસરણ કહેતાં ફેલાવવું, ને ગમન, જેનો અર્થ છે અવર જવર; અહીં આ વર્ગનો વિચાર કરવાની જરૂર નથી.

(૨) સંચિત ઈત્યાદિ ત્રણ, જેની ભાંજઘડ, આપણે કરી ચૂક્યા;

(૩) 'વેદવિહિત' એટલે કે વેદના કર્મકાંડ વિભાગમાં કહેલાં, 'વિકર્મ' અર્થાત્ વેદ વિરુદ્ધનાં, અને 'અકર્મ' કહેતાં એ બેમાંથી એકેયે પ્રકારનાં કર્મ ન કરવાં તે;

(૪) ધર્મવિધિપરક ક્રિયાઓ, જે છે નિત્ય, નૈમિત્તિક, કામ્ય, પ્રાયશ્ચિત્ત, અને નિષિદ્ધ.

આજે પ્રવર્તતો હિંદુ-સંજ્ઞક ધર્મ મુખ્યત્વે પૌરાણિક છે. તેનો પાયો તો વેદ જ છે, પરંતુ દેશકાલાનુસાર એ પૌરાણિક રાહે વિસ્તર્યો છે. ઉપરના વર્ગ (૪) માં

**નિત્ય** = સંધ્યાવંદન જેવાં રોજ નિયમિત કરવાનાં ઠરેલાં કર્મો, જે પ્રત્યેક આર્ય કે આર્યેતર સંપ્રદાયમાં ઢગલે ઢેર હોય છે; એનો હેતુ, તે ન કરવાથી થતાં તેમજ અજાણપણામાં થઈ જતાં અન્ય ક્ષુલ્લક પાપનું નિવારણ કરવાનો, અને ધર્મભાવનાને પુષ્ટ રાખ્યા કરવાનો ગણાય છે.

**નૈમિત્તિક** = શ્રાદ્ધ, ગ્રહણ ઈત્યાદિ જેવા કોઇ ખાસ પ્રસંગે કરવાનાં, જેના ઉદ્દેશો ખાસ પ્રકારના હોય છે, અને તે ન કર્યાથી, પાપો પણ ખાસ પ્રકારનાં લાગે.

**કામ્ય** = આ કે શરીર પડવા પછીના ભવ અંગેની કોઈ કામના પૂર્ણ કરવા માટે યજ્ઞયાગ, અનુષ્ઠાનો વગેરે રૂપનાં.

**પ્રાયશ્ચિત્ત** = કોઈ પાપને ધોવા માટેનાં, પોતાને પોતે એક

પ્રકારની સજા કરવારૂપ કર્મો-આજે કાં તો તેનો લોપ થયો છે, અથવા તેના પ્રકારો એવા બદલાઇ ગયા છે કે ન પૂછો વાત; ને હવે તો તેમાં વળી ત્રાગાંનું રૂપ પુષ્કળ પ્રવેશ્યું છે; અને

નિષિદ્ધ = નહિ કરવા જેવાં, જે કર્યાથી દોષ લાગે તેવાં કર્મો.

આ બધાં જ કર્મો ફલ આપનારાં છે, જેમાં કામ્ય કર્મો શ્રેષ્ઠ છે. ત્યાગ તો ખરો તેનો જ કરવાનો છે. અહીં પાપ-પુણ્યની ભાવના ઊભી થાય છે; તેમાં (૧) પાપની કક્ષાઓ છે; મહત્, જેવાં કે બ્રહ્મહત્યા, બાળહત્યા, વિશ્વાસઘાત ઇ૦; મધ્યમ, જેવાં કે ચોરી, ઠગાઇ વગેરે;

(૨) **પુણ્ય**માં ઉત્કૃષ્ટ છે પૂજા, ઉપાસના ઇત્યાદિ સાત્ત્વિક નિષ્કામ કર્મો; મધ્યમ એટલે સકામ કર્મો; અને સામાન્ય, જેવાં કે તીર્થાટન, દાનપુણ્યાદિ જેવાં સાધારણ સત્કાર્યો; અને

(૩) **મિશ્ર**, તેમાં શ્રેષ્ઠ, નિષ્કામ કર્માનુષ્ઠાનથી માંડીને સમાધિ સુધીની બધી જ વિશેષ દૈવી પુણ્યભાગવાળી ક્રિયાઓ આવી જાય (-દૈવી એટલે શ્રેયસ્કર); મધ્યમ, એમાં વર્ણાશ્રમ ધર્મો તથા વેદોક્ત કર્મોનું અનુસરણ આવે, જેમાં પુણ્ય અને પાપની લગભગ સમાનતા રહે; અને સામાન્ય અર્થાત્ લૌકિક વ્યવહારમાં સાચ-જૂઠમૂલક કર્મઢગલા, જેમાં દૈવી તેમ જ આસુરી ( = અશ્રેયસ્કર ) ઉભય પ્રકારની પ્રેરણા હોય, પરંતુ આસુરી ભાગ વિશેષ રહે જ. આ બધાં તેની જે-તે ભાવનાનુસાર **સંચિત** થયા કરે છે. તે સર્વ જ્ઞાન વડે લુપ્ત થતાં, મનુષ્ય જીવન્મુક્ત થઇ જાય છે.

**(૫) જીવન્મુક્ત અવસ્થાનું પ્રયોજન શું ? એમાં શું સધાય ?**

તેનાં પાંચ પ્રયોજનો એટલે ઉપયોગો છે:-

જ્ઞાનરક્ષણ; (૨) તપ; (૩) વિસંવાદાભાવ; (૪) દુઃખભાવ-નિવૃત્તિ; અને (૫) સુખાવિર્ભાવ.

(૧) શ્રવણ-મનન-નિદિધ્યાસન વડે, અથવા તો મહાવાકયોના યથાર્થ ઉપદેશશ્રવણથી, તેમ જ અસંપ્રજ્ઞાત સમાધિદ્વારા જેને આત્મસાક્ષાત્કાર થયો છે તે, પોતાને પુનઃ સંશય, વિપર્યય ઈત્યાદિની ઉત્પત્તિ ન થવા પામે એ પ્રકારે કાળજી રાખે. એટલે કે, **પ્રાપ્ત થયેલા જ્ઞાનને તાજું ને તાજું રાખ્યા કરનારી** આ સ્થિતિ છે.

(૨) જ્ઞાની જીવન્મુકતને વૃત્તિરૂપ અંતઃકરણનો લય હોય છે, ને વૃત્તિઓ તેને પ્રકટતી નથી, એટલે કે તેને જેનાં-તેનાં 'મન' થતાં નથી; તેથી, આ સ્થિતિમાં જ ચિત્તની એકાગ્રતાનું નિર્વહન યથાયોગ્ય થાય છે. તેથી વિચારશીલ એકાગ્રતા, એ જ તપ

(૩) વિસંવાદ એટલે વિક્ષેપ; નિંદા-સ્તુતિ ઈ૦થી પણ ચિત્તનું ન હાલવું તે. એ જ્ઞાનદશાનું લક્ષણ જ છે. એમ, જીવન્મુક્ત અર્થાત જ્ઞાનદશામાં આ મુશ્કેલ વસ્તુઓ સહજ બની રહે છે. એવો જ્ઞાની સ્વાનંદમાં નિમગ્ન રહે છે; ઇતરો માટે તેને અનુકંપા હોય છે, કેમકે પોતે શ્રેયઃસ્વરૂપ હોવાથી સર્વત્ર શ્રેય જ ઈચ્છે છે; પણ **કોઈનીયે સાથે એ વાદવિવાદમાં ઊતરતો નથી,** ને કોઈના પણ ચિત્તમાં જ્ઞાન પરાણે ઠસાવવાની તે ઇચ્છા સરખી રાખતો નથી.

(૪) દુઃખ નામેયે, અજ્ઞાનના ફળરૂપ ભ્રાન્તિનું સંતાન હોય છે. જયાં સુધી સત્ય વસ્તુ પરત્વે કોઇ ને કોઇ ભ્રમ છે, ત્યાં સુધી તેનું જ્ઞાન ઉપજી કે ઠરી શકતું નથી, ને સ્વરૂપનો પરિચય બનતો નથી. જ્ઞાનીને કશો ભ્રમ નથી; તેનું ચિત્ત સદૈવ સચ્ચિદાનંદ સ્વરૂપાકાર

હોય છે. પ્રકાશમાં અંધકાર ન સંભવે તેમ, આનંદસ્વરૂપ જ્ઞાનીના ચિત્તમાં દુઃખ કે શોકની શંકાયે શેની હોઇ શકે ? અવશિષ્ટ પ્રારબ્ધને જાણે કે ભોગવતો એ, એકાકારતાને લીધે, એનાં સંપૂર્ણ દુઃખો, સૂર્યમાં ધુમ્મસની જેમ, નિવૃત્ત થઈ જ ગયાં હોય છે.

(૫) અવિદ્યાથી ઉપજેલાં આવરણોનો નિરંતર જ્ઞાનયોગના અભ્યાસથી નાશ થઈ ગયો હોય; તેથી, આવરણને અભાવે સ્વાનંદ-સ્વરૂપ સુખાર્વિભાવ તેને સતત રહે છે.

**(૬) સર્વ જ્ઞાનીઓનો નિશ્ચય એક જ હોવા છતાં, તેમનામાં કક્ષા અથવા સ્થિતિના ભેદ શાથી જણાય છે?**

ખરું જોતાં, જ્ઞાનમાં કે અજ્ઞાનમાં તારતમ્ય ( ઓછુંવત્તું ) હોઇ શકે નહિ, કાં તો જ્ઞાન છે, કે પછી તે **નથી.** જ્ઞાનની જુદી જુદી ભૂમિકાઓને, એટલે જ્ઞાનાનુભવની દૃઢતાના તારતમ્યને કારણે જ તેવું કક્ષાભેદ જેવું ભાસે છે. સર્વપ્રથમ જ્ઞાનની ભૂમિકા-ઓની પ્રક્રિયા **યોગવાસિષ્ઠ મહારામાયણ**માં થયેલી જોવામાં આવે છે. વેદાન્તના કોઇપણ જુના પ્રસિદ્ધ ગ્રંથમાં તેનો નિર્દેશ નથી દેખાતો; પરંતુ એ પ્રક્રિયા પણ અમુક રીતના સંસ્કારવાળા સાધકને ઉપયોગી હોવાથી વિચારવા જેવી છે ખરી.

**(૭) એ ભૂમિકાઓ કેટલી, ને કઈ છે ?**

સાત–(૧) **શુભેચ્છા;** (૨) **સુવિચારણા;** (૩) **તનુમાનસા;** (૪) **સત્ત્વાપત્તિ;** (૫) **અસંસક્તિ;** (૬) **પદાર્થાભાવની** અને (૭) **તુરીયગા.**

(૧) પૂર્વ કે વર્તમાન જન્મમાં કરેલાં નિષ્કામ કર્મ **તથા** ઉપાસના દ્વારા અંતઃકરણની શુદ્ધિ જેની થઈ છે અને એકાગ્રતા

જેને પ્રાપ્ત થઈ છે એવા સાધકને સાધન-ચતુષ્ટય સિદ્ધ થવાથી, આત્માને જાણવાની પ્રબળ મંગળ ઇચ્છા થાય, તે **શુભેચ્છા.**

(૨) એ ઈચ્છાથી પ્રેરાઈને બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય ગુરુનો આશ્રય લઈને વેદાન્ત-ઉપદેશ સાંભળીને, એ જ સાંભળ્યું હોય તેના અર્થનું, કુતર્કો છોડીને, અનેક યુક્તિઓપૂર્વક અર્થસાધક મનન કરવું, તે **સુવિચારણા.**

(૩) **સ્વરૂપ**ના સાક્ષાત્કાર માટે **શ્રવણ**-મનન વડે નક્કી કરેલા બ્રહ્મ-આત્માના અભેદરૂપ અર્થના નિરંતર ચિન્તન અને નિદિધ્યાસન વડે, વૃત્તિઓની વિપુલતારૂપી સ્થૂલતાવાળા મનની એટલે કે ચિત્તની બહિર્મુખતાની સૂક્ષ્મતા થઇ જાય, ને એ આછી પડી જાય, તે **તનુમાનસા.**

(૪) **શ્રવણાદિ**થી સંશય-વિપર્યયરહિત સ્વરૂપાનુભવરૂપી નિર્વિકલ્પ સ્થિતિ થવાથી, ચિત્તમાં જે જ્ઞાનમય નિશ્ચલ **શુદ્ધ સત્ત્વ**ની અર્થાત્ સ્વરૂપ-**સત્તા**ની સ્થિતિ થાય, એ **સત્ત્વાપત્તિ** (સત્ત્વ=શાંત જ્ઞાનસ્વરૂપતા, આપત્તિ=આગમન ).

(૫) નિર્વિકલ્પ સમાધિ (=નિરંતર સ્વરૂપસ્થિતિ)ના અભ્યાસથી દેહાદિમાં અહં-મમ ભાવ ગળી જાય, ને એ દેહાદિમાં આસક્તિનો અભાવ સ્થિર થાય, તે **અસંસક્ત.**

(૬) સ્વરૂપસ્થિતિની ટેવ તેથી પણ વધારે દૃઢ થતાં, દેહ તથા જગતના અન્ય પદાર્થોની હસ્તી જ જાણે કે વિસરાઇ જાય, અને એ બધું એ સર્વના અધિષ્ઠાન આત્મસ્વરૂપમાં ગળીને અદૃશ્ય થઇ જાય,—તેના તરફ સમૂળગું લક્ષ ન રહે, તે **પદાર્થાભાવની.**

(૭) જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયરૂપ ત્રિપુટીની ચતુર્થ સાક્ષી ભૂમિકાની

પેઠે (-સાક્ષીનું હોવાપણું રૂપી ) **ભાવરૂપની**, તથા છઠ્ઠીની પેઠે **અ-ભાવ** રૂપની પણ પ્રતીતિ થતી બંધ થાય, તેવી, સ્વરૂપમાં વ્યુત્થાનરહિત તુરીયસ્થતા રહેવી, તે **તુરીયગા**.

આમાં પહેલી ત્રણ તત્ત્વના **જ્ઞાનના** સાધનરૂપ, ચોથી સ્વયં તત્ત્વજ્ઞાનરૂપ હોવાથી **જીવન્મુક્તિના** સાધનરૂપ, અને છેલ્લી ત્રણ જીવન્મુક્તિના વિલક્ષણ **આનંદના** સાધનરૂપ છે. આ પ્રકારનો વિલક્ષણ આનંદ માત્ર આ ભૂમિકાઓને ગોખીને મુખપાઠ કરવાથી નથી મળતો, પરંતુ ક્રમેક્રમે થાય છે. વળી આ સ્થિતિઓ એક બીજાને વ્યાવૃત્ત કરનારી ( અં૦ એક્સ્કલુઝીવ ) નથી, પરંતુ ઘણીખરી ઓછાવત્તા રૂપમાં સાથેસાથે જ પ્રવર્તે છે, ને એકંદર ઉત્કર્ષ સાધે છે. એને એક-બીજાથી અસ્પૃષ્ટ વિભાગો સમજવાની ભૂલ કોઇ ન કરે, નહિ તો ખોટી રીતે ગુંચવાડામાં પડી જવાશે, ને સરળ વસ્તુ નાહક અટપટી બની જશે.

# સર્ગ સત્તાવીસમો

## * પ્રમાણવિચાર

**(૧) આ બધું અત્યાર સુધી જે કહ્યું, તે મોટે ભાગે શ્રદ્ધા-નિષ્ઠાનું ક્ષેત્ર થયું : તે ઉપરાંત, તર્કનિષ્ઠ બુદ્ધિને જચે તેવો લૌકિક સ્વરૂપનો તર્કન્યાયપુરઃસરનો પુરાવો પણ શાસ્ત્રો આત્માની સિદ્ધિમાં ચીંધે છે ખરાં?**

એ વાત સાવ સાચી છે કે, કોઇ અમુક વસ્તુ સત્ય હોવાના કથનમાત્રથી તેને સર્વ કોઈ તેવું માની લેવા તૈયાર ન યે થાય; કેમકે સામાન્યતઃ તેને માટે કંઇક સબળ પુરાવાની અપેક્ષા રહે. પુરાવો એટલે પ્રમાણ. વગરપ્રમાણનું કથન કોઇને અમાન્ય થઇ પડે, તો તેમાં કશું અઘટિત નથી. વેદાન્તદર્શન તો બુદ્ધિનિષ્ઠ છે જ, એટલે તેની પાસે પ્રમાણ શાસ્ત્ર પરત્વે શાસ્ત્રીય રીતનો તર્ક-શુદ્ધ સિદ્ધાન્ત હોય જ, અને દરેક બુદ્ધિનિષ્ઠ સાધકે તેનો પરિચય કરી લેવો જોઇએ, કે જેથી તેની આત્મનિષ્ઠા જડબેસલાક મજબૂત બની રહે, ને તેનામાં શ્રદ્ધા કે તર્ક, ઉભય ક્ષેત્રમાં કયાંયે છિદ્ર ન રહે. છિદ્ર હોય ત્યાં અનર્થોના પ્રવેશનો સંભવ અપાર રહે.

**(૨) એ પ્રમાણશાસ્ત્ર કેવી રીતનું છે, તે સંક્ષેપથી કહો.**

અહીં તો તેનું માત્ર ઉપર-ઉપરનું આગળીચીંધામણું થઇ શકે. એક વાર તેનો રસનિષ્પત્તિનો હેતુ જો પાર પડે, તો પછી

---

* આ પ્રકરણ ગ્રન્થના પ્રથમ વાચનમાં પડતું મૂકવામાં વાંધો નથી, કેમકે એ અઘરું લાગવાનો શરૂશરૂમાં સંભવ છે.

જિજ્ઞાસુઓ જે તે વિષયના પ્રમાણભૂત ગ્રંથોનું પરિશીલન કરીને તેના અવગાહનનો આનંદ યથેચ્છ માણી શકે છે. અહીં પ્રમાણ-શાસ્ત્ર પરત્વે, સર્વપ્રથમ ત્રણ વસ્તુઓ જાણી લેવાની છે–**પ્રમાણ, પ્રમેય અને પ્રમા.** પ્રમેય=જ્ઞેય, એટલે કે જગતના જાણવા યોગ્ય પદાર્થો; પ્રમાણ એટલે કે જેના વડે જણાય તે આધાર, પુરાવો, પદ્ધતિ; અને પ્રમા એટલે જાણવાની ક્રિયા, તથા સત્ય યથાર્થ વસ્તુજ્ઞાન. પ્રમેયનું જેના વડે પ્રમાતાને યથાર્થ જ્ઞાન થાય, તે પ્રમા; જેની પ્રમા પ્રમાતાને થાય તે પ્રમેય. પ્રમા વડે પ્રમેયનું જેને યથાર્થ જ્ઞાન થાય, તે પ્રમાતા (=જ્ઞાતા, જાણનારો); અને જે સાધન વડે પ્રમાતાને પ્રમેયની પ્રમા થાય, તે પ્રમાણ, એમ ટૂંકામાં વ્યાખ્યા થઇ શકે. આ બધું વ્યાવહારિક જગત પરત્વે પ્રવર્તે છે.

શાસ્ત્રીય પરિભાષામાં, 'અનધિગત અને અબાધિત અર્થવિષયક જ્ઞાન તે પ્રમા.' અનધિગત એટલે કે પહેલેથી નહિ જાણેલી; અને અબાધિત અર્થવિષયક એટલે કે જેની હયાતી તો, તે ન જણાવેલી હોવા છતાં પણ, પહેલેથી છે જ, તેવી વસ્તુને લગતું જે પદાર્થનું જે ક્ષણે જ્ઞાન થાય, તે ક્ષણની પહેલાંની ક્ષણમાં પણ એ પદાર્થ અજ્ઞાત જ હોય તો તે પદાર્થ તે પૂર્વક્ષણમ 'અનધિગત' થયો; જેમ કે, જે ક્ષણમાં ઘડાનું જ્ઞાન થયું, ઘડો જણાયો, તે ક્ષણની પૂર્વે, પટજ્ઞાન કે મઠજ્ઞાન ઈ૦, (કપડાં, મકાન વગેરેના) ઘણાંએ જ્ઞાનો થયેલાં (=અધિગત) હશે; પરંતુ એ કાપડ, ઘર ઇત્યાદિના જ્ઞાનકાળમાં સાથોસાથ મજકુર ઘડાની ખબર ન હતી; તેથી, તે અન્ય પદાર્થોના જ્ઞાનના કાળમાં પણ ઘડો અજ્ઞાત હોવાથી તે અન્-અધિગત (અ-જ્ઞાત) કહેવાયો.

અને સંસારને નિત્ય સત્ય માની લેવાના કારણરૂપ મૂળ અજ્ઞાનના ફળરૂપ લૌકિક નાનાવિધ તૂલ-અજ્ઞાનોથી જે ઉત્પન્ન થયેલો

ન હોય, અને કોઇ પણ લૌકિક સાધનથી જેનો નાશ ન થઈ શકે, તે પદાર્થ **અબાધિત અર્થ** કહેવાય છે,–જે અર્થ (=વસ્તુનો) બાધ (=આત્યંતિક નાશ) ન થઇ શકે (જેવો કે દોરડીમાં ભાસતા સર્પનો ફાનસરૂપી લૌકિક સાધનથી કાયમને માટે થઇ શકે છે), તે પદાર્થ (જેવો કે દોરડી).

છીપમાં ચાંદી, ઊની રેતીમાં ઝાંઝવાં જળ, દોરડીનો સાપ વગેરે ભ્રામક દશ્યો તૂલ અજ્ઞાનનો પરિપાક છે. રેતી, દોરડી, છીપ ઈત્યાદિની હસ્તીને સાચી માનવારૂપ વ્યાવહારિક સત્તા, સ્વ-રૂપના અજ્ઞાનરૂપી મૂલ તાત્વિક મહાઅજ્ઞાનનું પરિણામ છે, અને તે વ્યાવહારિકમાં ભાસતા વિભ્રમો તૂલ-અજ્ઞાનનાં વિવિધ પ્રાતિભાસિક પરિણામો છે; તે બધાં તૂલ-અજ્ઞાનનાં કાર્ય હોવાથી, કાર્ય-કારણનો તત્ત્વત: અભેદ હોવાના નિયમે, તે અજ્ઞાનથી ભિન્ન નથી, બલકે અજ્ઞાન સ્વરૂપ જ છે, તથા પ્રકાશ, સાંનિધ્ય (નિકટતા) ઈત્યાદિ લૌકિક ઉપાયો વડે તેનો નાશ થઇ શકે છે.

તેથી, રજ્જૂ-સર્પનું, કે છીપ-ચાંદીનું જ્ઞાન 'પ્રમા-જ્ઞાન' એટલે કે ખરું, 'યથાર્થ' જ્ઞાન કહી શકાય નહિ. એમ, પ્રાતિભાસિક પદાર્થનું નિરસન પ્રમાની ગણતરીમાં ન આવે, કેમકે ત્યાં સાપ ચાંદી કે જળ ત્રણ કાળમાં વ્યાવહારિક સ્વરૂપે હતાં જ નહિ, છે નહિ, ને હશે પણ નહિ.

ટૂંકામાં, 'જે પદાર્થ **વ્યાવહારિક સત્તાથી વિદ્યમાન** હોવા છતાં, તેનું જ્ઞાન પ્રમાતાને પ્રથમથી કોઇ પણ રીતે ન હોય, અને જે વસ્તુ તૂલા-અવિદ્યાનું (પ્રાતિભાસિક) કાર્ય ન હોય, તેવા પદાર્થનું જે વાસ્તવિક જ્ઞાન, તે જ પ્રમાજ્ઞાન, અર્થાત્ યથાર્થ જ્ઞાન, એટલે કે યથાર્થ પ્રત્યક્ષ અનુભવ, અથવા તો, કોઇ પણ વસ્તુને તેના ખરા વ્યવહાર સ્વરૂપે જાણવી તે.'

એ પ્રમાનું જે **કરણ** એટલે કે ખાસ સાધન, તે ' પ્રમાણ. ' **કરણ એટલે અ-સાધારણ કારણ:** કોઇ પણ કાર્યનાં કારણ બે પ્રકારનાં હોય છે. (૧) સાધારણ અને (૨) અસાધારણ. બધાં જ કાર્યોમાં જે સર્વ-સામાન્ય કારણરૂપ બને, જે કારણ વિના કશું પણ કાર્ય ઉપજી જ ન શકે, તેવા સ્થિતિસ્થાપક કારણની સંજ્ઞા **સાધારણ કારણ** છે; જેવાં કે ૧. **ઈશ્વર**, ૨. **ઇશ્વરનું** સર્વગ્રાહી **જ્ઞાન**, ૩. ઇશ્વરની **ઇચ્છા**, ૪. ઇશ્વરની **કૃતિ**, ૫. **દિશા**, ૬. **કાળ**, ૭. **અદૃષ્ટ**, ૮. **પ્રાગભાવ**, અને ૯. **પ્રતિબંધકાભાવ.** આ નવ વસ્તુઓ દરેક કાર્યમાં, એટલે કે પ્રત્યેક જાગતિક પદાર્થની ઉત્પત્તિમાં કારણ બનશે જ. તેના વિના કાર્યનો સંભવ જ ન હોય.

## (૩) એ કેવી રીતે ?

પહેલું, **ઈશ્વર** ન હોય, તો જગત રૂપી રચના જ ન બને; બીજું, જો **ઇશ્વરનું જ્ઞાન** ( તેના દ્વારા કલ્પનાનું થવાપણું ) ન હોય, તો પણ તે ન બની શકે; ત્રીજું, **ઈશ્વરની** ઇચ્છા વિના પણ સૃષ્ટિનો અસંભવ છે; ચોથું, તેની **કૃતિ** એટલે કે તેના પ્રયત્ન વગર પણ સર્જન ન બને; પાચમું, **દિશા** ન હોય તો કશું પણ ક્યાં વિસ્તરે ! તેથી, તેની હાજરી પણ સૃષ્ટિમાં અનિવાર્ય છે. છઠ્ઠું, **કાળ** ન હોય, તો વળી કાર્ય કેવું ? સમય તો સર્વ હસ્તીઓની બૂનિયાદ છે; સાતમું, **અદૃષ્ટ** ( જીવોનાં સંચિતકર્મ-વાસનાઓ ) ન હોય, તો સૃષ્ટિનું કે સૃષ્ટિના કોઇ પણ પદાર્થનું પ્રયોજન ન હોવાથી, તેની ઉત્પત્તિ ન હોય, કેમકે નિરર્થક કશું જ થતું નથી; આઠમું, **પ્રાગભાવ** વગર કશું ન બની શકે; દા૦, ત૦, ઘડો ઉપજ્યા પહેલાંના કાળમાં ઘડો ન હોતો, તેથી ઘટોત્પત્તિ પહેલાં ઘટનો જે અ-ભાવ ( = વ્યાવહારિક અનસ્તિત્વ ), તે ઘટનો **પ્રાગભાવ.** જો ઘડો પોતે ઉપજ્યા પહેલાં જ હોય, તો તેનું

ઊપજવાપણું ક્યાં રહ્યું ? તેથી, જે પ્રથમ ઊપજ્યું ન હોય તે જ પછીથી ઊપજે. જેમ જગતની ઉત્પત્તિ પૂર્વે જગત ન હોતું, તેથી જગતની ઉત્પત્તિ પહેલાં જગતનો 'પ્રાગભાવ' હતો.

જો જગતની ઉત્પત્તિ પહેલાં જગતનો **અભાવ** ( દષ્ટ રૂપે તેનું અસ્તિત્વ ) ન હોય, તો તેનો અર્થ એ થયો, કે જગત ઊપજ્યા પહેલાં પણ તેનો **ભાવ** ( વ્યવહાર્ય દશ્યમાન અસ્તિત્વ) હતો જ; તો પછી, જગત 'ઊપજ્યું' કહેવાય જ નહિ; અને તો પછી જગત અનાદિ થઇ જાય; જો જગત અનાદિ હોય, તો તેને સર્જવા માટે કોઇ ઈશ્વરની જરૂર પણ ન રહી; પણ શ્રુતિમાં જગતની ઉત્પત્તિની તથા તેના ઉપજાવનારની સ્પષ્ટ વાત વ્યાવહારિક જ્ઞાનક્ષેત્રે કહેવામાં આવી છે; ને શ્રુતિ કદી પણ અસત્ય ભાષણ કરી શકે નહિ. તેથી, વ્યવહારમાં માની જ લેવું જોઈશે કે (૧) જગત ઊપજે છે અને (૨) તેનો રચયિતા ઈશ્વર છે. 'જગત્ ઊપજે છે' એવું માન્યું, એટલે, તે 'ઊપજતા પહેલાં ન હોતું' એ તો સ્વયંસિદ્ધ થયું. નહિ તો, પોતે ઊપજતા પહેલાં પણ પોતે જો હોય, તો તેનું ઊપજવું કેવું ?

તેથી કોઇ પણ પદાર્થની ઉત્પત્તિ પૂર્વેનો તેનો અભાવ. તે પદાર્થની ઉત્પત્તિમાં અવશ્ય કારણ બને છે, અને તે પ્રત્યેક દષ્ટાદષ્ટ પદાર્થ પરત્વે હકીકત છે. બાકી રહ્યું નવમું, **પ્રતિબંધકાભાવ;** પ્રતિબંધક એટલે રુકાવટ કરનાર. જે વસ્તુ કોઈ કાર્યને થતું અટકાવે, તે વસ્તુ એ કાર્યનું પ્રતિબંધક ગણાય. જેમકે, સાત્ત્વિક નિર્દોષતાની વૃત્તિને કામ, ક્રોધ વગેરે વિકારો અટકાવે છે, તેથી એ બધા સાત્ત્વિકતાના પ્રતિબંધક છે. તેવી કોઈ રુકાવટનું ન હોવું, તે એ રુકાવટનો અભાવ છે; અને તેવા અડચણોના અભાવથી જ કાર્ય બની શકે છે; તેથી, પ્રતિબન્ધકનું ન હોવું એટલે પ્રતિબંધકાભાવ પણ, સર્વ ઉત્પત્તિમાં આવશ્યક કારણ છે.

## (૪) ‘અસાધારણ કારણ’ શું?

ખાસ પ્રકારની ઉત્પત્તિ માટે જે ખાસ કારણ એટલે કે સાધન હોય, કે જેના વગર તેવી ઉત્પત્તિ ન બની શકે, તેવા સાધનની એ સંજ્ઞા છે. કેટલીક વસ્તુ એવી હોય છે કે જે અમુક કાર્યની ઉત્પત્તિમાં જ કારણ હોય છે, બધાં કાર્યોમાં નહિ. તેવી વસ્તુ તે કાર્યનું ‘અસાધારણ કારણ’ કહેવાય. દા૦ ત૦, ઘડો બે કાચલાં જોડવાથી બને છે. કાચલું એટલે કપાલ; તેથી, ઘટોત્પત્તિમાં કપાલદ્રય કારણ છે, અને તે અસાધારણ છે, કેમકે તે બે વગર ઘડો બને નહિ; ઘડાના એ બે અવયવો છે; ઘડા સિવાય બીજા કશાની ઉત્પત્તિમાં તે કારણ બની શકતા નથી. તેથી, કપાલદ્રય ઘટનું અસાધારણ કારણ છે. પરંતુ માત્ર તેટલાથી જ તે કરણ નથી બનતું.

કરણ માત્ર અસાધારણ કારણ હોવા ઉપરાંત બીજા કશાની પણ અપેક્ષા રાખે છે. કેમકે નહિ તો, કપાલદ્રયનો, સંયોગ એટલે કે તે બે સંબંધિત થવાની ક્રિયા પણ ઘડાનું તેવું કારણ બને; પણ એનો કશો અર્થ નથી. ક્રિયા કશાનું કારણ ન હોઇ શકે. તેથી, **ક્રિયાશીલ વસ્તુ** જ કારણ હોઈ શકે. તેથી વ્યાખ્યામાં ઉમેરો કરવો રહે છે કે ‘અસાધારણ કારણ વ્યાપારવાન અર્થાત્ ક્રિયાશીલ હોવું જોઇએ.’ બે કપાલ ઘટનાં કારણ છે; પણ તે એમ ને એમ છુટ્ટાં પડયાં રહે, તો ઘડો કદી ન બને; તે કપાલ જ્યારે પરસ્પર સંયુક્ત થાય અથવા કરાવાય ત્યારે ઘડો બને. બે કપાલોનો સંયોગ તેમનો **વ્યાપાર** છે, કેમકે કપાલોનો સંયોગ કપાલરૂપ કારણથી જ બની શકે છે, કપાલો ન હોય તો નહિ. કપાલોનો સંયોગ છે, તેથી કપાલો છે જ; તેથી, કપાલસંયોગ કપાલરૂપી કારણથી જન્ય છે; અને કપાલરૂપ કારણથી ઊપજનાર ઘડાને એ રૂપી સંયોગ ઉત્પન્ન કરે છે. તેથી, સંયોગ વ્યાપાર અર્થાત્ ક્રિયા છે; ને એ સંયોગરૂપ

વ્યવહાર કપાલમાં જ રહે છે, તેથી કપાલ 'વ્યાપારવાન' કહેવાય છે. એ રીતે, કપાલ વ્યાપારવાન છે, ને ઘટનું અસાધારણ કારણ પણ છે; અને તેથી, કપાલ ઘટનું તેવી રીતે 'કરણ' પણ કહેવાય છે.

## (૫) પ્રમાનો ઉપયોગ કેવી રીતે થાય છે?

જેટલાં પ્રમાણો છે તે બધાંથી જે યથાર્થ જ્ઞાન ઊપજે, તે પ્રમા. વેદાન્તમાન્ય પ્રત્યક્ષ પ્રમાના પાંચ પ્રકાર છે; પાંચ જ્ઞાનેન્દ્રિયોથી જે જ્ઞાન થાય છે, તે **પ્રત્યક્ષપ્રમા** કહેવાય છે. જે ઇન્દ્રિયથી જે પ્રત્યક્ષ-પ્રમા થાય, તેની પહેલાં તેનું નામ જોડી લેવાનું, જેમકે શ્રવણથી એટલે કે સાંભળવાથી જે જ્ઞાન થાય, જે ખબર પડે, તે **શ્રોત્ર-પ્રમા**; ત્વચાથી એટલે કે અડકવાથી પડતી ખબર **ત્વાચ્ય-પ્રમા**; જોવાથી થતી જાણ **ચાક્ષુષ પ્રમા**; રસન (સ્વાદ) વડે થતું જ્ઞાન **રાસન-પ્રમા**; ને સૂંઘવાથી પડતી સમજ **ઘ્રાણજપ્રમા.** જે-તે પ્રમાનું કરણ જે-તે ઇન્દ્રિય છે. પાંચેયે પ્રત્યક્ષ પ્રમાઓમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો કરણ છે. અન્ય કોઈ પ્રકારે પ્રયત્ક્ષ-પ્રમા થઈ શકતી નથી.

એ પ્રમાને જેના વડે સત્તા સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે, જેને લીધે પ્રમા **પ્રમા** છે, તે તત્ત્વ **પ્રમા-ચેતન** કહેવાય છે.

## (૬) 'પ્રમાણ'નું શું સ્વરૂપ છે?

પ્રમાણ એટલે માપ: જાણવાનું સાધન, તેના બે પ્રકાર છે– વ્યાવહારિક અને પારમાર્થિક તત્ત્વનું વેદક; અમુક વસ્તુ અમુક જ વસ્તુ છે, ને બીજી નહિ, કે અમુક બાબત અમુક બાબત જ છે, ને બીજી નહિ, એવું પુરવાર કરવા માટેના અથવા તેને તે રીતે જાણવા માટેના સાબિતી પુરાવા:–

(૧) **પ્રત્યક્ષ**, જેના વડે જગતના પદાર્થોને જાણી શકાય

છે. દા૦ ત૦, દેવતા અને તેમાંથી નીકળતો ધુમાડો. પ્રત્યેક પદાર્થમાં રહેલું **ચેતન** જ્ઞાનીને તો પ્રત્યક્ષ છે, પરંતુ પ્રાકૃત લોકોને નથી; તેથી, તે પ્રત્યક્ષ પ્રમાનો વિષય નથી.

(૨) **અનુમાન** અટકળ; અગાઉ કોઈ વાર કોઇ સ્થળે પ્રત્યક્ષપણે અમુક વસ્તુ દેખાય-જણાય, ત્યારે તે સાથે અમુક બીજી વસ્તુ હોવી જ જોઇએ, એવી અટકળ કરવી, તે; દા૦ ત૦ રસોડામાં રોજ જોતા હોઈએ કે દેવતા વગર ધુમાડો નીકળતો નથી; પછી કોઇવાર ફરતાં ફરતાં કોઇ ડુંગરમાંથી ધુમાડો નીસરતો દેખાય, ત્યારે તરત અનુમાન કરાય કે 'આ ડુંગરમાં દેવતા બળે છે, તે રીતે, જ્ઞાનદષ્ટિએ, વગર કારણ કાર્ય છે જ નહિ; તેથી સૃષ્ટિ દેખાય-જણાય છે, તો તેને ભાસમાન કરનાર, કે જેના વડે એ દેખાય-જણાય છે તે પ્રતીતિના કારણરૂપ, પરમ ચૈતન્ય અર્થાત્ જ્ઞાનતત્ત્વ ત્યાં હોવું જ જોઇએ; કેમકે તે વગર આ પ્રતીતિ હોય જ નહિ એવું અનુમાન;

(૩) **ઉપમાન**, અમુક વસ્તુ કેવી છે તે સૂચવવા માટે, તે 'ફલાણા જેવી છે' એમ સરખામણીથી ખ્યાલ આપવો તે; દા૦ ત૦ 'ગવય કેવું છે? તો કે ગાય જેવું;' 'આ પ્રાણી ગાય જેવું છે, તેથી તે ગવય છે.' અને જ્ઞાન માર્ગમાં 'આત્મા કેવો છે? આકાશ જેવો વ્યાપક' એમ અમુક વસ્તુનો અમુક ખ્યાલ સરખામણી અર્થાત્ ઉપમા મારફત આપી શકાય છે, ને તે રીતે પ્રમા એટલે કે તે પદાર્થનું યથાર્થ જ્ઞાન થાય છે.

(૪) **શાબ્દ**, એટલે કે ગુરુ, શાસ્ત્ર, અથવા તો જેના વચનમાં વિશ્વાસ હોય તેવા અનુભવીનું વચન. આ પ્રમાણ -વ્યવહારમાં તેમજ અધ્યાત્મમાં, માહિતી મેળવવામાં અને જ્ઞાન પ્રાપ્ત કરવામાં પ્રસિદ્ધ રીતે જ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે.

(૫) **અર્થાપત્તિ;** અમુક સ્થિતિ જોવામાં આવે ત્યારે તે અમુક બીજી સ્થિતિનું પરિણામ હોવું જ જોઈએ એવો નીકળતો અર્થ (– આપત્તિ = આવી પડવું –) નીકળવો તે; દા૦ ત૦, ફલાણા ભાઈ શરીરે તાજા માજા છે, પણ દિવસે જમતા નથી અને સૌ કોઈ જાણે છે કે જમ્યા વિના કોઇ પુષ્ટ ન બને, તેથી તરત અર્થ ઊપજે છે કે દિવસે નહિ તો રાતે જમતા જ હશે. 'ફલાણા ભાઇ રાગદ્વેષથી પર છે' એમ કોઈ કહે, તો આપણે તરત કહીએ કે 'જેને જીવભાવ કે સંસારરૂપ અહંકારભાવ છે તેવા કોઇ પણ મનુષ્યને રાગદ્વેષ કે સુખદુઃખની અસર થયા વગર રહે જ નહિ; તેથી, તમે જે કહ્યું તેમાંથી એવો નવો અર્થ નિષ્પન્ન થાય છે કે એ ભાઇ આત્મજ્ઞાની છે; કેમકે તે સિવાય બીજો કોઈ પણ પ્રાણી શોક-મોહથી પર હોઈ શકે નહિ.'

(૬) **અનુપલબ્ધિ,** અમુક વસ્તુ અમુક નથી, એમ જાણવું તે; દા૦ ત૦, 'આ સ્થળે ઘડો નથી,' એવું ઘડાની ત્યાં ઉપલબ્ધ (= હાજરી) નહિ હોવાનું જ્ઞાન થાય છે. ભૂત–પ્રેતથી બીતાં બાળકો મોટેરાંના કહેવાથી અથવા ફાનસ લઇને જોવાથી જાણે છે કે જે ભૂત પોતાને ભાસે છે તે ખરું જોતાં ત્યાં નથી. તેવી રીતે, જ્ઞાનીને આ જગતરૂપી પ્રપંચ કે જેની હયાતી હોવાનું અજ્ઞાનને લીધે મનાય છે, તે વસ્તુતઃ છેજ નહિ, એમ ખાતરી હોય છે. મનની જે વૃત્તિ અથવા જ્ઞાન વડે પ્રમાણ સમજાય છે, તેને પ્રમા કહે છે, એ તો આપણે જોઇ ગયા.

**(૭) જેમ પ્રમાને સત્તા સ્ફૂર્તિ આપતા ચૈતન્યને પ્રમા ચૈતન્ય કહ્યું, તેમ પ્રમાણ પરત્વે શી યોજના છે? અને ચૈતન્યનું શું સ્વરૂપ છે.**

ચૈતન્ય = પદાર્થ માત્રને સત્તા સ્ફૂર્તિ (= અસ્તિત્વ તથા

જણાવાપણું) આપતું પરમ તત્ત્વ. ઉપાધિને કારણે તેના ભેદ છે– (૧) **ઈશ્વર ચૈતન્ય**, એટલે કે માયાવિશિષ્ટ બ્રહ્મ, ઇશ્વરરૂપ ચૈતન્ય (જેની વ્યાખ્યા ઈશ્વરવિચારમાં થઈ ચૂકી છે); (૨) **જીવચૈતન્ય**; અવિદ્યાવિશિષ્ટ બ્રહ્મ (જુઓ જીવ પ્રકરણ); (૩) **શુદ્ધચૈતન્ય:** કશી પણ ઉપાધિ વિનાનું પારમાર્થિક કેવળ ચેતન; (૪) **પ્રમાતા ચૈતન્ય** દરેક પદાર્થનું માન અર્થાત્ માપ કહાડનાર, તેને જાણનાર અંતઃકરણરૂપ બુદ્ધિ જ હોવાથી તે, અર્થાત્ જીવાત્મા 'પ્રમાતા' કહેવાય છે. તેને સત્તા-સ્ફૂર્તિ આપનારું તત્ત્વ; (૫) **પ્રમાણચૈતન્ય**; અંતઃકરણની જે વૃત્તિ અંદરથી પ્રકટીને સામે પડેલા પદાર્થ સુધી પહોંચીને તદાકાર બની જાય છે. જેને આપણે જાણવાની ક્રિયા કહીએ છીએ, તે પ્રમાણ વૃત્તિ; એ જેના વડે ગતિમાન તથા વિદ્યમાન બને છે તે, પ્રમાણ વૃત્તિમાં રહેલું ચૈતન્ય; (૬) **પ્રમેયચૈતન્ય**; જેનું માપ કહાડવાનું એટલે કે જેને જાણવાનું હોય તે પદાર્થને ભાસમાન કરી રહેલું, તેને જણાવતું, તેમાં વ્યાપતું ચૈતન્ય અને **પ્રમા-ચૈતન્ય**, જે વૃત્તિ અંતઃકરણમાંથી ઇન્દ્રિયો દ્વારા નીસરીને પ્રમેય પદાર્થને પામીને તેની સ્વરૂપ બને છે, અને જેને આપણે તે પદાર્થનું 'યથાર્થ જ્ઞાન' કહીએ છીએ, તેનું નામ પ્રમા; અને તે પ્રમાને વિદ્યમાન, સ્ફૂર્તિમાન કરીને તેમાં રહેલું ચૈતન્ય તેને '**પ્રમિતિ ચેતન**' અથવા '**ફલ ચૈતન્ય**' પણ કહેવામાં આવે છે.

આ ચેતન છે તો એક અને અવિભાજ્ય, પરંતુ અમુક વિશિષ્ટ સ્થાન અને કાર્ય પરત્વે તેને જે-તે ઉપાધિનો યોગ થાય છે; જેમ પુરુષ એક જ દેવદત્ત છે, છતાં તે ઘરમાં પિતા-દેવદત્ત, પતિ-દેવદત્ત. ઇ૦ તથા કચેરીમાં સાહેબ-દેવદત્ત, કારકૂન-દેવદત્ત ઈ૦, ને રમતના મેદાનમાં ખેલાડી-દેવદત્ત ઈ૦ સંજ્ઞાઓ વડે વર્ણવાય-ઓળખાવાય છે, તેમ.

## (૮) વસ્તુ 'પ્રત્યક્ષ' જણાવાની પ્રક્રિયાનો થોડો ઇશારો હમણાં થયો, તે પ્રક્રિયા સમજાવો.

જ્યાં ઘટજ્ઞાન પ્રત્યક્ષ કરવું હોય, એટલે કે ઘડાને સાક્ષાત્ જોઇને જાણવો હોય ત્યાં ચક્ષુ ઇંદ્રિય દ્વારા તે વૃત્તિ અંતઃકરણમાંથી નીકળીને ઘડાના સ્થળમાં જશે; ત્યાં તે અંતઃકરણ-વૃત્તિનું ઘટાકારે પરિણામ થશે, એટલે કે તે પોતે ઘડાના આકારે આકાર થશે. સામાન્યતઃ કહેવાય છે જ કે 'મને ફલાણી વસ્તુનું **મન** થયું છે,' તેનો શાસ્ત્રીય હેતુ આ છે. ત્યાં એ મનનું ઘટરૂપ થયેલું પરિણામ **ઘટાકારવૃત્તિ** કહેવાય. એ ઘટાકાર વૃત્તિ ઘડાની સાથે જોડાશે; તેની ઘટાવચ્છિન્ન ચૈતન્ય (=ઘડાના ભાસમાન થવા રૂપી ચૈતન્ય) અને ઘટાકાર વૃત્તિ અવચ્છિન્ન ચૈતન્ય (ઘડાને જાણવાની વૃત્તિને સ્ફૂર્તિમાન કરતું ચૈતન્ય), બંને એ દેશ (=સ્થળ)માં એકાકાર હોવાથી, અભિન્ન થઇ જાય. જ્યાં વિષય–ચૈતન્ય (અહીં, ઘડાનું ભાસમાન થવા રૂપી ચૈતન્ય) અને અંતઃકરણની વૃત્તિને સ્ફૂર્તિમાન કરતા ચૈતન્યનો અભેદ થાય, ત્યાં ઘડો કે બીજો જે કોઈ વિષય હોય તો તેના જ્ઞાનનું પ્રત્યક્ષ થાય છે.

કૂવામાં પાણી ભરેલું છે; તેમાં કોસ ઊતરે છે, ભરાઇને કૂવાના કાંઠા ઉપર થઇને બહાર નીસરે છે, ને થાળામાં ઠલવાય છે; ત્યાંથી નીક વાટે વહેતું એ જાય છે કયારીમાં; ત્યાં તે કયારીમાં ફેલાઇને તેને સંપૂર્ણ આવરી લઇને તદાકાર બને છે, ત્યારે તેનું કૂવામાંથી નીસરવું સાર્થક થાય છે. સંસ્કાર વડે ઈચ્છા થાય છે, તે અંતઃકરણ કૂવામાં ઊતરે છે; ત્યાંથી વૃત્તિરૂપ જળ લઇને તે ઉપર આવીને કૂવાના થાળામાં વૃત્તિજળને ઠાલવે છે; ત્યાંથી, જેને માટે એ વૃત્તિ નીસરી છે તે સ્થળે પહોંચાડનારી નીક વાટે તે એ વિષયને પહોંચીને તેને વ્યાપે છે. અહીં સરખામણી પૂરી થાય છે.

આ સઘળી ક્રિયાઓ એક જ ચૈતન્ય વડે થાય છે, પરંતુ તે જ ચૈતન્ય અંતઃકરણની સહાયમાં હોય ત્યારે તેને નામે, એ વૃત્તિ સાથે જોડાયેલું હોય ત્યાં વૃત્તિ-ચૈતન્ય, જાણવાના વિષયને જ્ઞાત થવા દેનાર તરીકે વિષય-ચૈતન્ય, જ્ઞાન તરીકે પ્રમા-ચૈતન્ય, જ્ઞાતા તરીકે પ્રમાતા-ચૈતન્ય, ઇ૦ સંજ્ઞા તેને અપાય છે. જેમ કે કૂવાનું પાણી, કોસનું પાણી, નીકનું, કયારીનું........

એ ઘટાકાર વૃત્તિ પાછી વળીને પુનઃઅંતઃકરણમાં પ્રવેશે છે, ને ત્યાંના ચૈતન્ય સાથે તે એકાકાર થતાં, 'ઘડો જોયો' એવી પ્રતીતિ ત્યાં સ્થિર થાય છે; ત્યાં ચિત્તનો અહંકાર ધર્મ તેને ગ્રહણ કરતાં 'મેં ઘડો જોયો, હું ઘડો જોઉં છું,' એવી પ્રમા સાર્થક થાય છે. ઉપાધિ (=વૃત્તિ તથા ઘડો) જયારે એકત્ર થાય, ત્યારે ત્યાં પ્રમા નીપજે. જયાં તે ભિન્ન ભિન્ન સ્થળે હોય, ત્યાં તે ઉપાધિઓ જાણનાર તથા જાણવાની વસ્તુને–પ્રમાતા તથા પ્રમેયને–એક બીજાંથી વેગળાં રાખે છે; **અર્થાત** ઘડો અને જ્ઞાનવૃત્તિ ભેગાં થઇને જ્ઞાન થાય છે. પરિભાષા વાપરીએ તો, **ઘટાવચ્છિન્ન ચૈતન્ય અને ઘટાકાર વૃત્તિ-અવચ્છિન્ન ચૈતન્ય ઉભય, એકદેશસ્થ થઇને અભિન્ન બને** છે, ત્યારે ઘડાનું પ્રત્યક્ષ થાય છે. એ જ ઘટ-પ્રમા, ને એ જ ચૈતન્યા. પરંતુ ઘડો અમુક સ્થળે હોય, ને જાણવાની વૃત્તિ અર્થાત મન તેને ઇન્દ્રિયો દ્વારા શોધે બીજે સ્થળે, ત્યાં ઘડો દેખાતો નથી, ને તેવી સ્થિતિ ઘડાને જ્ઞાનથી વેગળો રાખે છે, તેનું ચિત્તાપણું ત્યાં સફલ નથી થતું.

## સર્ગ અઠ્ઠાવીસમો

## *પ્રમાણનો પરમાર્થમાં ઉપયોગ

(૧) અહીં એક શંકા ઉત્પન્ન થતી દેખાય છે, કે વિષય ચૈતન્ય અને વૃત્તિચૈતન્યનો અભેદ જ જો પ્રત્યક્ષ જ્ઞાનને ઉપજાવનાર હોય, તો ભૂતકાળમાં થયેલાં સુખનું સ્મરણ પણ સુખ-પ્રત્યક્ષ કહેવાવું જોઇએ, કેમ કે ત્યાં પણ સુખરૂપ વિષય ચૈતન્ય તથા સુખસ્મૃતિરૂપ વૃત્તિ ચૈતન્ય એક જ અંતઃકરણરૂપ સ્થળમાં રહેલાં હોઈ, તે બેનો અભેદ થવો જોઇએ. અને ત્યારે, સુખનું સ્મરણ પણ પ્રત્યક્ષ કહેવાવું જોઇએ. બીજો વાંધો એ છે કે એક જણે બીજાને કહ્યું કે 'તમે ધાર્મિક છો' અથવા 'અધાર્મિક છો'; તે સાંભળનારને તેથી જ્ઞાન થયું, કે 'હું ધાર્મિક છું,' કે 'અધાર્મિક છું.' એ જ્ઞાનમાં વિષય=પ્રમેયધર્મ છે. ધર્મરૂપ વિષયચૈતન્ય અને ધર્માકાર વૃત્તિચૈતન્ય ઉભય અંતઃકરણરૂપ એક જ સ્થળે રહેલાં હોવાથી તે ઉભયનો અભેદ થવો જોઇએ, અને ત્યારે ધર્મ અને અધર્મનું ત્યાં પ્રત્યક્ષ થવું જોઇએ, પણ તેવું થતું નથી. નથી સ્મૃતિ પ્રત્યક્ષ જણાતી, ને નથી ધર્માધર્મ પ્રત્યક્ષ જણાતા. ત્યાં શું સમજવું ?

---

* આ પ્રકરણ પણ ગ્રન્થના પ્રથમ વાચન વખતે છોડી દઈ શકાય.

આ બે દોષોને ટાળવા માટે 'વિષય' નાં બે 'વિશેષણો' કહેવામાં આવે છે, **યોગ્ય** અને **વર્તમાન.** તે, ઉપર કહેલી વ્યાખ્યામાં જોડી દેવાનાં છે. તેમ કરવાથી વ્યાખ્યા બનશે: **યોગ્ય-વર્તમાન વિષય-અવચ્છિન્ન ચૈતન્ય અને વૃત્તિ-અવચ્છિન્ન ચૈતન્ય એક પ્રદેશમાં હોય, તો તે સમયે તેનો અભેદ બને છે, ને ત્યારે જ પ્રત્યક્ષ પ્રમા થાય છે.**

જ્યાં સુખનું સ્મરણ થાય છે, ત્યાં તે સુખ વીતી ચૂકેલા કાળનું છે, વર્તમાનનું નહિ, જ્યારે સુખની સ્મૃતિરૂપી અંતઃકરણની વર્તમાનવૃત્તિ કાળની છે; એમ ચૈતન્યની બન્ને ઉપાધિઓ-સુખ અને વૃત્તિ, એક સમયનાં નહિ પણ ભિન્ન સમયનાં છે. તેથી, આ બે નવાં વિશેષણોને બળે, સુખની સ્મૃતિ **પ્રત્યક્ષ** ન કહેવાય. બીજું, જેનું પ્રત્યક્ષ કરવું હોય, એટલે કે જેનો સાક્ષાત્કાર કરવો હોય, તેનામાં પ્રત્યક્ષ થવાની 'યોગ્યતા' હોવી જોઇએ. ધર્મ અને અધર્મ નજરો નજર દેખાય એવા પદાર્થો નથી, કેમકે તે ઇન્દ્રિયો વડે જણાય તેવી સ્થૂલ વસ્તુઓ નથી, પરંતુ મન વડે કલ્પવા યોગ્ય જ છે; એ વિષયો તો છે જ, પણ 'પ્રત્યક્ષયોગ્ય' નહિ હોવાથી, તેનું પ્રત્યક્ષ થયું ન કહી શકાય.

જો વિષય સાવ નજીક ( સંનિકૃષ્ટ ) હોય તો સાંભળવાથી થતું શબ્દજન્ય જ્ઞાન પણ અપરોક્ષ (=પ્રત્યક્ષ) જ્ઞાન કહેવાય છે. તેથી જ ' તું દસમો છે ' (दशमस्त्वमसि) વચનથી પરોક્ષ નહિ, પણ પ્રત્યક્ષ જ્ઞાન થાય છે.

### (૨) એ વળી કેવું પ્રત્યક્ષ ?

દસ મિત્રો નદી કાંઠે ઉજાણી માટે ગયા. ત્યાં બધા નહાવા પડયા. બહાર નીકળ્યા પછી તેમણે વિચાર કર્યો કે આપણામાંથી

કોઇ ડૂબી તો નથી ગયું ને, તેની ખાતરી કરીએ. દરેક જણે વારા ફરતી બધાને ગણ્યા, પણ કોઈ ગણનાર પોતાને ન ગણે, તેથી દરેકને નવ જ મિત્રો વિદ્યમાન હોવાની ભ્રમણા થઈ. એ બધા ભોળાઓ દસમાનું શું થયું હશે તેની વિમાસણ કરતા હતા. ત્યાં કોઈ શાણો પુરુષ આવી ચડચો. એમને શોકગ્રસ્ત જોઇને એણે શોકનું કારણ પૂછ્યું. કારણ જાણીને શાણા પુરુષે તેમાંના એકને કહ્યું કે ફરીથી ગણો જોઉં. એણે નવ ગણ્યા; પછી તે પુરુષે કહ્યું 'અને દસમો તું છે.' ત્યારે એ મિત્રો હરખાયા, ને પેલા ગણનારને 'દસમો હું' એવું જ્ઞાન થયું. એ જ્ઞાન પરોક્ષ નહિ પણ પ્રત્યક્ષ જ છે.

એમ, જયાં જાણવાની વસ્તુ સાવ પાસે હોય, ત્યાં શબ્દજન્ય જ્ઞાન પણ પ્રત્યક્ષ હોય છે; અને જયાં વિષય વેગળો હોય ત્યાં તે પ્રત્યક્ષ નથી; જેમ કે મુંબઈમાં કોઈ કહે કે 'નહેરુ દિલ્હીમાં છે,' ત્યાં એ સાંભળનારને તેની પ્રત્યક્ષ નહિ પરંતુ શાબ્દપ્રમા જ થાય છે. શબ્દજન્ય હોવાથી જ કોઈ જ્ઞાન પરોક્ષ નથી હોતું પણ વિષયની પરોક્ષતાથી તેના જ્ઞાનમાં પરોક્ષતા આવે છે. વિષય જો અપરોક્ષ હોય, તો તેનું જ્ઞાન પણ અપરોક્ષ થાય. 'દિલ્હીમાં જે નહેરુ હતા, તે જ આ નહેરુ છે' એ અપરોક્ષ જ્ઞાન થયું, तत्त्वमसि ઇ૦ મહાવાકયોથી થતું જ્ઞાન પણ શબ્દજન્ય છતાં અપરોક્ષ છે, કેમકે વિષય બ્રહ્મત્વ છે, જેની સદૈવ અત્યંત નિકટતા છે.

## (૩) પરંતુ છીપમાં ચાંદી આંખ સામે દેખાય છે, તે પ્રત્યક્ષ પ્રમા ખરી?

પ્રત્યક્ષ જોવામાં આવતી વસ્તુઓમાં કેટલીક વ્યાવહારિક સત્ય ને કેટલીક પ્રાતિભાસિક (અસત્ય) હોય છે. છીપ જોયા પછી તરત ચાંદીનું જ્ઞાન થાય છે, અને તે અસત્ય હોય છે કેમ કે તે જ્ઞાન

ભ્રમસ્થળનું છે. જ્ઞેય વિષયની વ્યાવહારિક સત્તા હોવી જ જોઈએ. ભ્રમસ્થલીય જ્ઞાનનું નામ અને સ્વરૂપ સમજવા તથા સમજાવવામાં બધા દાર્શનિકો પરસ્પર વિરોધી તર્કો કરે છે. મીમાંસકો ભ્રમસ્થલીય જ્ઞાનને **અખ્યાતિ**, શૂન્યવાદી માધ્યમિક બૌદ્ધો તેને **અસત્-ખ્યાતિ**, વૈષ્ણવો તથા બીજા કેટલાક **સત્ખ્યાતિ**, ક્ષણિક યોગાચારવાદી બૌદ્ધો **આત્મખ્યાતિ**, નૈયાયિકો **અન્યથાખ્યાતિ**, અને એને જ વેદાન્ત **અનિર્વચનીય ખ્યાતિ** કહે છે.

## (૪) 'ખ્યાતિ'નું શું સ્વરૂપ છે?

ખ્યાતિ એટલે જાણ. અથવા પ્રસિદ્ધ બીજાં આસ્તિક કે નાસ્તિક દર્શનોનાં મંતવ્યો સાથે અહીં આપણને કશો સંબંધ નથી, તેથી અનિર્વચનીયનો જ આવશ્યકતાં પૂરતો વિચાર કરીએ, એ જ અસલ ઉપનિષદની વસ્તુ છે, ને બીજા તર્કો, તેના પછી જે તે દર્શનકારોએ પોતપોતાના દર્શનના નિર્વહન અર્થે કરેલા તર્ક પ્રયોગો તદા દૃષ્ટિભેદો છે.

છીપમાં ભાસતુ રૂપું સાચું (-સત) તો નથી જ; કેમકે ખરી સ્થિતિ જણાય પછી તેનો બાધ થઈ જાય છે. એ 'અવિદ્યમાન'ના અર્થમાં અસત્ પણ નથી જ, કેમ કે તે દેખાય છે જ્યારે અસત્ (એટલે અવિદ્યમાન) પદાર્થની પ્રતીતિ થતી નથી. તેથી, તે રુપું સત અને અસત ઉભયથી વિલક્ષણ પદાર્થ હોવો જોઇએ. શ ઉભય સત તેમજ અસત નથી, કારણ કે વિરોધી પદાર્થો એકસહ ન વર્તી શકે, દા૦ ત૦, પ્રકાશ અને અંધકાર. એમ, એના સ્વરૂપનું કંઈ નિર્વચન, એટલે કે એના ચોકકસ સ્વસ્પનો નિર્ણય થઈ શકે તેમ નથી; તેથી, રૂપાની **અનિર્વચનિય ખ્યાતિ**, થઇ, એમ, દરેક ભાસમાન પ્રાતિભાસિક પદાર્થનું અર્થાત ભ્રમનું તે જ સ્વરૂપ છે.

**(૫) તો પછી એ ભાસમાનતા થાય છે ક્યાંથી અને કેવી રીતે ?**

લૌકિક એટલે કે વ્યાવહારિક ચાંદી જે સામગ્રીથી ઉત્પન્ન થઇ શકે તેમાંની કોઈ સામગ્રીથી આ છીપવાળી ચાંદી ઊપજતી નથી. જે મનુષ્યને એ પ્રાતિભાષિક ચાંદી ભાસે છે, તેના અંતઃકરણમાં પહેલાં જોયેલી ચાંદીનો પ્રત્યક્ષ અનુભવજન્ય સંસ્કાર પડેલો હોય છે. તેવા અંતઃકરણના સંસ્કારથી યુક્ત આંખનો છીપ સાથે સંયોગ સંબંધ હોય છે. તે જ સમયે આંખ દ્વારા બહાર નીસરેલા ઈદમાકાર (આ રૂપી આકાર) અને ચકચકાટકાર વૃત્તિ ઉત્પન્ન થાય છે, કેમ કે એ બે લક્ષણો છીપ દાખવે છે. ચાંદીમાં પણ ચળકાટ હોય છે. ત્રિકોણાકારપણું, નીલપૃષ્ઠ ઇ૦ જે છીપના ખાસ અવયવો છે, તે તો વેગળાપણાને લીધે દેખાતા નથી હોતા, ને માત્ર છીપ તથા ચાંદી, ઉભયને સમાન એવાં **આ** તથા **ચળકાટ**, એ બે ભાસે છે. એ સાદૃશ્યને લીધે, પહેલાં દીઠેલી ચાંદીનો સંસ્કાર જાગે છે, અને એ સંસ્કાર દોષરૂપ બને છે, કેમકે ખરી ચીજને છાવરવામાં તેનો ઉપયોગ થાય છે, અને તે દોષ તે રીતે અ-વિદ્યાનો સહાયક બને છે. એ અવિદ્યા ઇદમ્-**આ**થી યુક્ત ચૈતન્યમાં રહે છે.

છીપમાં જે કાળે ચાંદી ભાસે છે તે કાળે 'આ ચાંદી છે' એવું જણાય છે. એ પ્રતીતિમાં બે અંશો છે-એક આવાળો ભાગ. **આના** જ્ઞાનમાં રહેનારી (-**આ** એટલે શું, તેના અજ્ઞાનરૂપી) અવિદ્યા જ છીપમાં રહેલા છીપપણા, નીલપીઠ, ત્રિકોણ આકાર વગેરે છીપ-અંશોને ઢાંકી દે છે, ને તેને જણાવા દેતી નથી.

એ જે ચાંદીની સ્મૃતિનો સંસ્કાર જાગ્યો હતો, તે એમાં જોડાઈ જાય છે, ને અવિદ્યામાં ક્ષોભ ઊપજે છે. ક્ષોભ એટલે સળવળાટ, કાર્ય માટે તત્પરતાની અવસ્થા, **આ** શું છે તે જાણવા એ અવિદ્યા પ્રવૃત્ત

થાય છે, તેને લીધે અને પેલા ચાંદીની સ્મૃતિના જાગેલા સંસ્કારને લીધે પણ, તે છીપ બે રીતે પરિણામ પામે તે – ૧. ચાંદી તરીકે અને ૨. ચાંદીના જ્ઞાન તરીકે. આ બંને પરિણામો એક સાથે ઉત્પન્ન થાય છે. જ્યાં જ્યાં ભ્રમ થાય છે ત્યાં ત્યાં આ રીતે અનિર્વચનીય વસ્તુ અને તેનું જ્ઞાન થાય છે.

**(૬) 'અનુમાન' પ્રમાણની પ્રક્રિયા જરા વિગતે કહેશો ? એનું તો જીવનમાં અપાર મહત્ત્વ હોવાનું જણાય છે.**

અનુમાનમાં તર્ક-ન્યાયની યોજના આ પ્રમાણે છેઃ- (૧) જેના વડે કોઈ વસ્તુની સિદ્ધિ થાય તે **સાધન**; (૨) કોઈ સાધન વડે જે વસ્તુની સિદ્ધિ થાય તે વસ્તુ **સાધ્ય**; (૩) સમાન અધિકરણમાં એટલે કે એક જ પ્રકરણ સંબંધમાં રહેવું. તે **સમાનાધિકરણ્ય.**

**(૭) એ ન સમજાયું, 'અધિકરણ' એટલે શું ?**

અધિ=ને લગતું, કરણ=સાધન, વિશય; અમુક વિષયને લગતું, તેથી અધિકરણ એટલે વિષય; પ્રકરણ; ભૂમિકા, 'સમાન ધર્મ', એટલે મળતાં અર્થવાળાં પદો કે પદાર્થોનો સમૂહ અર્થાત્ વર્ગ; પાંચ અવયવોનો બનેલો વાક્યસમુદાયઃ ૧. જેનું પ્રતિપાદન કરવું હોય તે વિચાર, યોગ્ય વાક્ય (=વિષય), ૨. વિશય (=સંશય), ૩, પૂર્વપક્ષ; ૪. ઉત્તરપક્ષ એટલે કે પૂર્વપક્ષનું ખંડન કરીને સત્ય પક્ષમાં યુક્તિ દર્શાવનારું વાક્ય, સિદ્ધાંત; અને ૫. સંગતિ અર્થાત પ્રબંધ, સળંગ મેળ. જે વિષયો આ યોજનામાં ભળે, તેમનું સામાનાધિકરણ્ય (-સમાન અધિકરણ હોવાપણું) કહેવાય છે. હવે આગળ ચાલીએ.

(૪) સાધન અને સાધ્યનું નિયત સામાનિધિકરણ્ય (=અમુક) નિશ્ચિત પ્રકારે રહેતો સહયોગ) **વ્યાપ્તિ** કહેવાય છે; એટલે કે અમુક પ્રકારે બેના રહેતા સહયોગની એ **સંજ્ઞા** છે; (૫) સાધ્યની વ્યાપ્તિનો

આશ્રય, એટલે કે નક્કી કરવાના વિષયનો જેની સાથે ‘ વ્યાપ્તિ’ એટલે કે સહયોગ રહે તે **લિંગ** (=ચિહ્ન; નિશાની, સંકેત), (૬) એ લિંગ (સંકેત)ના જ્ઞાનથી ઊપજતું જ્ઞાન, **અનુમિતિ**; (૭) અનુમિતિનું કારણ **અનુમાન પ્રમાણુ**, (૮) જે પોતે કરણથી ઊપજીને તે જ કરણના કાર્યને પણ ઉપજાવે તે, **વ્યાપાર**; અને (૯) વ્યાપારવાન અસાધારણ કારણ જે **કરણ** કહેવાય છે.

એક પ્રસિદ્ધ દાખલો લઇએ- ‘જે-જે ધુમાડાવાળું હોય તે-તે અગ્નિવાળું પણ હોય છે,’ જેવું કે રસોડું. રસોડામાં જ્યારે ધુમાડો હોય છે ત્યારે અગ્નિ પણ હોય છે જ.

અહીં ‘સાધન’ છે ધુમાડો, ‘સાધ્ય’ છે અગ્નિ (કેમ કે પુરવાર કરવાનું છે અગ્નિનું હોવાપણું). એ બેનું **સામાનાધિકરણ્ય** છે, કેમકે જે રસોડામાં ધુમાડો છે તે જ રસોડામાં અગ્નિ પણ છે. એવી રીતે, સાધ્ય-સાધનની સામાનાધિકરણ્યરૂપ ‘વ્યાપ્તિ’ પણ છે, કેમકે અગ્નિ ધુમાડામાં વ્યાપે છે, તેથી ધુમાડાની સાથે તેનું હોવાપણું હોય છે જ; અને તે વ્યાપ્તિનો ‘આશ્રય’ ધુમાડો છે, કેમકે ધુમાડાને આશ્રયે અગ્નિની હસ્તિ પુરવાર કરવાની છે; ને જયાં જયાં ધુમાડો હોય છે, ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય હોય છે, નહિ કે જયાં જયાં અગ્નિ હોય ત્યાં ધુમાડો હોય, કેમકે ધુમાડા વગરની જયોત હોઈ શકે, પરંતુ અગ્નિ વગર ધુમાડો ન હોય. તેથી ધુમાડો અગ્નિનું=સાધ્યનું ‘લિંગ’ (એટલે કે ત્યાં અગ્નિ હોવાતો સંકેત) છે.

એક કથન લઇએ--‘આ ડુંગરો આગવાળો છે, કેમકે તે ધૂમાડાવાળો છે,’ અહીં ધુમાડારૂપ ‘લિંગ’ના જ્ઞાનથી ઊપજતું જ્ઞાન છે ‘ડુંગરો આગવાળો છે’ એવું જ્ઞાન. તેથી ‘ડુંગરો આગવાળો છે ’ એ અનુમિતિ પ્રમા (=અટકળ દ્વારા ઉપજેલું યથાર્થજ્ઞાન) છે. એ

અનુમિતિનું કરણ છે વ્યાપ્તિજ્ઞાન (કેમકે એ ખાસ કારણ ત્યાં ન હોય, તો અગ્નિની હસ્તી જણાય જ નહિ) એ વ્યાપ્તિનો જે જાગેલો સંસ્કાર એટલે કે એવી વ્યાપ્તિની સ્મૃતિ થવી, તે જ 'વ્યાપાર' છે, કેમકે તે સ્મૃતિની ક્રિયા એ તે વ્યાપ્તિજ્ઞાનરૂપ કરણથી ઊપજે છે, અને વ્યાપ્તિજ્ઞાનનું જ જે કાર્ય (-ડુંગરો આગવાળો-હોવાની અનુમિતિ-) છે, તે અનુમિતિને એ વ્યાપ્તિજ્ઞાનની પ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે.

ફરીથી કહું ? ધુમાડાના અગ્નિ સાથેના અનિવાર્ય સહયોગ અર્થાત્ વ્યાપ્તિને લીધે જ, તેવી વ્યાપ્તિ હોવાની સ્મૃતિ ડુંગરામાં ધૂમદર્શન સમયે ઊપજે છે: તેથી, તે વ્યાપ્તિ તે સ્મૃતિનું કારણ છે, ને સ્મૃતિ તે વ્યાપ્તિનું કાર્ય છે; અને એ સ્મૃતિના પ્રવર્તવાથી જ, એટલે કે તેના વ્યાપારવાન થવાથી જ ડુંગર આગવાળો હોવાની અનુમિતિ થવા પામે છે, તેથી એ 'વ્યાપારવાન સ્મૃતિવૃત્તિ,' એ અનુમિતિનું ખાસ કારણ અથવા 'કરણ,' અને એ અનુમિતિ તે વૃત્તિનું 'કાર્ય' બને છે. એમ, એ સ્મૃતિને બે તરફનું સગપણ રહે છે.

## (૮) હજી વધારે સરળ રીતે સમજાવો.

દેવદત્ત નામે એક છોકરો હતો. તેની માતા રસોઈ કરતી, ત્યારે તે રોજ રસોડામાં જતો. રોજ એ જોતો કે ચૂલામાં ધુમાડો અને અગ્નિ એક સાથે હોય છે, ને વગર દેવતાએ ધુમાડો નથી હોતો. ત્યાં ધુમાડો હોવા છતાં દેવતા ન હોય, તેવું કદી પણ તેના દીઠામાં આવતું ન હોતું, તેથી તેના મનમાં નિશ્ચય બંધાઇ ગયો કે, જયાં ધુમાડો હોય ત્યાં દેવતા જરૂર હોય છે જ. એ થયું **વ્યાપ્તિ જ્ઞાન.** દેવદત્તને એ ખબર પડી ગઈ જ, કે **દેવતા ધુમાડાને વ્યાપે** છે, એટલે કે પોતાના વશમાં રાખે છે, કેમકે દેવતા વગર ધુમાડો હોઇ ન શકે.

એ છોકરો એકવાર વગડામાં ફરતો હતો, ત્યાં એણે ડુંગરા ઉપરથી ધુમાડો નીકળતો જોયો. એ જોતાં જ એને પહેલું જ્ઞાન એ થયું કે 'ડુંગરો ધુમાડાવાળો છે.' એ થયું 'લિંગજ્ઞાન,' અર્થાત્ અગ્નિનું લિંગ (=ચિહ્ન) જે ધુમાડો, તેની તેને પહેલી ખબર પડી. તે પછી તેને પેલી વ્યાપ્તિની સ્મૃતિનો સંસ્કાર જાગ્યો, કે રસોડામાં તો જ્યારે ધુમાડો હતો ત્યારે ત્યાં આગ હતી જ. એમ એ સંસ્કારનું સ્ફુરવું, અર્થાત્ ગતિમાન થવું, તે જ એ 'સ્મૃતિવૃત્તિનો વ્યાપાર.' એવી વ્યાપારવાન સ્મૃતિવૃત્તિને લીધે એને જ્ઞાન થયું, એટલે કે અટકળ ઊપજી, કે 'તો પછી અવશ્ય આ ડુંગરામાં આગ છે.' એ થઈ દેવદત્તની 'અનુમિતિ' ત્યાં શું શું બન્યું ?

(૧) વ્યાપ્તિજ્ઞાન અનુમિતિનું કારણ છે, તેથી તે જ અનુમાન પ્રમાણ છે; એ વ્યાપ્તિનું જ્ઞાન જ ત્યાં પ્રમાણ છે, કેમકે એ પુરાવા વડે જ અટકળ શક્ય થાય છે; (૨) વ્યાપ્તિના જાગેલા સ્મૃતિ-સંસ્કાર એ કરણનો 'વ્યાપાર' છે, તેથી વ્યાપ્તિજ્ઞાનરૂપ કરણ, જાગેલા સંસ્કારરૂપ વ્યાપાર વડે, વ્યાપારવાન બન્યું; (૩) અનુમિતિ પ્રમા છે અનુમાન પ્રમાણનું ફળ (પરિણામ), અને (૪) તેમાં લિંગજ્ઞાન સહકારી કારણ છે, કેમકે તેની સહાયતાથી જ વ્યાપ્તિની સ્મૃતિના સંસ્કારો જાગ્રત થયા. એવો ક્રમ બન્યો.

**(૯) અનુમાન વડે પોતે અમુક વસ્તુ જાણી શકે; પણ અન્યને તેવો બોધ કરવામાં આવે, ત્યારે તેને શું કહેવામાં આવે છે ?**

અનુમાનના પ્રકાર બે-(૧) **સ્વાર્થાનુમાન**-બીજાના ઉપદેશ વિના પોતાની મેળે જ વ્યાપ્તિજ્ઞાન, લિંગજ્ઞાન ઇત્યાદિથી અનુમાન પોતે જાણવા અર્થે જ થાય તે, જેવું કે ઉપર્યુક્ત દેવદત્તનું અનુમાન;

અને (૨) **પરાર્થાનુમાન**, જે બીજાને માટે થાય છે; જેમકે દેવદત્ત અને યજ્ઞદત્ત વગડે ગયા, ત્યાં બે જણ ધુમાડો દેખે, તેમાં દેવદત્તને ધુમાડામાં આગની વ્યાપ્તિનું જ્ઞાન હોય, ને યજ્ઞદત્તને ન હોય: ત્યાં દેવદત્ત તેને કહે કે 'આ ડુંગરામાં દવ છે'; ત્યારે યજ્ઞદત્ત તેને પૂછે કે 'એ તેં કેમ જાણ્યું ?' તેના ઉત્તરમાં દેવદત્ત તેને જે અનુમાન કરાવી આપે, તે 'પરાર્થાનુમાન' થાય, અને તેનાથી 'પર' ને, અહીં યજ્ઞદત્તને, થયેલું જ્ઞાન 'પરાર્થાનુમિતિ' કહેવાય.

એવા પરાર્થાનુમાન માટે ત્રણ વસ્તુઓ વેદાન્તશાસ્ત્ર માન્ય રાખે છે, તેને **અવયવ** પણ કહેવામાં આવે છે; (૧) પ્રતિજ્ઞા; (૨) હેતુ: અને (૩) ઉદાહરણ.

(૧) સાધ્યને ( અહીં અગ્નિની હાજરી હોવાના નિશ્ચયને) જે વસ્તુ ( – પર્વત ) માં સિદ્ધ કરવું હોય, તે વસ્તુ ( – પર્વત ) પક્ષ કહેવાય. સાધ્ય ( – અગ્નિની હાજરી ) થી વિશિષ્ટ ( = 'અગ્નિવાળા' એવા વિશેષણ સહિતનો ) જે પક્ષ ( –પર્વત), એટલે કે ( 'અગ્નિવાળો પર્વત' ), તેનો બોધ કરાવનારું જે વાક્ય ( અહીં 'પર્વત અગ્નિવાળો છે' એ વચન ), તે અગ્નિરૂપ સાધ્યથી વિશિષ્ટ પર્વતરૂપ પક્ષના બોધનું જનક છે.

ફરીથી:- 'અગ્નિવાળો' એવા વિશેષણવાળો પર્વત ( – પક્ષ ) એટલે કે 'અગ્નિવાળો પર્વત,' એવું જ્ઞાન કરાવનારું વાક્ય 'પર્વત અગ્નિવાળો છે,' એ છે; તે વાક્ય અગ્નિના હોવાપણા ( સાધ્ય ) થી યુક્ત પર્વત ( પક્ષ ) ના બોધનું અર્થાત્ 'પર્વત અગ્નિવાળો છે' એવા જ્ઞાનનું જનક એટલે કે તેને ઉપજાવનારું છે.

(૨) જેને ત્રીજી અથવા પાંચમી વિભક્તિ લાગેલી હોય તે

ધુમાડારૂપ લિંગને જણાવનારું જે વચન, તે હેતુ. ગુજરાતીમાં ત્રીજી તેમજ પાંચમી વિભક્તિમાં **થી** પ્રત્યય વપરાય છે, જેમકે, 'અત્યારે ઘરમાં કામ **હોવાથી** તે આવ્યો નહિ' ત્યાં **થી** નો અર્થ '**ને લીધે**' એમ પાંચમી થાય છે. અને 'વડે' ના અર્થમાં એ ત્રીજી થાય છે, જેમકે 'એ તરવારથી લડયો.' જે વાકયમાંથી એવી રીતે આ બેમાંથી ગમે તે વિભક્તિ લાગતી હોય, તે **હેતુ વાકય.** જેમકે, 'આ ડુંગર આગવાળો છે. ધુમાડાવાળો **હોવાથી**' અર્થાત્ '**હોવાને લીધે.**' એ પદ પંચમી વિભક્તિ-યુકત છે, અને તે ધુમાડારૂપી 'લિંગ'નું પ્રતિપાદક ( = તેને જણાવનારું ) છે, તેથી એ 'ધુમાડાવાળો હોવાથી' વાકય હેતુવાકય છે.

(૩) હેતુ ( ધુમાડો ) તથા **સાધ્ય** ( – અગ્નિ )ની વ્યાપ્તિ ( હાજરી ) **દર્શાવનારું દૃષ્ટાન્ત** કહેનારું જે વાકય, તે **ઉદાહરણ.** જેમ કે 'જે ધુમાડાવાળું હોય તે અગ્નિવાળું હોય છે, રસોડાની પેઠે'; અહીં '**હેતુ**' છે ધુમાડો, '**સાધ્ય**' છે અગ્નિ; આ વાકય ધુમાડારૂપી હેતુમાં અગ્નિરૂપી સાધ્યની વ્યાપ્તિને, અને રસોડાના દૃષ્ટાન્તને પણ જણાવે છે.

## (૧૦) પણ અનુમાન પ્રમાણનો આધ્યાત્મિક ઉપયોગ કેવી રીતે કરી શકાય ?

'પ્રતિજ્ઞાવાકય' લઇએ– 'જીવ બ્રહ્મથી ભિન્ન નથી'; પછી, એમ કહેવાનું કારણ બતાવીએ, કે 'સચ્ચિદાનંદ સ્વરૂપ હોવાથી' એ '**હેતુવાકય**' થયું: 'જે સચ્ચિદાનંદ સ્વરૂપ હોય છે તે પરબ્રહ્મથી ભિન્ન હોતું નથી, જેમકે પરમાત્મા,' એ થયું '**ઉદાહરણવાકય.**' જગતના મિથ્યાત્વની સિદ્ધિ પણ અનુમાન

પ્રમાણ વડે થઈ શકે છે–' બ્રહ્મથી જે ભિન્ન, તે મિથ્યા હોવાથી, જે જે બ્રહ્મથી ભિન્ન હોય છે તે મિથ્યા હોય છે, જેમ કે છીપનું રૂપું. ' અહીં ' બ્રહ્મથી જે ભિન્ન તે મિથ્યા, ' એ છે ' 'પ્રતિજ્ઞા વાક્ય, ' 'બ્રહ્મથી ભિન્ન હોવાથી ' એ ' હેતુ ' અને 'જે બ્રહ્મથી ભિન્ન હોય છે તે મિથ્યા હોય છે, જેમ કે છીપનું રૂપું' ' એ ' ઉદાહરણ, ' જેમાં પારમાર્થિક-વ્યાવહારિક વસ્તુઓની વિચારણા વ્યાવહારિક-પ્રાતિભાસિકના ઉદાહરણ વડે કરી છે.

**(૧૧) વ્યાપ્તિમાં ' અન્વય ' ઉપરાંત બીજી કોઈ યુક્તિ છે ?**

(' જયાં ધુમાડો ત્યાં અગ્નિ ' એ અન્વય છે ).

વ્યાપ્તિના પ્રકાર બે છે જ, (૧) અન્વયવ્યાપ્તિ, અને (૨) વ્યતિરેક વ્યાપ્તિ. જેના **હોવાથી** જે **હોય**, તે અન્વયવ્યાપ્તિ, જેમ કે અગ્નિના હોવાથી જ ધુમાડો હોય છે; તેથી ' જયાં ધુમાડો ત્યાં અગ્નિ 'ની અન્વયવ્યાપ્તિ સિદ્ધ થઈ. અને જેના **ન હોવાથી** જ **ન હોય** ત્યાં વ્યતિરેકવ્યાપ્તિ થાય, ' જેમકે અગ્નિના ન હોવાથી ધુમાડો નથી હોતો, ' એટલે કે અગ્નિનો અ-ભાવ અને ધુમાડાનો અ-ભાવ, એ બેની વ્યતિરેક-વ્યાપ્તિરૂપ નિષેધાત્મક ( અં.–નેગેટિવ ) યુકિતથી ડુંગરામાં અગ્નિના અનુમાનની સિદ્ધિ થઈ. એ બધું ખરું, પરંતુ માત્ર અન્વયથી અનુમાનમાં કામ સરતું હોવાથી, વેદાન્ત દર્શન વ્યતિરેકને બિન જરૂરી જાણીને માત્ર **અન્વય વ્યાપ્તિને** જ અનુમાનમાં સ્વીકારે છે.

**(૧૨) પાછળ ' ઉપમિતિ'નું અધ્યાત્મ પરત્વે જે ઉદાહરણ સંક્ષેપથી કહ્યું છે, તેને થોડું વિસ્તારી આપો.**

શાસ્ત્રનાં વચનો તથા જાત અનુભવથી દેવદત્તના મનમાં નક્કી થઇ ગયું છે કે આકાશ-તત્ત્વ તો અસંગ અને વ્યાપક છે.

પરંતુ તેને બ્રહ્મની અસંગતા તથા વ્યાપકતાનું જ્ઞાન નથી. તેથી, બ્રહ્મના પ્રકરણમાં એ આચાર્યને પૂછે છે, કે 'બ્રહ્મ કેવું છે-એનું શું સ્વરૂપ છે?' ત્યારે ઉત્તર મળે છે, 'બ્રહ્મ અસંગ અને વ્યાપક છે, આકાશ જેવું.' પછી શિષ્ય એકાંતમાં તે ઉપર મનન કરે છે, અને ક્રમશઃ એ તે લક્ષણ ઉપરથી બ્રહ્મ-આત્માને પોતાનું સ્વરૂપ જાણીને, આકાશવત અસંગતા તથા વ્યાપકતાનો અનુભવ કરે છે. આ સ્થળે આકાશમાં રહેલા 'બ્રહ્મ સાદશ્ય'નું જ્ઞાન ઉપમિતિનું કરણ છે, કેમ કે તેવા જ્ઞાન વડે જ તે બ્રહ્મનું સ્વરૂપ કળી શકયો, અને તેવું જ્ઞાન આ પ્રકારના જ્ઞાનની ઉત્પત્તિ સિવાય બીજા કશાનું કારણ બની શકતું નથી.

બીજું ઉદાહરણ લઈએ:—દેવદત્તને છીપના રૂપાના મિથ્યાપણાનું નિશ્ચિત જ્ઞાન છે, પણ આકાશાદિ પ્રપંચના મિથ્યાત્વની તેને જાણ નથી. એ આચાર્ય કનેથી શીખે છે કે આકાશાદિ પ્રપંચનું શુક્તિ-રજતના જેવું જ મિથ્યાત્વ છે. એ નીરાંતે મનન કરીને જાણી લે છે કે પ્રપંચનું મિથ્યાપણું છીપની ચાંદીના જેવું છે; એ એને '**ઉપમિતિપ્રમા**' થઇ, એટલે કે ઉપમા ઉપરથી ઊપજેલું **યથાર્થ** જ્ઞાન થયું; અને શુક્તિરજતમાં રહેલા પ્રપંચના સરખાપણાનું જ્ઞાન એ 'ઉપમિતિ પ્રમા'નું કરણ થયું.

# સર્ગ—ઓગણત્રીસમો

## ઉપસંહાર

હવે, આ સર્વનો ઉપસંહાર એક સમર્થ વિદ્વાન મહાત્માના શબ્દોમાં કરીએ. સર્ગ ૧૯મામાં ભક્તિમાર્ગનો ઇશારો થઇ ચૂકયો છે. તે બાબતમાં 'વેદાન્તનો અભ્યાસ'ને અંતે લેખક (સ્વા૦ શ્રી ભગવદાચાર્યજી) નીચેના મનનીય વિચારો રજૂ કરે છેઃ-

'ભક્તિ કરતાં જ્ઞાનની વિભિન્ન સ્થિતિ છે, અને તેનાં વિભિન્ન ફળ છે. ભકિતમાં દીનતા છે, પરતંત્રતા છે, પ્રાર્થના છે, ભિક્ષાવૃત્તિ છે, અને લગભગ બધી સાંસારિક ભાવનાઓ અને વાસનાઓ પણ ત્યાં ઉપસ્થિત છે. વેદાન્તને આ વસ્તુ નથી રુચતી. વેદાન્ત મનુષ્યને (તત્ત્વતઃ) દીન નહિ પણ ઐશ્વર્યસંપન્ન બનાવવા ઇચ્છે છે, પરતંત્ર નહિ પણ સ્વતંત્ર બનાવવા ઝંખે છે. પ્રાર્થી-પ્રાર્થ્ય-પ્રાર્થનાની ત્રિપુટીનો નાશ વેદાન્તનું છેલ્લું ધ્યેય છે. ભિક્ષાવૃત્તિ નિકૃષ્ટમાં નિકૃષ્ટ વસ્તુ છે. સ્વમાની પુરુષ ભિક્ષાના નામથી પણ ધ્રૂજે છે... વેદાન્ત નરની, દેવની કે મહાદેવની આગળ (પણ) ભિક્ષાને અક્ષમ્ય અપરાધ માને છે...તેથી વેદાન્તે ઘોષ કર્યો, सर्वं खल्विदं ब्रह्म... ઇ૦. વેદાન્તની એવી ઇચ્છા છે કે જે કારણથી દીનતા, પરતંત્રતા આદિ સેવાય છે, તે કારણને જ સમૂળ નષ્ટ કરો. સ્વથી પર, ભિન્ન, એવું જો કોઇ શ્રેષ્ઠ હોય, તો તેની પ્રાર્થના કે ઉપાસના કરાય. પરંતુ પર તો (પરમાર્થમાં) કોઇ વસ્તુ જ નથી, જે કંઇ છે તે

આત્મસ્વરૂપ જ છે. આત્માથી ભિન્ન કોઈ વસ્તુ જ નથી, ભિન્ન જે છે, તે મિથ્યા છે. ત્યાં કોની પ્રાર્થના, કોની ઉપાસના, કોની આગળ દૈન્ય ? કોઈ રીતે પણ જીવનને ઉત્કૃષ્ટ બનાવનારી તે વસ્તુ નથી; પછી શા માટે કરવું કે त्वमेव माता च ઇ૦ ? કોઈ શા માટે પોતાને पापोऽहं पापकर्माऽहम् કહીને ( પાપી ભાવનો ) સ્વીકાર કરે ? શા માટે शुद्धोऽस्मि बुद्धोऽस्मि निरंजनोऽस्मि संसार माया परिवर्जितोऽस्मि, એ પ્રમાણે પોતાને શુદ્ધ-બુદ્ધ સ્વરૂપ અને માયાતીત ન માને ? ‘ ભગવાન, તું મને પાર કર, ’ શા માટે એવી ભિક્ષા માંગવી ? ભગવાન તો પોતે ગીતામાં કહે છે કે उद्धरेदात्मानमात्मना, પોતાનો ઉધ્ધાર પોતે જ કરે. ગીતામાં જ્યાં જ્યાં એવું કહેવાય છે કે હું મારા ભક્તોનું કલ્યાણ કરૂં છું ત્યાં ત્યાં તેનું તાત્પર્ય કેવળ એ છે કે **ભગવદ્ભક્ત કોઈ સમયે પણ આત્મચિંતન તરફ જશે જ.** વેદાન્ત સ્વતંત્રતાપ્રિય માર્ગ છે. બધાંને એ સ્વતંત્ર બનાવવાનો પ્રયત્ન કરે છે, ને તેવી જ પ્રેરણા તે અર્પે છે. अपि वृन्दावने शून्ये शृगालत्वं स इच्छति એમ કહીને વેદાન્ત વૃન્દાવનનું શિયાળિયું થવાનો ઉપદેશ નથી કરતું. તેનો તો ઉપદેશ છે. ब्रह्मविद ब्रह्मैव भवति, एवमेवैष सम्प्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरूपं सम्पद्य स्वेन रूपेणाभि निष्पद्यते । यत् पूर्णानन्दैकबोधस्तद् ब्रह्माहमस्मीति कृतकृत्यो भवति.. કે જ્યાં સુધી બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કૃતકૃત્યતા જ નથી. જ્યારે જીવભાવ વિલીન થઈ જાય, અને બ્રહ્મભાવ જાગરિત થાય, ત્યારે જ માનવજીવનની કૃતકૃત્યતા સમજવી જોઈએ. ’

વેદાન્ત દર્શનમાં ‘મરણ ’ને શું સ્થાન છે ? તે વિશે સ્વામીજી કહે છે:–

‘ વેદાન્ત માણસને નિર્ભય બનાવે છે. ભય માણસને

અસ્વસ્થ કરી દે છે. કલ્યાણમાર્ગ તેવા માણસની પાસે નથી આવતો: દૂર દૂર સરકતો જાય છે. કાશીમાં મરું તો પુણ્ય થશે ને મોક્ષ થશે; ગંગામાં હરદ્વારમાં મારાં અસ્થિનો પ્રક્ષેપ થાય તો મને શાન્તિ મળે. ગંગામાંજ મારું શરીર પડે તો મને સારું થાય.' આ બધા ભ્રમોને વેદાન્તે દૂર કરી દીધા, અને માણસને ઉપદેશ કર્યો કે, મોક્ષ નથી મળવાનો કાશી પાસેથી, કે નથી મળવાનો ગંગા પાસેથી. મોક્ષની જો ઝંખના હોય, તો સાધન-ચતુષ્ટયસંપન્ન બનો, અને તત્ત્વજ્ઞાન મેળવો, મોક્ષ મળી જશે. तमेव विदित्वाति-मृत्युमेति બ્રહ્મજ્ઞાન વિના મૃત્યુનો અત્યય નથી. બ્રહ્મજ્ઞાન થયે, શરીર ગમે ત્યાં પડે, ( તોયે ) મોક્ષ તો પ્રાપ્ત થવાનો જ.

तीर्थे श्वपचगृहे वा नष्टस्मृतिरपि त्यजेद्देहम् ।
ज्ञानसमकाल मुकत: कैवल्यं याति हतशोकः ॥

'કર્મોનો કર્તા અને કર્મોનાં ફળોનો ભોકતા, હું નહિ પણ અંતઃકરણ છે. અથવા તો આભાસ-ચેતન છે. હું ધર્માધર્મ કર્મોનો કરનારો નથી, તેમ જ ધર્માધર્મનું અધિષ્ઠાન પણ હું નથી. શુદ્ધ ચેતનમાં અજ્ઞાન અધ્યસ્ત છે. અંતઃકરણોપહિત ચેતનમાં ધર્મ અધર્મ, સુખદુઃખ બંધ-મોક્ષ આદિ અધ્યસ્ત છે. તેથી, આત્મા ધર્માધર્મનું અધિષ્ઠાન સ્વરૂપતઃ નથી, પણ અંતઃકરણની ઉપાધિને લીધે છે. હું તો શુદ્ધ સ્વરૂપ છું. મને બંધ નથી, તો મોક્ષ પણ નથી. હું મુક્ત જ છું...સ્વરૂપનું જ્ઞાન થયું છે, જીવભાવ અદશ્ય થયો છે, બન્ધનો તૂટયાં છે.' એવું જ્ઞાન થઇ જાય, ત્યારે શરીર તીર્થમાં પડો કે ચંડાલને ઘરે પડો મોક્ષ કોઇનો રોકયો રોકાય તેમ નથી...'

ભેદ જ ભયસ્થાન, ને અભેદ નિર્ભયતા છે, તે વિશે કહે છે:-

'દવોન્ત માનવ જાતિમાં અભેદ સ્થાપન કરે છે. વ્યાવહારિક-

વેડા જીવનને શૃંખલાબદ્ધ કરે છે, ભેદ પરમાર્થહાનિ કરે છે, એટલું જ નહિ પણ લોકહાનિયે કરે છે. એમ માનીને વેદાન્તે કહ્યું, उदरमन्तरं कुरुते तस्य भयं भवति, मृत्योः स मृत्यु मानोति य इह नानेव पश्यति । જો માનવજાતિ પરસ્પર ભેદભાવ રાખીને જ જીવશે, તો તે કોઈ કાળે સમૃદ્ધ થવાની નથી. तस्य भयं भवति, તેને તો સદા સાંસારિક ભય રહેવાનો જ. માટે, ભેદનો ત્યાગ કરવા આગ્રહ કરતું વેદાન્ત કહે છે કે જે અહીં (આ જીવનમાં) ભેદભાવ રાખે છે, તે જન્મમરણના બંધનમાં સદા આવતો રહે છે. ભેદભાવ એટલે સુધી અહિતકર છે કે વેદાન્તે કહી દીધું છે કે જે કોઇ દેવોને પણ પોતાનાથી ભિન્ન માનીને ઉપાસના કરશે, તે પશુ જ કહેવાશે.'

સ્વામીજી સાચું જ કહે છે કે વેદાન્ત એટલે જડમૂળથી અહંત્યાગ :-

'વેદાન્ત મનુષ્યને ઉચ્છૃંખલ કે અવિવેકી નથી બતાવતું, જેનો આરંભ જ વિવેકવૈરાગ્યથી થાય, તેમાં ઉચ્છૃંખલતાને કે અવિવેકને અવકાશ જ ક્યાંથી હોય? ભક્તને જ્યાં પોતાની ભક્તિનું અભિમાન હોય છે, ત્યાં જ્ઞાની એ પ્રકારના અભિમાનથી પર જાય છે. તે કોઇ પણ અભિમાનને બંધનનું કારણ ગણે છે. માટે તે આરંભમાં શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુની શોધ કરે છે. એવા ગુરુ, તેની જિજ્ઞાસુ સ્થિતિમાં તેને એવું તો બળ આપે છે કે, તે અવસ્થામાં જ તેનાં દેહાભિમાન, વિદ્યાભિમાન, વિત્તાભિમાન, ધર્માભિમાન અસ્ત થઈ જાય છે. તેને આ બધું બંધન લાગે છે. વેદ અને શાસ્ત્ર પણ એને બંધન જ જણાય છે.

वर्णधर्माभि मानेन श्रुतेर्दासो भवेन्नरः ।
वर्णधर्मपरित्यागात् श्रुतेर्मूर्धनि तिष्ठति ॥...

વેદાન્ત ખરું જોતાં ગૃહસ્થાશ્રમી[1] માટે નથી, અને વિષય-પંકકિલન્ન અહર્દિવ રાગદ્વેષાદિ વિકારોના વશવર્તી એવા પતિત ગૃહસ્થાશ્રમી માટે તો વેદાન્ત નથી જ... જ્ઞાની તો કહે છે કે જે લોકો પોતાને અધિકારી[2] માનતા હોય તેઓ જ વેદોને ભણે અને બીજાને ભણાવે. હું તો નિષ્ક્રિય બ્રહ્મની સ્થિતિમાં આવ્યો, તેથી મને તેનો અધિકાર જ નથી. કર્મ પણ તેઓ જ કરે, જેમને સ્વર્ગાદિ લોકોની ઇચ્છા હોય. હું તો સ્વયં સર્વલોક સ્વરૂપ છું, સર્વ લોકનું અધિષ્ઠાન છું.. વિદ્વાન સંન્યાસી આવું બધું સમજીને અજ્ઞાનઅવસ્થામાં કર્તવ્ય જણાતા બ્રાહ્મણ ધર્મને જ્ઞાનાવસ્થામાં બંધનરૂપ સમજે છે. તેથી, તેનાથી તે સદાને માટે મુક્ત થઇ જાય છે.

'વેદાન્ત વિધિનિષેધમાં પડતું જ નથી, વેદાન્ત તો એક એવી વસ્તુ છે કે ગમે તે એનો આશ્રય લઇ શકે છે. જેને ભૂખ લાગી હશે તે કહ્યા વગર પણ ભોજન કરવાનો જ. તૃષાતુર કહ્યા વિના પણ પાણી પીશે જ. રોગાતુર કહ્યા વિના પણ ઔષધસેવન કરશે જ, તેમ જ, જેને જગત વિષ જેવું ભાસતું હશે તે પોતાની મેળે જ જગતને ત્યજશે. વેદાન્ત તો કેવળ ત્યાગ (ભાવ) માંગી લે છે. ત્યાગ વિના વેદાન્તમાર્ગનું ગ્રહણ નકામું છે......જેમ જેમ માણસ સંસારની મમતાનો ત્યાગ કરતો જાય છે, તેમ તેમ પ્રકાશ-સ્વરૂપ પરમાત્મા તેને ભાસવા લાગે છે. જ્યાં સુધી સર્વત્યાગ ન થાય, ત્યાં સુધી આત્મપ્રાપ્તિ થતી નથી. સાંસારિક વસ્તુના ત્યાગીને સ્વરૂપાનુસંધાનપૂર્વક આત્મ પ્રાપ્તિ અવશ્ય થાય છે. आत्मावलोकनार्थं तु तस्मात्सर्वं परित्यजेत्। જો આત્મદર્શનની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થયેલી જ હશે, તો જિજ્ઞાસુ એની મેળે જ બધું

૧. ગૃહસ્થાશ્રમીપણાના અભિમાનીને ૨ દુનિયાદારીના

છોડશે, અને सर्वं संत्यज्य दूरेण यच्छिष्टं तन्मयो भव. એ ઉપદેશ પ્રમાણે બધું ત્યજીને, અવશિષ્ટ રહેલ આત્માની સાથે અભિન્ન બનશે, કલ્યાણ મેળવશે.

વેદાન્તના મોક્ષભાવ પરત્વે વિદ્વાન લેખક કહે છે:–

'વેદાન્તે જે રીતે જીવનસ્વરૂપને વર્ણવેલ છે, તે રીત સમજાય કે ન સમજાય, તેમ જ વેદાન્તનો ઇશ્વર પણ કોઇને સમજાય કે ન સમજાય, અને વેદાતનું જગત પણ કોઇને સમજાય કે ન સમજાય, તેની વેદાન્તને કંઇ પડી નથી. વેદાન્ત મતમાં અંતિમે જીવ, જગત અને ઈશ્વર બધી વસ્તુઓ વ્યર્થ જેવી જ છે. તેથી જ વેદાન્તે જગતની ઉત્પત્તિ માટે કોઇ બહુ સુન્દર પ્રક્રિયાની શોધ કરી નથી. ઉપનિષદોની જગદુત્પત્તિ અમુક અંશે જ માન્ય થાય. અધિકાંશે તો, તેની તરફ વિજ્ઞાનના અનુયાયીઓનું ધ્યાન જતું નથી. આજે ઉપનિષદના ક્રમને સ્વીકારીને જગદુત્પત્તિનો પ્રશ્ન સમાપ્ત થતો નથી......તેનાથી જ્ઞાન માર્ગમાં કશો લાભ નથી. એટલું જ સમજવાનું છે કે જગત્ મિથ્યા છે.

'જગતને મિથ્યા સમજવામાં ઘણાયને વાંધો હોઈ શકે છે. પણ જો વેદાન્તસંમત મિથ્યાત્વ ન સ્વીકૃત હોય, તો તુચ્છત્વરૂપ મિથ્યાત્વમાં તો કોઇને પણ વિરોધ હોઇ શકે નહિ. જગતની એકે વસ્તુ, કોઇને સમય ઉપર સાચવે એવી નથી. માતા, પિતા, પુત્ર, કલત્ર, ભાઈ, ધન, સંપત્તિ, બધી વસ્તુઓ, એવી જ છે કે તે ગમે ત્યારે, ગમે તેની વંચના કરે, અને અંતે ચૂપચાપ પોતે સદાને માટે ચાલી જાય. એવા જગતને તુચ્છ સમજીને, જગતના દેહ-સંબંધને અંગે અનેક બંધનોને પણ નિરર્થક સમજીને, જો જીવ સન્માર્ગમાં પ્રવેશ કરે, તો તેનો ઉદ્ધાર અવશ્ય થવાનો જ.

'વેદાન્તનો મોક્ષ કોઈ લોકાન્તરની પ્રાપ્તિ નથી. કોઇ

'પ્રભુ'ની પ્રાપ્તિ પણ મોક્ષ નથી. મેળવવાની કોઈ વસ્તુ પણ મોક્ષ નથી... વેદાન્ત કહે છે કે જીવભાવ પણ જગત છે. જીવભાવ કોઈ સત્ વસ્તુ નથી. સ્વરૂપજ્ઞાનના અભાવે જ 'હું જીવ છું' એવી મતિ ઉત્પન્ન થાય છે. ભાંગ પીનાર માણસ જેમ ઉન્મત્ત થઇને બ્રાહ્મણ હોવા છતાં 'હું ક્ષત્રિય છું' એવું બોલે, તેમ જ માયા –અવિદ્યાનો વશવર્તી માણસ અભાન થઇને 'હું જીવ છું' એમ, પોતે બ્રહ્મ હોવા છતાં, માને છે. તેથી જીવભાવનો નાશ, એ જ મોક્ષ છે......

'ઇશ્વરવાદિતા કે અનીશ્વરવાદિતા, એ મુખ્ય વસ્તુ નથી. મુખ્ય વસ્તુ જીવના જીવનની કક્ષા છે. કઇ કક્ષાએ તે વિચરે છે તે જોવાનું છે. જો એક ઉપકુર્વાણ બ્રહ્મચારી ગૃહસ્થાશ્રમીઓને અમુક દૃષ્ટિએ જુએ, તો તે બધાંને પામર અને નારકી જ માને. એક જગત્ત્યાગી સંન્યાસી અમુક દૃષ્ટિએ જુએ, તો બધાંને તે અતિ પામર સમજશે. કઇ દૃષ્ટિથી કઇ વસ્તુ જોવી જોઇએ, તેનો નિયમ હોવો જોઇએ. વેદાન્તે નિયમ રાખ્યો છે. અજ્ઞાનીને માટે ઇશ્વર પણ છે, ઇશ્વરોપાસના પણ છે, ઇશ્વરપૂજા પણ છે. જ્ઞાનીને માટે કશું નથી. ગૃહસ્થ બ્રાહ્મણને માટે સંધ્યોપાસન પણ છે, અગ્નિહોત્ર પણ છે, તીર્થ અને વ્રતો પણ છે. સંન્યાસીને માટે શિખાસૂત્રનો ત્યાગ કર્યા પછી નથી સન્ધ્યોપાસન, નથી અગ્નિહોત્ર, નથી તીર્થ, નથી વ્રત. (છતાં) કોઇ ગૃહસ્થ, સંન્યાસીને પતિત માનતો નથી.

'તેથી જીવભાવનો નાશ, એ જ વેદાન્તમતમાં મોક્ષ કહેવાય છે. આપણે ઇચ્છીએ કે સર્વનાં સર્વ બંધનો નિવૃત્ત થાય. ॐ'

આપણે પણ કહીશું – તથાસ્તુ !